અભિનય

ભવાની શંકર

હર્ષ પ્રકાશન
કુવારા સામે, ગાંધી રોડ,
અમદાવાદ–૧

VISIT…

LANZAROTE Caliente.COM

'ABHINAY' : A novel in Gujarati by Bhavani Shankar. Publihed by Harsh Prakashan, opp. Fuvara : Gandhi Road, Ahmedabad-380 001



આવૃત્તિ : પહેલી : ૧૯૮૯

કિંમત : ૫૨-૦૦

પ્રકાશક :
હર્ષદકુમાર ગોવિંદલાલ પટેલ
હર્ષ પ્રકાશન
ગાંધી રોડ, ફુવારા સામે,
અમદાવાદ–૩૮૦૦૦૧.



મુદ્રક :
રાકેશ કે. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૧
ફોન : ૨૦૫૭૮

મારા બહેન-બનેવી
શ્રી ગજાનન જોશી
અને
સૌ. ઉષાબહેન જોશીને
સપ્રેમ અર્પણ

લેખકની કૃતિઓ

*

નવલકથા



પ્રીત થયા પહેલાં

*

ઝરમર શ્રાવણ

*

સૂરજ ઊગ્યો સમણાંને દેશ

*

સિંદૂરી સમણાના લીલા ડંખ

*

સામે તીર સાજન વસે

*

અભિનય

*

ફેંસલો

*

અભિનય

•

ભવાની શંકર

પ્રાસ્તાવિક

મિત્રો અને ચાહકોએ સહજ કુતૂહલભાવે પૂછેલો એક પ્રશ્ન : 'તમારી કથાઓમાં એવા વિષયો જ શા માટે પસંદ કરો છો જે, આમ જોઈએ તો, તદ્દન સામાન્ય હોય ? એવાં પાત્રો અને ઘટનાઓ શા માટે પ્રયોજો છો જે, સામાન્ય રીતે, સામાન્ય જ હોય ?'

આ પ્રશ્નનો જવાબ શોધવા માટે મારે મારા પોતાના તરફ ધ્યાનથી, નવેસરથી જોવું પડયું અને એમ જોતાં જે જડયું તે, હું માનું છું કે, આ પ્રશ્નનો જવાબ છે – જે માત્ર મારી બાબતમાં જ નહિ અન્ય સર્જક મિત્રોની બાબતમાં પણ સાચો હોવાનું હું માનું છું.

વાર્તાકાર એક સર્જક, એક 'બ્રહ્મા' હોય છે એ સ્વીકારીએ તો સાથે સાથે એ પણ સ્વીકારવું રહ્યું કે તે એક 'મર્યાદિત બ્રહ્મા' હોય છે. આ મર્યાદા એટલે જીવન અને જગતના સ્વાનુભવની મર્યાદા. જીવન તો અસીમ હોય છે. તેના કોઈ એક હિસ્સાનો અનુભવ અને અમુક જ વિસ્તારની જાણકારી વાર્તાકારને હોઈ શકે. તેથી તે વિસ્તારની અંદરના વિષયો પર તે ઘણું કહી શકે – ઘણું સુંદર, રોમાંચક અને અદ્દ્ભુત પણ કહી શકે. તેનું એ સર્જન ત્રિપરિમાણી અને જાનદાર બની શકે. અલબત્ત, સર્જકકલ્પના પણ એક અત્યંત શક્તિશાળી સાધન છે, પણ જે જીવનની તેણે વાત કહેવી છે તેના પર્યાપ્ત દર્શન કે અનુભવ વિના કેવળ કલ્પનાના સહારે ખાસ કંઈ નિપજી શકતું નથી.

અને તેથી જ જાસૂસી સાહિત્યમાં જે ઊંચાઈ-ઈઆન ફ્લેમિંગ સિદ્ધ કરી શકયા તે ઊંચાઈ, તેના જેવું લખવા તનતોડ પ્રયાસ કરનાર અસંખ્ય વાર્તાકારો કરી શકયા નથી. 'જેમ્સ બોન્ડ'નું અદ્દ્ભુત પાત્ર અને જાસૂસી તેમજ અપરાધની દુનિયાનું જે જાનદાર

આલેખન ફ્લેમિંગે કર્યું તેની પાછળ તેનો દોઢ દાયકાનો નૌકાસૈન્યના જાસૂસ તરીકેનો અનુભવ પડેલો હતો. જ્યારે બીજાઓએ એ રહસ્યમય દુનિયાની માત્ર વાતો જ સાંભળેલી હશે!

અર્નેસ્ટ હેમિંગ્વેની ખડતલ અને બરછટ ભાષા તથા શૈલીની નકલ કરવાનો નાહક દાખડો કરીને પાછા ઠેરના ઠેર આવી ગયેલા આપણા અમુક ગુજરાતી વાર્તાકારોને હંમેશ નજર સામે રાખવાનું હું પસંદ કરું છું. મહાયુદ્ધના વર્ષોમાં સૈનિક તરીકેની ખડતલ અને બરછટ જિંદગીનો અનુભવ હેમિંગ્વેની પાસે હતો, બધાની પાસે ક્યાંથી હોય?

આ કારણે જ જીવનના જે પાસાનો મને પૂરતો પરિચય હોય. જેને નજીકથી જોવા-જાણવા-સમજવાનું બન્યું હોય તેની જ વાત સારી રીતે કરી શકું. જેનો ચહેરો ય કદી જોયો ન હોય એવા કોઈ મહામનિષી, કોઈ દાણચોર કે અપરાધીની કથા કોઈ લખવા બેસે તો શું નિપજે તેની કલ્પના પણ ધ્રુજાવી મૂકે છે. તેથી જ મારી કથાઓ સામાન્ય માનવીના જીવનમાં, સામાન્ય ઘટનાઓમાંથી સર્જાતા ઉલ્કાપાતો અને ઝંઝાવાતોની કથાઓ હોય છે.

આ કથાને સુપ્રતિષ્ઠિત દૈનિક 'સંદેશ'માં ધારાવાહિક રૂપે પ્રસિદ્ધ કરવા બદલ આદરણીય મુરબ્બી શ્રી ચીમનભાઈ પટેલનો આભારી છું. તેને સુંદર સજાવટપૂર્વક પુસ્તકરૂપે પ્રગટ કરવા બદલ મારા પ્રકાશક શ્રી હર્ષદભાઈ પટેલનો આભારી છું. અને મારા નામીઅનામી અસંખ્ય વાચકોનું ઋણ તો મારા પર છે અને હંમેશા રહેશે.

—ભવાની શંકર

૧૬૮/૨૦૧૦; સૂર્ય એપાર્ટમેન્ટ્સ,
સોલા રોડ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩

૧

ઉપરનીચે થઈને છ ઓરડા, મોટું રસોડું, લાંબી ઓસરી અને ફળિયાવાળું એ મેડીબંધ મકાન તેના જાજરમાન ભૂતકાળનો અણસાર તો આપે છે; પણ દીવાલો પરથી ઉખડી ગયેલા પ્લાસ્ટરના પોપડા અત્યારની બેહાલીના બોલતા પોસ્ટર જેવા દેખાય છે. ઘરની ડહેલીની કમાન પર લખાયેલા લાલ અક્ષર હવે વાંચનારની આંખો સાથે સંતાકૂકડી રમે છે, માંડ માંડ નજરમાં પકડાય છે— 'તન્ના ભુવન.'

એક હોનહાર (પણ આજે પંચાવનની ઉંમરે પણ બની નહિ શકેલા) અદાકાર હરસુખરાય તન્ના તેમાં રહે છે. 'sky should be the limit!'—ફૂટતી જુવાનીના જમાનાથી તેમના વિલક્ષણ દિમાગમાં વસી ગયેલું સૂત્ર આજે ય તેમની જીભના ટેરવે બેઠેલું હોય છે. એટલે સામાન્ય લોકોની જેમ ધરતી પર પગ માંડી રાખવાનું તેમને લાજિમ નથી. એક અસાધારણ પ્રતિભા તરીકે તેઓ જન્મ્યા છે, એમ જ જીવ્યા છે. એક વિરાટ અભિનય-પ્રતિભાને પૃથ્વી પર ચંદરવાની જેમ પાથરતા રહેવું એ તેમનું જીવનકાર્ય છે. જો કે આ નાનકડા શહેરમાં તેમણે પોતે પોતાના જ જોખમે ઊભી કરેલી એક અવેતન નાટ્યસંસ્થાના ત્રણેક નાટકોને બાદ કરતાં અભિનયના લાજવાબ ચમકારા બતાવવાની તક તેમને

ક્યાંય મળી નહોતી. પણ એ ક્ષુલ્લક વાતને તેમની કુદરતી બક્ષિસ સાથે શું સંબંધ? શક્તિ હોય, સામર્થ્ય હોય, લાયકાત હોય તો તક તો સામેથી દોડતી આવે; પગમાં આળોટી પડે.

તકની રાહ જોવામાં તેમની ધીરજને કોઈ ચીજ હંફાવી શકી નહોતી — ઉંમર પણ નહિ. ઈંતઝારનો એ સમયગાળો ખાલી ખાલી ન લાગે, કંટાળો ન આપે એટલા માટે, ખાલી દિલ બહેલાવવા માટે તે શેરબજારમાં જઈને બેસતા. મિત્રો સાથે મહોબ્બતથી ખાણી-પીણી માણતા, સટ્ટો રમતા. પણ મનમાં તે તદ્દન સ્પષ્ટ હતા. સટ્ટો એ તેમનું ક્ષેત્ર ન નહોતું. માત્ર પાસટાઈમ હતો. તેમાં કમાણી ન થાય તેનો કોઈ રંજ ન હોઈ શકે. અરે, ખોટ ઉપર ખોટ ખડકાતી રહે અને પગના અંગૂઠાથી નાકના ટેરવા સુધી દેવામાં ખૂંપી જવાય તેનો યે વળી રંજ શો? સટ્ટો ક્યાં તેમનું કાર્યક્ષેત્ર હતું? તેમનું ક્ષેત્ર તો છે અભિનયનું વિશાળ સામ્રાજ્ય. અને તેમાં તેમને તસુભાર પણ પાછા હટાવે એવો કોઈ માઈનો પૂત હજી તેમની નજીક ફરકયો નહોતો. જો કે જે ત્રણેક નાટકો એક યાદગાર ભૂતકાળમાં તેમણે ભજવ્યાં હતાં તે માટે ય ગામમાંથી 'અભિનેતાઓ' પરાણે તૈયાર કરવા પડ્યા હતા. પણ એ જુદી વાત હતી. એ સમય એવો હતો. સમય બળવાન છે.

ડહેલીમાંથી લગભગ દોડતી, ફળિયું વટાવીને ઓસરી પાર કરતીક ને પ્રિયંકા ઓરડાના બારણે ઊભી રહી. શ્વાસ ચડી ગયો હતો. આંખો ઉત્તેજનાથી મોટી બની ગઈ હતી. મોં પર લોહી ધસી આવ્યું હતું. પોતાની તેર વરસની ઉમરમાં આજે પહેલીવાર એક મહત્ત્વની તક તેને મળી ગઈ હતી. એક સનસનાટીભર્યા સમાચાર ઘરમાં જાહેર કરવાનું આજે તેના હાથમાં હતું. હોઠ હસું હસું થઈ રહ્યા હતા.

એક મિનિટ તેણે ઓરડામાં એકએક જણ પર નજર ફેરવી.

મનમાં તેને બહુ સારું લાગ્યું, પોતાનું મહત્ત્વ ખૂબ વધી જતું લાગ્યું. લાગે જ ને? બધાને એક સાથે ચકિત કરી નાખે તેવી ખબર આજે તે આપવાની હતી. નીચું ઘાલીને સોયદોરાથી કંઈક સાંધી રહેલી મોટી બહેન રિષભાના કાળાભમ્મર વાળ ઉપર ઘડીક ઠરીને તેની નજર મોટા ભાઈ ધૈવત તરફ વળી. જૂની આરામ ખુરસીમાં લંબાઈને પડેલો તે ખરેખર શોભી ઊઠતો હતો. સહેજ દૂર ખૂણામાં તૂટેલા મૂઢામાં બેસીને 'લા આર્ટ'ના જૂના અંકનાં પાનાં ફેરવતી કળાયલ મોર જેવી, થનગનતી બહેન મસ્તાની સાવ નોખી તરી આવતી હતી.

પ્રિયંકાએ એક ઊંડો શ્વાસ લીધો અને તેની ઉમર કરતાં વધારે ગંભીર અવાજે બોલી: 'એક મિનિટ, સાંભળો. સરયુબા ગુજરી ગયા।'

વિસ્મયનો એક પ્રચંડ ધબાકો થયો અને સાંભળનાર ત્રણેય જણ સ્તબ્ધ થઈ ગયા. ત્રણેની આંખોમાં એક આછી, બહુ આછી હાશ તરવરી ઊઠી.

'હેં!'

'શું કહ્યું? સરયુબા—'

'મેં એમ કહ્યું કે આપણા મોટા–મોટા દાદી સરયુબા ગુજરી ગયા!'

'ગુજરી ગયા?'

'પણ — પણ એ કેવી રીતે — તને કોણે કહ્યું?'

'અશક્ય! બની શકે જ નહિ!'

'કેમ ન બની શકે?' પ્રિયંકા નારાજ થઈ ગઈ. આટલા જબરજસ્ત મહત્ત્વના સમાચાર, સાવ સાચા સમાચાર કોઈ સાચા ન માને? પોતે સૌથી નાની છે એટલે પોતે કંઈ વિસાતમાં જ

નહિ ? તે બોલી : 'ન કેમ બની શકે ? કોઈ પણ માણસ હોય, ક્યારેક તો મરે જ ને વળી ?'

તેની સામે જોઈ માથું ધૂણાવતાં ધૈવત બોલ્યો : 'બીજા માણસ ચોક્કસ મરે. તારી વાત સાવ સાચી, પણ આ કોઈ બીજા માણસની વાત નથી. ગ્રેટ જાલીમ સરયુબાની વાત છે. જાલીમો બધા અમર હોય છે!'

પ્રિયંકા ગુસ્સે થઈ ગઈ : 'આ બિલકુલ સારું ન કહેવાય. મરેલા માણસ પાછળ આવું ખરાબ તું બોલી કેવી રીતે શકે છે ?' અને પછી રિષભા તરફ મોં કરતાં કહ્યું : 'બરાબરને, દીદી ?'

'બરાબર છે,' મમતાભરી નજરે તેની સામે જોતાં રિષભાએ કહ્યું : 'પણ પ્રિયંકા, તને આ ખબર કેવી રીતે પડી ? તને કોઈએ કહ્યું ?'

'કહેવાનો સવાલ જ નથી.' પ્રિયંકાએ કહ્યું, 'તાર આવ્યો છે. પરમ દિવસે સવારના પહોરમાં સરયુબા અચાનક ગુજરી ગયા.'

'એકાણું વરસ જીવીને પછી કોઈ મરે એ અચાનક મર્યું કહેવાય ?' ખૂણામાંથી મસ્તાની બોલી અને પછી સાવ જુદું જ બોલી : 'તારાં મોજાં જો, પ્રિયંકા. કેટલા કાણાં પડી ગયાં છે ?'

મસ્તાનીની આંખો જોતાં લાગતું હતું કે તે પ્રસંગોચિત ગંભીરતા બરાબર જાળવી રહી હતી; અત્યારે આવી પડેલા સમાચારનો જ વિચાર કરી રહી હતી. પણ અવારનવાર ભૂખરા ઝબકારા મારતી એ આંખો એવી સંભવિતતા પણ બતાવતી હતી કે તેના વિચારો કોઈ જુદા જ બિંદુ પર મંડરાતા હોય. મસ્તાનીની એ જ ખૂબી હતી. કળવી મુશ્કેલ.

બિચ્ચારી પ્રિયંકા એકદમ છોભીલી પડી ગઈ. મોં પાછળ ફેરવીને મોજાનાં કાણાં શોધવા લાગી.

તેને પટાવતો હોય તેમ ધૈવત બોલ્યો : 'હવે એની ફિકર ન કર. કાઢીને ફેંકી દે એ ગાભા. હવે તો તું આખી દટાઈ જાય એટલાં નવા મોજાં, નવા બૂટ અને કપડાંની તો આખી દુકાન લઈ આવશું તારે માટે. ખબર છે હવે આપણે કેટલા પૈસાદાર બની જઈશું ? તારે કે મસ્તાનીએ ચા-ખાંડ ઉધાર લઈ આવવા માટે હવે કોઈ દુકાનદારને પટાવવો નહિ પડે. ગ્રેટ દાદી સરયુબાએ આખરે આપણા પર કૃપા કરી છે. આ દુનિયા છોડી દીધી છે, અને પાછળ નહિ નહિ તો ય ચાલીસ-પચાસ લાખની મિલકત મૂકતા ગયા છે — આપણા માટે જ તો !'

રિષભાના ભવાં નારાજગીમાં સંકોચાયાં : 'છિ, છિ, ધૈવત ! શોકના આવા કરુણ પ્રસંગે આવા શબ્દો કોઈને ય ન શોભે !'

'વાહ, દીદી !' ભોળી પ્રિયંકા બોલી ઊઠી : 'અદ્દલ પપ્પા જેવી જ સ્પીચ ફટકારી દીધી તેં તો ! સ્ટેજ પર તો એવી જામે —'

'પ્રિયંકા !' રિષભાનો અવાજ પ્રિયંકાને ડરાવી ગયો.

ઓરડાની બહાર, ઓસરીમાં ધીમા ભારે પગલાંનો અવાજ સંભળાયો અને હરસુખરાય તન્ના દાખલ થયા. સહેજ નમેલું મસ્તક, ચહેરા પર ગમગીન ભાર, દબાઈને બીડાયેલા હોઠ, નીચી નજર. આ ઉંમરે પણ દેખાવ એટલો પ્રભાવશાળી રહ્યો હતો જેટલો કોઈ સફળ અભિનેતાનો રહેવો જોઈએ. જો કે બહુ ટૂંકા સમયમાં જ પ્રેક્ષકોએ અને ખુદ તેમણે પણ સત્ય સ્વીકારી લીધું હતું કે આકર્ષક દેખાવ એ અભિનય શક્તિમાં એક ઉમેરણ જરૂર બની શકે, પણ અભિનય શક્તિની અવેજીમાં ચાલી ન શકે.

મસ્તક ધીરેથી ઊંચું કરીને તે ટટ્ટાર ઊભા રહ્યા. ચોતરફ ગમગીનીભરી નજર ફેરવી, હોઠ સહેજ હલાવ્યા પણ ઉઘાડ્યા નહિ. હાથીના પગ નીચે મસ્તક મૂકતાં પહેલાં પૃથ્વીવલ્લભ જાણે લોક-

મેદની સમક્ષ હૃદયભેદક વાણી વહાવવાની અણી પર હતા. પુત્ર-પુત્રીઓની મેદની ગાંભીર્ય ધારણ કરીને અદબભેર ઊભી રહી.

હરસુખરાય ઘેરા અવાજે બોલ્યા : ‘ પ્યારા બાળકો, એ જાણીને તમને ઊંડો આઘાત થશે અને અનહદ દુઃખ થશે કે એક મહાન સન્નારી દાદી સરયુબાનો પરમ દિવસે સવારે સાડાચાર વાગે દેહવિલય થયો છે.’

‘ હત્તેરેકી !’ પ્રિયંકા સહિત બધાના મનમાં પડઘો પડ્યો : ‘ આટલા બધા મેઘાડંબર પછી બસ, આટલા જ શબ્દો ! માત્ર ચાર-પાંચ છાંટા જ !’ પણ ગંભીરતા સૌએ પકડી રાખી. હરસુખ-રાય આગળ બોલ્યા :

‘આ એક એવી પળ છે, જ્યારે આપણે એ હરગીઝ યાદ નથી કરતા કે આપણા એ મહાન દાદીમા અને આપણા વચ્ચે છેલ્લી ઘડી સુધી મતભેદો રહ્યા હતા. સ્વભાવની વાત છે. તેમને તેમની આગવી ખામીઓ હતી, આપણને આપણી હતી. પરંતુ મૃત્યુ એક મહાન ઘટના છે. ખામીઓ અને ખૂબીઓના બધા જ ખાડાટેકરા તોડીને તે એક સમથળ ભૂમિકા સર્જી દે છે. આપણે માત્ર એટલું જ યાદ રાખીશું કે દાદીમા એક મહાન સન્નારી હતા, મહાન વિભૂતિ હતા !’

ચોટદાર, પૂરઅસર ભાષણ પછી પ્રેક્ષાગારમાં છવાઈ જાય એવી ચૂપકીદી ધૈવત અને પ્રિયંકા સહિત સૌએ જાળવી લીધી, અને પિતાના ચહેરા પર તરતી તૃપ્તિભરી પ્રસન્નતાને નિહાળી રહ્યા.

પણ પ્રિયંકા અભિનયને વધારે વાર ખેંચી ન શકી. (ચંચલ-બાલિકા !) તે એકદમ બોલી ઊઠી : ‘ તો પછી હવે આપણે તેમના મોટા બંગલામાં રહેવા જઈશું ને, પપ્પા ?’

પણ તરત જ તે થંભી ગઈ. તેણે જોયું કે પિતાની આંખો-માંથી નારાજગી તેના પર નીતરી રહી હતી. સ્ટેજ પર નાદાન, મૂર્ખ બાળકને ઠપકો આપતા દુઃખીદિલ બાપની જેમ તે બોલ્યા : ‘ ન છાજે. આપણને આ ન છાજે. દાદીમાને દેહ છોડયાને હજી માત્ર કલાકો જ વીત્યા છે, છોકરી ! ત્યાં જ તેની મિલકતને વહેંચ-વાની વાત ? અઘટિત ! અત્યંત અઘટિત !’

બધા તદ્દન ચૂપ.

અને એક અસરદાર, તોલદાર પ્રશ્ન મૂકીને સ્ટેજ છોડતા હોવાના સંતોષ સાથે હરસુખરાય ભારે પગલે બહાર નીકળી ગયા.

તરત જ પ્રિયંકા ભપકી ઊઠી : ‘ લે, કર વાત ! મેં ક્યાં દાદીની મિલકત વહેંચવાનું કહ્યું ’તું વળી ? પપ્પાએ કેવી ખાલી ખાલી તતડાવી નાખી ? જાણે મોટા શેક્સપિયર કે કનૈયાલાલ મુનશી !’ હોઠ મરડીને તે ઊભી રહી.

‘ એક મિનિટ થોભી જા, પ્રિયંકા,’ ધૈવત બોલી ઊઠ્યો : ‘ શેક્સપિયર અને મુનશી બન્નેને તેં એક સાથે અન્યાય કરી નાખ્યો ! ખેર, પણ પપ્પાના બોલવાનું જરા પણ દુઃખ લગાડવાની જરૂર નથી. દાદીના મરવાથી જેટલી રાહત તેમને થઈ છે એટલી બીજા કોઈને નથી થઈ.’

અને ઠપકાભરી આંખે તેની સામે જોઈ રહેલી રિપલ્પા તરફ ફરતાં તે આગળ બોલ્યો : ‘ મેં હકીકત જ કહી છે. તું એક વાત સમજી લે. ગમે તેવું અણગમતું પણ સત્ય સત્ય જ રહે છે. એક ખૂબ અણગમતી વૃદ્ધ સ્ત્રીના મરી જવાથી જો પળેપળ જળોની જેમ વળગેલું દળદર ફીટી જવાનું હોય તો એવા મરણથી માણસને જરા પણ શોક થઈ શકે ? આપણે તો બરાબર જાણીએ છીએ કે દળદરમાં આપણે કેટલાં ઊંડા ખૂંપી ગયાં છીએ.’

‘ દળદર એટલે શું ?’ પ્રિયંકાએ પ્રશ્ન કર્યો, પણ જવાબ કોઈએ આપ્યો નહિ.

અને ખૂણામાંથી મસ્તાની ટહૂકી ઊઠી : ‘ હું હવે શું કરીશ,

કહું ?' અને પછી આંખનાં પોપચાં અર્ધાં નમાવીને એકલી એકલી બોલતી હોય તેમ ગણગણી : 'કેટલી રાતો જાગતી પડી રહીને મેં સપનાં ઘડ્યાં છે કે પૈસા મળી જાય તો શું કરીશ! ઊડીને પરદેશ ચાલી જઈશ. વેનિસમાં—મહાન કલાધરોની ભોમકા પર. ત્યાં ચિત્રો દોરીશ. લીયો નાર્દો દ વિન્ચી, ગોગોલ, રેમ્બ્રાં, પિકાસો—એક એકથી ચડિયાતા કલાકારોની કલામાંથી પ્રેરણા પામીશ. નૃત્ય શીખીશ. જગવિખ્યાત સંગીતકારોની ઓરકેસ્ટ્રા સાથે મન મૂકીને નાચતી રહીશ, તન ભૂલીને ઝૂમતી રહીશ. ઢસરડાની જેમ નહિ, જિંદગીને જિંદગીની જેમ જીવીશ—આઝાદ, બિન્ધાસ્ત જિંદગી!'

ધૈવતની આંખોમાં વ્યંગ ચમક્યો. તે બોલ્યો : 'પણ ત્યાં તો શિયાળામાં સખત બરફ પડે છે. ઠીંગરાઈ જઈશ!'

'પણ દળદર એટલે શું એ મને કહોને!' પ્રિયંકા તીણા અવાજે બોલી ઊઠી.

બધા જોરથી હસી પડ્યા. પ્રિયંકા રીસાઈને મોં ફેરવી ગઈ.

બન્ને હાથ સીધા ઊંચા કરીને ધૈવતે આળસ મરડી. ખભા ઉપરથી કોઈક બોજો ખંખેરાઈ ગયો હોય તેમ મોં મરકાવ્યું અને બોલ્યો :

'સો ફાર સો ગૂડ! ચાલો, આખરે મબલખ પૈસા મળ્યા ખરા!'

હોઠને નાજુકાઈથી હલાવીને મસ્તાનીએ પણ ખુશી પ્રગટ કરી અને ઊભી થઈ. સપનું જોતી હોય તેમ પોપચાં ઢાળીને બહાર નીકળી ગઈ.

તે ગઈ એટલે ધૈવત રિષભા તરફ ફર્યો : 'રિષભા, કેટલા બધા પૈસા! વિચાર તો કરી જો! એક મિનિટ વિચાર કરી જો! હવે હું સીધો જ એન્જિનિયરીંગ કોલેજમાં બેસી જઈશ—સારામાં

સારી કોલેજમાં. નહિ કોઈની પાસે હાથ લંબાવવાનો કે નહિ કોઈને ભાઈસા'બ કહેવાનું. અદ્ભુત! ખરેખર અદ્ભુત!' અને પ્રિયંકાના માથા પર ટપલી મારતાં મોટેથી હસ્યો : 'હવે તું તારી બહેનપણીઓને અભિમાનથી કહી શકીશ કે મારો ભાઈ એન્જિનિયર છે, ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર!'

'જા, જા,' પ્રિયંકા છેડાઈ પડી, 'એન્જિનિયર જેવો તો જરાય દેખાતો નથી. એક્ટર બની જા એક્ટર!'

રિષભાથી હસી પડાયું.

પણ ધૈવત એકદમ ગંભીર બની ગયો : 'ડેમ ધેટ એક્ટર! આપણે બધા શું બીજી કોઈ જ લાયકાત ધરાવતા નથી? કુદરતે આપણને બહુ સુંદર દેખાવ આપ્યો છે એટલે શું આપણે બીજું કંઈ બની જ ન શકીએ? શણગારેલાં, રૂપાળાં રમકડાં બનીને આપણે લોકોની આંખોને રાજી કરતા રહેવાનું? બીજું કંઈ આપણાથી થઈ ન શકે?...સાચું કહું, રિષભા? આપણી આ સુંદરતા પર મને એટલી નફરત છૂટે છે, એટલી સખત નફરત છૂટે છે!...'

રિષભાના ચહેરા પર ઘડીક એક રતુમડી ઝાંય ફરી વળી અને તરત ઓસરી ગઈ. આંખો પલકારતી તે ધૈવત સામે જોઈ રહી અને પછી પ્રિયંકા સામે મોં મરકાવતાં બોલી :

'તારી વાત કોઈ સાંભળતું જ નથી કેમ? ચાલ, હું સાંભળું છું. જો હવે મસ્તાની તો પરદેશ જશે. મોટી જબ્બર કલાકાર બનશે. ધૈવત મોટો એન્જિનિયર બનશે. હવે તું કહે, તું શું કરીશ?'

પ્રિયંકા રાજી થઈ ગઈ. બોલી, 'હું તો—કહું? હું તો જોજો ને, હું તો—' પણ પછી શબ્દો જડ્યા નહિ એટલે અટકી ગઈ અને પૂછ્યું, 'સાચે જ આપણે હવે જે કરવું હોય તે કરી શકીશું, દીદી? બધું એટલું બધું ફરી જશે?'

'હા, બધું ફરી જશે,' રિષભાએ કહ્યું ત્યારે તેના મનમાં ય એક નવીન, મીઠો ઉમળકો અધ્ધર ચડતો હતો, 'બધું તદ્દન ફરી જશે.'

અને ઘડીવાર તેની કલ્પના એ 'ફરી ગયેલી' જિંદગીના ખૂણે ખૂણે ફરવા લાગી. બધું કેટલું જુદું હશે! કેટલું સરસ! કેટલું સુખભર્યું!...ઓહ! અત્યારની ઘડી સુધી તો એક દિવસે ય એવો નહોતો ઊગ્યો જ્યારે એક એક પૈસા માટેની લાચારી ઘરને ભરડો લઈને બેઠી ન હોય. અને છતાં નવાઈની વાત હતી કે પિતા સહિત કોઈએ તેની ચિંતા જ કરી નહોતી. તેમાંથી છૂટકારો શોધવાનો વિચાર પણ કર્યો નહોતો. સુંદર દેખાવા સિવાય અને સરયુબા ગુજરી જાય તેની રાહ જોવા સિવાય કંઈ કામ જ કર્યું નહોતું.

હરસુખરાય એટલે માણસનો એક અલાયદો પ્રકાર. એ પ્રકારના માણસને પૈસા આપવા એ કુદરત માટે પણ ભૂલ જ સાબિત થાય. કુદરતે તેમને પૈસા તો ન આપ્યા પણ પુષ્કળ પૈસા તેમને વારસામાં મળવાના છે તેવી જાણ થવા દીધી એ પણ એક ખતરનાક ભૂલ સાબિત થઈ હતી. સરસુબા જુવાનીમાં જ વિધવા થયા ત્યારે નાઈલ નદીના પૂર જેવી આફ્રિકાની ધસમસતી કમાણીના તે એક માત્ર વારસદાર બન્યા—પચાસ વરસ પહેલાં. અને ત્યારે એ નિઃસંતાન વિધવા એકવાર હરસુખરાયના માતાપિતા પાસે બોલી ગયેલી : 'દૂરના ગણો કે નજીકના, તમારા સિવાય મારે બીજું કોણ સગું છે? એટલે હું તો મરીશ ત્યારે મારી બધી મિલકત તમારા હરસુખને આપતી જઈશ.'

બસ. ત્યારથી હરસુખરાયના માતાપિતાનું પણ ફરી ગયું હતું. તેમણે હરસુખરાયને એક ભાવિ ધનકુબેર તરીકે જ ઉછેરવા માંડ્યા હતા. નજર સતત સરયુબાની નબળી, નાજુક તબિયતનો

પહેરો ભરતી રહી હતી. તેમને ખાતરી જ હતી કે સરયુબા, આવા નબળા શરીરે, આ દુનિયામાં લાંબું રહી શકવાના નથી. હરસુખ મોટો થતાં થતાં તો ખજાનો આંગણે ઠલવાઈ ગયો હશે.'

પછી વર્ષો વીતતાં ગયાં. હરસુખ બાળક મટીને જુવાન થઈ ગયો. ને પેલી તરફ સરયુબા તેમની નાજુક તબિયત અને બેસુમાર દોલતને માણતા રહ્યા.

હશે, કંઈ નહિ! વહેલું કે મોડું એક દિવસ તો માણસે મરવાનું જ છે. એ માણસ સરયુબા હોય તેથી શું? મોત ક્યાં કોઈને ય...' હરસુખ માટે, હરસુખના માબાપ માટે એ મોટામાં મોટું આશ્વાસન હતું, દિવસો ને વર્ષો વીતાવી દેવા માટે પૂરતો સબળ આધાર હતો. આજ નહિ તો કાલ, મળવાનું છે એ તો મળવાનું જ છે.

હરસુખના રંગેચંગે લગ્ન પણ થયા. હરસુખ વધારે મોટો બન્યો. હરસુખરાય બન્યો. પછી પણ પોતે કંઈક કમાવું જરૂરી છે એ વાત તેના ગળે ઊતરી શકી નહિ. પિતાની થોડી કમાણી ચાલુ હતી. વળી બજારમાં છૂટથી ઉધાર મળતું હતું. ને કોઠે એક ધરપત હતી — પોતે અત્યારે ભલે લાખોપતિ ન હોય, પણ લાખોપતિ હોવાથી ઝાઝા દૂર પણ નથી; માત્ર એક જ પગથિયું નીચે!

તેમની પત્ની એવી ધરપત રાખી શકે તેવી હાલત નહોતી. રોજ સવાર-સાંજ બધાના પેટમાં ભૂખનો ખાડો પડતો હતો. એ પૂરવા માટે જે જરૂરી થઈ પડતું તેની જોગવાઈ કરવામાં સવારની સાંજ થઈ જતી. પેટ માટે ખોરાક ને અંગ માટે કપડાં એ રોજ રોજની જરૂરિયાત હતી. એ જરૂરિયાત સરયુબા મરે ત્યાં સુધી થોભી જવાની નહોતી. રાહ જોનારા રાહ જોઈ રહ્યા હતા. રાહ જોતાં જોતાં જ હરસુખરાયના માતાપિતા સ્વધામ પહોંચી ગયા હતા, અને સરયુબા જીવ્યે જતા હતા. ક્યારે મરશે? આ વર્ષે? આવતા વર્ષે?...

આખરે સરયુબાને મોત આવ્યું. પણ તે પહેલાં દસ વરસ વહેલું તે હરસુખરાયની પત્નીને લઈ ગયું હતું.

રિષભાને માતા યાદ આવી ગઈ. ધૈવત સામે જોઈ તે બોલી. અવાજ ભીનો હતો : 'મને એમ થાય છે કે આજે મમ્મી જીવતી હોત તો ?'

એક ક્ષણ ધૈવતની આંખોમાં ઉમળકો ધસી આવ્યો પણ તરત પાછી ઉદાસી છવાઈ ગઈ. તે બોલ્યો : 'તો આપણને સૌને હવામાં ઊડતાં જોઈને તેને ભારે ગમ્મત પડી હોત.'

'ગમ્મત ?'

'હાસ્તો. મમ્મી આપણા બધા જેવી નહોતી. પપ્પા જેવી તો બિલકુલ નહોતી. જ્યાં સુધી રોકડા પૈસા હાથમાં ન આવે ત્યાં સુધી એ તસુભાર પણ હલે નહિ. અને સરયુબાના મગજનું શું ઠેકાણું ? હું સાવ નાનો હતો, પહેલા ધોરણમાં ભણતો હતો ત્યારે એકવાર અહીં આવ્યા'તા. પછી ક્યાં કોઈને મળ્યા ય છે ? અને તને યાદ છે, ત્યારે તેમણે કેવી ઉદારતા બતાવી હતી તે ? સ્કૂલમાં ચિત્રસ્પર્ધામાં હું ત્રીજો નંબર લાવ્યો તેની ખુશાલીમાં એક આખો રૂપિયો મને ઇનામમાં આપી દીધો'તો. પણ ખબર પડી કે સ્પર્ધામાં કુલ ત્રણ જ જણા હતા ત્યારે રૂપિયો કેવો ફટ્ટ દઈને પાછો લઈ લીધો હતો ?'

રિષભા હસી પડી : 'મને યાદ છે. ઘણીવાર મને ય તારા જેવો વિચાર આવી ગયો છે. ફક્ત પપ્પાને જ અવિચળ વિશ્વાસ હતો કે આપણે ધનવાન બની જઈએ ત્યાં સુધી ધરતી થંભી જશે. અને બન્યું પણ એવું જ ને ? કોને ખબર હતી કે નસીબ ઘરના ઉંબરે જ રાહ જોતું ઊભું હતું ?'

રિષભાના ચહેરા પર તૃપ્તિ અને આનંદની આભા ફરી વળી. હવે તેણે ધૈવતને (કે કોઈને) એ ખ્યાલ આપવાની જરૂર જ નહોતી

કે તેઓ કેવી ભયાનક આર્થિક હોનારતના આરે આવીને ઊભા હતા. સરયુબાએ એકાણું ને બદલે બાણુંમા વર્ષે મરવાનું પસંદ કર્યું હોત તો માથાના વાળ સુધી ડૂબેલા પિતાને દેવાનો દૈત્ય ચોક્કસ ભરખી ગયો હોત, પણ હવે ચિંતાનું કોઈ કારણ નથી. સરયુબા મરી ગયા છે. મરવું જોઈતું હતું ત્યારે જ બરાબર મરી ગયા છે. ખૂબ ખૂબ તાવીને લાંબો ઉનાળો વીતી ગયો છે. અઢળક વર્ષા હવે હાથવેંતમાં છે.

એ વર્ષા પછી કેવો કેવો ફાલ ઊગી નીકળશે જીવનમાં ?

૨

સૂરજ ઢળવા માંડ્યો હતો. રોજ ઢળી જતો ને પછી રાત પડતી હતી. આવીને ચાલી ગયેલી અસંખ્ય રાતોએ કાળા, બોજલ અંધારા સિવાય તન્ના ભવનના નિવાસીઓને કંઈ આપ્યું નહોતું. દરેક સવાર દૂધ, ચા, ખાંડ, શાકભાજી કોણે, ક્યાંથી, કેવી રીતે ઉધાર લઈ આવવા તેની ચિંતા લઈને જ આવતી હતી. જિંદગીની એ ઘરેડ બની ગઈ હતી.

પણ અચાનક એક ધડાકો થયો હતો. ને એ અનંત ઘરેડના ટૂકડે ટૂકડા થઈ ગયા હતા; દૂર દૂર ફેંકાઈ ગયા હતા. જૂનું બધું નેસ્તનાબૂદ થઈ ગયું હતું. હવે જિંદગી નવેસરથી ગોઠવવાની હતી; આનંદથી, ઉલ્લાસથી, ઉછરંગથી સજાવવાની હતી...રિષભાને જાણે બત્રીસેય કોઠે દીવા થઈ રહ્યા હતા. આવનાર દિવસોના ઝળાંહળાં ચિત્રો તેની નજરને આંજી નાખતાં હતાં. બીજાં બધાંને પણ એવું જ થતું હશે. એવા જ ઉમળકા આવતા હશે.

એટલે જ તો સૌ એકબીજાથી આઘા આઘા રહેવા મથતા હતા. એકલા રહેવાનું, એકલા એકલા મનમાં કંઈક મીઠું મીઠું મમળાવ્યા કરવાનું જાણે સૌને ગમી ગયું હતું. કોઈ કંઈ વાત કરીને તેમાં ખલેલ પાડે એ જાણે ગમતું નહોતું. બધા બદલાઈ ગયા હતા.

પણ પ્રિયંકા બહુ અકળાઈ રહી હતી. રાત પડી ગઈ હતી તો ય રોજની જેમ બધા ભેગાં થઈને બેઠા નહોતા. વાતોના ફૂવારા

ઊડતા નહોતા. ખૂલી ખૂલીને બધા હસતા નહોતા. ધૈવત કોઈને ચીડવતો નહોતો. રિષભા તેને સ્કૂલના હોમવર્ક વિષે પૂછતી નહોતી. પપ્પા હજી આવ્યા જ નહોતા, બધું આવું તો કેમ ગમે?

દાદરો ચડીને તે ઉપર ગઈ. રિષભા અને મસ્તાનીનો ઓરડો અંદરથી બંધ હતો. તેણે કાન માંડી જોયા. કંઈ અવાજ સંભળાતો નહોતો. ફણાભેર ઊંચી થઈને તીરાડમાંથી અંદર જોયું. કોઈ દેખાતું નહોતું. મન ભારે થઈ ગયું. દાદરો ઊતરીને તે નીચે આવી.

અને રિષભા રસોડામાંથી બહાર આવતી દેખાઈ. પ્રિયંકા ખુશ થઈ ગઈ. દોડતી તેની પાસે પહોંચી અને બોલી: 'આપણું ઘર કેવું થઈ ગયું છે, દીદી? કોઈ બોલતું ચાલતું ય નથી. આવું તો ન ગમે, દીદી. મને તો કંટાળો આવે છે!'

રિષભાએ તેની સામે મોં મરકાવ્યું: 'હવે થોડા દિવસ આવું જ ચાલવાનું, પ્રિયંકા, પણ તું ચિંતા ન કરીશ, હું છું ને. ચાલ આપણે વાતો કરીએ. હોમવર્ક કર્યું?'

'હોમવર્કનો મૂડ નથી, દીદી,' પ્રિયંકાએ લાડમાં હોઠ મરડ્યો, 'આપણે બીજી વાતો કરીએ.'

રિષભાએ તેના નિર્દોષ ચહેરા પર ઘડીક નજર માંડી અને એક ઊંડો શ્વાસ મૂક્યો. ઘરમાં બસ, એક પ્રિયંકા હતી જેને હજી ખુશીનો કેફ ચડ્યો નહોતો, ધૈવત એકદમ અકળ બની ગયો હતો. પપ્પા અને મસ્તાનીને તો બબ્બે જોડ પાંખો લાગી ગઈ હતી. (અને પોતાને?...તે જરા અચકાઈ ગઈ, અસમંજસમાં પડી ગઈ. પોતાને એવું કંઈ નહોતું થયું...ખુશી થઈ હતી એ સાચું, પણ તેના પગ હજી ધરતી પર જ હતા—નક્કર ધરતી પર.)

તેને ચૂપ જોઈને પ્રિયંકા પાછી અકળાવા લાગી. રિષભાના ગાલે હાથ મૂકીને મોંને પોતાની તરફ ફેરવતાં તેણે કહ્યું 'એક વાત પૂછું, દીદી?'

રિષભાએ તેની સામે જોયું અને સ્મિત કર્યું.

'દીદી, મસ્તાની સાચે જ પરદેશ જશે!'

'એ એમ જ કહે છે.'

'ત્યાં એ શું કરશે?'

'એ તો તેણે સાંજે જ કહ્યું'તું. તે સાંભળ્યું નહોતું?'

'સાંભળ્યું'તું પણ ખાસ સમજાયું નહોતું.'

'તો સાંભળ. ત્યાં જઈને તે પેઈન્ટીંગ શીખશે. નૃત્ય શીખશે. સંગીત શીખશે.'

'બધું શીખીને પછી એ શું કરશે?'

'કેમ? પછી એ કલાકાર બની જશે. એક મહાન, આઝાદ કલાકાર? દુનિયામાં તેની વાહવાહ થઈ જશે.'

'એ માટે કલાકાર જ બનવું પડે?'

'એવું કંઈ નહિ. સૌ સૌના શોખની વાત છે. કેટલાક માણસોને કોઈક એવો શોખ વળગી જાય છે કે તેની પાછળ તે પાગલ થઈ જાય છે. બધું હોમી દેવા ને ખુવાર થઈ જવા પણ તૈયાર થઈ જાય છે. મસ્તાનીને કલાનો શોખ વળગ્યો છે.'

'હં...બરાબર! હવે સમજાયું,' પ્રિયંકાને જાણે કોઈ અઘરા દાખલાનો જવાબ જડી ગયો.

'શું સમજાયું?' રિષભા હસી.

'મને હવે સમજાયું કે મસ્તાની એકવાર એવું કેમ કહેતી'તી.'

'શું કહેતી'તી?'

'કહેતી'તી કે એ તો પરદેશ જવાની જ છે. તેને કોઈ રોકી નહિ શકે.' પ્રિયંકાના અવાજમાં ઉત્સાહ ભળતો જતો હતો.

પણ રિષભાનાં ભવાં અધ્ધર ખેંચાયાં. આંખોમાં કુતૂહલભરી ગંભીરતા આવી. તેણે પૂછ્યું, 'તેણે તને એવું કહેલું? ક્યારે?'

'લગભગ મહિના પહેલાં,' પ્રિયંકાને લાગ્યું કે હવે તેને કંઈક મહત્ત્વ મળી રહ્યું હતું. તેની વાતમાં દીદીને ય રસ પડી રહ્યો હતો. તે ખુશ થઈ. તેણે કહ્યું, 'એક દિવસ મને સાઇકલ પર તે દૂર લઈ ગઈ હતી, પેલું મોટું ફાર્મ છે ને – શું નામ છે તેનું? ત્યાં સુધી. ફાર્મની અંદર મોટો બંગલો નથી? એ બતાવીને મસ્તાનીએ મને કીધું કે એ બંગલાવાળો માણસ તો કરોડપતિ છે! વરસમાં બે વાર તો ખાલી ફરવા માટે પરદેશ જાય છે. એ માણસ મસ્તાનાને પણ સાથે લઈ જશે.'

'હ...અફ!' રિષભાના ગળામાંથી એક દેડકો જેવો અવાજ નીકળી ગયો. રુંવાડાં ઊભાં થઈ ગયાં. તે બોલી: 'શું? શું કહ્યું તેં — તેણે?' તેની જીભ લોચાવા માંડી.

પ્રિયંકા ડરી ગઈ; હેબતાઈ ગઈ — શું તેણે કંઈક ભયંકર ગોટાળો કરી નાખ્યો હતો? હવે શું થશે?

પણ રિષભાએ તરત જ જાત પર કાબૂ લઈ લીધો. તેણે પૂછ્યું, 'મસ્તાનીએ એવું કીધું'તું? તને?'

તે જાણતી હતી કે તેમાં શંકા કરવા જેવું જ નહોતું. બધા ભાંડુઓમાં મસ્તાનીની નોખી જ તરાહ હતી. કહે તો એ જ એવું કહે. ધારે તો એ જ એવું કરે... છતાં નાદાન પ્રિયંકા કંઈ કાચું તો નહોતી કાપતી ને તેની ખાતરી કરવા તેણે કહ્યું: 'એ તો ખાલી મજાક કરતી હશે. ખરું ને?'

'એવું યે હોય. મને બહુ ખબર ન પડે,' પ્રિયંકાએ કહ્યું, 'પણ મને એ મજાક નહોતી લાગી. એવું લાગતું હતું જાણે એ બંગલાવાળાને તે ઓળખતી હોય તેને મળી પણ હોય...'

'ઉફ્!' રિષભા ભારે ગૂંચવાડામાં પડી ગઈ, 'પણ એ માણસ તેને ઓળખતો ક્યાંથી હોય? એ તો ખાસ ગામમાં યે આવતો નથી. ના, ના, એ વાત માનવા જેવી નથી.'

'તો પછી ખોટું હશે,' પ્રિયંકા ઢીલી પડી ગઈ. 'મસ્તાની મારી પાસે ખોટું કેમ બોલી હશે? ભગવાન જાણે. મને તો જેવું લાગ્યું એવું તમને કહું છું.'

અને પછી એકાએક યાદ આવ્યું હોય તેમ બોલી ઊઠી: 'હા, દીદી! મસ્તાનીને એ ઓળખે છે. આપણને બધાને ઓળખે છે. તમને યાદ છે? ધૈવતની કૉલેજમાં મેળાવડો હતો તેમાં આપણે બધા ગયા હતા. ત્યારે એ માણસના હાથે જ બધાને ઇનામો વહેંચાયા હતા. ભૂલી ગયા? મસ્તાનીને તેણે બોલાવી હતી. કંઈક વાત પણ કરી હતી.'

રિષભાને એ આખો પ્રસંગ યાદ આવી ગયો. તેને મસ્તાની સાથે વાત કરતો જોઈને — ખાસ કરીને મસ્તાની જે રીતે લળી-લળીને વાત કરતી હતી તે જોઈને — તેના પિતાનો મિજાજ ઉકળી ઊઠ્યો હતો. મસ્તાનીને તો તેમણે સખત ધમકાવી નાખી હતી પણ એ માણસનું યે બેધડક અપમાન કરી નાખ્યું હતું. બાપરે! કેવું ભયંકર બની ગયું હતું!

કદાચ, પ્રિયંકાને પણ એ યાદ આવી ગયું. તેણે પૂછ્યું, 'દીદી, તે દિવસે પપ્પા કેમ એટલા બધા ગુસ્સે થઈ ગયા હતા?'

'ગુસ્સે જ થાય ને. એ માણસની આબરુ જરાય સારી નથી. એવા માણસ સાથે વાત ન કરાય,' પ્રિયંકાને સમજાય તેવા શબ્દોમાં રિષભાએ સમજાવ્યું.

'આબરુ સારી નથી? કેમ? કેટલો સારો માણસ દેખાય છે!'

'તને એ ખબર ન પડે, પ્રિયંકા,' રિષભાનું મન એકાએક ડહોળાવા લાગ્યું. એક વગોવાયેલ, બે આબરુ માણસની વળી આટલી બધી શી ચર્ચા!

પણ તેમાં પ્રિયંકાનો શું વાંક હતો? એ માણસ — ઉદય-ભાણ — ગમે તેટલો બેઆબરુ હોય, ગમે તેટલો હલકો હોય, અત્યારે તો તેનો જ વિચાર કરવો પડે તેમ હતું. આખી વાતના મૂળમાં જ એ હતો. એનો હાથ પકડીને જ મસ્તાની ઊડી જવાની પેરવી કરી રહી હતી. એટલે એનો જ વિચાર કરવો અનિવાર્ય બની જતો હતો.

ઓ, ભગવાન! આ શું સૂઝ્યું એ બેવકૂફ છોકરીને! આવો વિચાર પણ કેવી રીતે કરી શકી તે? આખું ગામ જેના ચારિત્ર્ય વિષે કાનાફૂસી કરે છે, જેની સાથે સંબંધ રાખવા પણ કોઈ રાજી નથી એવા માણસ સાથે પરદેશ ભાગી જવા સુધીની હિંમત?...

રિષભાનું મન ખળભળી ઊઠ્યું. મગજમાં ધમ્મ્ — ધમ્મ્ કંઈક ગાજવા લાગ્યું. હોઠ ભીંસીને તે ચૂપચાપ બેસી રહી. પ્રિયંકા તે જોઈને ડઘાઈ ગઈ. ધીરેથી ઊભી થઈને ચાલતી થઈ. રિષભાએ તેને જવા દીધી. હવે તેનું કંઈ કામ નહોતું. હવે જે પૂછવાનું હતું તે સીધું મસ્તાનીને જ પૂછવાનું હતું. અરે, ભગવાન! કેટલી મૂરખ! કેટલી ખતરનાક હદે મૂરખ!

મસ્તાની મૂરખ હતી? ખરેખર? વિચિત્ર તો તે હતી જ. ઘરના બધાથી નોખી હતી. તેનું મન પૂરેપૂરું તો કદી કળી શકાતું નહોતું. અર્ધી મસ્તાની જાણે ગોપિત જ રહેતી હતી, અર્ધી જ દેખી શકાતી હતી અને એ પણ હંમેશા એકસરખી નહિ. આપગરજુ ખરી; તદ્દન સ્વાર્થી પણ બની જઈ શકે. છતાં એવું કંઈક હતું તેનામાં કે મોહી પડાતું હતું. એટલે જ રિષભા તેને ખૂબ ચાહતી હતી, ખૂબ ગમતી હતી તેને, પણ તે આવું કરે? આવો વિચાર પણ તે કરે તે ભયાનક હતું, અકલ્પ્ય હતું, અસહ્ય હતું...

ધીરેથી તે ઊભી થઈ અને દાદરો ચડવા લાગી. પગ પાણી પાણી થઈ જતા હતા. ઉપર એક જ રૂમમાં તે અને મસ્તાની સૂઈ જતી હતી. બારણું હડસેલીને તે અંદર ગઈ. મસ્તાની રોજની જેમ બારીએ ઊભી ઊભી આકાશમાં તાકી રહી હશે એમ માનીને

તેણે બારી તરફ જોયું. મસ્તાની ત્યાં નહોતી. કબાટ ખૂલ્લો પડચો હતો ને મસ્તાની પથારીમાં કપડાંનો ઢગલો કરીને ઊભી હતી. વારાફરતી હાથમાં લઈને તપાસી રહી હતી.

'શું કરે છે, મસ્તાની?' અચંબાભરી આંખે રિષભા જરા મોટા અવાજે બોલી ગઈ.

'જો ને, રિષભા,' હોઠને અણગમાપૂર્વક સંકોચતી, મસ્તાની બોલી, (અવાજ કેવો સરસ છે!), 'પહેરવા જેવું એક કપડું પણ નથી આમાં', અને પછી તેનું વિશિષ્ટ જાદુઈ સ્મિત કરતી રિષભા તરફ ફરી, 'તને નથી લાગતું કે આ ચીંથરાં હવે વહેલી તકે ફેંકી દેવા જોઈએ? હવે તો આપણને મોંઘામાં મોંઘા કપડાંથી માથાથી પગ સુધી સજાવવા ન જોઈએ પપ્પાએ?'... વળી એક ડ્રેસ તેણે હાથમાં લીધો, આમતેમ ફેરવી જોયો અને મોં બગાડીને પાછો ફેંકી દીધો. પછી બોલી: 'વેનિસ લઈ જવા માટે સુંદરમાં સુંદર ગરમ કપડાં જોશે, અને બીજું... બીજું શું શું જોશે, કંઈ યાદ આવે છે તને?'

રિષભા પથારીમાં બેઠી અને મર્માળુ હસતાં પૂછ્યું: 'કાલે સવારે જ નીકળવાની છે?'

'અં...' મસ્તાનીએ મોં મરકાવ્યું, 'ના, ના. એવું તો નથી. પણ મારી હંમેશની એક રીત છે. કામની યોજના અગાઉથી જ વિગતવાર તૈયાર રાખવી.'

'એવી યોજના તેં અગાઉથી તૈયાર રાખેલી જ હતી, નહિ?' સરયુબા ગુજરી ગયા તેની પણ અગાઉથી.'

'બેશક,' બોલીને તેણે તરત જ નજર કપડાં તરફ વાળી દીધી. અવાજનો રણકો જાણે દૂરનો થઈ ગયો. તેની અને રિષભા વચ્ચે તેણે જાણે એક પડદો પાડી દીધો, અને પડદાની પેલી બાજુ ચાલી ગઈ.

'પણ તને તો થોડાક કલાક પહેલાં ય ખબર નહોતી કે

આટલા પૈસા આપણને મળવાના છે. ત્યાર પહેલાં તું એવી યોજના શી રીતે તૈયાર કરી શકી? કેટલી કેરી ઉતરશે તેનો હિસાબ આંબો ઊગ્યા પહેલાં કેવી રીતે માંડી શકી!'

'આપણે બધા એવા જ હિસાબ માંડતા નથી રહ્યા — આજની ઘડી સુધી?' તેનો અવાજ મૃદુ હતો, સુંવાળો હતો પણ તેમાં નારાજગીની છાપ વરતાઈ આવતી હતી, 'આ બધા જ વર્ષો આપણે નહિ ઊગેલા આંબાની કેરીઓ જ ગણ્યા કરી નથી? સરયુબા કંઈ પહેલેથી મરેલા નહોતા.'

'બરાબર છે,' રિષભાએ કહ્યું, 'તારી વાત તદ્દન સાચી છે. પણ બધાની ગણતરીમાં ને તારી ગણતરીમાં બહુ ફેર છે. બધા બરાબર જાણતા હતા કે તેમની ગણતરીઓ માત્ર હવાઈ છે, નિરાધાર છે. સાચી પડશે કે નહિ અને પડશે તો ક્યારે પડશે એ માત્ર ભગવાન જ જાણતો હતો.' સહેજ અટકીને મસ્તાનીની આંખો પર નજર ઠેરવતાં તે આગળ બોલી: 'પણ તારી ગણતરી, તારે મન તો પાકી હતી, ચોક્કસ હતી કારણ કે તેનો પાયો માત્ર સરયુબા પર મંડાયેલો નહોતો, ખરું ને?'

મસ્તાનીના મરોડદાર નેણ સહેજ ખેંચાયાં. સહેજ ઝટકા સાથે માથું ઊંચું થયું અને આંખોની ભૂખરી કીકીઓમાં ભોળપણ તગતગી ઊઠયું. રિષભાને સમજાઈ ગયું કે એક અફલાતૂન જૂઠાણું હવે આવી રહ્યું છે. મસ્તાની કંઈ બોલે તે પહેલાં તેણે ધડાકો કરી નાખ્યો:

'મેં સાંભળ્યું છે મસ્તાની, કે તને છેક વેનિસ સુધી લઈ જવા ઉદયભાણ તૈયાર હતો. એ સાચું છે?'

મસ્તાની પળવાર આંચકો ખાઈ ગઈ. સ્તબ્ધ થઈ ગઈ. એકવાર હોઠ ઉપર જીભ ફેરવી. ચહેરા પર ભાવોની ઝડપી હેરફેર થઈ ગઈ. બંને વચ્ચેનો પાતળો પડદો જાણે જાડો થઈ ગયો. બંને એકબીજીને તાકી રહી.

૩

મસ્તાનીના ચહેરા પર ભાતભાતની રેખાઓ દોરાતી ને ભૂંસાતી ગઈ. પણ તરત જ ચહેરો સ્વસ્થ બની ગયો, સચેત બની ગયો. સરસ અવાજે તેણે પૂછ્યું :

'આ બધું તને કોણે કહ્યું ?'

'એ જાણવાથી શું ફેર પડે છે, મસ્તાની ?' રિષભાનો પિત્તો લગામ તોડાવી રહ્યો હતો : 'એક વાત તું બરાબર સમજી લે. કોઈ પણ સંજોગોમાં — કોઈ પણ સંજોગોમાં ઉદયભાણ જેવા માણસને આપણા ઘરમાં હાથ નાખવા નહિ દેવાય !'

'આમાં ઘરની વાત જ નથી, રિષભા. આ મારી વાત છે, માત્ર મારી.'

'શું કહ્યું ? તારી વાત ? મસ્તાની, મસ્તાની, તું આટલી છકેલ ક્યારથી થઈ ગઈ છે ? તું ઉદયભાણ પાસેથી મદદ લેશે એમ ? ને એ તને મદદ કરશે, એમ ? કેવી રીતે ?'

'પૈસા આપીને ! ઈટ્સ વેરી સિમ્પલ !' મસ્તાની ઠંડકથી બોલી : 'પૈસા જ એક ચીજ છે જેના વડે માણસ બીજાને મદદ કરી શકે.' ઘડીક અટકીને તે આગળ બોલી : 'આટલાં વરસ સુધી એક એક પૈસા માટે વલખાં માર્યાં પછી પણ તને એ સમજાયું નથી ? હાઉ બૅડ !'

રિષભાનાં ભવાં અધ્ધર ચડી ગયાં : 'પણ—પણ આ માણસના પૈસા ? તારી બુદ્ધિ બહેર કેમ મારી ગઈ છે, મસ્તાની ! આ માણસ પાસેથી પૈસા લેવાની, અરે તેનું એકાદે ય અહેસાન લેવાની શું કિંમત ચૂકવવી પડે — ખબર છે તને ?' અને સખત અકળામણ અને રંજમાં માથું ધૂણાવતી તે બોલી : 'આ ઑફર તેણે તને કરી હતી ? કે પછી તેં સામે ચાલીને... ઉફ ! એવો મોકો તમને મળ્યો ક્યારે ?'

અને એ તે મોકાને કલ્પનામાં જોઈ રહી. મસ્તાનીએ — બેવકૂફ, મૂર્ખ, મહામૂર્ખ મસ્તાનીએ ઉદયભાણ સામે ક્યારે કેવો મોકો ધરી દીધો હશે ? ને ઉદયભાણે તેનો... રિષભાનું મગજ હચમચી ગયું.

મસ્તાની થોડીવાર તેની સામે જોઈ રહી. ખભા સહેજ ઉલાળ્યા. ઢગલામાંથી એક નવી મીડી લીધી અને અરિસા પાસે ગઈ. મીડીને શરીર પર ધરીને નીરખવા માંડી. પછી રિષભા તરફ જોઈને બોલી :

'ખેર, ભૂલી જા એ બધું. આમે ય હવે તેનું શું મહત્ત્વ છે ? હવે તો આપણે જ એટલા ધનવાન થઈ ગયા છીએ કે બીજા કોઈની મદદનો વિચાર જ કરવાનો રહેતો નથી.'

ગજબની છોકરી છે ! એક જ દલીલમાં તે રિષભાના તમામ ઉકળાટનો છેદ ઊડાડી દેશે ? એક જ સવાલથી મહાત કરી દેશે ?

'પણ—' રિષભાએ હોઠ કરડ્યો,' તેમ છતાં હું એ કેમ માની શકું કે એ વિચારને તેં એટલી જલદી મનમાંથી ભૂંસી નાખ્યો છે ?'

'અરે દીદી, એમાં વાર કેટલી ?' ચપટી વગાડતાં મસ્તાની બોલી : 'જો, મેં તેને આમ ભૂંસી નાખ્યો. બસ ?' અને પછી એવું મજાનું સ્મિત કર્યું જે માત્ર તે જ કરી શકતી હતી.

રિષભા ઊભી થઈ. તેના હાથમાંથી મીડી ખેંચીને ફેંકી દીધી, બન્ને હાથ પોતાના હાથમાં પકડી લીધા.

'સાચું બોલ, મસ્તાની. તું તેને કેટલી વાર મળી છે? પપ્પાને આની ખબર પડશે એ ઘડીએ જ તેમને હાર્ટએટેક આવી જશે — જાણે છે તું? મૂર્ખ, એટલું તો સમજ કે ઉદયભાણ કોઈ પ્રકારે સંબંધ રાખવા જેવો માણસ નથી!'

'સંબંધનો આમાં પ્રશ્ન જ નહોતો.'

'તો પછી શાનો પ્રશ્ન હતો? કહી દે. સાચેસાચું જે હોય તે કહી દે.'

'કહું છું,' સહેજ પણ વિચલિત થયા વિના મસ્તાની બોલી: 'જો સરયુબા, નસીબજોગે, ગુજરી ગયા ન હોત તો મને લાગે છે કે મેં વેનિસ જવા માટે ઉદયભાણની મદદ લેવાનું પસંદ કર્યું હોત. અને હું માનું છું કે તેણે ઈન્કાર ન કર્યો હોત.'

જોરથી ફટકો વાગ્યો હોય તેમ રિષભા સહેજ ડગી ગઈ, લથડી ગઈ. ક્રોધભરી આંખે તે મસ્તાની સામે જોઈ રહી.

'તું — તું તેની સાથે ગઈ હોત? કઈ હેસિયતથી?'

'હેસિયત વળી બીજી કઈ હોય?' મસ્તાનીએ કહ્યું, 'તું નથી સમજી શકતી?'

અરરર, ભગવાન! કેટલી નફ્ફટ!

રિષભાનું મસ્તક વેદના અને ગુસ્સાથી ફાટવા લાગ્યું. જોરથી માથું ધૂણાવતાં તે બોલી: 'મસ્તાની, હું તને ઓળખી ન શકી. આટલા વર્ષે પણ ઓળખી ન શકી. તું મારા મોં ઉપર એમ કહી શકે છે કે તું એક હલકટ માણસ સાથે ભાગી જવાની હતી? એટલા માટે કે તેની પાસે બેસુમાર પૈસો છે?... કુટુંબની કેવી ભયંકર નાલેશી થશે તેનો વિચાર તને ન આવ્યો? અને એ

માણસ તને દગો નહિ દે, અંતરિયાળ નહિ રઝળાવે એવું યે તેં કેમ માની લીધું?'

'અરે, અરે, રિષભા!' મસ્તાની હસી પડી. મીઠડી બની ગઈ. 'કેટલી બધી ધૂંધવાય છે તું — નાહક?' અને શબ્દે શબ્દ પર ભાર મૂકતાં બોલી: 'હું તેની સાથે જવાની નથી. ધેટ્સ ધ હોલ પોઈન્ટ! સરયુબા સમયસર ગુજરી ગયા છે. તેમણે બધું રોકી દીધું છે. અને તેનો મને પણ આનંદ છે.'

'ચાલો, એ માની લઈએ કે તું જવાની નથી. પણ તું ગઈ હોત,' રિષભાને હજી ભરોસો પડતો નહોતો. તેણે કહ્યું, 'અને એ પણ એટલું જ હિણપતભર્યું છે, એટલું જ શરમજનક છે. અને એ વાત તું એટલી સહેલાઈથી કહી શકે છે જાણે બહેનપણી સાથે નદીકિનારે ટહેલવા જવાની હો!' સહેજ થોભીને તે બોલી, 'ભલું થજો સરયુબાનું! જો તે ગુજરી ગયા ન હોત—'

'પણ તે ગુજરી ગયા છે. ચોક્કસ, ચોક્કસ ગુજરી ગયા છે,' મસ્તાની હસીને બોલી, 'તું આપણા ઘર જેવી બિલકુલ કેમ નથી, રિષભા? ઘરના કોઈએ છેક ઉંબરે ઊભેલી આફતની પણ ગંભીરપણે ચિંતા કરી નથી, અને તું એવી વાત પર જીવ બાળે છે જે કદી બની જ નથી? નકામી ચિંતા ન કર. ચિંતા ભૂંડી ચીજ છે!'

'મને ચિંતા નથી, મસ્તાની, ભગવાનનો પાડ કે એ આફત પસાર થઈ ગઈ છે, પણ હું તો એ જાણીને હેબતાઈ ગઈ છું કે વિચારમાં પણ તું આટલી ખતરનાક હદે જઈ શકે છે. મને એ માન્યામાં પણ નથી આવતું કે આપણામાંથી કોઈ એક જણ એવું નઠારું કામ કરવાનો વિચાર કરી શકે કે જે માત્ર નવલકથાઓમાં જ વાંચવા મળે!'

'એવું માત્ર નવલકથાઓમાં જ નથી બનતું, રિષભા.' જે ઠાવકાઈથી મસ્તાની બોલી તે જોતાં લાગતું હતું કે રિષભા કરતાં

તે વધારે અનુભવી હતી : ‘તું સાવ ભોળી છે, રિષભા. દુનિયાને જરાય જાણતી જ નથી.’

થોડીવાર ચૂપ રહીને તે આગળ બોલી : ‘એ એક નક્કર હકીકત છે કે આજના દિવસ સુધી આપણી પાસે એક પણ ચીજ એવી નહોતી જેને આપણે દુનિયાના બજારમાં વટાવી શકીએ — સિવાય કે આપણું ભરપૂર રૂપ.’ વાત રિષભાના મનમાં ઉતરે તે માટે સમય આપતી હોય તેમ સહેજ થોભીને તેણે આગળ કહ્યું, ‘કદાચ તું જાણતી નથી રિષભા, કે આ દુનિયા લડાઈના નિયમ મુજબ ચાલે છે. કાં તો જીતી લો, નહીં તો હારી જાવ; કાં તો લઈ લો, નહીં તો છોડી દો. અહીં એક સંઘર્ષ છે, જોઈતી વસ્તુ મેળવી લેવાની વણથંભી લડાઈ છે. મને એ સત્ય સમજાઈ ગયું. એટલે મારે જે જોઈતું હતું તે મેળવી લેવા જે એક માત્ર ‘મૂડી’ મારી પાસે છે તે વાપરી નાખવામાં કંઈ ખોટું—’

‘બસ, બસ, મસ્તાની ! બસ કર !’ બે ય કાને હાથ દઈને રિષભા ચિત્કારી ઊઠી, ‘આવી વાત — આવી છેલ્લા પાટલાની વાત પણ તું કરી શકે છે ? મારી સામે ? ... ઓહ !’ ...તેનું શરીર કંપી ઊઠ્યું.

‘અરે, આ તો ખાલી વાત છે, રિષભા. દુનિયાના મોટાભાગના લોકો કેમ વિચારે છે તેની વાત. એમાં આટલી બધી આકળવિકળ ન થઈ જા. જિંદગી આના કરતાં ય મોટા આશ્ચર્યોથી ભરેલી હોય છે. સ્વસ્થ થઈ જા. અસ્વસ્થ થવા જેવું શું બન્યું છે, કહે જોઉં ?’ કહીને મસ્તાની હસી પડી, ‘તને એવો વિચાર કેમ નથી આવતો કે હું જે બોલું છું એ માત્ર બોલું જ છું ? આટલા ઠંડા કલેજે હું તે એટલા માટે બોલી શકું છું કે ખરેખર હું એવું કરવાની નથી.’

રિષભા નજર ઠેરવીને તેના ચહેરા સામે જોઈ રહી. મનોમન

પ્રયત્ન કરતી રહી કે મસ્તાનીની છેલ્લી વાત તેને સાચી લાગે. પણ તો ય શંકાનો લીસોટો મનમાંથી સાવ ન ભૂંસાયો. તેણે પૂછ્યું :

‘સાચું કહે છે, મસ્તાની ? તારી વાત સાચી માનું ?’

મસ્તાની ચૂપ રહી. ધીમું ધીમું હસી રહી.

રિષભા ફરી બોલી : ‘તું સાચું જ બોલે છે એમ હું માનું ને ? હું એમ માની લઉં ને કે, સરયુબા ગુજરી ગયા ન હોત તો પણ તેં એવું ન કર્યું હોત ? મને ખાતરી આપ...’

‘તો ખાતરી રાખ, રિષભા,’ મસ્તાનીએ ધીમા અવાજે કહ્યું અને ધીમું સ્મિત કર્યું. ઓહ, એ સ્મિત જ એક કોયડો હતું; કશુંક દેખાડતું અને સાથે જ કશાકને ગોપવતું જબરજસ્ત અકળ સ્મિત !

એ સ્મિત રિષભાના મનમાંથી ખસ્યું નહિ. રાત્રે પથારીમાં જાગતી પડી પડી તે તેના જ વિચારો કરી રહી. મસ્તાનીનો મરકતો ચહેરો તેની નજર સામે ઝળૂંબી રહ્યો. પાસે જ મસ્તાની ઘસઘસાટ ઊંઘતી હતી. રિષભા તેના સોહામણા ચહેરા સામે જોઈ રહી. તેને વિચાર આવી ગયો, ‘અત્યારે, આ ઘડીએ પણ તે મનમાં પેલી નઘરોળ યોજનાને વાગોળી નહિ રહી હોય ? શી ખાતરી ?...’

‘મૂર્ખ ! નાદાન ! નફ્ફટ !’ મનમાંથી રહી રહીને તણખા ઊડતા હતા, ‘કોઈ નહિ ને ઉદયભાણને પસંદ કર્યો ? ઉદયભાણ ?...’

‘પણ આમ જુઓ તો એ જ સ્વાભાવિક હતું ને ? એના જેવો મબલખ દોલતનો માલિક બીજો કોણ છે આખા પંથકમાં ? એટલો રંગીન તબિયતનો ય બીજો કોણ છે ? અને મસ્તાની પણ, મૂઈ, ક્યાં જેવી તેવી...’

‘ધનવાન હોય તેથી શું ? ભલે હોય ગમે તેટલો ધનવાન ! આ તો હરગીઝ ન ચલાવી લેવાય ! કોઈ નહિ ને ઉદયભાણ !’

કેમ ? કેવો માણસ છે ઉદયભાણ ?

'ખરાબ! ખરાબમાં ખરાબ! તેની આબરૂ શું છે ગામમાં? પૈસા ગમે તેટલા હોય, આબરુ વિનાના માણસનો પડછાયો ય કેમ લેવાય? ભરોસો જ કેમ કરાય?...કેવી કેવી વાતો થાય છે તેની? ઘરની નોકરડી પાછળ, અરે, દૂધવાળી પાછળ પણ લટ્ટુ...'

બરાબર છે. વાતો તો એવી જ થાય છે. પણ કોઈએ તેને કોઈની પાછળ લટ્ટુ થતો જોયો છે કદી? નજરોનજર જોનાર છે કોઈ?

તો પછી છાશવારે ને છાશવારે એ મુંબઈ શા માટે ઊપડી જાય છે? છેક દિલ્હી, કલકત્તા ને લખનૌ સુધી શા માટે દોડી જાય છે ઘડીએ ઘડીએ? એવો તે કયો વેપલો છે એકએક શહેરમાં? કામધંધાનું તો ઓઠું, બાકી ખરો ધંધો તો — સમજી જાવને, મારા ભઈ!

એવું જ છે બધું, સમજ્યાને? માણસ હજી જવાન છે. બેસુમાર મિલકતનો ધણી છે. ને પાછો નધણિયાતો છે. ગમે ત્યાં છુટ્ટો ચરી ખાય. રોકટોક કરનારે ય ક્યાં છે કોઈ? ...

તરેહતરેહની વાતો તેની આસપાસ વણાતી રહે છે. તેમાં ય, થોડાક દિવસ માટે તે બહારગામ જાય અને પાછો આવે કે તરત જ ગામના લોકોની આંખોમાં સાપોલિયાં રમવા શરૂ થઈ જાય છે. જીભમાં ખજવાળ શરૂ થઈ જાય છે. આંખ સામે આંખ મીંચકારાય છે. કાન પાસે મોં લઈ જવાય છે. ને વાતો વણાતી જાય છે. કહેવાતી જાય છે. વહેતી જાય છે.

વાતોનું એ વહેણ કાંઠાની મર્યાદામાં રહીને, અંદરોઅંદર જ વહેતું રહે છે. ઉદયભાણુને મોઢામોઢ કંઈ કહેવાની જીગર કોઈની નથી. સામે મળે તો સૌ સલામ કરે છે. જો કે તે કોઈને સામે મળે એ પણ એક સમાચાર હોય છે. ભાગ્યે જ જોવા મળે છે. સવારથી સાંજ સુધી એના મોટા દૈત્ય ફાર્મમાં કંઈ ને કંઈ કરતો — કરાવતો

હોય છે. માણસો પાસેથી માથે ઊભો રહીને કામ લેતો હોય છે. આકરું કામ લેતો હોય છે, ને એવા જ પૈસા ચૂકવતો હોય છે — રોકડા. કોઈકવાર તે ગામમાં ય આવી જતો હોય છે. કોઈકની પેઢીએ કે કોઈકની ડેલીએ ઘડીક બેસી પણ જતો હોય છે. ને એટલી વાર ગામમાં ગરમી આવી જતી હોય છે. વાતો, અનુમાનો, તર્કો વહેતાં થઈ જતાં હોય છે; પણ અંદરોઅંદર જ — કાંઠાની મર્યાદામાં!

છતાં એક વાત કબૂલ કરવી પડશે. એ તમામ વાતો ને વાર્તાઓની કોઈ અસર ઉદયભાણ પર થતી દેખાઈ નહોતી. કડાકા ભડાકા અને મૂશળધાર ઝડી વચ્ચે અડીખમ ઊભેલા મિનારાની જેમ તે નિર્લેપ હતો. પૂરેપૂરો સ્વસ્થ હતો.

અને છતાં લોકો જે માનતા હતા એ જ માનતા હતા. જે બોલતા હતા એ જ બોલતા હતા. લોકોએ એક સ્વયંભૂ સહમતિથી એક રેખા દોરી લીધી હતી તેમની અને ઉદયભાણની વચ્ચે; અને એ લક્ષ્મણરેખાને ઓળંગવાનું તેઓ પસંદ કરતા નહોતા.

રિષભાએ ફરી એકવાર પડખું ફેરવ્યું. વિચારોની ભરમાર અટકતી નહોતી. મગજ ધમધમી રહ્યું હતું. લમણાં ફાટી રહ્યાં હતાં. એકની પાછળ એક, કીડીઓની હારની જેમ વિચારો આવ્યે જ જતા હતા.

એક વિચાર આવ્યો: 'મસ્તાની જો મનમાં આવી જ યોજના ઘડવા માગતી હોય તો — તો ઉદયભાણ એક જ માણસ હતો જેની ઉપર તે નજર ઠેરવી શકે. તેના જેટલી પહોંચવાળો બીજો કોઈ આદમી આખા પંથકમાં નથી. બીજો કોઈ ન તો એટલી હિંમત કરી શકે કે ન તો એટલા નાણાં આમ ચપટી વગાડતાં ફેંકી દઈ શકે.'

રિષભા અકળાઈ ગઈ. ગભરાઈ ગઈ. સખત મૂંઝારો થતો

હોય તેમ જોરથી માથું ધુણાવ્યું : 'મસ્તાની! મસ્તાની!... ભગવાન સદ્‌બુદ્ધિ આપે તેને! એ કમઅક્કલે તેની સાથે છેક સુધીની ગોઠવણો ન કરી લીધી હોય તો સારું! આંગળી આપીને પાછી ખેંચી લેવાય એવો સાદોસીધો માણસ ન હોય તે; પોંચો પકડીને ખેંચી જ લે — આખેઆખી! અને તો શું થઈ જાય? શું થઈ ગયું હોત? હે, ભગવાન...'

'ભલું થજો મોતનું — અણીને ટાંકણે જ આવીને સરયુબાને લઈ ગયું. નહીંતર કેવો ગજબ થઈ જાત, ઘડીકમાં!'

'કોઈના ય મોતથી રાજી ન થવું જોઈએ. એ સજ્જનનું લક્ષણ નથી.'

'સાચું છે, તદ્દન સાચું છે. પણ —'

ખૂબ મોડી વહેલી પરોઢે તેની આંખ મળી અને તે ઊંઘી ગઈ. પણ ઊંઘમાં તેને તરેહતરેહનાં સપનાં આવતાં રહ્યાં. એક, પછી બીજું, પછી ત્રીજું...

* * *

પછી દિવસો વીતતા ગયા. ચાર, પાંચ, છ દિવસ વીતી ગયા. ઘરમાં બીજા બધા તો મસ્ત હતા. પોતપોતાનામાં બધા ખુશ હતા. બારણું આવીને ઊભેલી શ્રીમંતાઈના કેફમાં હતા. એક રિષભા જ બેચેન હતી. પણ ધીમે ધીમે બેચેની ઓસરી રહી હતી. ડહોળાયેલું મન પાછું આછરી રહ્યું હતું.

મર્હૂમ સરયુબા માટે હરસુખરાયથી માંડીને ઘરના સૌને કેટલી લાગણી હતી, કેટલી મમતા અને આદર હતા તેની બધાને ખબર હતી. છતાં બધાએ શોકનાં કપડાં પહેરી લીધા હતા. એકાણુ વરસના લાંબા પટમાં માત્ર એક જ વાર સરયુબાએ આ પરિવાર માટે સારું કામ કર્યું હતું — એકવાર તે બોલ્યા હતા : 'હું તો મારી બધી મિલકત આ હરસુખને આપતી જઈશ.' બસ. અને બીજું સારું કામ તેમણે એ કર્યું હતું કે આખરે તે મૃત્યુ પામ્યા હતા.

અને તેથી જ આખા પરિવારમાં રાહતનું જબરદસ્ત મોજું ફરી વળ્યું હતું. ખુદ હરસુખરાય સુધ્ધાં ઘરમાં હરતાં ફરતાં જૂના નાટકોના ગીતો ગણગણતા થઈ ગયા હતા. અરે, નાનકડી પ્રિયંકા પણ હવે સ્કૂલના લેસન બાબત બેતમા થઈ ગઈ હતી. બેધડક કહી રહી હતી :

'મારે હવે ક્યાં નોકરી–બોકરી કરવા જવાનું છે? ભણીને શું કામ? નિશાળે જઈએ છીએ એ બસ છે!'

કરવા જોઈએ તેવા મરણોત્તર વિધિ-વ્યવહાર પણ કરવામાં આવ્યા. ગરુડપુરાણ વંચાયું. સરવણી, બારમું, તેરમું, બધું જ થયું. જમતાં જમતાં ધૈવત રિષભા સામે જોઈને બોલ્યો ય ખરો : 'સાલું, આ વિચિત્ર નથી લાગતું? લગભગ એક સદી સુધી જીવવા છતાં માણસને એટલું યે ભાન ન થાય કે લોકોનો પ્રેમ પણ જીવનમાં એક મેળવવા જેવી ચીજ છે?... માણસના મૃત્યુ પાછળ દુઃખનાં સાચેસાચાં બે આંસુ પડવાને બદલે ઊલટો આનંદ થાય એ કેવું વિચિત્ર!'

'તારું બોલવાનું કદી નહિ સુધરે, ધૈવત?' કહીને રિષભા બીજી બાજુ મોં ફેરવી ગઈ. સામે જ મસ્તાની ઊભી હતી. ઝગઝગાટ સફેદ 'ડ્રેસ' પહેરેલો હતો — આજે જ ઉધાર ખરીદેલો.

બીજા ત્રણ દિવસ વીતી ગયા અને ચોથે દિવસે એક રિક્ષા આવીને ઘરના બારણે થોભી. રિક્ષામાંથી એક અજાણ્યો માણસ ઊતર્યો; પેન્ટ, શર્ટ, કાળો કોટ પહેરેલો માણસ. બારણું ખખડાવીને તે અંદર આવ્યો અને બોલ્યો :

'હું મુંબઈથી આવું છું — મરહૂમ સરયુબાના સોલીસીટર તરફથી. હરસુખરાય તન્નાનું ઘર —'

'પધારો, પધારો, સાહેબ !' હરસુખરાય હરખભેર મહેમાનને અંદર લઈ આવ્યા. માનપૂર્વક બેસાડયા અને ચા બનાવવાની સૂચના આપી.

'બોલો સાહેબ, આપ છેક અહીં સુધી —'

'કાયદેસરની ફરજ બજાવવા,' રૂમાલથી મોં પરનો પરસેવો લૂછતાં આગંતુકે કહ્યું : 'મરહૂમ અમારા અસીલ હતા. અને તેમની તમામ મિલકતની, તેમના મૃત્યુ પછી, શી વ્યવસ્થા કરવાની છે તેનું વીલ કરીને અમારી પાસે મૂકતા ગયા છે.'

હરસુખરાયની આંખો ચમકી ઊઠી. ધૈવત, રિષભા, પ્રિયંકા, બધાના મુખ પર હર્ષભરી ઉત્કંઠા તરી આવી. મસ્તાની આંખો પલકારતી, ગરદન એક બાજુ નમાવીને રસપૂર્વક તેને જોઈ રહી.

આગંતુકે હરસુખરાય સામે જોયું અને આગળ કહ્યું : 'મરહૂમના જણાવ્યા મુજબ તમે જ તેમના એક માત્ર સગા છો.'

'જી, બરાબર છે,' હરસુખરાય ખુરસીમાં સહેજ ઊંચા થયા અને જીભ હોઠ પર ફેરવી.

'એટલે કાયદા મુજબ તેમનું વીલ, શરૂથી અંત સુધી, અમારે તમને વાંચી સંભળાવવું જોઈએ,' કહેતાં તેણે કોટના ખિસ્સામાંથી એક લાંબું, સીલબંધ પરબિડિયું બહાર કાઢયું.

ઊભા હતા તે બધા નીચે બેસી ગયા.

ધૈવત ગણગણ્યો : 'આટલો બધો સસ્પેન્સ શાનો ઊભો કરો છો, ભલા માણસ ? વીલમાં વળી બીજું શું વાંચવાનું છે ? ટૂંકી ને ટચ તો વાત છે — સરયુબા બધી મિલકત અમારા નામે કરતા ગયા છે.'

'ચૂપ રહે !' રિષભા ગણગણી. જો કે મનમાં તો તેને પણ આ બધું ફારસ જેવું લાગતું હતું. શી જરૂર હતી આવું લાંબું કાંતવાની ? ટૂંકી વાત છે. ટૂંકામાં જ કહી દોને, મારા ભઈ !'

આગંતુકે સીલ તોડીને પરબિડિયું ખૂલ્લું કર્યું અને અંદરથી ફૂલસ્કેપ સાઈઝના ચારેક કાગળો બહાર કાઢયા.

ચૂપકીદીનો સન્નાટો ફેલાઈ ગયો. આટલું બધું શું લખ્યું હશે વીલમાં ? સરયુબા, તેમના સ્વભાવ પ્રમાણે, મરતાં મરતાં ય લાંબીલચક શિખામણો આપતા ગયા હશે ? હરસુખરાયની અક્ષમ્ય બેફિકરાઈ અને નીંભરતાનું કડક વિવેચન કરતા ગયા હશે ? ...

આગંતુકે ગળું સહેજ ખોંખાર્યું. સામે બેઠેલા બધા ઉપર નજર ફેરવી અને બોલ્યો :

'વીલ લાંબું છે કારણ કે તેમાં વિગતો ઘણી છે, જે હું વાંચી સંભળાવીશ. પણ તમારી જિજ્ઞાસા ખાતર તેનો સારભાગ પહેલાં કહી દઉં તો ઠીક રહેશે.'

હરસુખરાયે આંખો નમાવીને સંમતિ પ્રગટ કરી. સૌના ચહેરા પર ઉત્કંઠા તંગ બની ગઈ.

આગંતુકે કહ્યું : 'ટૂંકામાં કહીએ તો મરહૂમ તેમની તમામ મિલકત જુદી જુદી ધર્માદા સંસ્થાઓને તથા મંદિરોને ભેટ આપી ગયા છે.'

'હેં ! એટલે ?' હરસુખરાયનો અવાજ ફાટી ગયો. બીજા બધાની આંખો પહોળી થઈ ગઈ.

'એટલે એમ કે, તેઓ પોતાની મિલકતમાંથી કશું જ તમને આપવાની સૂચના મૂકતા ગયા નથી.'

જબરદસ્ત આંચકા સાથે જાણે ધરતી ડોલી ઊઠી. એક પ્રચંડ વિસ્ફોટની કારમી કંપારી સૌના રોમેરોમ ફરી વળી. હૃદય ધબકારો ચૂકી ગયા. શ્વાસ થંભાવીને સૌ શૂન્યમનસ્ક બેસી રહ્યા. કાળી ઘોર સ્તબ્ધતાથી ઓરડો ભરાઈ ગયો.

૪

ગેળમાંથી ત્રાટકેલા બોમ્બગોળા જેવી વકીલની એ જાહેરાત પછીનું દૃશ્ય રિષભા માટે એક અદૃશ્ય દુસ્વપ્ન બની રહ્યું, દિવસો સુધી આંખો સામે દાંત દેખાડતું ખિખિયાટા કરતું રહ્યું. રિષભા એ વકીલના ચહેરાને પછી કદી યાદ કરી શકી નહોતી; પણ તેના શબ્દોને અને અવાજને કદી ભૂલી શકી નહોતી.

એક પ્રચંડ મધપૂડો જાણે છંછેડાઈ ગયો હતો અને બેસુમાર મધમાખીઓ આખા ઓરડામાં ઘૂમી રહી હતી. એકધારો, અકળાવી મૂકતો ઝૂ...ઝૂ...ઝૂ...ઝૂ...અવાજ કાનમાં પીડા કરતો હતો. બીજું કાંઈ સંભળાતું નહોતું. એક નર્યો સૂનકાર ઝમઝમતો હતો, ઝૂ...ઝૂ...ઝૂ...ઝૂ...

આગંતુક વકીલ એકધારા અવાજે વીલમાંથી વિગતો વાંચી રહ્યો હતો. મહાન સન્નારી મરહૂમ સરયુબાએ કેવી કેવી માતબર રકમો કઈ કઈ હૉસ્પિટલો અને ધર્માદા સંસ્થાઓને દાનમાં આપી દીધી હતી તે સંભળાવી રહ્યો હતો.

રિષભાના મનમાં સૂનકાર વ્યાપી ગયો હતો. અર્ધા હોશમાં તે ગુમસૂમ બેસી રહી હતી. નજર ટેબલ પર પાથરેલા ટેબલક્લોથ પર ચીટકી ગઈ હતી. ટેબલક્લોથના ચારે ય ખૂણા ક્યારના જળી ગયા હતા. ડાઘાડૂઘીની સળંગ ડિઝાઈન દોરાઈ ગઈ હતી. શાહીનો એક મોટો ડાઘ નજરને તરત જ ખૂંચવા લાગતો હતો. ક્યારે પડેલો

એ ડાઘ? કદાચ, ધૈવત પ્રાથમિક ધોરણમાં ભણતો હતો ત્યારે. કદાચ, રિષભા પ્રાથમિક શાળામાં હતી ત્યારે. કદાચ, તેની યે પહેલાં. યાદ કરવું અશક્ય હતું. કોને ખબર કેટલા સમયથી ટેબલક્લોથ એ ડાઘને છાતી પર ઊંચકીને ત્યાં પડેલું હતું? નાના નાના બીજા યે ડાઘ હતા. એક દિવસ તેઓ નવું ટેબલક્લોથ લાવવાના હતા — સુંદર, નવું નક્કોર ટેબલક્લોથ. નવું ફર્નિચર વસાવવાના હતા. આ ઓરડામાં જ નવી કાર્પેટ બિછાવવાના હતા. નવાં કપડાં, નવાં બૂટ, એક બિલકુલ નવી જિંદગી ખરીદવાના હતા. એક દિવસ સરયુબા મૃત્યુ પામવાના હતા ને અઢળક દોલત તેમને આપી જવાના હતા.

પણ એ દિવસ ધરાર ન આવ્યો. આજનો દિવસ એ કહેવા માટે જ આવ્યો કે એ દિવસ હવે કદી આવવાનો ન નહોતો. સરયુબા મૃત્યુ પામી ચૂક્યા હતા. તેમની તમામ સંપત્તિ વહેંચાઈ ચૂકી હતી. તેમાંથી એક નાનકડો હિસ્સો પણ તેમના સુધી પહોંચ્યો નહોતો – નસીબ, બીજું શું? કોઈના ય હાથની હવે વાત ક્યાં હતી? વાત ફક્ત એટલી જ હતી કે જિંદગી હવે આગળ જીવવાની હતી. ફરક માત્ર એટલો હતો કે જિંદગીનો ચહેરો હવે અત્યંત બિહામણો બની જતો હતો. જિંદગી ખૂદ એક ધમકી બની જતી હતી...

માથું ધુણાવીને રિષભાએ નજર ઊંચી કરી અને ડરતાં ડરતાં આસપાસ બેઠેલાઓ પર ફેરવી. માત્ર પ્રિયંકાનો ચહેરો હજી જીવંત હોવાનો અણસાર આપતો હતો. વીલની ભયાનક વિગતો એકધારા અવાજે વાંચી રહેલા વકીલના ચહેરા સામે તે કુતૂહલપૂર્વક જોઈ રહી હતી. કદાચ, વીલમાં વારંવાર આવતા મોટી મોટી રકમોના આંકડામાં તેને રસ પડતો હતો. કદાચ, વીલમાં વારંવાર આવતા શબ્દો 'ધર્માદા' અને 'દાન'નો તેને અર્થ સમજાતો નહોતો. તેને એ પણ સમજાતું નહોતું કે 'ધર્માદા' અને 'દાન'ના એ

ગંજાવર વર્તુળમાં આ ઘરનો સમાવેશ થયો નહોતો.

રિષભાની નજર ખસીને ધૈવત પર ગઈ. હંમેશા બેફિકર હોવાનો સફળ દેખાવ કરી શકનાર તે હૈયાના ઊંડાણમાં તો એક મહત્ત્વકાંક્ષાને ગંભીરપણે ઉછેરતો રહ્યો હતો તે રિષભા જાણતી હતી. તેને એન્જિનિયર બનવાના કોડ હતા, ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર ! અને તેને પગલે પગલે અનેક આશાઓ અને અરમાનોના મિનારા બાંધી રાખેલા હતા. હવે એ બધા કડકભૂસ થઈ ગયા હતા. ભયાનક ભૂકંપ પછીના આશાઓના બેહાલ ખંડેરો તેના ચહેરા પર દેખાતા હતા. આશા અને ઉત્સાહથી સદાય ચમકતી તેની આંખોમાં અંધાપા જેવી ઝાંખપ આવી ગઈ હતી.

નજર પિતા તરફ વળી. સફેદ પૂણી જેવા તેમના ચહેરા પર હજી આ બધું સમજાતું નહિ હોવાની, બધું ગળે નહિ ઉતરતું હોવાની ગૂંચવણ જામેલી હતી. વારે વારે હોઠ પર જીભ ફેરવતા ને થૂંક ગળા નીચે ઉતારતા તે સ્વસ્થ દેખાવાનો ભારે પુરુષાર્થ કરી રહ્યા હતા, છતાં દયાજનક દેખાતા હતા. અચાનક આવી પડેલી આ અતિકરુણ ભૂમિકા ભજવવા માટે ઉચિત સંવાદો શોધવા મથતા હોય તેમ ઘડીક આંખો પટપટાવતા હતા, તો ઘડીક મીંચી જતા હતા. આવું દારુણ દૃશ્ય ભજવવાનું અગાઉ કદી બન્યું નહોતું. અનુભવ ઓછો પડતો હતો. એટલે ચહેરા પર જે મૂંઝવણ છતી થતી હતી તે મહદ્અંશે મુંઝાઈ ગયેલા બાળક જેવી દેખાતી હતી; એક એવા બાળક જેવી, જેણે રમતરમતમાં ગુલાબની સુગંધ લેવા છોડમાં નાક ઘુસાડયું હોય અને ત્યારે જ નાક પર મધમાખીએ ડંખ માર્યો હોય. રિષભાની છાતીમાં બળતરા થવા લાગી.

મસ્તાની બારી પાસે જઈને બેસી ગઈ હતી. દીવાલને ટેકે અધૂકડી પડીને બહાર આકાશમાં તાકી રહી હતી; જાણે કશુંક વિચારી રહી હતી. વકીલના વીલ-વાચનના ગણગણાટમાં તેને રસ

રહ્યો નહોતો. ઓરડાના સમગ્ર વાતાવરણથી જાણે તેણે પોતાની જાતને અળગી કરી દીધી હતી, એકલી પાડી દીધી હતી. બધાની સાથે કોઈ આઘાત તેણે અનુભવ્યો હશે તો પણ તે તેમાંથી બહાર નીકળી ગઈ હતી. આ ઓરડામાં, હવે જે બની રહ્યું હતું તેનો કોઈ અર્થ નહોતો, કોઈ ઉપયોગ નહોતો. તેમાં તેનું ધ્યાન જ નહોતું એમ રિષભાને લાગ્યું.

અને એક ઠંડી ધ્રુજારી રિષભાના દેહમાં ફરી વળી — એકાએક વિચાર આવ્યો :

'ચોક્કસ મસ્તાની કોઈ બીજી જ યોજના મનમાં ઘોળી રહી છે. કઈ હોઈ શકે એ બીજી યોજના ? ...ઓહ્, માય ગોડ ! એ જ — એ જ જૂની ખતરનાક યોજના — બીજી વળી કઈ હોય ? ઇચ્છિત ચીજ જો એક રસ્તે ન મળે તો બીજા રસ્તે મેળવવા સિવાય બીજો કયો વિચાર તે કરે ?...એ વિચાર જ તે કરતી હોય — ઉદયભાણનો વિચાર ! ઉદયભાણના પૈસાનો વિચાર ! ઉદયભાણની ઓફરનો વિચાર !'... તે કમકમી ઊઠી.

કાનમાં પેલો અળખામણો અવાજ ફરીથી પીડા કરવા લાગ્યો. મધમાખીઓ જાણે બમણી થઈ ગઈ, ઝનૂને ભરાઈને બમણા જોરથી બણબણવા માંડી — ઝ...ઝ...ઝ...ઝ...

... પછી તરત બધું બંધ થઈ ગયું. પૂરું થઈ ગયું. દુઃસ્વપ્નમાં સંભળાતો હોય તેવો વકીલનો વીલ-વાચનનો બબડાટ બંધ થઈ ગયો. થોડીવાર નીરવતા પથરાઈ ગઈ. દૃશ્ય ઊડી ગયું — જો કે એ દૃશ્યના અર્થો અને સૂચિતાર્થો વિષે હજી સૌના મનમાં ધૂંધળાપણું હતું. વકીલે વીલના કાગળોને ગડી વાળીને પાછા પરબિડિયામાં પૂર્યા અને ગળું સહેજ ખોંખાર્યું. જાણે વકીલ મટીને ફરીવાર માત્ર માણસ બની જતો હોય તેમ લાગણીભર્યા અવાજે બોલ્યો :

'આઈ એમ સો સોરી ફોર યુ ઑલ ! સરયુબાનું આ

વસિયતનામું બહુ ખરાબ ન ગણાય એમ કહેવાનો દંભ હું નહિ કરું. તમે તેમના એક માત્ર સગાં છો. મરહૂમનું આ વસિયતનામું તમારા તકદીર પર એક નિર્દય ઘાવ સમાન છે એ હું સમજી શકું છું. તમને કેટલો ભયાનક આઘાત લાગ્યો હશે તે પણ કલ્પી શકું છું. પણ હું — અમે બધા જ લાચાર હતા. સરયુબાના જેવા અક્કડ અને જીદ્દી સ્વભાવનો ઇલાજ કદાચ કોઈની પાસે નહિ હોય. કોઈની યે સલાહ સાંભળવા તે તૈયાર નહોતા. કોઈના વિરોધને ગણકારવા માગતા નહોતા. હું કે અમારા સોલીસીટર તમને સહાયરૂપ થવા કંઈ જ કરી શકીએ તેમ નહોતા.'

હરસુખરાય પળ બે પળ વકીલના મુખ સામે જોઈ રહ્યા. હોઠ અંદર દબાવ્યા. મસ્તક હકારમાં હલાવ્યું. એક ઊંડો શ્વાસ લીધો અને ઊભા થયા.

હવે એ ઘડી આવી પહોંચી હતી જ્યારે આતુર અને સ્તબ્ધ પ્રેક્ષકો સામે તેમણે મોં ખોલવું જોઈએ. અને સીનાને જરા ખેંચીને ટટ્ટાર કરતાં, ગંભીર અવાજે તેમણે કહ્યું :

'આખરે એ જ બનીને રહે છે જે જગન્નિયંતાએ નિરધારેલું હોય છે. તેનો શોક ન છાજે. પ્રભુએ જેને પ્યારું ગણ્યું તેને શિરોમાન્ય ગણવું એ જ સાચા માનવીનું કર્તવ્ય છે, એ જ તેની શોભા છે. તો પ્યારા બાળકો, આપણે એવો જ પ્રતિભાવ આપીએ જે આપણને સાચાં માનવી તરીકે શોભા આપે. હતાશ આપણે જરૂર થયા છીએ. છતાં આપણા ખમીરને એટલું પતન નહિ પામવા દઈએ કે એ હતાશા વિકૃત સ્વરૂપ ધારણ કરે. આપણાં દિલમાં અને દિમાગમાં આપણે કોઈ કટુતાને સ્થાન આપીશું નહિ.'

ધૈવતના ચહેરા પર એક આછું પણ કટુતાભર્યું સ્મિત ફરકી ગયું.

અને પ્રિયંકા તીણા અવાજે બોલી ઊઠી : 'તો પછી હવે

આપણને કંઈ જ મળશે નહિ? આપણે ખૂબ પૈસાદાર થઈ ગયા છીએ એ વાત ખોટી?'

પ્રિયંકાની નઠોર નિખાલસતા બધાને નવેસરથી એક આંચકો આપી ગઈ. તે જે પૂછી રહી હતી એ જ સત્ય હતું; એ એક હૃદયદ્રાવક અને નિર્દય સત્ય હતું કે તેઓ ખૂબ પૈસાદાર થઈ ગયા છે એ વાત ખોટી હતી — તદ્દન, તદ્દન ખોટી.

વકીલ મહાશયે હરસુખરાયની રજા માગતાં ફરીવાર દિલસોજી દર્શાવી. તેમને બીજાં અગત્યનાં કામ પતાવવાનાં હતાં. હાથ જોડીને તેમણે વિદાય લીધી. બાકીનો દિવસ ધીમે ધીમે ઘસડાતો ઘસડાતો પૂરો થયો. સાંજનું અંધારું ઉતરવા લાગ્યું. હરસુખરાય ખુરસીમાંથી એકદમ ઝાટકા સાથે ઊભા થઈ ગયા અને સડસડાટ તેમના 'સ્ટડીરૂમ'માં જઈને બારણું ધડાકા સાથે બંધ કરી દીધું. તેમના એ રૂમને ઘરમાં બધા 'પપ્પાના સ્ટડીરૂમ' તરીકે ઓળખતા હતા. જો કે પિતાએ એ રૂમમાં કદી કોઈ 'સ્ટડી' કર્યો હોવાનું કોઈની જાણમાં નહોતું. સ્ટડી કરવા જેવી કોઈ ચીજ પણ એ રૂમમાં રહેતી નહોતી — સિવાય કે ઉધારનાં બીલો અને ઉઘરાણીના કાગળોનો જથ્થો જે તેમના ટેબલનો કાયમી શણગાર બની રહેતો હતો. ખેર, પણ એ રૂમનો એક અર્થ સ્પષ્ટ હતો કે, તેઓ એ રૂમમાં જઈને બારણાં બંધ કરે પછી કોઈએ તેમને બોલાવવાના નહોતા.

ધૈવત ધીમા પણ ભારે અવાજે બોલ્યો : 'વાહ ! સુંદર, શોભાયમાન પૂતળાંઓનું આ ઘર આખરે ખતરનાક હોનારતની સામે ખડું થઈ ગયું ! કોઈ કહી શકશે કે નર્કમાં આનાથી વધારે શું હશે?'

'પ્લીઝ ધૈવત, નહિ !' રિષભાએ કહ્યું. તેની આંખોમાં કરુણા ઊભરાતી હતી, 'આપણે મનમાં —'

'કટુતા લાવવાની નથી, બરાબર?' ધૈવત બોલ્યો, તેના

અવાજમાં ભારોભાર કટુતા ભળેલી હતી.

'ભૂલી જા બધું, ધૈવત. કટુતા કે ગુસ્સો આપણને મદદ નહિ કરી શકે.'

'બરાબર છે, દીદી,' પ્રિયંકા વચ્ચે બોલી ઊઠી, 'પણ હે દીદી, આપણને કોણ મદદ કરી શકશે ?'

ધૈવતે તેની સામે જોતાં કહ્યું : 'સવાલો પૂછવાની તારી શક્તિનો જોટો જડે તેમ નથી, પ્રિયંકા. પણ એવા જ સવાલો, જેના કોઈ જવાબ જ ન હોય; અને હોય તો સખત અણગમતા હોય.'

'તો મારા સવાલનો જવાબ આપવાની તારે જરૂર પણ નથી,' પ્રિયંકા છેડાઈ પડી, 'પૈસાદાર બનવામાંથી કાંઈ તું એકલો જ રહી ગયો નથી. હું પણ રહી ગઈ છું. એટલે સવાલ તો પૂછું જ ને. તારી પાસે જવાબ ન હોય તો કંઈ નહિ, દીદી પાસે તો હશે જ, નહીં દીદી ? તારા કરતાં તેનામાં ઘણી વધારે સમજણ છે !'

રિષભાએ પ્રિયંકાના ખભા પર જરા જોરથી હાથ મૂકીને તેને બોલતી રોકી. જે સ્થિતિમાં અત્યારે બધા મુકાઈ ગયા હતા તે પૂરતી ખરાબ હતી; પૂરતી કાતિલ ધારવાળી હતી. હવે જો ઘરમાં બધા આમ તડાતડી કરવા માંડશે તો સ્થિતિ દસ ગણી વધારે ખરાબ બની જશે.

કદાચ, ધૈવતને પણ એવો જ વિચાર આવ્યો એટલે તેણે પ્રિયંકાને કહ્યું, 'ખેર, જવા દે એ વાત. તું કહે છે એ સાચું હશે —રિષભા પાસે આનો કોઈક ઉકેલ હશે. બાકી મારી પાસે તો નથી— સિવાય કે હું દવાની દુકાનમાં ગુમાસ્તાગીરી શરૂ કરી દઉં અને તમે ત્રણે ય કોઈ બીજી દુકાનમાં કે—'

'શું કહ્યું ?' મસ્તાની ઠંડા પણ ચેતવણી ભર્યા અવાજે બોલી, 'હું દુકાનમાં ગુમાસ્તાની નોકરી કરું ? હું ?! કોઈ પણ સંજોગોમાં નહિ !'

'હજી તું એવા ભ્રમમાં છે કે આપણે શું કરવું ને શું ન કરવું તેની પસંદગી કરવાની સ્થિતિમાં આપણે છીએ ?' ધૈવતે તીખા અવાજે પૂછ્યું.

'એ હું જાણતી નથી. જાણવાની મારે જરૂર પણ નથી,' મસ્તાનીની આંખો હજી પણ ચમક–ચમક થતી હતી,' સાચું પૂછો તો એવો કયો ફરક પડી ગયો છે હવે ? આજના આ શનિવારે પણ આપણે ત્યાંના ત્યાં જ છીએ જ્યાં ગયા શનિવારે હતા. ગયા શનિવારે શું આપણાં ખિસ્સાં નાણાંથી તરબતર હતાં, ને આજે સુંટાઈ ગયા છે ? ભ્રમમાં તો તું છે. જ્યાં સારું કદી હતું જ નહિ ત્યાં ખરાબની અને હતાશાની ચર્ચાઓ કરવાનો અર્થ શો છે ? ગમે તેટલી ચર્ચાઓ કરો, આપણે ઘાણીના બળદ છીએ — ઠેરના ઠેર !'

'ખરેખર ?' ધૈવતનો અવાજ હજી તીખો જ હતો, પણ તેમાં હાંસી ભળી હતી, 'તને કોઈ ફરક નથી દેખાતો ? સાંભળ, ગયા શનિવારે આપણે એક વિરાટ, આંજી નાખતા, અત્યંત સુંદર એવા બેવકૂફીના સ્વર્ગમાં વસતા હતા. આજે આપણે નિંદરમાંથી ઝબકીને જાગી ગયા છીએ; ધરતી પર પછડાયા છીએ. એટલો ફરક છે. આટલાં વરસ સુધી જે તરણું પકડીને આપણે આપણી ધીરજને અને આબરુને તરતી રાખી હતી એ તરણું જ હવે ઊડી ગયું છે. ગયા શનિવારે આપણે લક્ષ્મીના ધોધને ઝીલવાના ખ્વાબમાં હતા; આ શનિવારે લક્ષ્મીએ આપણી છાતી પર લાત ફટકારી છે. એટલો ફરક છે. રહી આપણી પાસે માત્ર સુંદરતા. પણ સુંદરતા ફક્ત ધનવાનોને જ પોસાય તેવી ચીજ છે. ગરીબી અને સુંદરતાનું સંયોજન સુખદ નિવડી શકતું નથી.'

પણ તેના એ તીખા શબ્દો મસ્તાની પર કોઈ ઝાઝી અસર કરી શક્યા હોય તેમ લાગતું નહોતું. હોઠ હલાવીને તે મર્માળું હસી અને બોલી :

'એ ગમે તે હોય, જિંદગીના આરંભ કે અંત કંઈ સરયુબાના વીલમાં સમાઈ જતા નથી.' સહેજ થોભીને તે આગળ બોલી, 'દુનિયામાં બીજી પણ ચાન્સ છે. બીજા પણ રસ્તા છે.'

'દાખલા તરીકે?' ધૈવતે પૂછ્યું.

પણ મસ્તાની જવાબ ગળી ગઈ. મરક મરક હસતી ચૂપચાપ તેની સામે જોઈ રહી.

* * *

મસ્તાનીનું એ બોલકણું મૌન, એ ખૂબીદાર સ્મિત, અકળ-તાનો એક અભેદ્ય કિલ્લો બની ગયું. હંમેશા એમ જ બનતું હતું. રિષભા હવે તે બરાબર જાણી ગઈ હતી — એ કિલ્લાને એકાએક ચણાઈ જતો એટલીવાર જોઈ ચૂકી હતી. પણ અકળતાના એ કિલ્લા પાછળ મસ્તાનીના ઇરાદાઓનું લશ્કર કેવી કેવી કવાયતો કરતું હશે તેની કલ્પના તેને કલાકો સુધી — ક્યારેક દિવસો સુધી — પરેશાન, પરેશાન કરી મૂકતી હતી.

સવારે એવું જ ખૂબીદાર સ્મિત કરીને તે ધૈવતના પ્રશ્નનો જવાબ ગળી ગઈ હતી. અને સાંજ વીતી ગઈ ત્યાર પછી, અત્યારે રાતના નવ વાગ્યે પણ, રિષભાના હૃદયમાં એક પરેશાની વ્યાપી રહી હતી.

રાત્રે બધા જમવા બેઠા. ત્યારે હરસુખરાયની ગેરહાજરી સૌને ખૂંચતી હતી. પણ તેનો કોઈ ઇલાજ નહોતો. સ્ટડીરૂમના એકાંત-વાસમાંથી બહાર આવવા તેમને લલચાવી શકાય તેવું કોઈ નિમિત્ત નહોતું. જો કે તેમની હાજરી પણ સૌના ડઘાઈ ગયેલા મનને ફરી હળવાં બનાવી શકે તેમ નહોતી; છતાં ગમે તેમ, તેમની હાજરીનો એક પ્રભાવ રહેતો હતો, એક નાટકીય પ્રભાવ. તેમના વિના જાણે અડવું-અડવું લાગતું હતું.

બીજા બધાની જેમ, મન પર વાગેલા કારમા ફટકાની અસર

પ્રિયંકાની હાજરી સુધી થઈ નહોતી. ભૂખ લાગવાના સમયે ભૂખ બરાબર લાગી ગઈ હતી. પીરસાયેલી થાળીને નજીક ખેંચતાં તેણે પૂછ્યું:

'પપ્પા જમવાના નથી?'

'ના,' રિષભાએ તેની સામે જોયું અને જરા ચિંતાભર્યા અવાજે કહ્યું, 'પપ્પા બહાર આવવાની ના કહે છે.'

'તમે પૂછ્યું'તું?' પ્રિયંકાની આંખોમાં પણ ચિંતાની રેખા દોરાઈ.

'હા,' રિષભાએ કહ્યું, 'કહ્યું કે તેમને જમવાની ઇચ્છા નથી — બે-ત્રણ ખાખરાને દૂધ અંદર આપી દેવાના!'

પ્રિયંકાનો ચહેરો વધારે ગંભીર બન્યો. પિતાના જમવાના ઇન્કારમાં તેને કોઈક ગંભીર પરિસ્થિતિની ગંધ આવી. જરા ચિંતા થઈ આવી. તેણે પૂછ્યું: 'પછી એ તમે આપી આવ્યા? પપ્પાને જોયા? બહુ ભાંગી પડ્યા છે?'

પ્રિયંકાનો આશંકાભર્યો ગભરાટ જાણે રિષભાના ચિત્તને પણ અડી ગયો. અચકાતા અવાજે તેણે કહ્યું: 'હું—અંદર તો હું જઈ શકી નથી, અંદરથી જ તેમણે ખાખરા ને દૂધ બહાર બારણા પાસે મૂકી દેવાનું કહ્યું.'

કોળિયો મોંમાં મૂકવા જતો પ્રિયંકાનો હાથ અધવચ્ચે અટકી ગયો. અચાનક જાણે મનમાં કંઈક ઝબક્યું હોય તેમ તે બોલી ઊઠી: 'મને ડર લાગે છે, દીદી મને એવો ડર લાગે છે કે પપ્પા ક્યાંક આપઘાત તો......' સહેજ થોભીને બધા ચહેરા સામે જોતાં તેણે આગળ કહ્યું: 'એક સામટા આટલા બધા પૈસા ગુમાવી દેવા પડે ત્યારે ઘણા એવું નથી કરતા?'

રિષભાનો શ્વાસ ક્ષણવાર ગળામાં થંભી ગયો. મસ્તાની આંખો પહોળી કરીને પ્રિયંકા સામે જોઈ રહી. ધૈવતે ઝીણી આંખો કરીને

તેની સામે જોયું, મોં મરકાવ્યું અને કહ્યું: 'બહુ નવલકથાઓ વાંચવાનું બંધ કર. આવી વાહિયાત કલ્પનાઓ કરવાનું એમાંથી જ શીખી છે ને?'

'હું કંઈ એવી ગમે તેવી નવલકથાઓ વાંચતી નથી – જા, જા!' પ્રિયંકા છેડાઈ પડી અને સામે પ્રશ્ન કર્યો: 'તો પછી તું જ કહેને, પપ્પાએ બારણું અંદરથી બંધ કેમ કરી રાખ્યું છે?'

'કારણ કે તેમણે પણ બહુ નવલકથાઓ વાંચી છે. નાટકો યે વાંચ્યાં છે. એ બધામાં એવું જ આવે. તબાહીની ઘડીએ આઘાતમાં નાયક એકાંત ઓરડામાં ઘસી જાય ને બારણાં બંધ કરીને સજ્જડ પૂરાઈ જાય અંદર!' સહેજ અટકીને તે ફરી બોલ્યો: 'એવી ઘડીએ પણ સૌની સાથે બેસીને ભરપેટ ભોજન માણવું એ કરતાં એકાંતમાં પૂરાઈ જવું એ વધારે સારું દશ્ય નથી?'

પ્રિયંકાને ધૈવત પર વધારે ચીડ ચડી. પણ તેને કંઈ કહેવાને બદલે તેણે રિષભાને પૂછ્યું: 'તમને એવું લાગે છે, દીદી?'

'એ તો હું પણ કેવી રીતે કહી શકું?' રિષભાએ કહ્યું: 'પણ મને લાગે છે કે, તું કહે છે એવું કંઈ નહિ હોય. આપઘાત–બાપઘાતની કલ્પના ખોટી છે. પણ એવું હોઈ શકે કે પપ્પા હતાશાથી એટલા ભાંગી પડચા હોય કે એ સ્થિતિમાં આપણે તેમને જોઈએ તેમ ઇચ્છતા ન હોય.'

'તો ઠીક,' પ્રિયંકાએ જમવાનું શરૂ કરતાં કહ્યું: 'જમીને હું બહારથી જ ગુડનાઈટ કહી દઈશ, બરાબરને?'

'કદાચ તારે એમ નહિ કરવું પડે,' રિષભાએ હસીને કહ્યું, 'ત્યાં સુધીમાં તો પપ્પા સ્વસ્થ થઈને બહાર આવી પણ ગયા હશે.'

રિષભાની એ ધારણા સાચી ન પડી. બધાએ જમી લીધું અને પછી ઘણીવારે સૂવા માટે પોતપોતાના ઓરડામાં ગયા ત્યાં સુધી પણ હરસુખરાય બહાર આવ્યા ન હતા. છેલ્લે મસ્તાની

ઉપર ગઈ પછી પણ રિષભા ઓસરીમાં ખાલી ડગલાં ભરતી રહી. ડહેલીનાં બારણાં બંધ કરીને સાંકળ વાસી. રસોડાનાં બારીબારણાં ય વાસ્યાં. અને ઓસરીની બત્તી બંધ કરવી કે ન કરવી (કદાચ, હમણાં જ સ્ટડીરૂમનું બારણું ખૂલે ને પપ્પા બહાર આવે!)ની દ્વિધામાં સ્વીચ પર હાથ રાખી ઊભી રહી.

'બારણું ખખડાવું? સાદ પાડી જોઉં?' તેને વિચાર આવ્યો, પણ તરત પાછું યાદ આવ્યું: 'પપ્પાને એ નહિ ગમે. તેમને એકલા રહેવું હોય ત્યારે કોઈનું ય બોલાવવું તેમને નારાજ કરી દે છે!'

'પણ — પણ અંદર તેમને બહુ વાર થઈ ગઈ! આટલી બધી વાર ક્યારેય એકલા રહ્યા નથી. આટલી બધી વાર એકલા રહેવું તેમને માટે સારું પણ નથી...'

તંગ દ્વિધામાં તે માત્ર ઊભી રહી. સ્વીચ પર મૂકી રાખેલી આંગળીને હલાવી ન શકી. પછી એકાએક એક ઊંડો શ્વાસ લીધો. મનમાં કોઈ નિર્ણય લીધો અને સીધી સ્ટડીરૂમના બારણા પાસે પહોંચી ગઈ, બારણે ટકોરા દીધા.

'કોણ છે?' હરસુખરાયનો અવાજ સંભળાયો — થાકેલો, હારેલો, ચીડાયેલો અવાજ.

'હું છું પપ્પા – રિષભા,' રિષભાએ જવાબ આપ્યો અને બારણાને ધક્કો માર્યો. બારણું હજી બંધ હતું.

'હવે સૂઈ જા, રિષભા,' હરસુખરાયનો અવાજ સંભળાયો.

'ના, પપ્પા. મારે અંદર આવવું છે. મારે તમારું કામ છે.'

'સવારે વાત કરીશું,' હરસુખરાયનો ભારે, અશક્ત અવાજ સંભળાયો, 'અત્યારે સૂઈ જા, દીકરા.'

રિષભા એ જાણતી હતી, જો પપ્પા તેને 'દીકરા' કહીને સંબોધે તો તેનો અર્થ એ થતો હતો કે તે સ્ટેજની કોઈ ફ્લાઈ-

મેક્સના મૂડમાં હતા. ને એ 'ભવ્ય મૂડ'નો અર્થ એ થતો હતો કે તે કોઈ ખૂબ જ બાલિશ નિર્ણય લેવાની તૈયારીમાં હતા. મનમાં ચિંતાનો ઓછાયો ઘેરાવા માંડ્યો. તે જોરથી બોલી :

'ના! હું અહીંથી જવાની નથી, પપ્પા. મારે તમારું કામ છે — બહુ જરૂરી કામ છે મારે! બીજા બધા સૂઈ ગયા છે. હું એકલી જ ઊભી છું. બારણું ખોલો પપ્પા, મને આમ ગભરાવો નહિ!'

એકાદ ક્ષણ ચૂપચાપ વીતી; રિષભાની અધિરાઈ વધી. અને અંદરથી ખુરસી ખસવાનો અવાજ આવ્યો.

૫

દીવાલ પર ઘડિયાળનો ટિક્ ટિક્ અવાજ રાતની શાંતિમાં સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો — વધારે સ્પષ્ટ ને વધારે મોટો. રિષભાના લમણાંની નસો તંગ થઈ રહી હતી: 'બારણું ઉઘાડતાં કેટલી બધી વાર!...'

અને બારણું ખુલ્યું. બારણાની વચ્ચોવચ્ચ હરસુખરાય ઊભા હતા...'હાશ!'

હરસુખરાય બારણા વચ્ચે જ ઊભા રહ્યા, જાણે રિષભા અંદર આવે તેમ ઇચ્છતા ન હતા. રિષભા ઝડપથી તેમને ઘસાઈને અંદર ચાલી ગઈ, ટેબલ સુધી પહોંચી ગઈ. પછી તેણે પાછળ ફરીને હરસુખરાય તરફ જોયું. નંખાઈ ગયેલા ચહેરાવાળા, ઝંખવાઈ ગયેલી મુખકળાવાળા, એક દયામણા હરસુખરાય બારણામાં ઊભા હતા. રિષભાના મુખમાંથી હળવો હાયકારો નીકળી ગયો.

હાયકારો નીકળી જાય એવી જ તેમની હાલત દેખાતી હતી. કેવા બિચારા બની ગયા હતા હરસુખરાય! થાકી ચૂકેલા, હારી ચૂકેલા, ભાંગી ચૂકેલા. જિંદગીભર તે એક સદાબહાર આશાના સહારે જીવતા રહ્યા હતા. સુખની એક લીલીછમ્મ કલ્પનામાં જીવતા રહ્યા હતા જેમાં એક રળિયાત સપનું વાસ્તવિકતા સાથે ભેળસેળ થઈ ગયું હતું — સપના જેવી વાસ્તવિકતા ને વાસ્તવિકતા જેવું સપનું જાણે એકાકાર થઈ ગયા હતા... પણ — પણ હવે બધું ઊડી ગયું હતું. સપનું લાત મારીને ઊડી ગયું હતું. વાસ્તવિકતા

તૂટેલા ખડકની જેમ આવીને છાતી પર પછડાઈ હતી. તેના ભારે, તેની ગૂંગળામણે તેમને અચાનક નીચા નમાવી દીધા હતા. હરસુખરાય એકાએક વૃદ્ધ બની ગયા હતા.

'શું કામ છે, દીકરા?' તેમણે ભારે અવાજે પૂછ્યું.

'કંઈ નહિ,' રિષભાએ તેમની નજીક જતાં કહ્યું, 'તમારી સાથે વાત કર્યા વિના મારાથી સૂવા માટે જઈ શકાય તેમ નહોતું. અને પછી તેમનો હાથ પોતાના હાથમાં લેતાં તેણે સ્મિત કર્યું. હોઠને તો તે હસાવી શકી, છતાં આંખોમાં ચિંતાની વાદળી તરતી હતી. 'પપ્પા, મને ખબર છે. અત્યારે તમને કેવી કેવી ભયંકર લાગણીઓ થતી હશે તે સમજી શકું છું. હતાશ તો આપણે બધા થયા છીએ પપ્પા. પણ તેની અસર તમારા પર અનેકગણી વધારે જ થઈ હોય એ પણ હું સમજું છું.'

પળ બે પળ, સ્ટેજની દુનિયાના એ સાવજની આંખો અપલક રિષભાને તાકી રહી. પછી તેમાં આછાં ઝળઝળિયાં તગતગી ઊઠ્યાં. હોઠ સહેજ ધ્રૂજ્યા અને સામસામે ભીડાઈ ગયા. છાતીમાં સખત વલોવાતા, કોઈ ચિત્કારને મહાપ્રયાસે રોકી રાખતા હોય તેવી તંગ રેખાઓ ચહેરા પર ઘેરાઈ, અને એક ઉદ્‌ગાર 'ઓ...ઓહ!' કાઢીને તેમણે હથેળી આંખો પર દબાવી દીધી. એ ખરેખર એક અસરદાર પોઝ હતો, હચમચાવી દે તેટલો વાસ્તવિક હતો. નમીને ઝૂલી રહેલા તેમના શરીરને સાચે જ ટેકાની જરૂર હતી.

આર્દ્ર હૈયે રિષભા તેમને જોઈ રહી. છાતીમાં ચરડ, ચરડ કંઈક બળવા માંડ્યું. કંઈક પીગળવા માંડ્યું. ઊનું ઊનું કંઈક ઘૂમરાવા માંડ્યું. એકાએક જાણે તે મોટી બની ગઈ — કોઈ હતાશ, અસહાય બાળકની સામે ઊભી હોય એવી મોટી. એક હાથમાં પિતાનો હાથ પકડીને બીજો હાથ તેમના ખભા પર મૂકતાં તે બોલી :

'બધું ભૂલી જાવ, પપ્પા. બધું કાઢી નાખો મનમાંથી. જૂની

બધી વાતો હવે કચરો બની ગઈ છે. કચરાને મનમાં સંઘરવાથી શો ફાયદો?' થોડીવાર ચૂપ રહીને તે આગળ બોલી, 'આપણે બધું બરાબર સંભાળી લઈશું. બધું બરાબર ગોઠવી દઈશું. — તેની કોઈ ચિંતા નથી. આજની રાત સરસ ઊંઘ ખેંચી કાઢો તો સવારે બધું તમને પોતાને જ બહુ હળવું લાગશે. ઊંઘી જશો ને, પપ્પા? માથું દુખતું હોય તો ગરમ કોફી અને દવાની ગોળી લાવી દઉં. તે લઈને સૂઈ જાવ. સવારે આપણે આખી બાબત પર શાંતિથી વિચાર કરીશું.'

'હવે શાનો વિચાર, દીકરા? ઓહ! ભગવાન! બધું જ લુંટાઈ ગયું! કંઈ જ ન બચ્યું! ખીલોના આ ઢગલા અને ઉઘરાણીના કાગળો સિવાય બીજું શું રહ્યું છે આપણી પાસે?'

હરસુખરાયના એ શબ્દો જાણે અનાયાસ આવી રહ્યા હતા — અંદરથી. તેમાં અસરકારકતા આણવાનો કોઈ સભાન પ્રયાસ નહોતો, કોઈ નાટકીય વજન નહોતું. એ હતી કેવળ હકીકત; એક ખખડી ચૂકેલા આદમીને દુઃખ અને અસહાયતાના ભારથી ભાંગી પડવાની પળે જડેલી એક નગ્ન હકીકત. રિષભાનું હૃદય દ્રવી ઊઠ્યું. ઉત્સાહ અને આનંદ તો હવે જોજનો દૂર રહી ગયા હતા. છતાં ચહેરા પર તે બન્નેનો મેઈકઅપ લાવતાં તે બોલી :

'પૈસાની ચિંતા કરવાની કોઈ જરૂર જ નથી, પપ્પા. ધૈવત, મસ્તાની, હું — બધા નોકરીએ લાગી જઈશું. બધા ચોક્કસ સારી નોકરીઓ શોધી કાઢીશું. પહેલાં કદી આપણે વ્યવસ્થિત રીતે વિચાર્યું જ નથી. આયોજનપૂર્વક જીવ્યા જ નથી. હવે એમ કરીશું. અમે બધાય ડાહ્યા કમાઉ દીકરા બની જઈશું. બધાના ઘરમાં બધા એમ જ કરે છે. તમે ધાર્યું ય નહિ હોય પપ્પા, કે હવે અમે ઘરને કેટલું વ્યવસ્થિત કરી દઈશું. દર મહિને અમુક

પૈસા અચૂક અલગ કાઢી લઈશું અને તેમાંથી બીલો ચૂકવતાં જઈશું — એક પછી બીજું, પછી ત્રીજું; જોતજોતામાં તે બીલો ખલાસ ! હવે તમારે ચિંતા કરવાની જરૂર જ રહેતી નથી. ચિંતા છોડી દો અને શાંતિથી ઊંઘી જાવ, ચાલો.'

રિષભાના અવાજમાં ઉત્સાહનો રણકો હતો. સ્મિતમાં પ્રોત્સાહક બળ હતું. પણ તેણે જે કહ્યું તેમાં કોઈ તાર્કિકતા, દેખીતી રીતે જ, નહોતી. હરસુખરાય ક્ષણ બે ક્ષણ તેની સામે જોતા ઊભા રહ્યા. તેમની આંખોમાંથી વાદળાં વીખરાતા જતા લાગ્યા. આંખો સ્વચ્છ થતી લાગી. ધીરે ધીરે જાણે તે રિષભાની ગળે ન ઉતરે તેવી વાતને ગળે ઉતારી રહ્યા. આખરે તેમણે રિષભાના માથે હાથ મૂકયો, હોઠ જરાક મરકાવ્યા અને સ્વસ્થ અવાજે બોલ્યા: 'સાચી વાત છે. તારા જેવી દીકરી જેને હોય તેણે ચિંતા છોડી દેવી જોઈએ !'

આ શબ્દો આ પહેલાં પણ બે-ત્રણ વાર તે પ્રસંગોપાત બોલ્યા હતા. એટલે રિષભા જાણતી હતી કે જ્યારે એ શબ્દો બોલાય ત્યારે પિતાની મનઃસ્થિતિ સ્વસ્થ હોય છે, સ્વાભાવિક હોય છે. અત્યારે એ શબ્દો સાંભળીને તેના મનમાં શાતા વળી.

પછી તે તેમના માટે કોફી બનાવી લાવી, દવાની ગોળી પણ લાવી અને પોતાના હાથે તે ગળાવી. નાજુક, ઝીણી સંભાળ લેવાવાથી બાળકને થાય એવો આનંદ હરસુખરાયના હલનચલનમાં વરતાઈ રહ્યો. રિષભાને લાગ્યું, પિતામાં એવું બાળસુલભ કંઈક હંમેશા હતું જ, અને એટલે તેમની કોઈ વાતને પૂરેપૂરી ગંભીર ગણવી એ બરાબર નહોતું.

પછી રિષભા ઉપર ગઈ. થોડીવાર રહીને તે ફરી નીચે આવી— હરસુખરાય ઊંઘી ગયા હતા કે નહિ ? હરસુખરાય ત્યારે ઊંઘી ગયા હતા. બત્તી ચાલુ હતી. ટેબલ પર, વર્ગીકરણ કરેલી, બીલો

અને કાગળોની થોકડીઓ પડેલી હતી. એક બાજુ હરસુખરાયની બૅન્કની પાસબુક પડેલી હતી. બૅન્કમાં તેમણે ક્યારે ખાતું ખોલાવેલું એ એક સવાલ હતો. ખાતામાં શું હોઈ શકે એ બીજો સવાલ હતો. છતાં પાસબુક હતી. ટેબલ પર જ પડેલી હતી. બીજા છેડે એ ફૂલસ્કેપ કાગળો અને પેન પડેલા હતા. બધા જ બીલો અને ઉઘરાણીના આંકડા એ કાગળો પર હરસુખરાયે લખેલા હતા અને ખોટા સરવાળા કરેલા હતા. દેવાના એ અડાબીડ આંકડાઓ પાસે જ એક શીશી પડેલી હતી. રિષભાએ તે હાથમાં લીધી અને ધ્યાનથી જોઈ. ઘેનની ટીકડીઓની શીશી ! ઝેરની શીશી !

ભયની એક ટાઢીબોળ કંપારી રિષભાના માથાથી પગ સુધી ફરી વળી. છાતીમાં જબ્બર ધ્રાસકો વાગ્યો. 'આ — આ શું ? પ્રિયંકાની પેલી મૂર્ખાઈભરી વાત શું ખરેખર...?'

ઝટઝટ તેણે શીશી ખોલીને ટેબલ પર ઠાલવી. અને તેનો જીવ હેઠો બેઠો. શીશીમાં માત્ર ત્રણ જ ટીકડી હતી. ટીકડીઓ પાછી શીશીમાં ભરીને તેણે બત્તી બુઝાવી દીધી. શીશી સાથે લઈને તે ઉપર સૂવા માટે ચાલી ગઈ. શીશીને પથારી નીચે, ઓશીકા પાસે દબાવીને તે પથારીમાં પડી, પણ આંખો બંધ ન કરી શકી.

'ખરેખર ?' વિચારોનું કાીડીયારું મનમાં ઊભરાઈ રહ્યું હતું: 'ખરેખર પ્રિયંકાની શંકાને કોઈ પાયો હશે ? ઘેનની ગોળીઓ ખાઈને આપઘાત કરવાનો ઈરાદો પપ્પાનો હશે ?... ના, ના. પપ્પા એવું ન કરે. વળી ગોળીઓ ય ક્યાં ઝાઝી હતી ? ત્રણ ગોળીથી કંઈ આપઘાત ન થઈ શકે !... ના, ના. એવું નહિ જ હોય. ગોળીઓ તો કોને ખબર કેટલા વખતથી પડી રહી હશે પપ્પા પાસે ! બહુ બહુ તો આજે ઊંઘવા માટે એકાદ ગોળી લેવાનો ઈરાદો હશે. બીજું કંઈ ન હોય...'

બહુ મોડી રાત સુધી તે મન સાથે દલીલો કરતી રહી, સવાલ

પૂછતી ને જવાબ આપતી રહી. સમજાવતી રહી. અને આખરે ઊંઘ આવી ગઈ. છતાં, ઊંઘ આવી ત્યારે પણ મનમાં પેલી સવાલ-જવાબની ઝડી ચાલુ હતી; શંકા-કુશંકાની સંતાકૂકડી ચાલુ હતી.

*

એ રાત એક બહુ લાંબી રાત બની રહી; બહુ તંગ અને અજંપાભરી બની રહી. મસ્તાની સાથે થોડીક વાત હવે કરી લેવી જરૂરી હતી. રિષભાનું મન વળી વળીને તેની આસપાસ ઘૂમવા લાગ્યું હતું. બધું ચોપટ થઈ ગયું હતું — બધાને માટે બધું ધૂળધાણી થઈ ગયું હતું; પણ મસ્તાની હવે શું કરવા ધારતી હતી?... રાત્રે ઊંઘ આવી ગઈ ત્યાં સુધીમાં ઘણીવાર તેણે મસ્તાની સામે જોયું હતું. વાત કરી લેવા તલપાપડ થઈ ગઈ હતી. પણ મસ્તાની ઘસઘસાટ ઊંઘતી હતી અથવા ઊંઘી ગયાનો ઈરાદાપૂર્વક દેખાવ કરી રહી હતી. ગમે તેમ પણ બીજે દિવસે રસોડું પતી ગયું ત્યાં સુધી તે મસ્તાની સાથે વાત કરી શકી નહોતી

બપોરે તે પ્રિયંકાના મોજાં લઈને બેઠી. કેટકેટલે ઠેકાણેથી ફાટી ગયા હતા, બિચ્ચારા! સોયદોરો લઈને તેનાં કાણાં તૂણી લેવા, બની શકે તો એ મોજાં હજી થોડા વધારે દિવસ પહેરી શકાય તેવા બનાવી લેવા તે મરણિયો પ્રયાસ કરી રહી હતી.

ડહેલીનું બારણું ખૂલ્યું અને મસ્તાની અંદર આવી. હાથમાં ગુલાબનાં બે મોટાં, સુંદર ફૂલ હતાં. ફૂલ ઉપર નાજુકાઈથી હાથ ફેરવતી, આંખો પટપટાવતી તે રિષભા સામે જોઈ થોડીવાર ઊભી રહી, હસી અને બેસી ગઈ.

'સરસ ફૂલ છે,' રિષભા પણ તેની સામે જોઈ હસી અને પૂછ્યું, 'ક્યાંથી લાવી?'

'સરસ છે ને? બસ,' મસ્તાનીએ કહ્યું, 'આપણને મળી ગયા એ જ પૂરતું નથી?'

'હં...' રિષભાએ મોજાં બાજુ પર મૂક્યાં અને નજર મસ્તાનીની આંખો પર ઠેરવી: 'મસ્તાની, લાગે છે કે ઘરમાં જે ભયંકર ઉથલપાથલ થઈ ગઈ તેથી બધા જેટલી નિરાશા તને નથી થઈ, ખરું?'

'કદાચ, ખરું,' મસ્તાનીએ જવાબ આપ્યો, મન ન આપ્યું.

તેની એ કળાને રિષભા બરાબર જાણતી હતી. આડકતરા પ્રશ્નોનાં તીર તો તે એવી ચપળતાથી ચુકવી દે તેમ હતી કે તીર ફેંકનાર ખૂદ આભો બની જાય. તેના પર તો સીધો જ વાર કરવો પડે, સીધો જ પ્રશ્ન પૂછવો પડે.

'કારણ કે તું એ વાત પર મુસ્તાક છે કે તારે જોઈતી ચીજ તું બીજા રસ્તે પણ મેળવી લઈ શકે છે, નહિ?'

મસ્તાની ઘડીક તેની સામે જોઈ રહી. પછી ખભા સહેજ ઊછાળ્યા અને બોલી:

'એ તો — બધાને માટે બીજા રસ્તાઓ તો હોય જ ને?'

રિષભાના બન્ને હાથની આંગળીઓ સામસામે ભેરવાઈ ગઈ.

'જો, મસ્તાની, લાંબી ચર્ચાનો કોઈ અર્થ નથી. કંઈ જરૂર પણ નથી. ટૂંકામાં સાચું જ કહી દે, તું પેલા હલકટ માણસની ઑફર બાબત હજી ગંભીર છે?'

'એ હલકટ માણસ છે? લોકો કહે છે એટલે તું પણ એવું કહે છે?' મસ્તાનીના અવાજનો રણકો બદલાઈ ગયો; 'પણ હું એ માની શકતી નથી. લોકોની વાત જવા દે. લોકો તો આપણું યે ક્યાં સારું બોલે છે? મને તો લાગે છે કે લોકો ઈર્ષાથી બળી રહ્યા છે કારણ કે, તેઓ શું બોલે છે તેની આટલી અમથી યે પરવા તે કરતો નથી. પછી બળતરાના માર્યા લોકો બીજું શું બોલે, કહે જોઉં?'

થોડીવાર તે રિષભા સામે ચૂપચાપ જોઈ રહી અને પછી

આગળ બોલી : 'ખેર, માની લઈએ કે હું તેની સાથે આ સોદો કરવા માગતી હોઉં તો પણ એ વધારે સારું નથી ? આખા ગામના વહેંતિયા દુકાનદારોના ખિસ્સામાં કેદી બની રહેવું; એક એક પાઈ માટે માણસની ગરદન દબાવી દેવા તૈયાર અને એક પૈસો પણ નહિ છોડનાર વેપારીઓના ઉધારના અહેસાન નીચે જીવા કરવું તેના કરતાં આ વધારે સારું નથી ?' વાત રિષભાના મનમાં ઉતરે તે માટે સમય આપતી હોય તેમ થોડીવાર થોભીને તે આગળ બોલી : 'મારો આ રસ્તો વધારે પ્રામાણિક રસ્તો છે. કમસેકમ, તેમાં હું પૈસાની કિંમત તો ચૂકવી રહી છું !'

રિષભાના મુખ પર રતાશ તરી આવી : 'એટલે ? તું કિંમત 'ચૂકવી રહી છે' એટલે તું કહેવા શું માગે છે ?'

મસ્તાની હસી પડી. તેને જાણે મજા આવતી હતી : 'આઈ એમ સોરી ! મને ભાષા વાપરતા ન આવડી. ભવિષ્યકાળમાં બોલવી જોઈએ એ વાત મેં વર્તમાનકાળમાં બોલી નાખી. પણ તારે આટલી તપી જવાની શી જરૂર છે ? એમાંનું કંઈ જ વર્તમાનકાળમાં તો નથી — અત્યારની ઘડી સુધી નથી !'

'તો પછી મસ્તાની, ભગવાનને ખાતર, આપણા સૌની આબરુભરી જિંદગીને ખાતર તારો એ પાગલ વિચાર છોડી દે. હું એ કબૂલ કરું છું કે આપણું આર્થિક સંકટ ખતરનાક છે. એ પણ કબૂલ કરું છું કે, તું કહે છે તેમ, લેણદારોના ખિસ્સામાં જીવવું એ ધિક્કારપાત્ર સ્થિતિ છે. માટે જ એ સ્થિતિ બદલવી પડશે — આપણે સૌએ મળીને બદલવી પડશે. આજ સુધી આપણે વગર મહેનતે આવી મળનાર દોલતના ઘેનમાં માત્ર પડ્યા રહ્યા; મુર્છાની દશામાં પડ્યા રહ્યા ને આખા કુટુંબ માટે તે એક શાપ બની રહ્યો.'

સહેજ થોભીને તેણે આગળ કહ્યું : 'પણ હવે આપણે જાગી

ગયાં છીએ. શાપમાંથી છૂટવા આપણે મરણિયા પ્રયાસો કરવાના છે. તું, હું, ધૈવત — બધાએ તૂટી મરવાનું છે. મને આશા છે કે આપણે ત્રણેય જણ સારી નોકરી શોધી શકીશું. સખત શ્રમ કરીશું. કમાણી કરીશું અને ધીમે ધીમે દેવું ચૂકવી દઈશું. મારી વાત તને નીરસ લાગશે, પણ એ જ એક માત્ર સાચો રસ્તો—'

'દેવું ચૂકવી દઈશું !' મસ્તાની વચ્ચે બોલી ઊઠી : 'પપ્પાએ જે ખડકી દીધો છે એ દેવાનો ડુંગર કેટલો ઊંચો છે તેવો ખ્યાલ છે તને ?'

એક પળ રિષભા જવાબ આપી ન શકી. એક પળ તે હેબતાઈ ગઈ. એક પળ તેની નજર સામે પપ્પાના સ્ટડીરૂમમાં પડેલી બીલોની થોકડીઓ નાચી રહી — મોટી ને મોટી, ડુંગર જેવડી બનતી ગઈ, ને તેના ચહેરાનો રંગ ઊડી ગયો.

તે બોલી : 'મને ખબર છે. દેવાની રકમ રાક્ષસી છે. પણ છતાં આપણે—'

'સાંભળ, રિષભા,' મસ્તાની બોલી. અવાજમાં રિષભા જેવો ઉકળાટ નહોતો. ઠંડી નિશ્ચયાત્મકતા હતી : 'મને બાવીસ વરસ થયાં છે. મતલબ કે જિંદગીના આનંદને માણવાની ઉંમરના પહેલા પગથિયે હું ઊભેલી છું. અહીંથી આગળનાં પગથિયાં હું હળવી ફૂલ જેવી રહીને ચડવાનું પસંદ કરું કે પપ્પાએ તૈયાર રાખેલા ઘંટીના પડને ગળે બાંધીને ચડવાનું પસંદ કરું ?... પપ્પા માટે મને પ્રેમ છે, આદર છે, પણ તેમની બાબત હું દિલગીર પણ છું. કડવું પણ સત્ય એ છે કે તેમણે તેમની જિંદગીનો, અને આપણી સૌની જિંદગીનો, સરિયામ ગેરવહિવટ કર્યો છે. અને આજે તે જ્યાં જઈ પડ્યા છે ત્યાં જઈ પડ્યા બદલ જવાબદાર એ ગેરવહિવટ છે.'

ઘડીક થોભીને તે રિષભાના ચહેરાને જોઈ રહી. રિષભા

પહોળી આંખે તેને જોઈ રહી. થોડીવારે તે આગળ બોલી: 'અને હવે તેમાં કોઈ કંઈ ફેર પાડી શકે તેમ નથી; એટ લીસ્ટ, હું તો કંઈ કરી શકું તેમ નથી — બધું સાવ ભેળાઈ ગયું છે. મારાથી કંઈ થઈ શકે તેમ હોય તો તે મારે મારી જિંદગીને આનંદભરી બનાવવા માટે કરવું જોઈએ —'

'મસ્તાની!' રિષભાના અવાજમાં સખત ક્રોધ ઊભરાઈ આવ્યો જો કે તેનો ચહેરો તદ્દન ફિક્કો થઈ ગયો હતો: 'તું કહેવા શું માગે છે? તું એમ કહેવા માગે છે કે, તું ઉદયભાણુ સાથે તેની રખાત બનીને રહેવા તૈયાર છે? પૈસાને ખાતર?'

મસ્તાની સહેજ ટટ્ટાર થઈ ગઈ. તેણે કપાળમાં સહેજ અધ્ધર ખેંચાઈ ગયા. ચહેરા પર રોષભરી રેખાઓ અંકાઈ ગઈ. નીચેનો હોઠ સહેજ દાંત વચ્ચે દબાયો. તે બોલી:

'આના કરતાં વધારે જંગાલિયતભર્યો શબ્દ તને આવડે છે?'

'બેશક, એ જંગાલિયતભર્યો શબ્દ છે! પણ કોઈ જંગાલિયાતભરી હકીકત માટે બીજો કયો શબ્દ વાપરી શકાય — તું કહી શકે?'

'તું આખી ભીંત ભૂલે છે, રિષભા. પૈસા આમાં મહત્ત્વની ચીજ જ નથી — બિલકુલ નહિ! મહત્ત્વની ચીજ છે આ દોજખ જેવી ભીંસમાંથી છૂટી જવું તે! અંતરમાં જતનથી ઉછેરેલા અરમાનોને વિહરવા મોકલું આકાશ આપવું તે! એક એવી જિંદગી જીવવી જેમાં આકાશની મોકળાશ હોય; સૂરજનો પ્રકાશ હોય!' મસ્તાનીના અવાજમાં આવેશ અમળાતો હતો, 'આંધળી ઈયળની જેમ પેટ ઘસડી ઘસડીને એક દિવસથી બીજા દિવસ સુધી પહોંચવા મથ્યા કરવું; એવી એવી બાબતો પર દિવસો ચિંતામાં વેડફતા રહેવું જેનું મહત્ત્વ રાઈ જેટલું ને નુકસાન પહાડ જેટલું!... પણ તને એ બધું સમજાવવા બેસવાનો કોઈ અર્થ નથી. તારા જેવો

'સારો' સ્વભાવ મારી પાસે નથી. પ્રિયંકાના ફાટેલા મોજાં, ને પપ્પાના 'મૂડ', ને ઉધારીના આયોજનમાં મારી ચાંચ ડૂબતી નથી. હું તો જીવવા માગું છું–મારી રીતે, બેપરવા બનીને, એ જિંદગી ખોફનાક હોય તો પણ! દુનિયા અસંખ્ય સૌંદર્યોથી ભરેલી છે, આનંદોથી છલોછલ છે; એ બધાને માણુવાની ઉંમર વીતી જાય તે પહેલાં હું માણી લેવા માગું છું.'

થોડીવાર થોભીને તેણે કહ્યું: 'હું જાણું છું, આ સાંભળીને તને ખૂબ જ આઘાત લાગશે. તે બદલ હું દિલગીર પણ છું. પરંતુ મારા વિચારો મારા છે; તેને હું મારા જ રાખવા માગું છું.'

સખત આંચકો ખાઈને, આભી બનીને રિષભા મસ્તાનીને નીરખી રહી — તેના નવા સ્વરૂપને નીરખી રહી. જેમ જેમ નીરખતી ગઈ તેમ તેમ તેને સમજાતું ગયું કે, મસ્તાની જુદા જ તાનમાં હતી, જુદા જ ઘેનમાં ઘેઘુર હતી. હવે એવી કોઈ સમજાવટ નહોતી જેને તે સમજી શકે. એવી કોઈ દલીલ નહોતી જે તેને સ્પર્શી શકે. હવે ચર્ચા છોડી દેવી એ જ શાણપણ હતું.

પણ...પછી શું? પોતે આખરે મસ્તાનીની બહેન હતી — મોટી બહેન. ધૈવત, પ્રિયંકા, બધાની મોટી બહેન હતી. સૌથી મોટી હતી ઘરમાં. સૌને માટે જવાબદાર હતી. સૌથી મોટી જવાબદારી હતી તેની. મસ્તાનીને શું તેણે છૂટી મૂકી દેવી? એ પાગલ તો આંખો મીંચીને બરબાદીની ઊંડી ખાઈ તરફ દોટ મૂકી રહી હતી. ખાઈમાં પડવા દેવી તેને? કુટુંબ ઉપર, ખાસ તો પપ્પા ઉપર, એક વજ્ર તો તૂટી પડ્યું હતું; બીજું પણ પડવા દેવું? બધાને બરબાદ થઈ જવા દેવા? બેહાલ થઈ જવા દેવા?

હરગીઝ નહિ! હરગીઝ, હરગીઝ નહિ!

તો પછી મસ્તાનીને આ ખતરનાક દોટમાંથી પાછી વાળવા કોની મદદ માંગવી?

પપ્પાને કહ્યું હોય તો ?

ના. તેથી કંઈ નહિ વળે. તે તો એકાદ ચોટદાર, અસરદાર, ભાષણ આપી દેશે. દુનિયાભરના જે જે નાટકમાં પિતાએ સંતાન પર પુણ્યપ્રકોપ ઠાલવવા જે જે સંવાદો ઉચ્ચાર્યા હશે એ બધા બોલી જશે. પણ તેથી શું વળશે ? મસ્તાનીને તે જરા પણ સ્પર્શી શકશે ? મારા સમજાવટના શબ્દો ય તેને સ્પર્શી શક્યા નથી. પપ્પાના શબ્દોને કદાચ, તે કાનની અંદર જ પેસવા દેશે નહિ. કાનને બહેરા કરી નાખશે...પછી સૂસવાટા ને કડાકા શમી જશે એટલે તેણે ધાર્યું હશે એ કરવા તૈયારી કરશે.

...ધૈવત ચાલે ?

એ પણ ન ચાલે. મસ્તાની પર તેનો પ્રભાવ તો પોતાના જેટલો પણ ન પડે. ધૈવત કશું ન કરી શકે. બહુ બહુ તો તે કટાક્ષો કરે, તીખા વ્યંગ કરે, ગુસ્સો કરે. પણ આખરે તો કહી છૂટે કે, મરવા દો. મસ્તાની પોતે જ પોતાના હાથે મૂર્ખ બનવા માગતી હોય તો બનવા દો.

તો પછી બીજું કોણ હતું. જેનો આધાર લઈ શકાય ? એવું કોણ હતું જે મસ્તાનીને 'રુક જાવ' કહી શકે ?

કોઈ નહિ !

એવું કોઈ નહોતું જેને ઉદયભાણુની સામેના પલ્લામાં મૂકી શકાય ને ઉદયભાણુના પલ્લાને ઊંચું કરી દઈ શકાય. ઓહ ! કેવું ભયાનક ! કેટલું હીણપતભર્યું ! ઉદયભાણુ સાથે આવી ખોફનાક સમજૂતી કરી શકાય તે વાત જ કેટલી અકલ્પ્ય છે ! એ માણસને મન મસ્તાનીની જિંદગીની ખરેખર કેટલી કિંમત ? અનેક સ્ત્રીઓને લપેટી ચૂકેલા એ અઠંગ ઉસ્તાદને એક ભોળી, બેવકૂફ, રૂપાળી પૂતળીની કેટલી કિંમત ?

એ ગમે તે હોય અત્યારની ઘડીએ તો મસ્તાની તેનાથી જ

પૂરેપૂરી અંજાઈ ગયેલી છે. તેનામાં જ અંધ બનેલી છે; ઉદયભાણુના જ વર્ચસ્વમાં દટાયેલી છે...

ઉદયભાણુને સમજાવી શકાય ?

અને એક ઝબકારો રિષભાના મનમાં થયો — એવો પ્રચંડ ઝબકારો કે ક્ષણભર તે પોતે હબકી ગઈ. ક્ષણભર શ્વાસ થંભી ગયો; હૃદય ધબકારો ચૂકી ગયું.

પણ પછી વિચાર આવ્યો, ઉદયભાણુ જ એક માણસ હતો જેના હાથમાં આખી બાજી હતી. એ બાજી નહિ ખેલવા તેને સમજાવી શકાય ? એક બેવકૂફ છોકરી પરથી પંજો ઊઠાવી લઈને, આમે ય કુદરતે મારેલા કુટુંબને સાવ ખતમ થઈ જતું બચાવી લેવાની આજીજી કરી શકાય ? માનવતાના નામ પર તેની પાસે ભીખ માગી શકાય ?

ઉદયભાણુ માનવતા દાખવે ? દયા બતાવે ? ના, એ શક્ય નથી. પણ તો યે એકવાર તેને મળી જોવામાં શું જાય છે ? તેનામાં જો દયા-માયા જેવી કોઈ ચીજ ઊંડે ઊંડે પણ પડેલી હોય તો તેને ઢંઢોળી જોવામાં શું જાય છે ? ગુમાવવાનું તો કંઈ છે નહિ. કદાચ કંઈક મળી જાય તો — હાશ, ભગવાન !...તેને મળવું અત્યંત જરૂરી છે, અનિવાર્ય છે. નહીંતર...

'ગમે તે થાય. તેને મળવું તો પડશે. વહેલામાં વહેલી તકે મળવું પડશે.' રિષભાએ નિર્ણય કર્યો અને દાદરો ચડીને ઉપર જતી મસ્તાનીની પીઠને તાકી રહી.

૬

મસ્તાનીની અક્કડ, આકર્ષક પીઠને તાકી રહેલી રિષભાની નજર તેના પરથી ખસી ન શકી. દાદરાના એક એક પગથિયે તેનો પીછો કરતી રહી. અને એક એક પગથિયું મસ્તાની ચડતી ગઈ તેમ તેમ રિષભાના મનમાં નિર્ણયની ગાંઠ મજબૂત થતી ગઈ : 'પોતે જ, હા, તે પોતે જ જશે અને ઉદયભાણુ સાથે સીધી જ વાત કરશે !'

અલબત, આ નિર્ણયે તેના મનમાં વલોણું ફેરવવા માંડ્યું હતું, એક ઉથલ પાથલ મચાવી દીધી હતી. એક કારણ વગરની બીક, એક ન સમજાતી બેચેનીને ઘૂમતી કરી દીધી હતી. એક ખૂબ અણગમતો નિર્ણય તેણે લેવો પડ્યો હતો — ડરામણો હતો એ નિર્ણય. પણ હવે તો એ નિર્ણય લેવાઈ ગયો હતો, લેવો પડે તેમ જ હતો. ગમે તે થાય, પોતે ઉદયભાણુને મળવું પડશે. તેની સજ્જનતાને, તેની માનવતાને, તેની સમજદારીને કે એવી કોઈ ચીજ તેનામાં હોય જેને માનવતાના નામે દુહાઈ દઈ શકાય, તેને ઢંઢોળવી પડશે. પોતે જ તેને સમજાવટ કરવી પડશે, વિનંતી અને કાકલૂદી કરવી પડશે — એ બધું કરવા તે તૈયાર હતી.

નિર્ણય લેવાઈ ગયો; હવે આગળ કઈ દિશામાં ડગલું માંડવું તે નક્કી થઈ શક્યું એટલે મનમાં એક પ્રકારની હળવાશ થઈ. પણ તરત જ ચિંતા થઈ, બેચેની થવા લાગી : નિર્ણય લેવો આસાન હતો. વિચારી જવું ઘણું સહેલું હતું. પણ તે પ્રમાણે ખરેખર

કરવું — માય ગોડ ! કેટલું મુશ્કેલ હતું ! લીધેલા નિર્ણયના પગલે પગલે મનમાંથી જે પ્રશ્નો પૂછાવા લાગ્યા તેનો કોઈ નિશ્ચિત જવાબ ક્યાં હતો તેની પાસે ? ઉદયભાણુ પાસે જવું; તેની સાથે વાત કરી લેવી. બરાબર. પણ ક્યારે જવું ? આજે જ ?...મન જાણે આનાકાની કરી કહ્યું, ફફડી રહ્યું...તો પછી આવતી કાલ પર મુલતવી રાખવું ? ફરીથી બરાબર વિચાર કરી શકાય...ના, ના. બીજો કયો વિચાર હવે થઈ શકે તેમ છે? બીજો કોઈ રસ્તો જ ક્યાં છે ? તો પછી — તો પછી જે કરવું જ પડવાનું છે તે વહેલામાં વહેલું જ શા માટે ન કરી નાખવું ? ઠાલો સમય શા માટે બગાડવો ? અત્યારનો આ સમય; કટોકટીનો સમય, સહેજ પણ ગફલતમાં રહેવાય તો ખતરનાક નિવડી જાય એવો સમય! ના, સમય બગાડવાનું નહિ પોસાય.

રિષભાએ બીજીવાર નિર્ણય લીધો અને બીજીવાર એક ઠંડુ હિમ જેવું લખલખું શરીરમાં ફરી વળ્યું. પગ પાણી પાણી થવા લાગ્યા.

પણ એવામાં જ મસ્તાની નીચે આવી તેણે જ રિષભાની છિન્નભિન્ન હિંમતને પાછી ભેગી કરી આપી; નિર્ણયને એક વધુ ગાંઠ વાળી આપી. નીચે આવીને તેણે પ્રિયંકાને કહ્યું :

'તું હવે સાંજ સુધી ઉપર મારા રૂમમાં ન આવીશ.'

'કેમ ?' પ્રિયંકાએ પહોળી આંખે પૂછ્યું : 'મારું હોમવર્ક'—

'મારે પત્રો લખવાના છે,' મસ્તાનીએ જવાબ આપ્યો : 'ઘણા પત્રો લખવાના છે. અને બધા અગત્યના પત્રો છે. એટલે કોઈની ખલેલ નહિ જોઈએ !'

'પણ તારે વળી એટલા બધા પત્રો શાના લખવાના હોય — છેક સાંજ સુધી ?' પ્રિયંકાના સવાલમાં આશ્ચર્ય છલકાતું હતું. રિષભાની આંખો પણ પહોળી થઈને મસ્તાનીના ચહેરા પર તાકી રહી, કંઈક વાંચવા મથી રહી.

'મારે ઘણી બહેનપણીઓ છે. બધી મને પત્રો લખતી હોય છે,' મસ્તાની પ્રિયંકાની સામે જોઈને બોલી અને પછી રિષભા અને પપ્પા પર નજર ફેરવી: 'છ મહિનાથી હું કોઈને જવાબ પણ લખી શકી નથી — કેટલું ખરાબ! આજે તો હવે લખવાની જ છું. મને ડીસ્ટર્બ ન કરીશ.'

રિષભાના મનમાં ઘણા ચક્રો ચાલુ થઈ ગયાં. ધડાધડ ઘૂમવા લાગ્યાં. અરે ભગવાન! પત્રો લખવાનું આવું ઝનૂન અગાઉ તો કદી મસ્તાનીને ચડ્યું નહોતું! તેને ઘણી બહેનપણીઓ હતી એ સાચું. તેમના પત્રો તેના પર આવતા હતા એ પણ સાચું. પણ એકેયને જવાબ લખવાની ખેવના તેણે પહેલાં કદી કરી નહોતી. અને હવે, ઘરની પરિસ્થિતિનું આખું ચિત્ર જ બદલાઈ ગયું છે ત્યારે જબ્બર કટોકટી સર્જાઈ ગઈ છે ત્યારે સામટા પત્રો લખવાનું આ ઝનૂન....!

ચક્રો ઘૂમતાં ગયાં; વધારે જોરથી ઘૂમતાં ગયાં. શંકા-કુશંકાના ચિત્રવિચિત્ર ઓછાયા ઊભા થતા અને ભૂંસાતા ગયા — ખરેખર, મસ્તાની પત્રો જ લખવા માગતી હતી? બહેનપણીઓને? સાંજ સુધી ઓરડામાં પૂરાઈને એકલી એકલી?...

કદાચ, એ સાચું હોય. કદાચ, ન પણ હોય. પણ એ નક્કી કેમ થઈ શકે? અત્યારના તબક્કે, મસ્તાની વિષે ન જાણવા જેવું ઘણું જ્યારે પોતે જાણી ચૂકી હતી ત્યારે, કંઈ નક્કી કેમ કહી શકાય?...

ગમે તે હોય, પોતે હવે સક્રિય થવું જ પડશે. સત્વર અને તાત્કાલિક કંઈક કરવું પડશે. કંઈક શું, ઉદયભાણુને મળવું જ પડશે. મોઢામોઢ ચોખ્ખેચોખ્ખી વાત કરી લેવી પડશે. નિકાલ લાવવો જ પડશે...ચક્રોનો ધમધમાટ વધતો ગયો, મગજ ગરમ ગરમ થઈ ગયું.

'એમાં ખોટું શું છે? બિલકુલ બરાબર છે,' નહિ ધારેલા હરસુખરાય બોલી ઊઠ્યા: 'પત્રવ્યવહાર એક આવશ્યક ફરજ છે, એક કળા છે. અને નિયમિતતા અને રસ એ પ્રત્યેક કળાની પહેલી શરત હોય છે!,' કહીને તેમણે મસ્તાની સામે સ્મિત ફરકાવ્યું.

રિષભા પળવાર પિતાના ચહેરા સામે જોઈ રહી. આજે પહેલી-વાર તેને પિતા તદ્દન બાલિશ લાગ્યા; બિલકુલ નાસમજ અને બેજવાબદાર લાગ્યા. પહેલીવાર તેને તેમના પર રોષ ચડ્યો. જેમણે પોતે આજના દિવસ સુધી કદી પત્રો લખવાની તસ્દી લીધી નથી; જરૂરી પત્રો પણ જાતે લખવા જેટલો રસ બતાવ્યો નથી તે આવી અર્થહીન વાતો શા માટે કરતા હશે?... પણ તે કંઈ બોલી નહિ. સમસમીને ચૂપ રહી.

બીજું કોઈ પણ કંઈ બોલ્યું નહિ. જાણે બધાને જોઈતું મળી ગયું હતું. પ્રિયંકાને તેના સવાલનો જવાબ મળી ગયો હતો. મસ્તાનીને અનુમોદન મળી ગયું હતું. હરસુખરાયને, જ્યારે બોલવું જોઈએ ત્યારે, કંઈક બોલ્યાનો સંતોષ મળી રહ્યો હતો. તન્ના કુટુંબની આ જાણે શૈલી બની ગઈ હતી — પરિસ્થિતિ ગમે તે હોય, સૌ તેમાંથી પોતાને અનુકૂળ એવું કંઈક તારવી લેતા હતા અને ચૂપ રહેતા હતા.

બપોર ઢળી ગઈ અને સાંજ ઉતરવા લાગી ત્યારે પણ રિષભાના મગજનો ધમધમાટ પૂરો શમ્યો નહોતો. તે પોતાના રૂમમાં ગઈ. વાળમાં કાંસકો ફેરવ્યો અને ચંપલ પહેરી દાદરો ઊતરી. ઓસરી નીચે પગથિયા પર ધૈવત બેઠો હતો. તેણે રિષભાની સામે જોયું. રિષભાએ કહ્યું: 'બહુ કંટાળી ગઈ છું. થોડીવાર બહાર ખૂલ્લામાં ફરવા જવું છે. જલદી પાછી આવી જઈશ. બહુ વાર નહિ લાગે.'

ત્યારે એક પળ તેને ડર લાગ્યો. વખત છે ને ધૈવત પણ સાથે

આવવા તૈયાર થઈ જશે તો ? પણ તે કંઈ બોલ્યો જ નહિ. ખાલી સહેજ હોઠ મરકાવ્યા. કદાચ તે પોતે પણ મનની કોઈ ભાંજઘડમાં રોકાયેલો હોય — બનવાજોગ હતું. સરયુબાના વીલનો બોમ્બ ફૂટ્યા પછી એવું જ બનવા લાગ્યું હતું. ઘરના એકેએક જણને જાણે અચાનક લાગવા માંડ્યું હતું કે, પોતાને પોતાની જ કહી શકાય એવી ઘણી બાબતો હતી; ઘણી ચિંતાઓ હતી અને એ ચિંતાઓ પોતે જ ઉકેલવાની હતી. બીજા કોઈના પર આધાર રાખવાનો નહોતો... મસ્તાનીએ તેના રૂમમાં જઈને બારણાં બંધ કરી દીધાં હતા. પપ્પા તેમના સ્ટડીરૂમમાં પાછા ચાલ્યા ગયા હતા. પ્રિયંકા દેખાતી નહોતી, ધૈવતે તેની સામે જોયું હતું, હોઠ મરકાવ્યા હતા, પણ વાત સાંભળી હતી કે કેમ ? શી ખબર ! અને પોતે—

પોતે એક સનસનાટી પૂર્ણ, ગુપ્ત, અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય માટે એકલી ઊપડી રહી હતી. કોઈને ય તેના વિષે કંઈ જ કહી શકાય તેમ નહોતું. છાતીમાં એક અમસ્થી બીક ધબકી રહી હતી. પેટમાં એક અકારણ ફાળ ઘૂમરાઈ રહી હતી.

સાંજ પડવા માંડી હતી. હજી સૂર્યનું ભરપૂર અજવાળું ચોમેર પથરાયેલું હતું—દૂર દૂર સુધી વગડો સ્પષ્ટ જોઈ શકાતો હતો. વાંકોચૂંકો ફંટાતો, વગડા વચ્ચે થઈને આગળ જતો, ઉદયભાણુના ફાર્મહાઉસનો રસ્તો ચોખ્ખો દેખી શકાતો હતો. માથા ઉપર આકાશ ચોખ્ખું ને ઝળાંહળાં હતું. પણ દૂર ક્ષિતિજો પર કાળાંડિબાંગ વાદળાંના થર જામેલા હતા. દૂર ક્ષિતિજ પર સાબદા થઈ રહેલા વાવાઝોડાની અચૂક એંધાણી જેવાં એ વાદળાં કાળાં ભમ્મર હતા, ગીચોગીચ હતા, બધી દિશાઓને ઘેરીને અડાબીડ પથરાયેલાં હતાં. પવનમાં વંટોળ નહોતો. છતાં ઝાડવાં અવારનવાર હલી જતાં હતાં, ઝૂકી જતાં હતાં, જાણે આવી રહેલા તોફાનનાં એંધાણ તેમણે પારખી લીધાં હતાં ને ભય પામી રહ્યા

હતા; પણ તેને રોકવા કંઈ જ કરી શકાય તેમ ન હોવાથી તોફાન આવી પહોંચે તેની, માત્ર રાહ જોઈ રહ્યા હતા.

'જેવી સરખી જ હાલત છે મારી અને તેમની !' ઝાડવાં સામે જોઈ રહેલી રિષભાના મનમાં વિચાર આવ્યો. ક્ષણભર તે થોભી ગઈ. પછી હસી અને પગ ઉપાડ્યા.

પણ માત્ર પગ ઉપાડવાથી શું વળશે ? ચાલ્યા કરવાથી કંઈ બધું પતી જવાનું નથી, મટી જવાનું નથી. હવે અત્યારની ઘડીએ, ક્રમસેક્રમ એટલી ખબર તો તેને હોવી જ જોઈએ કે, ઉદયભાણુને પોતે શું કહેશે ? જેવી રીતે અને કયા શબ્દોમાં કહેશે ? જો ઉદયભાણુ તેના ઘરમાં હાજર હોય તો — એ હાજર ન હોય એવું બને ? બને પણ ખરું. તો સારું. એ મળે જ નહિ તો કંઈ કહેવું જ ન પડે...કેટલું મુશ્કેલ, કેટલું અળખામણું કામ છે તેને કંઈ કહેવાનું ? તેને સમજાવવાનું, વિનવણી કરવાનું ?...પણ— પણ એ કામ માટે તો તે નીકળી છે ઘેરથી. કરવું જ પડે, ગમે તે થાય તો પણ કરવું જ પડે એવું કામ છે એ. આવો કાયર તેને ક્યાંથી આવ્યો ?! ના, આમાં એવું કંઈ વિચારી શકાય જ વિચાર અત્યારે નહિ. ઉદયભાણુને મળવું અત્યંત, અત્યંત જરૂરી છે. તે ઘરમાં હાજર ન હોય તે સારુ નહિ, ખરાબ ગણાય— અત્યંત ખરાબ !

પણ પોતે તેને કહેશે શું ? કોઈ ચોક્કસ વાત, ચોક્કસ રીત, ચોક્કસ શબ્દો તૈયાર છે તેની પાસે ? પોતાની સગી બહેન સાથે એક અત્યંત અઘટિત પગલું ભરવા તૈયાર થઈ ચૂકેલા, માણસને તત્કાલ રોકી દઈ શકે એવી કોઈ વાત તૈયાર છે તેની પાસે ? અને ઉદયભાણુને તે પૂરો ઓળખે છે પણ ક્યાં ? ગામમાં લોકોના મોઢે બોલાતી તરેહતરેહની કાનાફૂસીથી વિશેષ તે જાણે છે પણ શું ?...

લગભગ કંઈ જ નહિ.

ના, એમ તો તેણે તેને જોયેલો છે. તેને મળેલી પણ છે એકવાર. ધૈવતની કૉલેજમાં ઇનામ વિતરણ તેના હાથે જ થયેલું. સમારંભમાં ત્યારે કુટુંબ સાથે પોતે પણ હાજર હતી. અને દૂરથી નહિ, નજીકથી જોયો હતો તેને; મસ્તાની સાથે વાત કરતો પણ સાંભળ્યો હતો. માત્ર મસ્તાની સાથે જ કેમ ? તેણે તો તેની સાથે પણ વાત કરી હતી — અલબત્ત, વાત શરૂ જ કરી હતી અને ત્યારે જ હરસુખરાય ત્યાં આવી પહોંચ્યા હતા. અંદરથી ખૂબ ધૂંવાંપૂંવાં થઈ ગયા હતા, પણ ઉપરથી હસતું મોઢું રાખીને ખૂબીપૂર્વક પોતાને તેનાથી દૂર લઈ ગયા હતા.

પછી પણ પોતે તેની સામે વારંવાર જોતી રહી હતી. તેને પણ પોતાની સામે જોઈ લેતો જોયો હતો. જો કે ત્યાર પછી તેની સાથે વાત કરવાનો પ્રયત્ન તેણે કદી કર્યો નહોતો. તેની આંખો અજબ હતી. એટલી ઠંડી, એટલી અકળ છતાં એટલી તરવરતી, એટલી મજાકભરી આંખો બીજા કોની જોઈ હતી પોતે ? કદાચ, કોઈની નહિ.

એમ તો આ જ રસ્તે પસાર થતાં તે ઘણીવાર સામો પણ મળી જતો – ઘોડેસ્વાર થઈને કે જીપમાં. ત્યારે તેના પર આંખો માંડીને તે માત્ર જોઈ લેતો તેને. પોતાને એવું લાગતું કે તેની આંખો કંઈક મજાકભર્યું હસી ઊઠતી હતી. પોતાની સામે પણ તે પોતે કદી હસ્યો નહોતો; વાત કરવાનો પ્રયત્ન પણ કર્યો નહોતો.

પણ તેને કંઈ ઓળખાણ ન કહી શકાય. આખરે પોતે શું જાણતી હતી તેના વિષે, તેના સ્વભાવ વિષે, તેની અસલિયત વિષે ?

ખરેખર કંઈ જ નહિ !

અને તેની જ સાથે વાત કરવાનું હવે અનિવાર્ય બની ગયું હતું, ફરજિયાત બની ગયું હતું. ભયંકર પરિસ્થિતિ !

ગામથી માઈલેક દૂર આવેલા એ ફાર્મ હાઉસ સુધી પહોંચવાની એક સાંકડી, કાચી કેડી હતી. સીધી જ જતી હતી અને એ કેડીએ જતાં વીસ-પચીસ મિનિટમાં ત્યાં પહોંચી જઈ શકાય. પણ રિષભાએ ત્યાં જવા માટે પાકો રસ્તો પસંદ કર્યો હતો. એ રસ્તો જરા ફરીને જતો હતો, જરા લાંબો પડતો હતો, પણ સરસ હતો. રસ્તાની બેય બાજુ હારબંધ ઊભેલાં ઝાડની વચ્ચેથી ઉદયભાણનું ફાર્મહાઉસ દેખાવા લાગ્યું ત્યારે સાંજનું અજવાળું ઝંખવાઈ ગયું હતું. અને તદ્દન નજીક પહોંચી ત્યારે ઉપરના ખુલ્લા આકાશમાં ક્યાંક ક્યાંક તારા પણ દેખાવા લાગ્યા હતા— આકાશમાં જાણે એક પછી એક કાણાં પડી રહ્યાં હતાં અને અંદર પૂરાયેલો પ્રકાશ તેમાંથી બહાર ધસી આવતો હતો, ઝબૂકી ઊઠતો હતો.

ત્રણ-ચાર પેઢી પહેલાં બંધાયેલું એ મસમોટું મકાન દરેક પેઢીએ સુધારાવધારા પામતું રહ્યું હતું. તેની માલિક બનનાર દરેક પેઢીએ પોતાની ધૂન મુજબ તેમાં ફેરફારો ને વધારા કરાવ્યા હતા. છેલ્લે ઉદયભાણના પિતાએ મૂળ મકાનને અડીને આખો એક હિસ્સો નવેસરથી બંધાવ્યો હતો. પણ પછી યે તેમની પત્નીને અહીં રહેવું ન ગમ્યું એટલે દૂર શહેરમાં નવું રહેઠાણ બનાવ્યું હતું. ત્યાર પછી વર્ષો સુધી, દેખરેખ રાખનાર બે-ત્રણ નોકર-ચાકરને બાદ કરતાં, આખું મકાન નિર્જન પડી રહ્યું હતું. પણ છેલ્લા પાંચ-સાત વર્ષથી ઉદયભાણ રહેવા આવ્યો તે પછી પાછું વસતી-વાળું બન્યું હતું.

રિષભાએ ઝાંખા અજવાળામાં વૃક્ષોથી અર્ધા ઢંકાઈ જતા એ મકાન પર દૃષ્ટિ કરી. ખાસ પ્રભાવ પાડે એવો દેખાવ મકાનનો નહોતો, છતાં તેનું હૃદય જોરથી ધબકવા માંડ્યું. કમ્પાઉન્ડનો ઝાંપો વટાવીને ડ્રાઈવ-વે પર પગલાં માંડતાં જાણે ઘૂંટણમાં કશોક ઠંડો સ્પર્શ થવા માંડ્યો. પગ ઢીલા પડવા માંડ્યા. ઝંખવાતા પ્રકાશમાં,

ઘેરાતા અંધકારમાં એ સ્થળ તેને એકાએક રહસ્યમય લાગવા માંડ્યું... પોતે જેને માટે આવી હતી એ કામ એકાએક ખૂબ અળખામણું લાગવા માંડ્યું.

બારણે પહોંચીને તેણે ડોરબેલનું બટન દબાવ્યું. તેને લાગ્યું કે, તેણે બટનને જરૂર કરતાં વધારે જોરથી દબાવી દીધું હતું. ઘરમાં છેક અંદર રણકી ઊઠેલી ઘંટડીના સંગીતમય અવાજને સાંભળતી તે બે-ત્રણ મિનિટ સ્થિર ઊભી રહી. પછી બારણાની પાછળ પગલાંનો હળવો અવાજ સંભળાયો અને બારણું ખૂલ્યું. બારણામાં એક આધેડ ઉમરનો, નોકર જેવો દેખાતો માણસ, કંઈક કુતૂહલ ભરી નજરે સામે ઊભેલી દૂબળી, રૂપાળી છોકરીને જોઈ રહ્યો.

'ઉદયભાણ શેઠ — મારે મળવું છે. એ ઘેર છે?' પ્રશ્નને, પ્રશ્નના શબ્દોને બરાબર ગોઠવે તે પહેલાં તો તે રિષભાના મોંમાંથી સરી ગયા. તેણે બરાબર વિચારી રાખ્યું હતું, મનમાં નક્કી કરી રાખ્યું હતું કે પોતે તદ્દન સ્વસ્થ અને શાંત રહેવું. એ ખૂબ જ જરૂરી હતું. એ જ ઉપયોગી થઈ શકે તેમ હતું. પણ કોણ જાણે શું થયું!

પેલો માણસ બાજુ પર ખસ્યો અને બોલ્યો:

'અંદર આવો. હું જઈને જોઉં છું. ઘણું કરીને શેઠ હમણાં જ બહારથી આવ્યા છે. પણ હું બરાબર જોઈ લઉં. અંદર આવોને.'

રિષભા અંદર ગઈ. એક વિશાળ ખંડમાં તેણે પગ મૂક્યો અને નોકરે બારણું પાછું બંધ કરી દીધું. અર્ધી એક પળ, રિષભાનું હૃદય જોરથી ધબકી ઊઠ્યું. એક અજાણ્યો ભય ચામાચિડિયાની જેમ જોરથી પાંખો ફફડાવતો છાતીમાં અથડાવા લાગ્યો.

'આ બાજુ આવો, બહેન.' નોકરનો અવાજ સંભળાયો, તરત જ તેનો શ્વાસ હેઠો બેઠો. ફરી સ્વસ્થ બનતી તે નોકરની પાછળ ચાલવા લાગી. બીજા એક એવા જ વિશાળ અને ખૂબ

સુશોભિત ખંડમાં જઈને નોકરે એક પછી એક સ્વીચ દબાવીને બત્તીઓ ચાલુ કરી. લાકડાની નકશીદાર પેનલોની પાછળ છુપાયેલી બત્તીઓ ચોમેરથી પ્રકાશ વેરી રહી. ઘેરા લીલા રંગની દળદાર કાર્પેટ પર ગોઠવેલા ચકચકાટ સોફા તરફ ઈશારો કરતાં નોકરે તેને બેસવા કહ્યું. તે બેઠી એટલે બારીઓના ઘેરા નારંગી રંગના પડદા ખેંચીને બંધ કર્યા. અને દુનિયા જાણે એકદમ સંકોચાઈને, એક સુંદર ઓરડો બની ગઈ. હવે એ ઓરડો સરસ લાગતો હતો, નિર્ભય પણ.

'તમારું નામ?' નોકરે રિષભાને પૂછ્યું.

'હું — મારું નામ રિષભા; હરસુખરાય તન્નાની દીકરી — રિષભા,' હવે ડર લાગતો નહોતો, અજંપો યે લાગતો નહોતો છતાં રિષભા પૂરેપૂરી સ્વસ્થ કેમ થઈ શકતી નહોતી? પોતાનો એ અકારણ ફફડાટ પોતાની જ નિર્બળતા હતી; પોતાને માટે જ નુકસાનકારક બની રહે તેવી હતી એ ભાન થતાં તેણે સ્વસ્થતા ટકાવી રાખવાનો દૃઢ નિરધાર કર્યો અને શાંતિથી અઢેલીને બેઠી.

નોકર અંદર ચાલ્યો ગયો.

હવે તે ઠીકઠીક સ્વસ્થ બની ગઈ હતી. મન ઠીકઠીક શાંત થઈ ગયું હતું. પણ છતાં, રહી રહીને તેને વિચાર આવી જતો હતો, જે અશક્ય જેવું કામ તે કરવા આવી હતી તે તેનાથી થઈ શકશે? ઉદયભાણને ધાર્યો વારી શકાશે?

પણ તેણે બહુ રાહ જોવી પડી નહિ. અંદરથી બારણાની નજીકથી જ ઉદયભાણનો અવાજ સંભળાયો: 'શું નામ કહ્યું? રિષભા?... ગુડ ગોડ!'

અને બીજી પળે બારણાંમાં એ ઘરનો માલિક, એક અતિ ચર્ચાસ્પદ, અતિ રહસ્યમય માણસ દેખાયો. ઊંચો, પહોળો, સશક્ત બાંધાવાળો ઉદયભાણ બે ડગલાં અંદર આવીને રિષભા સામે ઊભો

રહ્યો. આંખો એ જ હતી—ઝગારા મારતી, મર્માળુ હસતી, મજાકખોર. પણ રિષભાને જોઈને જાણે તેમાં નવાઈ ઊભરાતી હતી; રિષભા સામે ચાલીને અહીં આવે તેનો જાણે અર્થ સમજાતો નહોતો. આંખોમાં મજાકની સાથે થોડો ગૂંચવાડો પણ ભળી જતો હતો.

રિષભા ઊભી થઈ ગઈ. ચહેરો એકાએક ફિક્કો પડી ગયો. આંખોમાં પાછી પેલી અકારણ બીક તરવરવા લાગી. વાળની એક લટ મુખ પર સરી પડી.

ઉદયભાણે આંખો બેએકવાર પલકારીને ઝીણી કરી. હોઠ ખૂલ્યા નહિ તોય ચહેરા પર સ્મિતની રેખાઓ દોરાઈ ગઈ. કદાચ, રિષભાનું એ ચિત્ર જોવું તેને ગમતું હતું.

તરત જ તે વળી બે ડગલાં આગળ આવ્યો અને હાથ રિષભા તરફ લંબાવતા બોલ્યો :

'હલ્લો ! મને ખરેખર બહુ ખુશી થઈ. બોલો, કેમ આવવું થયું ?'

આવી રીતે, આવા સંજોગોમાં, કોઈ પુરુષ સાથે હાથ મિલાવવાનો રિષભાને કદી વિચાર પણ નહોતો આવ્યો. અને સામે હાથ લંબાવીને એક પુરુષ ઊભો હતો—ઉદયભાણ ઊભો હતો.

ઉપાધી થઈ. શું કરવું ?

'ખેર જવા દો.' કહેતાં હસીને ઉદયભાણે હાથ પાછો ખેંચી લીધો : 'પણ એટલું કહેવા દો કે, મારે હથેળીમાં દાંત નથી.' અને જોરથી હસી પડ્યો.

રિષભા પણ મોં મરકાવી શકી. તેણે કહ્યું : 'આઈ એમ સોરી ! હું જરા ગભરાઈ ગઈ હતી.'

'જરા ?' ઉદયભાણે કહ્યું : 'તો પછી ખૂબ ગભરાઈ જાવ ત્યારે તમે કેવા દેખાતા હશો ?' અને પછી નરમ અવાજે કહ્યું : 'બેસો. બેસશો તો ગભરાટ નહિ થાય.'

રિષભા બેસી ગઈ. ઉદયભાણ સામે મોં મરકાવ્યું. કંઈક બોલવું જોઈએ તેમ લાગ્યું. પણ શું બોલવું ? ઝટ કંઈ સૂઝ્યું નહિ એટલે ચૂપ રહી.

ઉદયભાણ હજી ઊભો જ રહ્યો. ઊંચો, મજબૂત, સશક્ત—રિષભાને તેની હાજરીનો ભાર લાગવા માંડ્યો. સ્થિર ઊભેલો હોવા છતાં રિષભાને તેનામાં જબરજસ્ત શક્તિ દોડી રહેલી લાગી. આંખો સતત હસતી લાગતી હતી—મજાકભર્યું, થોડુંક સમજાય ને થોડુંક ન સમજાય તેવું. એકાએક તેને એ આદમી બહુ અકળ લાગવા માંડ્યો. તેની સામે નજર માંડતી ને ફેરવી લેતી તે બેસી રહી.

એકાએક તેને ખ્યાલ આવ્યો, પોતે તેને કંઈક કહેવા આવી છે, ને પોતે તે કહે તેની તે રાહ જોઈ રહ્યો છે. ઝટઝટ તે બોલી :

'હું—' તેનો અવાજ તેને પોતાને જ નબળો લાગ્યો : 'હું આવી રીતે અણધારી તમને મળવા આવી તેથી તમને આશ્ચર્ય તો થતું હશે. પણ—'

'આનંદ એટલો થાય છે કે આશ્ચર્ય દટાઈ જાય છે,' ઉદયભાણે કહ્યું, અને હસીને ઉમેર્યું, 'ગરમ કોફી પીશો ? જ્યારે કોઈ મુશ્કેલ વાત કહેવાની હોય ત્યારે ગરમ કોફી મદદરૂપ થાય છે.'

'થેંક્સ !' રિષભાને પણ લાગ્યું કે કદાચ કોફી મદદ કરે.

ઉદયભાણે બારણે જઈને નોકરને બૂમ પાડી અને કોફી લાવવા કહ્યું. પછી પાછો આવીને મુલાયમ ચામડાથી મઢેલી એક આર્મ-ચેરમાં બેઠો.

કોફી આવી અને રિષભાએ પીધી ત્યાં સુધી તે ચૂપ રહ્યો. અને પછી પૂછ્યું : 'હવે કહો. શું કહેવા આવ્યા છો ?'

૭

મનમાં સ્વસ્થતા વધી હતી; હૃદયના ધબકારા સ્વસ્થ — નિયમિત બની ગયા હતા; ગરમ કૉફીએ અચૂક હૂંફ આપી હતી; છતાં રિષભા અચકાઈ ગઈ, એકદમ કંઈ બોલી ન શકી.

'હવે કહો. શું કહેવા આવ્યા છો?' ઉદયભાણનો એ પ્રશ્ન જાણે પડઘો હતો, અત્યાર સુધી પોતે જ પોતાને પૂછ્યા કરેલા પ્રશ્નનો.

'શું કહેવાનું હતું પોતાને? કેવી રીતે, કયા શબ્દોમાં કહેવાનું હતું?'... ઘરથી અહીં સુધી પૂછાતો રહેલો એ પ્રશ્ન ઉદયભાણ હવે ફરી પૂછી રહ્યો હતો.

અને એટલે રિષભા ઘડીક અચકાઈ ગઈ, એકાદ પળ કંઈ બોલી શકી નહિ. પણ આખરે બોલવાનું તો હતું જ — ગમે તે રીતે. અને બોલી ગઈ:

'મારે તમારી સાથે મસ્તાની વિષે વાત કરવાની છે.'

'ઓહ, હં?' કોઈ ચમક, કોઈ ઉત્કંઠા ઉદયભાણના અવાજમાં દેખાઈ નહિ — આંખોમાં પણ નહિ.

રિષભાએ તે જોયું. અને સાવ અણધારી જાણે તેને વાચા ફૂટી — શબ્દોનું જાણે ઝરણું ફૂટ્યું.

'મિ. ઉદયભાણ, આ વાત મારી બહેનની છે. મારા પોતાના કુટુંબની આ વાત છે. એટલે એ વાત સાથે મારે વધુમાં વધુ લાગતુંવળગતું હોય જ. માટે એવું કોઈ નહિ કહી શકે — તમે

પણ નહિ — કે આ મસ્તાનીની અંગત બાબત છે. જેટલી તેની એટલી જ મારી, અમારી સૌની એ અંગત બાબત છે. અને એ સૌના વતી મારે તમને કહેવાનું છે કે, મસ્તાનીને પાગલપણાના આ ખતરનાક રસ્તે દોડાવવાનું મહેરબાની કરીને બંધ કરી દો... મને ખાતરી છે, બરાબર ખાતરી છે કે મસ્તાનીને તમે પૂરી પિછાણતા નથી; તમે ધારો છો તેવી છોકરી એ ખરેખર નથી! અમારા ઘરમાં એવા ખરાબ સંસ્કાર કોઈના નથી. પણ મસ્તાની જરા મૂર્ખ છે, અવિચારી છે, ઉતાવળી છે. તેના મગજમાં વિદેશની જિંદગી વિષે ભળતી જ વાતો ઠસી ગઈ છે, એટલે તે વાયરે ચડી ગઈ છે. ત્યાંનું બધું તેને રોમેન્ટિક લાગે છે, ત્યાં બધું રૂપાળું જ છે, બધું આઝાદ અને બિન્દાસ છે, બધાને જે જોઈએ તે બધું જ ત્યાં મળી રહે છે એમ તે બેવકૂફ માની બેઠી છે. તે માની બેઠી છે કે તેને પણ જે જોઈએ એ બધું ત્યાં મળી જવાનું છે. પેઈન્ટીંગ, સંગીત, નૃત્ય, બેરોકટોક જીવન બધું ત્યાં તેને આપોઆપ જ મળી જવાનું છે એવા વાહિયાત ખ્યાલમાં તે રાચે છે. પોતે ત્યાં ધારે તે કરી શકશે, જીવવું હશે તેમ જીવી શકશે — ત્યાં બધા એમ જ જીવે છે એવી મૂર્ખાઈભરી વાત તેને ઠસી ગઈ છે. પણ હકીકતમાં તેનામાં કંઈ સમજવાની બુદ્ધિ જ નથી — જિંદગીને સમજવાની બુદ્ધિ તો જરા પણ નથી. જિંદગીના મૂલ્યોની પિછાણ હજી તેને નથી. ભળતા જ તરંગોમાં તે તણાઈ ગઈ છે. બ્હાવરી બની છે. હું તેને રોકવા માગું છું.'

તે ઘણું બોલી ગઈ. તેને લાગ્યું કે પોતે નકામી ગભરાઈ રહી હતી. પોતે ગમે તેની સાથે ગમે તેવી વાત બરાબર કરી શકે તેમ હતી. ઉદયભાણ તેના શબ્દે શબ્દને ચૂપચાપ સાંભળી રહ્યો. વચ્ચે ક્યારેક તે શ્વાસ ખાવા અટકી ત્યારે પણ કંઈ ન બોલ્યો. જાણે તે તેને ખલેલ પાડવા માગતો નહોતો. જે કંઈ કહેવું હોય તે બધું કહેવા દેવા માગતો હતો.

'અને — અને મારે તમને એ પણ કહી દેવું જોઈએ કે, મસ્તાની તમારા પ્રેમમાં છે એમ તમે મનતા હો તો એ તમારી ભૂલ છે.' આ વાત, અત્યારે ઉદયભાણને કહેવી જરૂરી ગણાય કે નહિ તેનો વિચાર કરવા તે થોભે ત્યાર પહેલાં વાત તેના મોંમાંથી નીકળી ગઈ.

અને એ વાત સાથે જ તેણે ઉદયભાણુના નેણુને એક નાનકડા ઝટકા સાથે કપાળમાં ખેંચાઈ જતાં જોયાં. તેના ગાલ પર સ્મિતની આછી રેખા દોરાઈ જતી જોઈ. તે બોલી :

'મારી વાત તમને સાચી નથી લાગતી? હું તદ્દન સાચું કહું છું કે તમારા માટે તેને કોઈ આકર્ષણ નથી. તે માત્ર તેના પોતાના બાલિશ ખ્યાલોથી જ અંજાઈ ગયેલી છે. હજી હમણાં જ અમે બધાં થોડાક દિવસ એવા ભ્રમમાં પડી ગયા હતા કે અમે બહુ ધનવાન બની ગયા છીએ. અને ત્યારે મસ્તાની ખૂદ તમારો વિચાર છોડી દેવા તૈયાર થઈ ગઈ હતી. અરે, તે એ વાતથી ખુશ થઈ ગઈ હતી કે, હવે તેણે તમારો આધાર લેવો નહિ પડે!... હવે તો વાત સાચી લાગે છે ને તમને?'

'તમે બહુ ધનવાન બની ગયા છો એવા ભ્રમમાં તમે બધાં પડી ગયા હતા એમ? કયા કારણે?' આખી વાતમાં જાણે એ જ સૌથી અગત્યનો મુદ્દો હોય તેમ ઉદયભાણે પૂછ્યું.

સહેજ અચકાઈને રિષભાએ કહ્યું : 'તમે — એ નથી જાણતા?' અને પછી ઉમેર્યું : 'હું માનતી હતી કે ગામનું એકેએક જણ એ જાણે છે. અમારા વડદાદી સરયુબા તેમની લખલૂટ મિલકતનું વસિયતનામું મારા પપ્પાના નામ પર કરી જશે એવી અમારી ધારણા હતી. પપ્પા તેની રાહ પચાસેક વરસથી જોઈ રહ્યા હતા.' સહેજ અટકીને તેણે આગળ કહ્યું : 'થોડા દિવસ પહેલાં તે ગુજરી

ગયા. અને પરમ દિવસે આવીને વકીલે અમને વસિયતનામું વાંચી સંભળાવ્યું ત્યારે ખબર પડી કે સરયુબા તો બધી મિલકત ધર્માદામાં આપી ગયા છે!'

અને ઉદયભાણુ જોરથી હસી પડયો. જાણે કોઈ જબરજસ્ત જોક સાંભળી હોય તેમ ખટખટાટ હસી પડયો અને બોલ્યો :

'ગુડ લૉર્ડ! ખરેખરી કઠણ કાળજાની ડોકરી!'

રિષભાને તે નરી ઉદ્ધતાઈના અસભ્ય પ્રદર્શન જેવું લાગ્યું. ઉદયભાણુના સરયુબા માટેના શબ્દો અને હાસ્ય બન્ને અસભ્યતાથી ભરેલા લાગ્યા. મૂંઝાઈને તે આડું જોઈ ગઈ. તરત જ તેને બીજો વિચાર આવ્યો, પોતે જે કહેવા માટે આવી હતી એ વાત સાવ બાજુએ રહી ગઈ હતી. વાત આડા પાટે ચડી ગઈ હતી.

પણ ઉદયભાણે જ વાતને પાછી અસલ પાટા પર લાવી મૂકી. તેણે કહ્યું :

'તો તમારું કહેવું છે કે, મસ્તાની મારી પાસેથી છટકી જવા તૈયાર થઈ ગઈ હતી, એમને? કારણ કે વડદાદીના પૈસાથી તેનું કામ થઈ જાય તેમ હતું! ગુડ! વેરી ગુડ! તેની બિઝનેસ સેન્સ ઘણી ધારદાર ગણાય, નહિ? પણ હવે ફરી જ્યારે મારા પૈસા વિના ચાલે તેમ નથી ત્યારે પ્રામાણિકતાભરી ગરીબીને બદલે સોનેમઢી અપ્રામાણિકતાને તે પસંદ કરે છે, ખરું?'

તેની વાત સાચી હતી. હા કહેવી પડે તેવી હતી. હા કહેવા માટે રિષભાના હોઠ ખૂલ્યા પણ પાછા બીડાઈ ગયા. એવી હા તેના હોઠેથી કહી ન શકાઈ. તેણે ઉદયભાણુ સામે નજર માંડી.

ઉદયભાણુની આંખોમાં પેલું મર્માળુ, મજાકખોર હાસ્ય ઝબકી રહ્યું હતું. તે બોલ્યો : 'અને હવે એ બહેનને તેના પોતાના જ ખ્યાલોના પંજામાંથી છોડાવી લેવા એક ભલી, જાગૃત, નિષ્ઠાવાન મોટી બહેને કમર કસી છે, બરાબર?'

જરા છંછેડાઈ જતાં રિષભા બોલી ઊઠી : "લાગે છે કે, મારી વાતને તમે ગંભીર ગણવા તૈયાર નથી. ઉલટા '—

'કોણ કહે છે, હું ગંભીર નથી ?' ઉદયભાણે સામો પ્રશ્ન કર્યો.

'તમારું વર્તન, તમારા શબ્દો,' રિષભાએ આવેશમાં કહ્યું : 'તમે સ્હેજ પણ ગંભીર હોત તો મારી વાતને આટલી હળવાશથી હસી કાઢી શકયા ન હોત. અમારી કફોડી સ્થિતિની આટલી નિર્દય રીતે મજાક ઉડાવી શકયા ન હોત...પણ એ જ બરાબર છે. તમારે આમાં શું ? તમારે કયાં કંઈ ગુમાવવાનું છે ? અત્યારે આ ઘડીએ પણ તમે હસી રહ્યા છો એ જ બતાવે છે કે મસ્તાની તમારે મન કંઈ જ હોઈ શકે નહિ — તે ગમે તેટલી રૂપાળી હોય તો પણ ! અને તમારી બાબતમાં તે પણ ગણતરીપૂર્વક ડગલાં માંડી રહી '—

'એ વાત બરાબર છે. હું કબૂલ કરું છું કે તમારી એ વાત તો બરાબર છે !'

'પણ તેની ગણતરી બુદ્ધિ વિનાની છે. મૂર્ખાઈથી છલોછલ ભરેલી છે તેની બધી ગણતરીઓ ! તે કયાં ? તમે કયાં ? ...તેના અને તમારા વચ્ચે કોઈ સમાન ભૂમિકા જ સંભવિત નથી. તે એક તરંગી, બિનઅનુભવી કાચી જુવાનડી અને તમે '—

'હં, હં ! અને હું ?' ઉદયભાણને જાણે ગમ્મત પડતી હોય તેમ રસપૂર્વક જરા ટટ્ટાર થઈ જતાં તેણે પૂછ્યું.

રિષભા એકવાર અચકાઈ. સહેજ થોભી ગઈ. અને પછી એકાએક જાણે આવેશ ચડી આવ્યો, અને બોલી :

'કહું તો ખોટું ન લગાડશો. લોકો, ગામના બધા લોકો કહે છે, તમે સ્ત્રીઓની બાબતમાં ખરાબ મથરાવટી વાળા અને —'

'ગામના લોકો એવું કહે છે ? બધા જ ? હં, હં ! પોતાના વિષે લોકો શું માને છે તેની જાણકારી મળવી એ એક લાભ ગણાય

— ચોક્કસ ! અને એ રીતે, આપણી આ મુલાકાત મારા માટે લાભદાયક ગણાય. થેંકયુ !'

રિષભાએ વિસ્મયપૂર્વક જોયું કે તેના એ જનોઈવઢ ઘાની તેના પર અસર થઈ શકી નહોતી. જરા પણ વિચલિત થયા વિના તે બેસી રહ્યો હતો, બોલી રહ્યો હતો : 'પણ તમારી એક વાત તદ્દન સાચી છે.'

રિષભાએ પ્રશ્નભરી નજરે તેની સામે જોયું.

તે બોલ્યો : 'કે મસ્તાની મારે મન ખરેખર, કંઈ જ હોઈ શકે નહિ — તે ગમે તેટલી રૂપાળી હોય તો પણ.'

રિષભા આંખો ફાડીને સાંભળી રહી.

ઉદયભાણે આગળ કહ્યું : 'આ આખા ગામમાં — ના, દુનિયાભરના બધા જ ગામમાં માત્ર એક જ છોકરી છે જે મારે મન 'ઘણું' છે — અત્યંત, અત્યંત 'ઘણું' છે.'

રિષભાની આંખો વધારે પહોળી થઈ ગઈ. હોઠ ખૂલી ગયા. હોઠ પર જીભ ફેરવતાં તે બોલવા ગઈ :

'ઓહ ! તો તે બીજી કોઈ —'

'ના,' ઉદયભાણ વચ્ચે જ બોલી ઊઠયો : 'તે બીજી કોઈ નથી. તે તમે છો, તમે !'

રિષભાના મગજને એક પ્રચંડ ઝટકો લાગ્યો. પળભર મગજ બેહોશ બની ગયું, બહેર મારી ગયું. એક ટાઢું બોળ લખલખું આખા શરીરમાં ઘૂમી વળ્યું. શ્વાસ જાણે ગળામાં ગૂંચવાઈ ગયો. એક પળ —

અને પછી હૃદય પાગલની જેમ ધબકી ઊઠયું — જોરથી. ધબક્ ધબ્...ધબક્ ધબ્...ધબક્ ધબ્...

ઉદયભાણનો અવાજ સંભળાયો : 'અને તમે જ કહ્યું તેમ ગામના બધા લોકોએ મળીને મારા માટે જે નક્કી કર્યાં છે એ જ

શબ્દો હું પણ મારા માટે વાપરું તો સ્ત્રીઓની બાબતમાં ભૂંડી મથરાવટી વાળા મને માત્ર એક જ સ્ત્રીની ખેવના છે — તમારી, મસ્તાનીની નહિ !'

ધબક્ ધબ્ ધબક્ ધબ્, ધબક્ ધબ્...એક હાથની હથેળી ગળા નીચે છાતી પર દબાવતી રિષભા ઘડીભર સૂનમૂન થઈ ગઈ. મગજ જાણે ચાલતું જ બંધ થઈ ગયું. ગળામાં કંઈક કડણ ભરાઈ ગયું જે નીચે ઉતરતું જ નહોતું. ફરકતા, સૂકાતા હોઠ પર જીભ ફેરવતી તે ઉદયભાણ સામે તાકી રહી. એક, બે, ત્રણ,...સેકંડો વીતતી ગઈ.

અને જ્યારે મગજ ફરી વિચાર કરી શક્યું ત્યારે પહેલો વિચાર આવ્યો કે ઉદયભાણ એક વર્ણન ન કરી શકાય તેવો નિંભર, કઠણ કાળજાનો, અનાડી આદમી હતો. આટલી નાજુક, કટોકટીભરી ઘડીએ પણ તે મજાક કરી રહ્યો હતો — ખરાબ; ખૂબ ખૂબ હલકી મજાક! તેના જેવો માણસ જ કરી શકે એવી હલકી મજાક!

તેણે ઉદયભાણ સામે જોયું. તેની બેફિકર આંખોમાં ધારીને જોયું. તેને લાગ્યું, એ આંખોમાં મજાક નહોતી. ઊલટી, ગંભીર લાગતી હતી — કદાચ! તેના હોઠ સામસામે ભીડાઈ ગયા હતા. જડબાં તંગ થઈને દબાઈ ગયાં હતાં. આંખોના ખૂણા કદાચ, ફરકી રહ્યા હતા. બન્ને હાથનાં આંગળા, ખોળામાં, સામસામા ભીડાઈ ગયા હતા.

'આવી વાત — આવી બેહૂદી વાત તમે મને કહો છો?' રિષભાના મોઢામાંથી અનાયાસ પ્રશ્ન નીકળી પડચો: 'મને?!'

'હા,' ઉદયભાણે તેની સામે જોતાં કહ્યું: 'કારણ કે એ એક જ વાત સાચી છે.'

'ઓ, માય ગોડ!' અકળાઈ ઊઠતાં રિષભા બોલી ઊઠી: 'કયા મોઢે તમે કહી શકો છો આ વાત? મારી જ સગી બહેન સાથે આટલે સુધી રમત રમ્યા પછી મારી જ પાસે આવી વાત?'

ઉદયભાણે હોઠ મરકાવ્યા, પણ ચહેરો ગંભીર હતો. તેણે કહ્યું: 'ચાલો, કબૂલ કે બરાબરનો ફટકો મારતાં તમને આવડે છે.' અને પછી તેની સ્વભાવગત ઠંડક અને સ્વસ્થતા પાછી ધારણ કરતાં આગળ કહ્યું:

'સાંભળો — મસ્તાનીને આ વાતમાંથી દૂર જ રાખીએ. અમસ્તી યે આ વાતમાં આવવા જેટલું તેનું મહત્ત્વ નથી. પણ મને તમારા કુટુંબમાં મચી ગયેલી ઉથલપાથલ અંગે જાણવામાં રસ છે. મને થોડું વધારે કહો. હું સમજું છું ત્યાં સુધી એ ઉથલપાથલને કારણે જ આખું કુટુંબ ખૂબ કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયું છે. વડદાદી તો મરતાં ગયા ને મારતા યે ગયા, નહિ?'

રિષભા આશ્ચર્યનો એક હળવો ધક્કો ખાઈને સહેજ ટટ્ટાર થઈ ગઈ. આખી વાતને આનાથી વધારે ખરાબ રીતે મૂકી શકે એવા બીજા કોઈ શબ્દો હતા?... ઉષ્માહિન અવાજે તેણે કહ્યું:

'એ બાબત તમને કંઈ જ કહેવાની જરૂર મને લાગતી નથી. બલ્કે, એ વાત સાથે તમારે કોઈ રીતે કંઈ જ લાગીવળગી શકે નહિ!'

તેણે ધાર્યું હતું તેમ આઘાત પામવા કે ગુસ્સે થવાને બદલે ઉદયભાણ સહેજ હસ્યો. અને એક ઝટકા સાથે, જાણે રિષભાના શબ્દોને ફંગોળી દેતો હોય તેમ, હવામાં હાથ વીંઝતા તેણે કહ્યું:

'ખરી વાત છે. એ વાત સાથે મારે કંઈ જ લાગીવળગી શકે નહિ. કમસેકમ, અત્યારની આ પળે તો નહિ જ. છતાં હું એ વાતને છોડી દેવા તૈયાર નથી. તમારા કુટુંબની આ એક સમસ્યાની વાત તમે જ કાઢી છે — મારી પાસે. તેનો અર્થ એ થાય કે એ વાત પર ચર્ચા કરવાનો મને હક છે. વળી આ સમસ્યાનો બીજો છેડો બીજી સમસ્યા સાથે જોડાયેલો છે જેની વાત કરવા તમે અહીં આવ્યા છો. એટલે હવે, એકવાર ચર્ચા છેડી દીધા પછી

વચ્ચે જ એકાએક પડદો પાડી દેવો, એકાએક 'નો એડમિશન'નું બોર્ડ મૂકી દેવું યોગ્ય નહિ ગણાય.'

રિષભા ચૂપચાપ તેની સામે તાકી રહી. ધારીને નિરખી રહી. એક વાર તે તેને નફ્ફટ લાગ્યો, નિંભર લાગ્યો. બીજી વાર, પંચાતિયો લાગ્યો. વળી ત્રીજી વાર ચાલાક અને લૂચ્ચો લાગ્યો. તે જોતી રહી. આખરે તે ન સમજી શકાય તેવો લાગ્યો.

ગમે તેવો હોય, તેણે વિચાર્યું, અત્યારે તો હૂકમનાં બધાં પાનાં તેના હાથમાં છે. ઝઘડો કરીને એકે ય પાનું સેરવી શકાશે નહિ. આખરે સાવધ અવાજે તેણે પૂછ્યું :

'બહુ સારું. બોલો તમારે શું જાણવું છે ?'

'એટલું જ કે તમારી વડદાદીના એ અપશુકનિયાળ વસિયતનામાની તમારા દરેક જણ પર કેવી અસર પડે છે ?'

'ખૂબ જ ખરાબ.'

'એ મિલકત મળી જવાનો તમને સંપૂર્ણ વિશ્વાસ હતો ? તેના પર સંપૂર્ણ મદાર રાખ્યો હતો તમે ?'

એક સેકંડ અચકાઈને રિષભાએ પૂછ્યું :

'એટલે, મારો પોતાનો ?'

'ના, ના, તમારો પોતાનો નહિ,' જાણે સંભવિતતાને જ ફેંકી દેતો હોય તેમ હાથ હવામાં વીંઝતા તેણે કહ્યું : 'હું નથી માનતો કે પૈસા તમારે મન અતિશય મહત્ત્વની ચીજ હોય. મતલબ કે, પૈસાની તમારે મન એટલી જ કિંમત હોય જેટલી તમારા પ્યારા કુટુંબીજનોને તેની જરૂર હોય.'

ચૂપચાપ રિષભા એ શબ્દોને વાગોળી રહી. કેટલી તીણી દૃષ્ટિ છે આ માણસની ! કેટલી ચોક્કસ સમજશક્તિ ! તેણે પોતે પણ કદી પોતાના વિષે આ રીતે વિચાર્યું નહોતું; પણ — હવે લાગતું હતું કે તેની વાત સાચી હતી. સરયુબાની મિલકત હાથમાંથી તદ્દન

સરકી ગયું તેનું ઘણું દુઃખ તેને થયું હતું, પણ એ તેનું અંગત દુઃખ નહોતું; ઘરના અન્ય સૌને અત્યંત દારુણ રીતે હતાશામાં ભાંગી પડતા જોયાનું એ દુઃખ હતું. ઉદયભાણની, કમસેકમ, આ એક વાત સાચી હતી.

'ભલે,' તે બોલી, 'મારા ભાઈબહેનો, મારા પપ્પા — બધા જ મને પ્યારા છે, ખૂબ ખૂબ પ્યારા છે. તેમને હતાશાથી ભાંગી પડતા, આઘાત ને દુઃખથી તૂટીને વેરણછેરણ થઈ જતા હું જોઈ શકું નહિ; ખાસ કરીને મારા પપ્પાને. પચાસ વરસથી તે એક આશાને તાંતણે જીવી રહ્યા હતા. દાદીની મિલકત આમ બિલકુલ હાથતાળી દઈ જાય તેવી કલ્પના કરવાનું પણ કોઈ કારણ નહોતું. ઊલટું, પપ્પાના નાનપણમાં દાદીએ પોતે તેમને કહેલું હતું કે તેમની તમામ મિલકતના વારસ તે જ છે. પણ ઓહ ! કેવું બની ગયું ! કેવો કરપીણ આઘાત મળ્યો તેમને !'...

'કારણ કે તમારા પિતા એ વારસાની અપેક્ષાનો વેપાર કરતા રહ્યા — વારસાના જોર ઉપર ગજા ઉપરવટ દેવું કરતા રહ્યા, બરાબર ?'

રિષભાએ ઉદયભાણ સામે જોયું અને લૂખ્ખા નારાજ અવાજે પૂછ્યું : 'તમને લાગે છે કે આ શબ્દો વડે તમે સૌજન્ય બતાવી રહ્યા છો ?'

'ના,' ઉદયભાણે એટલા જ લૂખ્ખા અવાજે કહ્યું : 'પણ જુઓ, આમે ય હું સજ્જન તો છું નહિ ! અને તમારા કુટુંબની વાત કરીએ તો હું માત્ર ત્રાહિત ગણાઉં, આઉટ સાઈડર ! છતાં, મને તમારા ઘરની આ આખી યે પરિસ્થિતિનો તાગ મેળવવામાં ખૂબ રસ પડ્યો છે.'

'પણ શા માટે ?' રિષભા ચિત્કારી ઊઠી.

'એક કારણ એ કે, તે તમને પોતાને સ્પર્શે છે,' સીધું જ રિષભાની આંખમાં તાકતાં તેણે સ્મિત કર્યું અને કહ્યું : 'સાચું કહો — તમારા પિતા અતિશય મોટા કરજમાં ઊતરી ગયા છે ને ?'

રિષભાએ ચમકીને તેની સામે જોયું. આંખમાં મૂંઝવણ, અકળામણ, રોષના રાતા શેરડા પડ્યા.

'હા,' તે બોલી : 'મને લાગે છે કે, અમારું કરજ, અમારી આર્થિક બેહાલીની ચર્ચા આખા ગામની મજિયારી મિલકત બની ગઈ છે ! હા, હા, મારા પપ્પા પગના અંગૂઠાથી નાકના ટેરવા સુધી દેવામાં ખૂંપી ગયા છે ! પણ — પણ એ કંઈ તેમના એકલાના વાંકે નથી બન્યું. અમારો બધાનો તેમાં વાંક છે. અમે બધા એમ માનીને જ જીવતા હતા કે એક દિવસ, વહેલામાં વહેલી તકે, અમે ધનના ઢગલામાં આળોટતા થઈ જઈશું — રૂપિયે રમતા થઈ જઈશું એક દિવસ ! અમે બધા સરયુબાના મરવાની રાહ જોઈ રહ્યા હતા. એ ઘણું ખરાબ કહેવાય, હું જાણું છું, કોઈ મરી જાય કે તરત જ પહેરી લેવા માટે, રાહ જોઈને, તેના પગરખાં પાસે ઊભા રહેવું એ ઘણું ખરાબ કહેવાય. પણ એવું જ વર્ષો સુધી ચાલ્યા કર્યું. બલ્કે, તેની શરૂઆત તો ઘણાં વર્ષો પહેલાં, અમારો કોઈનો જન્મ પણ થયા પહેલાં, થઈ ચૂકી હતી. ઘરની એ શૈલી બની ગઈ હતી. સરયુબાએ પોતે જ મારા પિતાને છેક બાળપણથી એ આશા બંધાવી દીધી હતી; અને પછી આજ સુધી કોઈ દિવસ અણસાર પણ આપ્યો નહોતો કે તેમણે વિચાર બિલકુલ બદલી નાખ્યો છે !... એ જ એમની દુષ્ટતા છે ! એ જ ! નહીં તર, જો ખરેખર તે પ્રેમાળ હોત, પ્રેમ ઉપજે તેવા હોત તો તેમના મરવાની ને વારસો મેળવી લેવાની રાહ અમે આટલી આતુરતાથી જોઈ ન હોત. પ્યારું હોય તેવા કોઈ સ્વજનના મરવાની ઇચ્છા કોઈ ન કરે !'

'તેને તમારામાંથી કોઈના ય પર વ્હાલ નહોતું ?' ઉદયભાણે સ્વસ્થતાથી પૂછ્યું.

'કોઈના ય ઉપર નહિ,' રિષભાએ માથું ધુણાવ્યું : 'અમે માનતા હતા કે, બીજા કોઈ માટે નહિ તો, કમસેકમ, પપ્પા માટે તો તેમને સગપણની લાગણી હશે. બાકી અમે બીજા બધાં તો તેનાથી ડરતાં રહીએ એ તેમને પસંદ હતું.'

'તમે પોતે પણ તેનાથી ડરતા હતા ?'

'ના,' રિષભાએ કહ્યું : 'હું તેમનાથી ડરતી નહોતી; પણ તેમને મળવાનો કોઈ ઉમળકો યે કદી થયો નહોતો.'

'ખેર, પણ ટૂંકામાં, તમે બધાએ જીવવાનો જુસ્સો એ આશામાં ટકાવી રાખ્યો કે, કોઈ એક દિવસ તો તેની તમામ મિલકત તમને મળવાની જ છે.' રિષભાને સમજાયું નહિ કે ઉદયભાણના શબ્દોમાં શાની છાંટ હતી — રમૂજની કે સહાનુભૂતિની ?

'એ વાત કદાચ સાચી છે,' રિષભાએ કહ્યું : 'એ અંગે કોઈ કદી ખાસ વાત કરતું નહોતું. બધાએ બધું મનોમન સમજી — સ્વીકારી લીધું હતું. હા, પપ્પા એ વાત સદાય મનમાં ઘોળતા રહેતા કે, એક ભાગ્યવંતો દિવસ આવશે જ્યારે બધું દેવું ચૂકવાઈ ગયું હશે. અને ધૈવત —'

'તમારો ભાઈ ?' ઉદયભાણે વચ્ચે પૂછ્યું.

'હા,' રિષભાએ કહ્યું : 'ધૈવત મનમાં એ વિચારને ઘોળ્યા કરતો કે એક દિવસ તે જરૂર એન્જિનિયર બની શકશે. અને મસ્તાની —' બોલતાં તે સહેજ ચમકી સહેજ ખચકાઈ, પણ પાછી આગળ બોલી : 'મસ્તાનીની એક માત્ર મહેચ્છા હતી વેનિસ જવાની વેનિસમાં પેઈન્ટીંગ, નૃત્ય, સંગીતમાં પારંગત થવાની; અને મુક્ત, નાની સરખી યે ચિંતા વિનાનું જીવન જીવવાની.'

'અને તારી ઇચ્છા શી હતી ?'

અચાનક, વણકલ્પ્યા એ તુંકારાથી રિષભા સજ્જડ આંચકો ખાઈ ગઈ. માથાથી પગ સુધી ધ્રૂજી ગઈ. પરાણે તે બોલી :

'મારી ? મારી ઇચ્છા એટલી જ હતી કે તે બધાને જે ઇચ્છાઓ હતી તે પૂરી થાય. તેમને જોઈતું હતું તે મળી રહે. પછી ઘરમાં જે ઉલ્લાસ, ઉમંગ, તાજગી જોવા મળે તેનો મને આનંદ હોત.'

'બધાની ભૌતિક જરૂરિયાતો પૂરી થાય અને તેમાંથી સુખ અને સંતોષની જે હવા પેદા થાય તેનો જ વિચાર તું કરતી હતી ?'

'હા, ઘરમાં બધાને સુખ મળે, તૃપ્તિ મળે એ જોવા હું માગતી હતી. પણ ઓહ !...' તેના મુખ પર નિરાશા લેપાઈ ગઈ. એ ઇચ્છા, એ ઝંખના હવે ક્યાં ફળવાની હતી ? ચારેકોર ઘોર નિરાશા ઘૂઘવતી હતી. હવે પોતે કોઈને માટે કંઈ જ કરી શકે તેમ નહોતી — સિવાય કે, આ માણસ, ઉદયભાણને મસ્તાની ઉપરથી તેનો હાથ ઉઠાવી લેવા સમજાવી શકે ! એ એક, માત્ર એક સમસ્યા તે કદાચ, હલ કરી શકે. પણ પછી ઘેર જઈને તેણે બીજી અનેક સમસ્યાઓને ડાચાં ફાડીને ઊભેલી જ જોવાની છે. એ જ જોવાનું છે કે ઘરમાં એકેએક જણ દુઃખી છે અને તેમાંથી કોઈના ય માટે પોતે કંઈ કરી શકતી નથી; પોતે અસહાય છે, તદ્દન, તદ્દન અસહાય છે !'

રિષભાને લાગ્યું, ઉદયભાણની નજર વિલક્ષણ હતી. તે જાણે કોઈના મનની અંદર પેસી શકતી હતી; વિચારોને વાંચી શકતી હતી, કારણ કે વિચારોમાંથી બહાર આવીને તેણે ઊંચે જોયું કે તરત જ ઉદયભાણ બોલ્યો :

'અને એ બધાનો ઇલાજ પૈસા છે — માત્ર પૈસા, ખરું ?'

રિષભા વિસ્મયથી જોઈ રહી. બોલી : 'હા, પૈસા જ— ! ઓહ : કેવી ભયાનક સ્થિતિ !'

'બિલકુલ નહિ,' ઉદયભાણે કહ્યું : 'દુનિયામાં સૌથી મહત્ત્વની ચીજો — બધી નહિ તો મોટાભાગની — પૈસા પર આધારિત હોય છે. પૈસાનું કોઈ મહત્ત્વ નથી એમ કહેવું એ વંચના છે, ઢોંગ છે. એવું બોલનારા ય લોકો છે કે, પૈસા તો હાથનો મેલ છે ! પણ એ ઢોંગ છે. કોઈ બોલે તેથી સત્યમાં કંઈ ફેર પડી જતો નથી, ને સત્ય એ છે કે પૈસા દુનિયાના મોટાભાગના દર્દોનો ઇલાજ છે !'

રિષભાના મનમાં ભારે ગડમથલ શરૂ થઈ. ઉદયભાણની વાતનો મન વિરોધ કરવા લાગ્યું, તેને પિતા યાદ આવ્યા. આટલા દેવામાં ડૂબેલા હોવા છતાં, જો પૂછવામાં આવે તો, તે ચોક્કસ ભારપૂર્વક અને અસરદાર શબ્દોમાં બોલી ઊઠે કે, જીવનની સૌથી મહત્ત્વની ચીજો, મનની શાંતિ અને આત્માનું સુખ પૈસાથી હરગીઝ ખરીદી શકાતું નથી. અને એ બે ચીજો જ ખરેખર મહત્ત્વની હોય છે !

પણ એમ તો પિતા, અવારનવાર, એવું ઘણું બોલી ઊઠતા હતા જેનો વ્યવહારમાં કંઈ અર્થ જ ન હોય.

'તો પછી,' ઉદયભાણનો અવાજ સંભળાયો : 'એ બાબતમાં હવે તું શું કરવા માગે છે ?'

આમેય રિષભાનું મગજ ક્યારનું અકળાઈ રહ્યું હતું. વિચારોની ભરમારથી છંછેડાઈ ગયું હતું. ઉકળાટમાં તેણે ઉદયભાણની સામે જોયું અને બોલી :

'એ તમારે જોવાનું નથી. મારી — અમારી બિલકુલ અંગત બાબત છે એ હું અહીં તમને માત્ર એ કહેવા આવી છું કે, મહેરબાની કરીને મસ્તાનીને છોડી દો. બોલો, એ બાબતમાં તમે શું કરવા માગો છો ?'

તેણે માન્યું હતું કે, ઉદયભાણને તે સખત અપમાનજનક લાગશે અને ખૂબ ગુસ્સે થઈ જશે. પણ એવું કંઈ ન થયું. ઉદયભાણ પહેલાં જેટલો જ શાંત હતો. પણ તેણે તુરત કંઈ જવાબ ન આપ્યો. ચૂપચાપ તે ઊભો થયો. બે ય હાથ જોરપૂર્વક ખિસ્સામાં નાખ્યા : છાતી ખેંચીને ટટ્ટાર થયો. ચાલવા લાગ્યો. વિશાળ ઓરડાની છેક સામેની દીવાલ સુધી ગયો અને પાછો આવી, રિષભાની બરાબર સામે ઊભો રહ્યો.

૮

રિષભાએ જોયું કે તેની સામે અપલક તકાઈ રહેલી ઉદયભાણની નજર તંગ હતી; ખરેખર તો ઘણી તંગ, અને એટલી જ ગંભીર અને ઊંડી! તેના માટે એ સ્વાભાવિક નહોતું. સ્વાભાવિક રીતે તો એ નજર મજાકખોર રહેતી હતી, મર્મભર્યું હસતી અને બેતમા રહેતી હતી. એકાએક પલટાયેલી આ નજરથી, રિષભાને લાગ્યું કે, તે જરા ડઘાઈ જતી હતી. આંખો બે-ત્રણ વાર પલકારીને તે તેની સામે જોઈ રહી.

ઉદયભાણે ગળું સહેજ ખોંખાર્યું અને કહ્યું : 'તો તારે મારું વચન જોઈએ છે — એવું વચન કે તારી બહેનની આખીયે બાબત પરથી હું બિલકુલ હાથ ઉપાડી લઉં છું ?'

'બરાબર છે,' રિષભા બોલી : 'મારે એ જ જોઈએ છે.' જો કે તેને લાગ્યું કે એટલું બોલતાં તેનો શ્વાસ અધ્ધર ચડી ગયો હતો.

'અને એવું વચન જો હું આપું તો,' ઉદયભાણે ગંભીર અવાજે પૂછ્યું : 'તું એ ખાતરીપૂર્વક સાચું માનશે ?'

'ચોક્કસ!'

'ના, ના,' સહેજ હસી પડતાં ઉદયભાણે કહ્યું : 'ચોક્કસ શબ્દ ખોટો છે. સાચું એ છે કે હું વચન આપું તો પણ — પણ ખેર, જવા દે એ વાત. જો તું સાચું જ બોલી હો તો સામે મારું

પણ વચન છે કે, તારી બહેન સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ, કોઈ પણ પ્રકારનો તું ન ઇચ્છે તેવો સંપર્ક હું નહિ રાખું. તેના 'નાદાન' દિમાગમાં દુષ્ટ વિચારો ન ભરાય તે જોઈશ.' થોડીવાર અટકીને તેણે પૂછ્યું :

'એટલું પૂરતું છે ?'

રિષભાએ માથું હલાવી હા કહી, અને વિસ્મયથી તેની સામે જોઈ રહી.

ઉદયભાણે આગળ કહ્યું : 'પણ એ બધું હું એક શરતે કરીશ.'

રિષભાની આંખો સહેજ ચમકી. પ્રશ્નભરી નજરે તેણે તેની સામે જોયું.

'તારે મારી સાથે લગ્ન કરવું પડશે,' ઉદયભાણે કહ્યું, અને એક સખત ધ્રાસકો ખાઈને રિષભા હેબતાઈ ગઈ.

બે-ત્રણ પળ તે જાણે સોફામાં ચોંટી ગઈ. હતપ્રભ બનીને પૂતળાની જેમ બેસી રહી. પણ પછી એકાએક સખત રોષ અને આવેશથી ઉછળીને ઊભી થઈ ગઈ. તેના હોઠ, હાથ, પગ — આખું શરીર એક વિચિત્ર કંપારીથી ધ્રૂજી રહ્યું.

'શું બોલ્યા તમે ?! મિસ્ટર — મિસ્ટર ઉદયભાણ, તમારી પાસેથી આવી આશા મેં નહોતી રાખી. આટઆટલી સમજાવટ પછી, આટલી વિનંતીઓ પછી પણ તમે થોડીક સહાનુભૂતિ, થોડીક માનવતા બતાવવાને બદલે આવી બેહૂદી મજાક ઉડાવશો એવી આશા મેં નહોતી રાખી. અમે — હું હાંસીને પાત્ર નથી. તમે આવી હલકી મજાક ન ઊડાવો તો પણ, પીડાવા માટે પૂરતી ચિંતાઓ મારા માથા પર છે જ! હું તમને એક ગંભીર વાત, ગંભીરતાપૂર્વક વિચારવાનું કહેવા આવી હતી; ને તમે તેની આમ હાંસી—'

'અરે, અરે!' ઉદયભાણ હળવા અવાજે બોલી ઊઠ્યો :

'કોણુ કહે છે હું મજાક ઉડાવું છું ? આ મજાક હરગીઝ નથી, અને હું તારા કરતાં સહેજ પણ ઓછો ગંભીર નથી ! મેં પહેલાં પણ સાચી વાત તને કહી દીધેલી જ છે કે, તું અને માત્ર તું જ એક સ્ત્રી છે જેનું મારે મન મહત્ત્વ છે. હું — હું ઝંખું છું તને, ખરેખર ! આજકાલથી નહિ, બે વરસ પહેલાં કૉલેજના સમારંભમાં પહેલીવાર તને જોઈ ત્યારથી ! ત્યારથી તને ઇચ્છું છું – તને પામવા, તને ચાહવા ઇચ્છું છું. એ વાત પર ગંભીર જ છું – અત્યાર સુધી ! આ મજાક નથી, રિષભા. તારી સાથે લગ્ન સિવાય બીજો કોઈ જ વિચાર કરવા જેટલો મૂર્ખ હું નથી.' સહેજ અટકીને તેણે કહ્યું : 'નસીબે એવી તક આજ સુધી ન આપી એટલું જ.'

'આજ પછી એવી તક મળવાની રાહ જોવાના હો તો માંડી વાળજો,' રિષભાએ કહ્યું; અને વિસ્મિત થઈ ગઈ – આવો ધડાકો, આવા સચોટ શબ્દોમાં કરતી તેના પિતાએ તેને જોઈ હોત તો કેટલા પ્રસન્ન થઈ જાત !

પણ એ શબ્દો એવી કોઈ ખાસ ચોટ ઉદયભાણુને મારી શક્યા હોય તેમ ન લાગ્યું. તે બોલ્યો :

'ભલે. એક ચોટદાર સંવાદ બોલ્યાનો આનંદ માણવાની હું તને છૂટ આપું છું. ખાસ તો એટલા માટે કે, જેમ જેમ તું ગુસ્સે થાય છે તેમ તેમ વધારે ગમતી જાય છે. પણ મારી વાત પર ગુસ્સો નહિ, વિચાર કરવા જેવું છે. એકાદ ચોટદાર વેણ બોલવાના આનંદને ખાતર, હું જે આપી રહ્યો છું તે ઇન્કારવા જેવું નથી. હું તને મારી સાથે લગ્ન કરવાનું કહી રહ્યો છું; લગ્ન–બીજું કંઈ નહિ. અને લગ્નનો પ્રસ્તાવ મૂકવો તેને દુનિયાનું કોઈ માણુસ ખરાબ ગણતું નથી, તેને કોઈ સ્ત્રીનું અપમાન ગણતું નથી. પ્રસ્તાવ મૂકનાર હું યોગ્ય માણુસ છું કે નહિ એટલું જ

ફક્ત જોવાનું રહે છે — ને એ તારે જોવાનું છે. મારા તરફથી એટલું કહી દઉં કે, પૈસા વડે મેળવી શકાય એવી કોઈ પણ ચીજ તું મેળવી શકે એટલા પૈસા મારી પાસે છે.'

'તમને — તમને એક છાંટા જેટલી યે લાજશરમ છે ?' રોષ, ઉશ્કેરાટ, આઘાતથી ભાંગતા અવાજે રિષભાએ કહ્યું : 'ખૂબ પૈસા એ જ તમારી લાયકાત છે ને ? એ જ જોર છે ને તમારું ? પૈસાના જોરે એક બહેનને તમારી રખાત બનવા તૈયાર કરી લીધી, અને હવે એ જ પૈસાથી બીજી બહેનને, જરા ઊંચી કિંમત આપીને પત્ની બનવા તૈયાર કરવા ધારો છો ?... ખરેખર, તમારી આ નિર્લજ્જતા — તાજ્જુબ !'

ઉદયભાણુના ચહેરા પર, એક પળ, ઘેરી રતાશ ધસી આવી અને ઓસરી ગઈ. પછી તરત જ એક નિસ્તેજ કાલિમા આવીને ચહેરા પર લીંપાઈ ગઈ. અંદર ઊંડે ઊંડે કંઈક ધારદાર ભોંકાયાની, આરપાર નીકળીને લોહી નિંગળતા જખમ કર્યાની વેદના આંખોમાં ડોકાઈ અને ચાલી ગઈ. ગુસ્સો સ્પષ્ટ તરી આવ્યો.

પણ અવાજને તો પણ સ્વસ્થ રાખ્યો; શાંત રાખ્યો : 'તારી આંખ પર શી ખબર શાનાં પડળ ચડી ગયાં છે ! પણ એ પડળની આરપાર જ મને જોવાથી ધૃષ્ટતા ન કરે તો સારું. હજી યે હું તારી હા ઇચ્છું છું — પૈસાની વાત મેં નથી તો તને લલચાવવા માટે કરી કે નથી તારી જરૂરિયાતનો ફાયદો ઊઠાવવા કરી. પહેલાં પણ હું કહી ચૂકયો છું કે મને ખબર છે કે, પૈસાનું એટલું મહત્ત્વ તારે મન નથી. હું તો એ વાત તારા ધ્યાન પર મૂકવા માગતો હતો કે મારી સાથે લગ્ન કરવા તને કેવી કેવી રીતે લાભ-કારક નિવડી શકે તેમ છે.' વાત રિષભાના મગજમાં ઉતરે તેની રાહ જોતો હોય તેમ સહેજવાર થોભીને તેણે કહ્યું : 'અને લગ્ન ન કરવાનું કેવી કેવી રીતે ગેરલાભકારક નિવડી શકે એ તને કહેવાની જરૂર નથી — તું જાણે જ છે !'

વળી થોડીવાર તે ચૂપ રહ્યો. ચૂપચાપ રિષભા સામે જોઈ રહ્યો. તેના ચહેરા પરથી આઘાત અને ઉશ્કેરાટ સડસડાટ ઊતરીને અદશ્ય થયા. હળવાશથી સહેજ હસી પડતાં તેણે કહ્યું :

'ઉશ્કેરાટને વિદાય કર, રિષભા. એ કોઈ રીતે ઉપયોગી ચીજ નથી. મારી વાતનો ઉશ્કેરાટમાં ધરાર ઇન્કાર કરી દેતાં પહેલાં તારા મગજને સ્વસ્થ થવા દે. અને એકવાર શાંતિથી વિચારી જો કે તારા પિતા માત્ર પૈસાના કારણે આવી પડનાર ભયંકર ખાનાખરાબીમાંથી તદ્દન બચી જાય એ તને ગમશે કે નહિ? તારા ભાઈનું એન્જિનિયર બનવાનું, જિંદગીમાં એક મોભાદાર કારકિર્દી ઊભી કરવાનું ખ્વાબ ફળિભૂત થાય એવું તું કરી શકે તો તે તને ગમશે કે નહિ? તારી બહેન મસ્તાની, તારા કહેવા પ્રમાણે મૂર્ખ, બાલિશ, તરંગી મસ્તાની, તેના તરંગ મુજબ વેનિસ સુધી જઈ શકે, જેનાથી તું અત્યંત ભયભીત બનીને અહીં દોડી આવી છે એવી કોઈ પણ કિંમત ચૂકવ્યા વિના જઈ શકે અને તેની ઇચ્છાઓ પૂરી કરી શકે એવો અવકાશ તું કરી આપી શકતી હોય તો કરી આપવાનું તને ગમશે? અને તારી નાની — તદ્દન નાની બહેન — તેનું શિક્ષણ, તેની કારકિર્દી, તેનું ભવિષ્ય ઉજ્જ્વળ બને તેવી સગવડ તું ઊભી કરી શકતી હોય તો કરી આપવાનું તને ગમશે? નહિ ગમે?... વિચારી જોજે.'

સ્તબ્ધતા — એક અત્યંત તોલદાર સ્તબ્ધતા રિષભાના મગજમાં પથરાઈ રહી. બે, ત્રણ, ચાર — પળ પછી પળ વીતતી ગઈ. ઉદયભાણની વાતનો કંઈ જવાબ આપવાનો પ્રયત્ન પણ તે કરી શકી નહિ. કદાચ, એ કારણે કે તેની વાતનો કોઈ સજ્જડ, કોઈ જડબાતોડ જવાબ સૂઝતો નહોતો. કદાચ, એ કારણે કે, તેની વાતથી જે ચિત્ર દોરાતું હતું તેનો ઝળહળાટ જબરજસ્ત હતો — આંજી નાખે તેવો હતો. એક જ ઝટકે, માત્ર એક જ ઝટકે ઘરની એકએક આફતને નષ્ટ કરી દઈ શકાય, ઘરના એકએક જણને નર્યા સુખમાં આળોટતા કરી દઈ શકાય એ કલ્પના — માય ગોડ! કેટલી નશીલી હતી એ કલ્પના!...

કેટલું અજબ! પિતાના માથે એક પાઈનું પણ કરજ નહિ! ધૈવતને, હા, ધૈવતને લાચાર બનીને કારકિર્દી પર છીણી મારવાની હતાશા નહિ! અને મસ્તાનીને પતનની ખાઈમાં ખાબકી પડવાનું કોઈ જોખમ નહિ! ઓહ! અવર્ણનીય, અજબ અને અવર્ણનીય!

પણ તેની સામે પોતે જે કરવું પડે તે? તે કેટલું ભયાનક હતું! કેટલું અળખામણું, કેટલું ઘૃણાસ્પદ હતું!...

તેણે ઊંચે ઉદયભાણ સામે જોયું. હજી તે સ્થિર ઊભો હતો. સ્થિર નજરે તેની સામે જોઈ રહ્યો હતો. ચહેરા પર, આંખોમાં આતુરતાની તંગ રેખાઓ દોરાઈ ગઈ હતી.

'માફ કરજો,' રિષભા આખરે બોલી શકી, 'આને તમારી ઉદારતા ને માનવતા ગણવી કે — હું નક્કી નથી કરી શકતી કે આને શું ગણવું! પણ ખેર, એ ગમે તે હોય, હું તમારી વાત સપનામાં પણ સ્વીકારી નહિં શકું. એ કહેવા બદલ હું તમારી માફી માગું છું કે, એ આખી વાત કેવળ એક મૂર્ખતાભરી વાત છે!'

અને આશ્ચર્ય સાથે તેણે જોયું કે, તેની એ વાત પર પણ ઉદયભાણ હસી પડ્યો. એટલું જ નહિ, જાણે સંમત થયો હોય તેમ હકારમાં માથું પણ હલાવ્યું, અને પૂછ્યું :

'તું એમ કહેવા માગે છે કે હું કોઈ જૂના કરુણ નાટક જેવી સિચ્યુએશન પેદા કરી રહ્યો છું?'

'હા, લગભગ એવી જ,' રિષભાએ કહ્યું.

'એટલે કે એ કરુણ-ગંભીર નાટકનો ખલનાયક પોતાના પૈસા વડે નાટકની નાયિકાને ખરીદવાનો પ્રયત્ન કરી રહ્યો છે?'

'હં,' રિષભા ઝાઝું ન બોલી શકી. તેને લાગ્યું કે તેને હસવું આવી જશે — ગામના લોકો આ માણસ વિષે તો ત્યાં સુધી કહેતા હતા કે, કામવાળી નોકરડી અને દૂધવાળી પાછળ પણ તે લટ્ટુ થઈ ચૂકેલો છે!

જાણે તેના વિચારોને વાંચી લીધા હોય તેમ ઉદયભાણે કહ્યું : 'હસવું આવે છે? તો પછી ખૂલીને હસી લે ને! હું સમજી શકું છું — ગામમાં મારા વિષે થતી બધી વાતો મારી અત્યારની વાતો સાથે બંધબેસતી થતી નથી, ખરું ને? ગમે તેટલી અને ગમે તે સ્ત્રીની પાછળ ગંદા ઈરાદા લઈને પડી જનાર હું માત્ર એક સ્ત્રીને ખાતર આટલું બધું કરી છુટવા તૈયાર થઈ જાઉં એ ગળે ઉતરતું નથી, ખરું ને?'

રિષભા આભી બનીને સાંભળી રહી. તે આગળ બોલ્યો : 'ખેર, જવા દે. જ્યારે જ્યારે માણસ લાગણીના આવેશવશ કંઈ કરી નાખે છે, કહી નાખે છે ત્યારે એવી જ સિચ્યુએશન સર્જાઈ જાય છે — કરુણગંભીર નાટક જેવી — મેલોડ્રામેટિક!'

રિષભા ચૂપ રહી. ખરેખર આ માણસની લાગણી કરપીણ રીતે ઘવાઈ લાગતી હતી. પણ — પણ આવા માણસોને લાગણી હોઈ શકે ખરી?...

'તો,' ઉદયભાણનો અવાજ સંભળાયો : 'મારી આ મૂર્ખતા-ભરી માગણીનો તું સંપૂર્ણ ઇન્કાર કરે છે?'

'હું દિલગીર છું કે—'

'ના રે, ના. બિલકુલ નહિ. તારે દિલગીર થવાની બિલકુલ જરૂર જ નથી. નાટકનો ખલનાયક લાગણી ઘવાવાની વેદના કદી અનુભવતો હોતો જ નથી. લાગણી જ ક્યાં હોય છે તેને?' અને પછી ફરી સ્મિત કરતાં તેણે કહ્યું : 'મારે તને એટલું જ કહેવાનું છે કે મારી વાત ભૂલતી નહિ.'

'જિંદગીભર નહિ ભૂલું!' રિષભાના મનમાં પડઘો પડ્યો.

'અને જો પરિસ્થિતિ વધારે ખરાબ બનવા લાગે, અસહ્ય લાગવા માંડે,' ઉદયભાણનો અવાજ સંભળાયો : 'અથવા શાંતિથી વિચારતાં તારો નિર્ણય બદલવા જેવો લાગે તો મારી આ ઑફર અને મારાં દ્વારા તારે માટે સદાય ખુલ્લાં રહેશે.'

રિષભાને ખુદને જરા વિચિત્ર લાગ્યું, પણ આવી સ્થિતિમાંયે તેનાથી સહેજ હસી પડાયું. તેણે કહ્યું :

'મને લાગે છે કે મારા વિષે તમે માત્ર ઉપરઉપરથી જ વિચાર્યું છે — બીજી બધીની જેમ; પૂરી ગંભીરતાથી વિચારી જોયું નથી.'

'ખોટી વાત છે,' ઉદયભાણે ભારપૂર્વક કહ્યું : 'તારી વાત બિલકુલ ખોટી છે. માન કે, આજે જ મોડી રાત્રે તું ઘેરથી મને ફોન કરે કે તેં નિર્ણય બદલ્યો છે, તો રાતોરાત જ ગમે તે ઝવેરીની દુકાન ખોલાવીને હીરાની વીંટી સહિત સવારના પહોરમાં તારી સામે ઊભો રહું!' અને સહેજ થોભીને મોં મરકાવતાં ઉમેર્યું : 'પછી તો ગંભીરતાની ખાતરી થઈ જાય ને?'

એ વાત પર રિષભાને પણ હસવું આવવું જોઈએ. પણ તે બેચેન થઈ ગઈ. તેને એકાએક ખ્યાલ આવ્યો કે આટલા કલાકો સુધી મોં દુખાડ્યા પછી પણ ફલશ્રુતિ કંઈ જ નહોતી. હવે વાત પૂરી થઈ ગઈ હતી ને એ અહીંથી જવાની તૈયારીમાં હતી છતાં જે પ્રશ્ન લઈને તે આવી હતી તેનો કોઈ સ્પષ્ટ, નક્કર ઉત્તર તે મેળવી શકી નહોતી.

'તો પછી મસ્તાની વિષે —' તે ઉતાવળે કહેવા ગઈ.

'હં, હં? મસ્તાની વિષે શું?' ઉદયભાણે વચ્ચે પૂછ્યું.

રિષભાને તેની આ ઠંડક અને બેફિકરાઈ પર ગુસ્સો ચડ્યો. પણ તે દબાવતાં તે બોલી : 'હું એમ માની લઉં કે, મસ્તાનીથી

તમે હવે દૂર જ રહેશો એટલી ખાતરી મને મળી છે?' તેનો અવાજ તેને પોતાને પણ દુર્બળ લાગ્યો. તે હવે ખૂબ થાકી ગઈ હતી.

'રિષભા,' ઉદયભાણે કહ્યું : 'જો હું એમ કહું કે પોતાની અંગત જિંદગી વિષે નિર્ણય લેવાનો જે અધિકાર તું આટલા ભારપૂર્વક જાળવી રાખવા આગ્રહી છે એ અધિકાર તારે મસ્તાનીને પણ આપવો જોઈએ — મને પણ આપવો જોઈએ, તો ખોટું તો નહિ લગાડે ને?'

'એટલે? તમે મને વચન આપતા નથી એમ?'

'તને નથી લાગતું કે એ બાબત સાથે તારા કરતાં વધારે મસ્તાનીને પોતાને સંબંધ છે?'

'પણ—' રિષભા અકળાઈ ઊઠી : 'પણ હું તમને અનેકવાર કહી ચૂકી છું, સમજાવી ચૂકી છું કે, મસ્તાની તદ્દન મૂર્ખ છે, નાદાન છે, તરંગી છે. તે પોતે પોતાની ચિંતા કરવા શક્તિમાન નથી. જિંદગીનો તેને કંઈ જ અનુભવ નથી. તે શું કરી રહી છે તેની સમજણ પણ તેને નથી. એ સ્થિતિમાં તમે તેને બચાવી લો, તેનાથી દૂર રહેવાનું વચન આપો તો એ તમારા માટે ઘણું સારું ગણાશે.'

'ના,' ઉદયભાણે હસતા ચહેરે કહ્યું : 'મારી અંદરનો સ્ત્રીમાત્રનો લટ્ટુ આવી ઉચ્ચ વાતનો વિરોધ કરે છે! અત્યારે મને વધારે સારું એ લાગે છે કે, હવે તું ઘેર જા અને પછી જ્યારે સમય અને સ્વસ્થતા મળે ત્યારે મારા પ્રસ્તાવ પર ફરી વિચાર કરી જો. દરમ્યાન હું પણ, તેં જે કંઈ કહ્યું છે તે બધા પર વિચાર કરી જોઈશ.'

'એટલે — એટલે તમે મારા પર આડકતરું દબાણ લાવવા માગો છો? મસ્તાની તમારા હાથમાં છે એ જોર ઉપર?'

'ના, ના, ના! બિલકુલ નહિ. મેં એવું કહ્યું જ નથી.'

ઉદયભાણે કહ્યું અને પછી ઉમેર્યું : 'હવે ચાલ, રાત પડી ગઈ છે. અત્યાર સુધીમાં તો તારે ઘેર પહોંચી જવું જોઈએ. અહીં, મારા ઘેર, આટલા મોડે સુધી રોકાવું એ તારી પ્રતિષ્ઠા માટે સારું ન કહેવાય, ખરું ને?... ચંપલ તેં ક્યાં કાઢ્યા છે?' કહી, મુખ મરકાવતો, તે આજુબાજુ નજર ફેરવવા લાગ્યો.

રિષભા તો યે હલ્યાચલ્યા વિના ઊભી હતી. ઉદયભાણે ફરીથી જરા મોટા અવાજે કહ્યું :

'રાત પડી ગઈ છે. તારે ઘેર પહોંચી જવું જોઈએ.'

રિષભા સળવળી અને બારણા તરફ ડગલું માંડ્યું. તેણે જોયું ઉદયભાણ તેની સાથે જ ચાલતો હતો; નજીક રહીને ચાલતો હતો; પણ સ્પર્શ ન થઈ જાય તેની સભાન તકેદારી રાખતો હતો — રિષભાને નવાઈ લાગી, ઉદયભાણ જેવા માણસ માટે તે અસ્વાભાવિક ન ગણાય?

'હું તને ખેતરમાં થઈને ટૂંકે રસ્તે રોડ સુધી પહોંચાડી દઉં છું,' ઉદયભાણે કહ્યું.

'થેંક્સ,' રિષભાએ કહ્યું : 'પણ મારે એવી મદદની જરૂર નથી.' ખુદ તેને પણ લાગ્યું કે તેના એ શબ્દો અવિવેકી હતા.

પણ ઉદયભાણે હસીને કહ્યું : 'ચિંતા ન કરીશ. તું તદ્દન સલામત જ રહેશે. સલામત રીતે તું રસ્તા સુધી પહોંચી જાય કે તરત હું પાછો વળી જવાનો છું. ખરેખર તો આટલી અંધારી રાત્રે તને ઘર સુધી મૂકવા આવવું જોઈએ. પણ જવા દે, તને એ ન જ ગમે. હવે, ઝડપ રાખ.'

રિષભા ચાલવા લાગી. 'ઉદયભાણ, તેની નામરજી છતાં તેની સાથે ચીટકી રહ્યો. નામરજી છતાં નિશાળે લઈ જવાતા બાળક જેવી તેને ચીડ ચડી.

કેડી ખેતરમાં થઈને સહેજ વાંકીચૂકી, પણ એકંદર સીધી અને ટૂંકા માર્ગે જતી હતી. આકાશમાં તારાઓએ અસંખ્ય છિદ્રો પાડી દીધાં હતાં અને તેમાંથી ઝળહળતો પ્રકાશ નીચે ઠલવાઈ રહ્યો હતો. વાદળાં ક્ષિતિજો પરથી પણ વિખરાઈ ગયાં હતાં. સરસ મજાની રાત હતી. પણ રિષભાના મનની સ્થિતિ જ એવી હતી કે માત્ર એક જ વિચાર તેમાં આવી શકે: 'કેટલો ધિક્કારપાત્ર માણસ છે આ! ઘડીભર એમ લાગી જાય, મને ય લાગી ગયું હતું કે, માણસ જરા ટીખળી છે, હાંસીખોર છે, પણ એકંદરે સારો છે: પણ જો મસ્તાની પરથી તે હાથ ન ઉઠાવી લે તો પછી તે તદ્દન ખરાબ અને નકામો માણસ છે — લોકો કહે છે એવો જ!

ઉદયભાણે કંઈ બોલીને તેને ખલેલ કરી નહિ. ચૂપચાપ સાથે સાથે ચાલતો રહ્યો. ફક્ત, બે ખેતરોને જુદા પાડતી નાની પાળ પાસે પહોંચ્યો ત્યારે તે અટક્યો, હસ્યો અને બોલ્યો: 'આ પાળ કૂદાવવી પડશે.'

રિષભાએ તે નાનકડી પાળ પર ચડવા પગ ઊંચો કર્યો પણ પાળ સહેજ વધારે ઊંચી નીકળી. તેનાથી ઉદયભાણ સામે જોવાઈ ગયું. ઉદયભાણે સંભાળથી તેનો હાથ પકડીને ટેકો આપ્યો અને તે પાળ કૂદાવી ગઈ. ઉદયભાણે તરત જ તેનો હાથ છોડી દીધો હતો, તો પણ થોડીક પળો સુધી તેનું કાંડુ જાણે ઉદયભાણના સશક્ત હાથમાં પકડાયેલું હોય તેમ ઝણઝણી રહ્યું.

પછી રસ્તો આવી ગયો ત્યાં સુધી ઉદયભાણ કંઈ ન બોલ્યો. રિષભા પણ ચૂપ રહી. હવે ઘર તદ્દન નજીક હતું. રસ્તા પર થોડે સુધી ચાલીને ઉદયભાણ અટકી ગયો અને બોલ્યો:

'હવે ઘર સુધી પહોંચવામાં તને કંઈ તકલીફ નહિ પડે. ઇચ્છે તો હું છેક ઘર સુધી પણ મૂકી જાઉં; ને ન ઇચ્છે તો — ગુડ નાઈટ!'

એક પળ રિષભા તેની સામે ઊભી રહી અને પછી ઘર તરફ ચાલવા લાગી. એક પળ તેને વિચાર આવી ગયો કે છેલ્લી વાર, જતાં જતાં ઉદયભાણને કહી જોવું. તેના ગોળગોળ જવાબને બદલે સ્પષ્ટ, ખાતરી ભર્યો જવાબ આપવા કહી જોવું. પણ પછી બીજો વિચાર આવ્યો — ના, હવે કંઈ ન કહેવું એ જ સારું છે. વારંવાર કહેવાનો અર્થ તે એવો જ કરે કે એ વાતનો ઉકેલ મારે માટે અનિવાર્ય છે — હું બહુ ગરજવાન છું. ના, હવે કંઈ કહેવા જેવું નથી, ગરજ વરતીને વધારે દમાણ કરે!...

સડસડાટ ચાલીને તે ઘેર પહોંચી ગઈ. જો કે મનમાં ફફડાટ થતો હતો. રાતનું મોડું થઈ ગયું હતું. અને રાત્રે આટલે મોડે સુધી તે કદી ઘરની બહાર રહી નહોતી.

ડહેલીના બારણાને ધક્કો મારતાં તે ખૂલી ગયું. અંદર જઈને તેણે બારણું બંધ કર્યું.

બારણાનો અવાજ સાંભળીને મસ્તાની રૂમમાંથી ઓસરીમાં દોડી આવી. તેના ચહેરા પર ગભરાટ હતો. હાંફળી હાંફળી દેખાઈ રહી હતી. રિષભાને જોતાં જ તે બોલી ઊઠી:

'ક્યાં ગઈ'તી, રિષભા? કેટલું મોડું કરી નાખ્યું!'

તેનો ગભરાટ જોઈને જરા ચિંતિત થતાં રિષભાએ પૂછ્યું: 'પણ થયું છે શું? તું આટલી ગભરાયેલી કેમ છે?'

'પપ્પા —' કહેતાં મસ્તાની અચકાઈ ગઈ. 'પપ્પાએ આપઘાત —'

'હેં!' રિષભાના હૃદયને જાણે જબ્બર ફટકો વાગ્યો. પગ, ઊભી હતી ત્યાં જ ચોંટી ગયા. એક પળ મગજ બેખું થઈ ગયું. અને પછી ફાળભરી, પગથિયાં કૂદાવતી તે રૂમ તરફ દોડી.

૯

ઓસરી વટાવીને ઓરડાના બારણા સુધી પહોંચતાં તો, રિષભાને લાગ્યું, તે હાંફી ગઈ હતી, છાતીમાં કોઈ નક્કર ગઠ્ઠા જેવી ગભરામણ સખત ખૂંચી રહી હતી, પગમાંથી જાણે તમામ ચેતન હણાઈ ગયું હતું, આંખોના ડોળા મોટા થઈ ગયા હતા. મસ્તાનીના તૂટક શબ્દો કાનમાં કારમું પડઘાઈ રહ્યા હતા : 'પપ્પાએ આપઘાત...!'

બારણામાં જ ધૈવત ઊભેલો દેખાયો. તેનો ચહેરો, મસ્તાની કરતાં, જરા સ્વસ્થ દેખાતો હતો — જો કે ઉશ્કેરાટ અને તંગદિલી પણ સ્પષ્ટ દેખાતાં હતાં. ફાળભરી અંદર ધસી આવતી રિષભાને તેણે અટકાવી, બે ય ખભા પકડીને ઊભી રાખી; અને બોલ્યો : 'ગભરાઈશ નહિ, પપ્પા બચી ગયા છે.'

'પણ —' રિષભાની છાતીમાં હજી શ્વાસ ઉછળતો હતો : 'પણ શું થયું ?...ક્યારે, કેવી રીતે બની ગયું બધું ? ...તમે કોઈ ઘરમાં નહોતા ? ...'

તેના ખભા પકડીને પાછી વાળતાં ધૈવતે કહ્યું : 'ચાલ, આપણે બીજા રૂમમાં બેસીએ. બધું તને કહું છું.'

'પણ અહીં પપ્પા પાસે —'

'કોઈની જરૂર નથી.' ધૈવતે કહ્યું : 'તેમણે કંઈક ઝેરી દવા પી લીધી હતી. પણ ડૉક્ટર તાત્કાલિક આવી ગયા એટલે જોખમ

ટળી ગયું હતું. ઊલટી કરાવીને તેમણે ઝેર બહાર કાઢી નંખાવ્યું અને પંદર–વીસ મિનિટમાં તો પપ્પાને ઘણું સારું પણ થઈ ગયું હતું. હવે ડૉક્ટરે તેમને ઘેનનું ઇન્જેક્શન આપી દીધું છે એટલે ઊંઘી ગયા છે. ડૉક્ટર ખાતરીપૂર્વક કહી ગયા છે, હવે તેમની બિલકુલ ચિંતા નથી.'

રિષભાની છાતીમાં શ્વાસ હેઠો બેઠો. ગૂંગળામણ મટી ગઈ. છતાં શરીરમાં ધીમી ધીમી એક કંપારી ઝણઝણી રહી હતી. પગ હજી પાણી પાણી થઈ રહ્યા હતા. 'ઓહ, ભગવાન ! શું થવા બેઠું છે આ ઘરનું !'

ઉંબરામાં ઊભા ઊભા તેણે અંદર જોયું. પિતા ઘસઘસાટ ઊંઘતા હતા. ધૈવતનો હાથ છોડાવીને તે અંદર છેક પથારી સુધી ગઈ અને ઊંઘતા પિતાના ચહેરા સામે તાકી રહી. ખરેખર ઊંઘી જ રહ્યા હતા. કોઈ ચિંતાજનક લક્ષણ, કોઈ ભયજનક ભાવ ચહેરા પર દેખાતો નહોતો. તેના મનને નિરાંત થઈ. છતાં તે ધૈવત તરફ ફરી અને પૂછ્યું : 'ડૉક્ટરે ચોક્કસ એમ કહ્યું છે ને ? ચિંતા જેવું કંઈ નથી ને ?' અને પછી જાણે સ્વગત ગણગણતી હોય તેમ બોલી : 'ઝેરી દવા !...એવી દવા ઘરમાં કેવી રીતે આવી ? કઈ દવા હતી એ ? ...'

'માંકણ મારવાની દવા,' ધૈવત તેને બહાર લઈ જતાં કહ્યું : 'કેવી રીતે આવી એ તો શી ખબર; પણ ઝાઝી નહિ હોય. ડૉક્ટરે પણ એ જ કહ્યું કે નસીબ એટલાં સારાં કે ઝાઝી દવા પેટમાં પહોંચી નથી, એટલે મોટું જોખમ પણ પેદા થયું નથી.'

'હા, એટલું વળી નસીબ પાંસરું,' મસ્તાની હવે બોલી : 'કે પપ્પાએ ઝાઝી દવા પી ન લીધી. પણ પહેલાં તો, એમનું આખું શરીર ખેંચાઈ જતું જોઈને અમારા તો હોશકોશ જ ઊડી ગયા હતા. આંખો યે કેવી ફાટી ગઈ હતી ! અને મોંમાં ફીણ બાપરે !

મારા તો મોતિયા જ મરી ગયા હતા.' અને પછી ધીમા અવાજે ઉમેર્યું: 'બિચારા પપ્પા! બબ્બે ધક્કા એક સાથે કેમ ખમે? એક બાજુ ઘડપણ આવ્યું ને બીજી બાજુ આ હાલત!...'

રિષભાને પણ છાતીમાં આછી બળતરા થવા લાગી. પહેલી જ વાર — આટલાં વરસમાં પહેલી જ વાર ઘરના લોકોને પપ્પા 'ઘરડા' લાગવા માંડ્યા હતા. નહીંતર, હજી હમણાં સુધી વકીલ, પેલું કાળમુખું વીલ વાંચી ગયો ત્યાં સુધી કેવા સરસ હતા પપ્પા! કેટલા તરવરતા અને તાજગીભર્યા હતા!

'પણ હવે આ આફત પણ પસાર થઈ ગઈ છે,' ધૈવત બોલ્યો — કદાચ, રિષભાને હિંમત આપવા માટે જ — 'એટલે અત્યારે હવે ચિંતા કરવાની કોઈને જરૂર નથી. હું ચોક્કસ માનું છું, અને ડૉક્ટર પણ એમ જ કહેતા હતા કે, પપ્પાએ જે કરી નાખ્યું તે માત્ર ક્ષણિક આવેશમાં કરી નાખ્યું છે. ફરીવાર તે આવો પ્રયત્ન નહિ કરે. અને મને એમ પણ લાગે છે કે, આવો આવેશ તેમને આવી ગયો તેનું કારણ પણ પૈસા જ હતા — માથા પર ખડકાયેલું જબરજસ્ત દેવું જ, બીજું કંઈ નહિ.'

'દેવું — જબરજસ્ત દેવું!' રિષભાના મનમાં પડઘો પડ્યો અને મન ચચરવા લાગ્યું. મનમાં ચચરતો એ વિચાર મોટેથી બોલાઈ ગયો: 'ખરેખર કેટલું હશે કુલ દેવું?'

'ખબર નહિ,' મસ્તાનીએ ખભા ઉલાળ્યા. રિષભાએ ધૈવત તરફ જોયું. ધૈવતે પણ સહેજ હોઠ મરડ્યો. અને એ જ સ્વાભાવિક હતું. તેમના બધાના માથે વાસ્તવમાં કુલ કેટલું દેવું હતું એ કોઈ જાણી જ ક્યાં શક્યું હતું? માત્ર પપ્પા જ એ જાણતા હતા, અને એ જાણતા હતા તેથી જ આજે —

વિચારમાં ઊભી રહી ગયેલી રિષભાને ખભે હાથ મૂકીને ધૈવતે તેને ચાલવા કહ્યું. ત્રણે જણા બાજુના રૂમમાં જઈને બેઠાં. બે-ચાર

પળ સૌ નીચું જોઈ ચૂપચાપ બેસી રહ્યાં. બત્તીનો ઝળહળતો પ્રકાશ તેમના કોમળ, યુવાન, સુંદર, ગંભીર ચહેરા પર ઢોળાતો રહ્યો ને એ પ્રકાશમાં ત્રણે ય ચહેરા પર એક વજનદાર જવાબદારીનો મુકાબલો કરવાની તાતી જરૂરિયાતનો પડછાયો ઉપસતો ગયો.

રિષભા પહેલી બોલી: 'પ્રિયંકા ક્યાં છે? તેને આની ખબર છે?'

'ના,' ધૈવતે કહ્યું: 'તે ક્યારની ય ઊંઘી ગઈ છે. અને તને તો ખબર છે, એકવાર તે ઊંઘે એટલે જાણે લાકડું!'

કોણ જાણે કેમ, રિષભાને ધૈવતની એ ઉપમા ન ગમી; આજની આ વિશિષ્ટ સ્થિતિમાં એ ઉપમા તેને ખૂંચી, અપશુકનિયાળ લાગી.

પણ ત્યાં તો ધૈવતે કહ્યું: 'મને લાગે છે કે તે તો આ બાબત ન જાણે એ જ સારું છે.'

'કેમ?' રિષભાએ પૂછ્યું. તેને ખબર હતી કે પ્રિયંકા એ જાણ્યા વિના રહેવાની નથી; છૂપાયેલી વાતો ખોદી કાઢવામાં તે પણ ઘરમાં કોઈથી ઉતરે તેવી નહોતી.

'કેમ શું?' મસ્તાની બોલી: 'તેના પેટમાં કોઈ અમસ્તી વાત પણ ટકી શકતી નથી. ત્યારે આવી આપઘાત જેવી ખતરનાક વાત કેવી રીતે ટકવાની? આવો મોટો બનાવ પોતાના ઘરમાં બન્યો છે એવી જાહેરાત કરવામાં ય તે ગૌરવ માને એવી છે!'

ધૈવતના હોઠ સહેજ મરકી ગયા. તેણે કહ્યું: 'એવું તો નથી માનતો, પણ પ્રિયંકાના જાણવાથી આ વાત બીજા લોકો પણ જાણતા થઈ જાય એ તો હું પણ માનું છું. ને આ વાત જેટલા ઓછા લોકો જાણે તેટલું વધારે સારું છે. તેથી પપ્પાના મન ઉપર પણ લોકોની ચર્ચાનો ભાર નહિ રહે અને તે જલદી બહાર આવી શકશે.'

થોડીવાર થોભીને વારાફરતી રિષભા તથા મસ્તાનીના ચહેરા સામે જોતાં તે આગળ બોલ્યો : 'અને પપ્પા સહેલાઈથી આ બધામાંથી બહાર આવી જાય એ જ ઇચ્છવાયોગ્ય છે; એ જ આપણા હિતમાં છે. નહીંતર, તેમને ક્યાંક બીજે લઈ જવા પડે, હવાફેર કરાવવો પડે. અને એવો હવાફેર એટલે ખર્ચ — ઘણા પૈસાનું ખર્ચ ! ક્યાંથી કાઢવા એ પૈસા ? જે અનર્થ થઈ ચૂક્યો છે તેના મૂળમાં જ પૈસા છે. હવે વધારે પૈસાની જરૂર એટલે એ અનર્થમાં નવો ઉમેરો !' અને પછી નીચું જોઈને ઉકળાટ ને હતાશામાં માથું ધૂણાવતા ઉમેર્યું : 'કોઈ ચીજ — ખરેખર, એક પણ ચીજ પૈસા વિના મળવી શક્ય નથી — મનની શાંતિ પણ નહિ !...પપ્પા બિચારા અમસ્તા નહિ ભાંગી પડ્યા હોય.'

રિષભાની છાતીમાં એક ભારે ધબકારો થયો. 'બિચારા પપ્પા !' ધૈવત પણ આજે એ જ શબ્દ વાપરી રહ્યો હતો જેની, એક પખવાડિયા પહેલાં કોઈએ કલ્પના પણ કરી નહોતી. પણ — એ સત્ય હતું. કારમું, કઠોર, પણ એ સત્ય હતું. પપ્પા તદ્દન નંખાઈ ગયા હતા. વૃદ્ધ બની ગયા હતા. બિચારા બની ગયા હતા. તેની ઝૂકેલી આંખો ઉંચકાઈ અને ધૈવત પર મંડાઈ. આંખોમાં ચિંતા હતી.

'ધૈવત, મને લાગે છે કે, વાંક મારો છે.'

'તારો વાંક ?' ધૈવત અને મસ્તાની તેની સામે પ્રશ્નભરી નજરે જોઈ રહ્યા : 'કેવી રીતે ?'

'મારો વાંક છે,' રિષભાએ કહ્યું : 'મેં તમને કોઈને એ કહ્યું નથી. ગઈ કાલે જ રાત્રે મેં પપ્પાને દેવાનો હિસાબ માંડતા જોયા હતા. ઢગલો એક ખીલો અને ઉઘરાણીના કાગળો લઈને તે બેઠા હતા અને સરવાળો માંડતા હતા. મને લાગે છે કે, તે ખૂબ ચિંતામાં પડી ગયા હશે અને ખોટા સરવાળો કરી નાખ્યો હશે.

આંકડો બહુ મોટો હતો, અને એટલે જ આપઘાત જેવું ખતરનાક પગલું લેવાનું તેમને સૂઝ્યું હશે.' થોડીવાર થોભીને તે હોઠ ચાવતી રહી. પછી બોલી : 'કાલે તેમના ટેબલ પર ઊંઘની ગોળીઓની શીશી પણ પડેલી હતી. પણ મને પરિસ્થિતિ આટલી ગંભીર બનશે એવી કલ્પના પણ આવી નહોતી. પણ હવે લાગે છે કે, મારી ભૂલ થઈ હતી. મેં માની લીધું કે, ઘણીવાર તે એવું તો કરતા હોય છે. દરેક વાત પર ભારેખમ અને ગંભીર —'

'બરાબર છે,' ધૈવત બોલ્યો. મસ્તાનીએ પણ હકારામાં માથું હલાવ્યું : 'અભિનય તેમની દરેક રીતભાતમાં ભળી ગયેલી ચીજ છે.'

રિષભાએ કહ્યું : 'છતાં મારે એ ભૂલ કરવી જોઈતી નહોતી. મારે સમજવું જોઈતું હતું કે આવા છલોછલ કટોકટી ભર્યા સંજોગોમાં તો પપ્પા પણ અભિનય ભૂલી જાય. મેં મૂરખીએ તેમને ઠાલું આશ્વાસન આપ્યું. ગરમ કોફી અને એસ્પીરીન આપી. અને સંતોષ માની લીધો. જો કે ત્યારે તો પપ્પા પણ પાછા બિલકુલ સ્વસ્થ દેખાતા હતા. પાછા આનંદમાં આવી ગયા હતા. અને ઊંઘની ગોળીઓની શીશી પણ હું મારી સાથે જ લઈ ગઈ હતી.'

'તારી વાત સાચી છે,' ધૈવતે કહ્યું : 'તેં જે કર્યું તેમાં કંઈ ખોટું નથી. પણ આ વાત તેં અમને કહી હોત તો સારું હતું. અમે સાવચેત રહેત.'

'સાચું છે,' રિષભાએ કહ્યું, 'મારે તમને તે કહી દેવું જોઈતું હતું; અને કહી દીધું પણ હોત.' અને સહેજ અચકાતાં ઉમેર્યું : 'પણ ભૂલી ગઈ, તદ્દન ભૂલી જ ગઈ. મારા મનમાં બીજી એક બહુ મોટી ચિંતા હતી; બહુ મોટી ચિંતા હતી એટલે —'

તેને લાગ્યું કે તેનો અવાજ તૂટી રહ્યો હતો. એકાએક તેના મનમાં ભારભાર થવા લાગ્યો. નિરાશા ઘેરાવા માંડી. હંમેશ હંમેશ

તે ઇચ્છતી રહી હતી કે પોતાના આ કુટુંબ માટે તે કંઈનું કંઈ કરી નાખે; લાવી શકાય તો આભના તારા તોડી લાવે; કોઈ પણ જફા, કંઈ પે નુકસાન તેમને ન થાય તે જોવા માટે પહાડ ખોદી નાખે, પણ અરે, નસીબ! પોતે કંઈ જ કરી શકી નહોતી. કંઈક કરી છૂટવાની જ્યારે સખત જરૂર હતી ત્યારે જ તેણે લાચાર થઈ જવું પડ્યું હતું, આખું કુટુંબ, અને કુટુંબનું એક એક જણ જ્યારે કટોકટીના ભયાનક વમળમાં ફસાઈ ચૂક્યું હતું ત્યારે તેમને ઉગારવા તે કંઈ જ કરી શકી નહોતી. આ એનું જ પરિણામ હતું — પપ્પાએ આખી વાતનો એક ખતરનાક નાટકીય અંત લાવવાનો પ્રયાસ કરવો પડ્યો હતો. અને છતાં હજી, તેમને બહાર કાઢવાનો કોઈ માર્ગ શોધી કાઢવાને બદલે – કોઈ પણ માર્ગ શોધી કાઢવાને બદલે — તેણે માત્ર બેસી રહેવું પડતું હતું. લાચાર બનીને, ઉફ્!'

ધૈવત ગણગણ્યો: 'ઉફ્! કટોકટીની આ અંધારી ગુફામાં જ હવે આપણે સબડ્યા કરવાનું? કોઈ છે એવું જે આપણને આ ભયાનક સ્થિતિમાંથી બહાર કાઢે?' ઘડીક થોભીને તે બોલ્યો: 'અલબત્ત, આ ભયાનક સ્થિતિ સર્જનાર પણ આપણે જ છીએ– બીજું કોઈ નહિ. પણ તેથી શું ફેર પડે? હજાર વાર એ કબૂલ કરીએ તો પણ શું આ ગુફામાં અજવાસ થવાનો છે...?'

'ધૈવત,' મસ્તાની બોલી: 'તું જેની ઇચ્છા કરે છે તેને લોકો ચમત્કાર કહે છે. અને ચમત્કાર કદી થતા નથી.' મસ્તાની જે સ્વસ્થ રણકાથી બોલી તે જોતાં લાગતું હતું કે કમસેકમ, આઘાતમાંથી તો તે બહાર નીકળી ગઈ હતી. અને તેની હંમેશની નિરનીરાળી સ્થિતિમાં પહોંચી ગઈ હતી. તેણે કહ્યું:

'એવી કઈ ચીજ છે, કહે જોઉં? છે એવી કોઈ ચીજ જે પપ્પાને પહેલાં જેવા નચિંત અને આનંદી બનાવી શકે? એવી

કોઈ જાદુઈ લાકડીની કલ્પના તું કરી શકે છે જેને એક વાર ફેરવતાં જ તું એન્જિનિયર બની જાય ને હું વેનિસ પહોંચી જઉં?'

ધૈવત, એ સ્થિતિમાં પણ, જરાક હસી પડ્યો. પણ રિષભા, ખૂબ ગંભીર રિષભા, વધારે ગંભીર બની ગઈ. મનમાં ઊંડી ઊતરીને પૂતળાની જેમ સ્થિર બેસી રહી. એ જ વાત! એ જ રીતે મસ્તાનીના મુખે કહેવાઈ રહી હતી; એ જ હેબતાવી દેતી વાત જે થોડા કલાક પહેલાં ઉદયભાણુ તેને કહી રહ્યો હતો! થોડા કલાક પહેલાં જ ઉદયભાણે એ જાદુઈ લાકડી તેની સામે ધરી હતી – તેને સોંપી દેવાની તૈયારી બતાવી હતી. અલબત્ત, એ એક હાસ્યાસ્પદ, એક મૂર્ખતાભરી ઑફર હતી – પણ તેમ છતાં, એ ઑફરમાં જાદુઈ લાકડીનો તમામ શક્તિ મોજુદ હતી...... અને છેક છેલ્લી ઘડી સુધી તેણે કહ્યું હતું—'મારી આ ઑફર અને મારાં દ્વાર તારે માટે સદાય ખૂલ્લાં રહેશે'... અચાનક, એક ઝટકા સાથે તે બેઠી હતી ત્યાંથી ઊભી થઈ ગઈ.

અચંબાભેર તેની સામે જોઈ રહેલા ધૈવત અને મસ્તાની સામે જોતાં તેણે જલદી જલદી કહ્યું: 'ચાલો, હવે સૂઈ જઈએ.' અને સહેજ અટકતાં ફરી પૂછ્યું: 'પપ્પા પાસે કોઈએ રહેવાની જરૂર નથી? ડૉક્ટરે ખાતરીપૂર્વક એવું કહ્યું છે?'

'હા, હા,' મસ્તાનીએ કહ્યું અને બગાસું ખાધું: 'ચાલો, સૂઈ જઈએ.'

'ડૉક્ટરે ઘેનનું ઇન્જેક્શન આપેલું જ છે,' ધૈવતે પણ કહ્યું: 'એટલે સવાર સુધી તે જાગવાના નથી.'

અને સૂવા જવા માટે બારી-બારણાં બંધ કરતી મસ્તાનીને જોતાં રિષભાને લાગ્યું, તેના ખભા પર, માથા પર, આખા શરીર પર ભાર વધી રહ્યો હતો. જાણે મિનિટે મિનિટે તેની જવાબદારી વધતી જતી હતી. મસ્તાની દાદરો ચડીને ઉપર ગઈ. ધૈવત

ઓસરીમાં જઈને ખુરશીમાં બેઠો હતો. રિષભા તેની પાસે ગઈ. ધૈવત એક ચોપડી ખોલીને અંદર જોઈ રહ્યો હતો. રિષભાને ખાતરી હતી કે, ચોપડીમાં તે માત્ર જોતો જ હતો, વાંચતો નહોતો. રિષભા તેની પાસે ઊભી રહી એટલે તેણે 'ધડાક' અવાજ સાથે ચોપડી બંધ કરી.

રિષભાને ધૈવતની પણ ચિંતા થઈ આવી. ધૈવતનું મન પણ અંદરથી ભયંકર ઉથલપાથલમાં સપડાયું હોય તેવી શંકા પડી. બહુ આળું થઈ ગયું હતું રિષભાનું મન; બહુ ડરપોક થઈ ગયું હતું—ઘરના કોઈને પણ વ્યગ્ર જોતાં ફફડી ઊઠતું હતું.

'શું થાય છે, ધૈવત? કેમ અહીં બેઠો છે?'

'મને કંઈ નથી,' ધૈવતે તેની સામે મોં મરકાવ્યું.

'તો સૂઈ કેમ જતો નથી?'

'હમણાં સૂઈ જઈશ,' કહેતાં તેણે ચોપડી નીચે નાખી અને રિષભા સામે જોઈને બોલ્યો: 'રિષભા, તને નથી લાગતું કે આપણે હવે તો પપ્પાના બધા બીલો, ઊઘરાણીના કાગળો, નોટીસો, કુલ દેવાનો સરવાળો — બધું જોઈ લેવું જોઈએ? હવે તો આપણે જાણવું જોઈએ ને કે આપણી ઉપર કેટલાં માથોડાં પાણી છે! હું જાણું છું, તું કહેશે કે, એ કાગળો પપ્પાના ખાનગી કાગળો ગણાય; એ બાબત તેમની અંગત બાબત ગણાય. પણ એ બાબત જ આપણા સૌના જીવન-મરણનો સવાલ બની ગઈ છે – ગળે ટૂંપો દઈ રહી છે... પપ્પા તો આપણને કોઈને કંઈ કહેવાના નથી.'

રિષભા, હોઠ ચાવતી, થોડીવાર ચૂપ ઊભી રહી. અને પછી બોલી:

'તારી વાત સાચી છે. હવે તેમાં વિલંબ કરવાનો કંઈ અર્થ નથી. આપણે માથું નહિ મારીએ તો પરિસ્થિતિ કંઈ સુધરી જવાની નથી. બલ્કે, વધારે બગડી જશે — બનવાજોગ છે.'

'તો ચાલ,' કહેતો ધૈવત ઊભો થયો અને બન્ને હરસુખરાયના સ્ટડીરૂમમાં ગયા. ધૈવતે લાઈટ ચાલુ કરી. ટેબલ પર, ગઈ રાત્રે હતો એ જ તરેહતરેહના કાગળોનો જમેલો ચમકી ઊઠયો. ધૈવતે ધીમા અવાજે કહ્યું: 'એક થપ્પી તું લે. બીજી હું લઉં છું. આશા રાખીએ કે તેમાંથી આપણને સાચું ચિત્ર જોવા મળે.'

બન્ને ટેબલ પાસે સામસામે ઊભા રહીને કાગળો ઝડપથી તપાસવા માંડયા. ઓહ! કેટલો મોટો ખડકલો હતો! કેવો ભાંગી નાખે તેવો ભાર!

થોડીવારે ધૈવત બોલી ઊઠયો: 'તું એવી કલ્પના કરી શકે છે રિષભા, કે પપ્પાએ નાણાં ચૂકવ્યા પણ હોય?'

'એવું બની શકે નહિ. ન ચૂકવીને ચલાવી શકાતું હોય તો પપ્પા ચૂકવે નહિ. આ બીલો જ જોને. તારીખો જો તેની — કેટલાં વરસ થઈ ગયાં! પણ તું કેમ એવું પૂછે છે? કોઈ પહોંચો હાથમાં આવી?'

'પહોંચો તો ન હોવી જોઈએ,' ધૈવતે આંખો પટપટાવીને હાથમાંના કાગળો સામે જોતાં કહ્યું: 'પણ પહોંચો જેવું જ લાગે છે...એક મિનિટ. બરાબર જોવા દે.' અને પછી આઠ–દસ કાગળો જુદા પાડીને ઝટઝટ રિષભાની પાસે આવ્યો. બોલ્યો:

'હા, પહોંચો જ છે — પૈસા ચુકવ્યાની પહોંચો.' અને ફરી-વાર આંખો ઝીણી કરીને અંદર જોતાં બોલ્યો: 'આમાં તો આ મકાનની કંઈક વાત છે — આપણા ઘરની!'

'શું કહ્યું? ઘરની?' રિષભાએ હાથમાંના કાગળો ટેબલ પર નાખી દીધા. અને ધૈવતના હાથમાંના કાગળો લગભગ ઝૂંટવી લીધા. કાગળો હાથમાં લેતાં તે ગણગણી: 'પણ — ઘર સાથે કોઈને લેવાદેવા કેવી રીતે હોય? આ ઘર તો આપણું છે — મમ્મીનું છે! તને ખબર છે ને, આ ઘર મમ્મીના નામ પર છે?

એ એક વાતની જ મને ધરપત હતી. એની જ હિંમત હતી મને — ભલે બીજું કંઈ ન રહે આપણી પાસે, પણ માથું છૂપાવવા છાપરું તો છે!... આ ઘર માટે આપણે કોઈને એક પૈસો પણ આપવાનો નથી. જમીન ને પાયાથી માંડીને છાપરા સુધી તે આપણું છે — મમ્મીની માલિકીનું છે.'

અને પછી બોલવાનું એકાએક બંધ કરીને તે અધીરાઈથી પેલા કાગળોમાં જોવા લાગી. એક, પછી બીજી, પછી ત્રીજી — જેમ જેમ એ રસીદો જોતી ગઈ તેમ તેમ તેના મોં ઉપરથી લોહી ઊડી જવા લાગ્યું. સ્તબ્ધ થઈને તે ઊભી રહી. આંખો કાગળોમાં ખાલી તાકી રહી.

ભારેખમ, ગમગીન, ચૂપકીદીભરી ક્ષણો વીતતી ગઈ.

આખરે ધૈવતે ચૂપકીદી તોડી: 'જોયું તેં?'

રિષભાએ હેબતાઈ ગયેલી આંખો ધૈવતની સામે માંડી. ખાલી — તદ્દન ખાલી એ આંખોના ડોળા ખૂબ મોટા લાગતા હતા.

'ઘર — ઘર ગીરવી મૂકાઈ ચૂકેલું છે? આ બધી તેના વ્યાજની પહોંચો છે!'

'હં! છેલ્લામાં છેલ્લી પહોંચની તારીખ જોઈ લે. એક વરસ કરતાં ય વધારે સમય પહેલાંની. કંઈ સમજાય છે? એક વરસ કરતાં ય વધારે સમયથી વ્યાજ પણ ચૂકવાયું નથી.'

રિષભાની લૂખ્ખી આંખોમાં ડોળા વધારે મોટા થયા. સૂક્કા હોઠ પર જીભ ફેરવતી તે બોલી — અવાજ સાવ દબાઈ જતો હતો: 'તો પછી — તો પછી આ ઘર પણ આપણું નથી?!'

'એવું જ લાગે છે,' ધૈવતે કહ્યું, અને હથેળી વડે જોરથી આંખો ચોળતાં ઉમેર્યું: 'ગીરોખતમાં કેવી શરતો હશે—શી ખબર! આ પહોંચો પરથી એ કહી શકાય નહિ. પણ ગીરોનું વ્યાજ

પણ ન ચૂકવવાનું પરિણામ એક જ હોય છે, સમજી શકાય તેવું હોય છે!'

એક પળ, રિષભાના હોઠ સામસામે ભીડાઈ ગયા; જોરથી કંપી રહ્યા; અને તે જાણે ચીસ પાડી ઊઠી:

'ધૈવત' ધૈવત! આપણે — શું આપણે ઘર વિનાના પણ થઈ જઈશું?'

ધૈવત હોઠ ભીડીને ચૂપ ઊભો રહ્યો.

એકાએક, રિષભાને લાગ્યું કે તેની છાતીમાં, તેના પેટમાં જોરથી કંઈક અધ્ધર ચડતું હતું. જોરથી ઉબકા આવતા હતા—

૧૦

રિષભાની દબાયેલી ચીસ, તેનો તદ્દન સફેદ અમાનવીય ચહેરો અને લૂખ્ખા, મોટા ડોળા જોઈને ધૈવત ઘડીભર હેબતાઈ ગયો. તેનું હૃદય ભયથી ફફડી ઊઠયું.

પણ થોડીક પળમાં જ તેણે જાત પર કાબૂ લઈ લીધો. ડગલું આગળ માંડીને તે રિષભાની પાસે ગયો. તેના બેય ખભા પકડીને સહેજ હલાવી નાખ્યા અને બોલ્યો :

‘આ શું, રિષભા? આ શું કરી રહી છે?...પ્લીઝ, આવું પાગલપણ ન કર, રિષભા. આનો શું અર્થ છે? શું લાભ છે આનાથી?’ અને પછી તેને ખુરશીમાં બેસાડતાં કહ્યું: ‘મગજ પરથી બધા જ આમ કાબૂ ગુમાવતા જઈશું તો — તો ઊલટા વધારે ખરાબ કળણમાં ફસાતા જઈશું. આપણને અત્યારે એ પોસાય તેમ નથી, એટલું તો સમજે છે ને તું?...શાંત થા. ઘડીક શાંત થઈને બેસ. હજી મને બધું બરાબર જોવા દે. કદાચ — કદાચ, હકીકત આપણે માની લીધી છે એટલી ભયાનક ન પણ હોય...તારે કંઈ પીવું છે–ચા કે કૉફી કે—’

રિષભાએ માથું ધૂણાવીને ના કહી. સ્વસ્થ થવાનો, સત્વર સ્વસ્થ થઈ જવાનો જબરજસ્ત પ્રયાસ તે કરી રહી હતી. થોડીક સ્વસ્થ તે થઈ પણ શકી હતી. તે બોલી :

‘ના, ધૈવત. એવી કંઈ જરૂર નથી. હવે હું બરાબર છું.’

ધૈવતના ચહેરા પર હાશકારો તરી આવ્યો. મન જરા હેઠું બેઠું. હોઠ જરા મરકાવતાં તેણે કહ્યું :

‘ભગવાનનો એટલો પાડ. પણ હવે બરાબર જ રહેજે, રિષભા. જે આફત આવી પડી છે એ જ એટલી મોટી છે, કે હવે તને કંઈ થશે તો પછી અસહ્ય થઈ જશે! ભલી થઈને તારી જાતને સંભાળી રાખજે; નહિતર, બધું તૂટી પડશે — બધા જ ભાંગી પડીશું.’ ધૈવતની આંખોમાં સાચેસાચી ચિંતા ભરી હતી.

‘હું બરાબર જ છું,’ રિષભાએ કહ્યું અને ધૈવત સામે હસવા પ્રયાસ કર્યો : ‘ચિંતા ન કર. હું બિલકુલ સ્વસ્થ છું. હવે મને કંઈ થવાનું નથી, બસ? ખોટી કલ્પનાઓ ન કર.’

‘તો સારું,’ ધૈવતે કહ્યું અને ફરી પાછો વિચારોમાં અને ટેબલ પરના કાગળોમાં ખોવાઈ ગયો. રિષભા, શૂન્યમનસ્ક તેની સામે જોઈ રહી. જોતી ગઈ તેમ તેમ મનમાં વિચારો જાગવા લાગ્યા : ‘શા માટે? શા માટે પોતે હજી પેલી મહત્ત્વની વાત, પેલી ખતરનાક વાત ધૈવતથી છૂપાવી રહી હતી? શા માટે તેને કહી દેતી નહોતી? આજે સાંજે જ ઉદયભાણ સાથેની પોતાની મુલાકાત, મુલાકાત પાછળનું કારણ, ભોંયમાંથી ભાલાની જેમ ફૂટી નીકળેલી ઉદયભાણની ગજબનાક ઑફર — બધું ધૈવતને તે હજી યે કેમ કહેતી નથી? કેમ તેનો મત જાણવા, તેનું મન જાણવા — આમે ય, ઘરમાં એક ધૈવત જ એવો હતો જેની સાથે તે ઘરની સમસ્યારૂપ વાતો કરી શકતી હતી. અને અત્યારની સમસ્યા જીવનની સૌથી વિકટ સમસ્યા હતી — સૌને માટે સરખી જ ભયંકર સમસ્યા હતી; તેના વિષે જાણવાનો, વિચાર કરવાનો અધિકાર ધૈવતને પણ હતો– જેટલો પોતાને હતો તેટલો જ!’

‘ખરેખર? ખરેખર ધૈવતને આજની વાત જાણવાનો અધિકાર હતો? એ વાત તેને કહી દેવી જોઈએ? કે — કે પછી એ

તેની એકલીની જ બાબત હતી ? તેની એકલીની અંગત બાબત ?...'

'માની લઈએ કે — દલીલને ખાતર ઘડીભર માની લઈએ કે — ઉદયભાણુની ઓફર પર પોતે ફેરવિચાર કરે; અત્યાર સુધી કર્યો હતો તેના કરતાં જુદી રીતે વિચાર કરે તો ? તો તો તેણે કોઈને એ કહેવું ન જોઈએ — ખાસ કરીને ધૈવતને તો ન જ કહેવું જોઈએ — કે કયા સંજોગોએ તેને એવો વિચાર કરવા મજબૂર બનાવી હતી. ધૈવતને તે સારી રીતે ઓળખતી હતી. આવા વિચાર સાથે તે સહમત ન જ થાય. સંપૂર્ણ હાસ્યાસ્પદ અને મૂર્ખતાભર્યો જ ગણી કાઢે એ વિચારને... અને હકીકતે એ વિચાર હતો પણ એવો જ ને ? હાસ્યાસ્પદ અને મૂર્ખતાપૂર્ણ ?... પણ એ વિચાર હવે કેમ નવો લાગતો હતો ? પહેલીવાર લાગ્યો'તો તેટલો હાસ્યાસ્પદ ને મૂર્ખતાપૂર્ણ હવે કેમ લાગતો નહોતો ? ઊલટું, હવે તેના પર વિચાર કરવા જેવું લાગતું હતું — કેમ ?

વિચારોનો હવે બહુ થાક લાગતો હતો. બહુ ત્રાસ થતો હતો વિચારોથી. ટેબલ પર બન્ને હાથની કોણી લંબાવીને તેણે માથું હાથ પર ઢાળી દીધું.

પણ વિચારો એધો મૂકતા નહોતા.

'જોઈએ તેટલા પૈસા ! ઢગલે ઢગલા પૈસા ! કેટલું અદ્ભુત ! જોઈએ પૈસાથી લાવી શકાય એવી હરકોઈ ચીજ લઈ આવવા માટે જોઈએ તેટલા પૈસા !... ખરેખર, અદ્ભુત !'

'ઉદયભાણે એ જ કહ્યું હતું ને ? અને 'હરકોઈ ચીજ' એટલે તેને મન કઈ કઈ ચીજ નહિ હોય ? આટલી વિપુલ સંપત્તિના એકલાઅટુલા માલિકને મન 'હરકોઈ ચીજ'માં આખી દુનિયાની ચીજો સમાઈ જતી હોય, સ્વાભાવિક છે ! ઓહ ! હાઉ ફેન્ટેસ્ટિક ! ઉદયભાણુ જેવો, હરેક વાતમાં અતિરેક કરનાર માણસ, પૈસા ખર્ચવાની બાબતમાં પણ એવો જ અતિરેક કરી શકે; અને

તો — અને તો આ કુટુંબની તમામ આપત્તિ માત્ર ચપટી વગાડતાંમાં તો...'

ખૂબ અકળાઈને, ખૂબ વાજ આવી જઈને તેણે જોરથી માથું ધૂણાવ્યું. ધૈવતે ત્યારે જ કાગળોમાંથી ઊંચું જોયું, અને હથેળી વડે આંખો ચોળતો, માથું ધૂણાવીને બોલ્યો. એ સાંભળીને રિષભા ફાટી આંખે તેની સામે તાકી રહી. એમ જ થવું જોઈએ. એ જ સ્વાભાવિક હતું કારણ, ધૈવત એવું જ બોલ્યો હતો — રિષભાએ ધૈવત વિષે કદી કલ્પ્યું પણ નહોતું એવું બોલ્યો હતો :

'ફક્ત એકવાર — ફક્ત એકવાર ભગવાન એવું કંઈક કરી નાખે કે કોઈ લાખોપતિ સ્ત્રી મારી સાથે... ભલે વિધવા હોય, ભલે ગમે તેવી હોય — ફક્ત લાખોપતિ હોય...' અને પછી ઘડીક અટકીને રિષભા સામે હોઠ મરકાવતાં માથું ધૂણાવીને તેણે ઉમેર્યું : 'આ પાતાળકૂવામાંથી બહાર નીકળવાનો બીજો કોઈ રસ્તો મને દેખાતો નથી.'

'પાતાળકૂવો ?' ચમકી જતાં રિષભાએ પૂછ્યું : 'હાલત ખરેખર એટલી ખરાબ છે ?'

'જો હું કહું કે, તેનાથી વધારે ખરાબ તો તું ભાંગી તો નહિ પડેને ? બીમાર તો નહિ થઈ જાય ને ?'

'ના,' રિષભાએ કહ્યું : 'એવી ભીતી ન રાખીશ. હું પૂરેપૂરું ને સાચેસાચું જાણું એ વધારે જરૂરી છે.'

'તો સાંભળ,' ધૈવતે નજર તેના પર ઠેરવતાં કહ્યું : 'આ કાગળોમાંથી હું સમજી શક્યો છું ત્યાં સુધી ઘર તો આપણે ગુમાવ્યું છે. ઘર પરના ગીરોના બોજા ઉપરાંત પપ્પાએ ગામની ક્રેડિટ સોસાયટી અને નાગરિક બેંકમાંથી લોનો ઉપાડેલી છે — બબ્બેવાર ! ને એકેયનું પૂરું વ્યાજ પણ ચૂકવી શક્યા નથી.

અને ખરાબમાં ખરાબ તો તેમણે એ કર્યું છે કે, વ્યાજખોર ધીરધારિયા પાસેથી પણ રકમો ઉપાડી છે — પઠાણી વ્યાજે!'...

જાણે એકાએક તદ્દન હતાશ થઈ જતો હોય તેમ માથું ધૂણાવીને તે ઘડીક ચૂપચાપ નીચું જોઈ રહ્યો અને પછી જોરથી નિસાસો મૂકતાં બોલ્યો :

'ડાકણ હજી બારણે જ ઊભી છે એમ આપણે માનતા હતા. ગમે તેમ કરીને, ડાકલાં વગાડીને તેને ભગાડી શકાશે એવા ભ્રમમાં હતા. પણ જોયું ને? હવે તો તે ઘરની અંદર પેસી ગઈ છે, ખૂણેખૂણે ફેલાઈ ગઈ છે. બચવું શી રીતે?'

નિઃસહાયતા અને નાહિંમતનું એક ટાઢુંબોળ લખલખું રિષભાને માથાથી પગ સુધી ઊતરી ગયું. તે બોલી — અવાજ ન નીકળી શક્યો — અવાજ વિનાના ખાલી હવા જેવા શબ્દોમાં તે બોલી :

'હવે આપણું શું થશે, ધૈવત?'

બે ય હોઠ સામસામા દબાવીને, એક કડવું સ્મિત હોઠ પર લાવતાં ધૈવતે કહ્યું :

'શી ખબર! કોઈને ય તેની ખબર ન પડી શકે, રિષભા. પણ કંઈક તો થશે — આમ ને આમ, આજ સુધી ચાલ્યું તેમ, હવે નહિ ચાલે. કંઈક તો થશે.' અને ફરીવાર ઘડીક તેની સામે જોઈ રહેતા, કડવું સ્મિત કરતાં કહ્યું : 'ખેર, અત્યારે તો ચાલ. રાતના બે વાગવા આવ્યા છે. સૂઈ જઈએ.'

રિષભા ધીરેથી ઊભી થઈ. શરીર આખું અકડાઈ ગયું હતું. ધૈવત સાથે ડગલું માંડતાં તે બોલી :

'આપણે ત્રણે જણાએ હવે નોકરી શોધી લેવી પડશે — વહેલામાં વહેલી તકે...' પણ પોતાની એ વાત તેને પોતાને જ ખોખલી લાગી, દમ વગરની. અને અવાજ બોદો લાગ્યો — ડરી ગયેલો.

'નોકરી?' ધૈવત બોલ્યો : 'નોકરી તો મેં શોધી લીધી છે, આજે જ!'

'હેં? સાચું, ધૈવત?' રિષભા પળભર ઉત્સાહમાં આવી ગઈ : 'કઈ નોકરી? ક્યાં મળી?... અત્યાર સુધીમાં તેં મને કહ્યું કેમ નહિ?... વાહ! કેટલું સરસ!'...

'એમાં સરસ કશું નથી, રિષભા. નોકરી બેશક મળી છે, વાડીકાકાના મેડીકલ સ્ટોરમાં. અને પગાર પણ મળવાનો મહિને અઢીસો રૂપિયા!'

'ઓહ!' રિષભા કંઈ બોલી ન શકી. બધો ઉત્સાહ વરાળની જેમ ઊડી ગયો. આંખના ખૂણામાં આંસુનાં ઊનાં ઊનાં ટીપાં ખૂંચવા માંડ્યા.

'હું સમજું છું, રિષભા.' ધૈવતે કહ્યું : 'મારા પગારના અઢીસો રૂપિયા — અરે, આપણા ત્રણ જણના ગણીએ તો સાડા સાતસો રૂપિયા. અઢી સો રૂપિયાથી વધારે પગારની આશા — ગુમાસ્તાગીરીમાં તો — શેખચલ્લીના મિનારા જેવી જ ગણાય.' અને પાછળ ફરીને ટેબલ પરનાં કાગળો તરફ આંગળી ચીંધતાં ઉમેર્યું : 'આની અંદર ભરાઈ બેઠેલા દેવાના ગગનચુંબી મિનારા સામે બિચ્ચારા સાડા સાતસો રૂપિયા કઈ ધાડ મારી શકે? તું એ જ વિચાર કરે છે ને?'

'ના, હું એ વિચાર નથી કરતી,' રિષભા આયાસપૂર્વક જૂઠું બોલી : 'ગમે તેમ, પણ તેં નોકરી શોધી કાઢી એ બહુ સારું કર્યું. આજે ને આજે જ નોકરી મળી ગઈ એ બહુ સારું થયું. તું બહુ સારો છે, બહુ સમજુ છે...'

ધૈવત તેની સામે લૂખ્ખું હસ્યો. તેણે કહ્યું : 'ભલે, ચાલ સૂઈ જઈએ.'

દાદરો ચડતાં ચડતાં રિષભા ધૂંધવાટ ભર્યા, સખત બોજભર્યા વિચારો. કરી રહી હતી.

'ધૈવત! શાણો, સમજુ, પ્રેમાળ ધૈવત! એન્જિનિયર બનવાના એક વાજબી ખ્વાબમાં આજ સુધી જીવેલો ધૈવત! હવે એ શું બની જશે? દવાની દુકાનનો એક ગુમાસ્તો! ઓહ!... ઉદયભાણુ કહેતો હતો — થોડા કલાક પહેલાં જ સંપૂર્ણ ભારપૂર્વક કહેતો હતો કે ધૈવતને તો તે ચપટી વગાડતાં એન્જિનિયરીંગ કોલેજમાં બેસાડી શકે!...'

મોટાભાગની રાત વહી ગઈ હતી. ધૈવત અને તે પથારીમાં પડયા ત્યારે સવાર બહુ દૂર નહોતી. થોડા કલાક ઊંઘી જવાય તો સારું હતું, જરૂરી યે હતું. પણ રિષભા ઘણીવાર સુધી ઊંઘી ન શકી. અંધારામાં નિરુદ્દેશ તાકી રહેલી તેની આંખો સામે ઘરની અત્યંત કફોડી હાલત નવાં નવાં બિહામણાં રૂપ ધરીને નાચતી રહી.

અને સાંજે ઉદયભાણુના તોતીંગ બંગલાના વિશાળ ખંડની નીરવતામાં ભજવાઈ ગયેલાં ચિત્રવિચિત્ર દૃશ્યો. ઉદયભાણુની તરેહતરેહની તસવીરો, તેનાં અજબગજબ વેણ આંખો સામે સરકતાં રહ્યાં, વળી વળીને યાદ આવતાં રહ્યાં. એવું જ બની ગયું હતું બધું. એ યાદ ન કરવાનું અશક્ય હતું — ઉદયભાણુના આડાટેડા, મર્માળાં વેણ, અકલ્પ્ય ઉદારતા; વિસ્મયજનક ઠંડક, અજબ નિર્લજ્જતા... ના, નિર્લજ્જ કહેવાય એવું તો ક્યાં કંઈ કર્યું'તું, ક્યાં કંઈ કહ્યું'તું તેણે? ગમે તેમ, પણ એ બધાનો અર્થ શું કરવો? બધું ભેગું થઈને જે ચિત્ર ઉપસાવતું હતું તેનું મોં-માથું શી રીતે પકડવું?... ખરું વિચિત્ર હતું. તેની બધી વાતો — બધી વાતો નહિ તો પેલી ખતરનાક ઓફરને ગંભીર ગણી શકાય કદી? ભરોસો મૂકી શકાય? અને માની લઈએ ઘડીભર કે ભરોસો મૂકી શકાય, તો પણ તેની સાથે લગ્ન કરી શકાય? બાપરે, કેટલું

અકલ્પ્ય! પણ માની લો કે, લગ્ન કર્યાં તો પણ મનમેળ થઈ શકે તેની સાથે? ઉદયભાણુ સાથે? કેટલું અશક્ય? મનમેળની તો વાત જ ક્યાં રહી, લગ્નની પહેલી જ રાતે કાં તો પોતે આપઘાત કરવો પડે — કાં તો ખૂન!... અંધારામાં રિષભાના ડોળા મોટા થઈ ગયા.

લગ્ન!...

લગ્નનો વિચાર એક તદ્દન નવો વિચાર હતો તેને માટે. લગ્નનો વિચાર કરવાની જરૂર અત્યાર સુધી પડી જ નહોતી. હા, બે વાર, કદાચ ત્રણ વાર એવા સંપર્કો થઈ ગયા હતા — જરાક ખેંચાઈ જવાય તેવા. એક-બે વાર તે પીગળી પણ ગઈ હતી, તણાવા પણ લાગી હતી. એકાદ વાર એવું પણ માની ચૂકી હતી કે પોતે પ્રેમમાં છે. પણ એ બધાની ઉપરવટ નીકળી જાય, કશાને ઊંડે સુધી ન ઉતરવા દે એવી એક સજાગતા તેના મનમાં ભડભડતી રહી હતી — પોતાનું આ કુટુંબ, કુટુંબનું શ્રેય બીજી બધી ચીજો કરતાં વધારે કિંમતી હતું — અનેકગણું વધારે. બીજું કારણ કદાચ એ હતું કે આખા ગામના લોકોને આ ઘરની બધી જ ખબર હતી. એક દમડી પણ વિનાનું કુટુંબ, ભલે બહુ સુંદર હોય છતાં, સરયુબાની લખલૂટ દોલતનો વારસો એક દિવસ મેળવશે એ વાતમાં કોઈને શ્રદ્ધા નહોતી. એવી શ્રદ્ધાના આધારે કોઈ સારા ઘરના છોકરા માટે આ કુટુંબનો છોકરીનું માગું કોઈએ મૂક્યું નહોતું. સુંદર કરિયાવર વિનાની વહુ કોઈને ય સુંદર લાગી નહોતી.

અને તેનો કોઈ રંજ કે અસંતોષ તન્નાકુટુંબે કદી અનુભવ્યો પણ નહોતો. એ કુટુંબના લોહીમાં એ ગુણ નહોતો. મસ્તીમાં જીવવું, એક અત્યંત ઉજળા ભવિષ્યની આશામાં બેફિકર જીવવું એ સૌથી ઉપરનો, સૌથી પ્રધાન ગુણ હતો તેનો. રિષભા પણ; વત્તેઓછે અંશે, એમ જ જીવી હતી આજ સુધી. અને એટલે જ

ભાવિનો કોઈ સ્પષ્ટ નકશો તેણે મનમાં બનાવ્યો નહોતો.

પણ હવે, આજે બધું જ બદલાઈ ગયું હતું. બદલાઈને ભયાનક બની ગયું હતું. વાસ્તવિકતા તેની સામે નગ્ન ખડી થઈ હતી — કોઈ ઉકેલ, કોઈક નિર્ણય તાકીદે કરી લેવાનો તકાદો કરી રહી હતી. અને એ તકાદાના વજનથી ઉદયભાણુની પેલી વિચિત્ર બેહૂદી, હલકી ઑફરમાં પણ કંઈક ઉપયોગિતા, કંઈક મૂલ્ય ઉમેરાઈ રહ્યું હતું. એક જ ઝટકે ફેંકી દેવા જેવી એ વાત પર, સહેજ થોભી જઈને, વિચાર કરવા જેવું લાગતું હતું!

'તેની વાતમાં, કમસેકમ એ વખતે તો, કોઈ તર્કટ, કોઈ છીછરાપણું લાગતું નહોતું!' રિષભા વિચારી રહી: 'વાત પોતે ભલે બેહૂદી હતી, તિરસ્કારવા જેવી હતી, પણ ગંભીરતાથી કહેવાયેલી હતી. કોઈક અગમ્ય કારણસર તે ઇચ્છતો તો હતો જ કે એ ઑફર હું સ્વીકારું.'

વિચારો દલીલો અને પ્રતિદલીલોનું ચક્ર ઘૂમતું રહ્યું. એક વિચારની પાછળ, એક દલીલની સામે, વિચારો અને દલીલો ધસી આવતા રહ્યા: 'અને એ મુદ્દો પણ વિચારવા જેવો નથી કે તેણે મારી પાસે સ્પષ્ટપણે લગ્નની જ દરખાસ્ત મૂકી? નહીંતર, તે તો બીજા જ પ્રકારના સંબંધો સ્થાપવા માટે જાણીતો છે! પણ પોતાને તો તેણે ચોખ્ખું કહ્યું હતું કે, તેના જેવી સ્ત્રી માટે લગ્ન સિવાય 'અન્ય કોઈ' વિચાર તે કરી શકતો જ નથી. મસ્તાની પાસે 'અન્ય કોઈ' વાત મૂકતાં તે આમ અચકાયો નહીં જ હોય. પોતાની પાસે અચકાયો હતો–કેમ? અને મસ્તાનીએ એવી 'અન્ય કોઈ' વાત વિના આનાકાની એ સ્વીકારી પણ લીધી હશે. કદાચ, એ જ તફાવત હતો મસ્તાનીના પ્રકાર અને પોતાના પ્રકારમાં — ઉદયભાણુ એ તફાવત તરફ ઈશારો કરી રહ્યો હતો?

કદાચ, હા. તે કદાચ, એ જ કહેવા માગતો હતો. અને એ

સાચું છે — હું એવી 'અન્ય કોઈ' ઑફર જીવતંજીવ તો ન જ સ્વીકારું. પણ લગ્ન એ જુદી વાત છે — 'અન્ય કોઈ' કરતાં ખૂબ જ જુદી, ખૂબ જ વાજબી. જો કે તેના જેવા માણસને મન લગ્ન અને 'અન્ય કોઈ' સંબંધ વચ્ચે કેટલો ફેર હશે એ જોવું જોઈએ...

પણ અત્યારે એ મુદ્દો એટલો મહત્ત્વનો નહોતો. મહત્ત્વનો મુદ્દો એ હતો કે, ઉદયભાણુની ઑફર પોતે સ્વીકારે અને મસ્તાની સ્વીકારે તેથી આભજમીનનું અંતર પડી શકતું હતું. પોતે સ્વીકારે તો આખું કુટુંબ એક સંપૂર્ણ વિનાશની સ્થિતિમાંથી હેમખેમ ઉગરી જઈ શકતું હતું — કંઈ પણ ખરાબ આડઅસર વિના, અને મસ્તાની સ્વીકારે તો તેનો માત્ર આઘાત જ પિતાનો જીવ લઈ શકતો હતો. વળી તેથી મસ્તાનીની ખૂદની જિંદગી પણ રોળાઈ જ જતી હતી અને ઘરના બીજા કોઈને પણ કંઈ જ મદદ થઈ શકતી નહોતી; કેવળ હાનિ જ થવાની હતી — સૌથી વધુ પિતાને!...'

'અને મસ્તાની એ ઑફર સ્વીકારી જ લેશે — જો તેની યે પહેલાં પોતે નહિ સ્વીકારી લે તો, રિષભાએ નગ્ન વાસ્તવિકતાને લક્ષમાં લેતાં વિચાર્યું: 'અને જો મસ્તાની તે સ્વીકારી લે તો સૌની હાલત અત્યારે છે તેના કરતાં ય કેટલાગણી ભયંકર બની જાય? હાય, ભગવાન!'...

પાસે જ સૂતેલી મસ્તાનીનો એકધારો શ્વાસનો અવાજ તે સાંભળી રહી. મસ્તાની ઘસઘસાટ ઊંઘી રહી હતી — બાળકની જેમ. રિષભાને લાગ્યું, તે વહેલા પુખ્ત બની ગયેલા બાળક જેવી જ હતી. તેની સાથે જીવનની અટપટી વાસ્તવિકતા વિષે દલીલ કેવી રીતે કરી શકાય? જીવનનાં તેનાં મૂલ્યો પુખ્ત, સમજદાર દુનિયાના મૂલ્યો કરતાં નીરાળા હતા.

'મસ્તાનીને એ ખતરનાક માર્ગે ન જ જવા દેવાય,' રિષભાએ નિશ્ચય કર્યો: 'જરૂર પડે તો સોટીથી તેને ફટકારી નાખીશ; પણ એ માર્ગે તેને નહિ જવા દઉં.'

રિષભાની આંખો ઊંઘના ભારથી મીંચાવા લાગી ત્યારે પરોઢના દૂધિયા પ્રકાશના શેરડા આકાશમાં ફૂટી રહ્યા હતા. રિષભાના કાનમાં ઉદયભાણુના હસવું આવે તેવા શબ્દો ગણી ગણી રહ્યા હતા :

'આજે મોડી રાતે જ તું ઘેરથી મને ફોન કરે કે તેં નિર્ણય બદલ્યો છે, તો રાતોરાત ગમે તે ઝવેરીની દુકાન ખોલાવીને હિરાની વીંટી સહિત સવારના પહોરમાં તારી સામે ઊભો રહું !'...

આવી સ્થિતિમાં, ઊંઘથી બીડાઈ જતી આંખે પણ રિષભાના હોઠ જરાક હસી ગયા. તે મનમાં ગણગણી : 'આજની રાત્રે તો હવે સમય નથી !' અને પડખું ફેરવીને ઊંઘી ગઈ.

૧૧

બીજા દિવસે સવારે મોડી ઊઠીને પ્રિયંકા નીચે આવી અને આવતાં જ તેના વિલક્ષણ નાકમાં 'ઘરમાં કંઈક બની ગયાની' ગંધ આવવા માંડી. બધાના ચહેરા પર તીણી, શંકાભરી નજર નોંધતી તે જાણે હવાને સૂંઘવા માંડી. બ્રશ કરીને ચા પીવા રસોડામાં આવી ત્યાં સુધીમાં એટલી ખબર તો તે મેળવી ચૂકી હતી કે, પપ્પા રાત્રે સાવ ઓચિંતા 'બીમાર' થઈ ગયા હતા અને હવે તેમના સ્ટડીરૂમના બારણાં બંધ હતા. એકવાર પ્રિયંકાએ કોઈ વાત સૂંઘી લીધી એટલે — વેળા કવેળા જોયા વિના — તેના પ્રશ્નો છૂટવા લાગશે જ એની ઘરમાં સૌને ખબર હતી એટલે સૌ સભાનતા-પૂર્વક સાવચેત હતા — ને એ જોઈને પ્રિયંકાના મનમાં પ્રશ્નો વધારે ઉતાવળા થઈ રહ્યા હતા.

'પપ્પાને રાત સુધી તો કંઈ નહોતું,' ચા પીતાં તેણે પ્રારંભ કર્યો : 'એકાએક શી રીતે માંદા થઈ ગયા ?'

જવાબ કોઈએ ન આપ્યો.

થોડીવાર ચૂપ બેસી રહીને પ્રિયંકા ફરીવાર બોલી : 'ચિંતામાં એવા થઈ ગયા હશે ? પૈસાની ચિંતામાં ?...'

'ના, એવું કંઈ નથી,' ધૈવતે કહ્યું.

થોડીવાર તેની સામે જોઈ રહીને વાળના છૂટા ઝૂલ્ફામાં આંગળીઓ ફેરવતાં તેણે આંખો પહોળી કરી અને ગણગણી : 'તો

તો ખૂબ જ નવાઈભર્યું કહેવાય, નહિ ?'

'એમાં નવાઈભર્યું શું છે ?' ધૈવતે મક્કમ અવાજે કહ્યું : 'લોકો માંદા ન પડે ?'

'પડે હું ક્યાં ના કહું છું,' પ્રિયંકાએ કહ્યું : 'પણ લોકોને માંદા પડવાનાં કારણ હોય છે — શરદી, તાવ, બી. પી. ગમે તે. પણ પપ્પાને તો એવું કંઈ નહોતું — મેં જોયું 'તું ને, રાત્રે હું સૂઈ ગઈ ત્યાં સુધી કંઈ નહોતું.' અને વારાફરતી બધાની સામે, તલાશી લેતી હોય તેમ નજર ફેરવી.

રિષભા અકળાઈ રહી હતી. પ્રિયંકાની તેને બીક હતી. જો સાચી વાતની પ્રિયંકાને ખબર પડી જાય તો, સાંજે તે સ્કૂલેથી પાછી આવે ત્યાં સુધીમાં આખી સ્કૂલને, અને રાત સુધીમાં આખા ગામને ખબર પડી જાય કે હરસુખરાયે આખરે ઝેર ઘોળ્યું હતું. અને તો પછી, બાપ રે ! પપ્પાને ઘરમાંથી બહાર નીકળવું પણ —

એકદમ તેણે પ્રિયંકાને કહ્યું : 'એક તો મોડી ઊઠી છે ને હજી નકામી વાતો કરવા બેસી રહેવું છે ? સ્કૂલમાં કેટલી મોડી પડીશ, ખબર છે કંઈ ?'

પ્રિયંકા સહેજ ચમકી. સદ્‌ભાગ્યે, રિષભાની વાત સાચી હતી — પ્રિયંકાનો પાટો બદલી નાખે તેટલી સાચી.

અને પછી પ્રિયંકાની દોડાદોડી શરૂ થઈ ગઈ. નાહી ધોઈ, કપડાં બદલી, તૈયાર થઈને છેલ્લે દફતરની બહાર નીકળીને ગૂમ થયેલી ચોપડીઓ શોધવા લાગી જવાની તેણે સૌને હાકલ કરી. પ્રિયંકાની ચોપડીઓની હમણાં હમણાં એ ખૂબી બની ગઈ હતી. સરયુબાના મરી જવાના સમાચાર આવ્યા એ પછીથી ચોપડીઓ ભેદી રીતે 'ખોવાઈ' જવા લાગી'તી. અવારનવાર ઘરના બધાએ એ ચોપડીઓને શોધવા ઘરનો ખૂણે ખૂણો ફેંદી નાખવો પડતો હતો અને બધી ચોપડીઓ શોધાઈ જાય ત્યાં સુધીમાં સ્કૂલ શરૂ

થઈ ગયા પછીનો કલાક-પોણો કલાક વીતી જતો હતો. પ્રિયંકાની બૂમો અને પગપછાડા ત્યાં સુધી ચાલુ રહેતા અને પછી એટલું મોડું સ્કૂલે જવાનું માંડી વાળવાની દરખાસ્ત રજૂ થતી. આજે પણ એ જ નાટક ફરી ભજવાયું. અલબત્ત, પ્રિયંકાના ભાગે માથું દુખતું હોવાનો અભિનય વધારાનો આવ્યો હતો.

પણ ભણવાની વાત પર ધૈવત સૌથી વધારે સંવેદનશીલ હતો. સ્કૂલે ન જવાની વાતથી જ તે છેડાઈ પડયો હતો. રિષભાએ જોયું કે, પ્રિયંકા પણ હઠે ચડી હતી. આ એક બિનમહત્ત્વની વાત પર કોઈનાં મગજ ઉકળે અને કલાક-બે કલાક વ્યર્થ વેડફાઈ જાય એ, આજના દિવસે, સારું નહોતું. તેણે પ્રિયંકાને ઉપર જઈને કંઈક વાંચવાનું કહ્યું. તે ગઈ એટલે ધૈવતની પાસે ગઈ અને ધીરેથી પૂછ્યું :

'તું નોકરી ક્યારથી શરૂ કરે છે, ધૈવત ?'

'ચાર દિવસ પછી આવવાનું વાડીકાકાએ કહ્યું છે.'

'સરસ !' રિષભા બોલી અને મનમાં વિચારી રહી : 'તો બહુ સારું. ચાર દિવસ પણ પૂરતા થઈ પડશે. એકવાર પોતે ઉદય-ભાણને મળી લે પછી, તદ્દન શક્ય છે કે, પોતે ધૈવતને કહી શકશે — તારે નોકરી કરવાની જરૂર નહિ પડે, ધૈવત. તું તારી ઇચ્છા જેટલું ભણી શકશે — એન્જિનિયર બની શકશે...'

ધૈવત ન્હાવા માટે ગયો એટલે રિષભા ઊઠી અને હરસુખરાયના સ્ટડીરૂમમાં ગઈ, જ્યાં અર્ધા શરમીંદા, અર્ધા વ્યાકુળ હરસુખરાય, પોતાના હાથે જે થઈ ગયું તેના બાલિશ ખુલાસા રિષભા પાસે કરવા તૈયાર બેઠા હતા.

'કેવી કમનસીબી કહેવાય, દીકરા ?' હરસુખરાયે અચકાતા અવાજે કહેવાનું શરૂ કર્યું : 'મગજ પણ ક્યારેક કેવું ભમી જતું હોય છે ? સાચું કહું છું, શક્તિની દવા માનીને જ મેં એ ઝેરી

દવા પી લીધી, બોલ! થોડીક પીધી પછી જ ખ્યાલ આવ્યો કે, ભયંકર ગોટાળો થઈ ગયો હતો!...પણ પીવાઈ ગઈ પછી શું થાય?...'

રિષભાએ મોં ગંભીર રાખીને સંમતિમાં માથું હલાવ્યું અને કરુણાભરી નજરે તેમની સામે જોઈ હોઠ મરકાવ્યા. હરસુખરાય નીચું જોઈ ગયા. રિષભાને મનમાં એકદમ કરુણા ઉભરાઈ આવી; બાલિશ ખુલાસા કરતા, દમ વગરના બહાના કાઢતા પિતાની હાલત પર ખૂબ અનુકંપા થઈ આવી. એટલે જ તેણે ચૂપચાપ એ ખુલાસો સ્વીકારી લેવાનો દેખાવ કર્યો. નહીંતર, તે પૂછી શકી હોત કે, તેમણે વળી શક્તિની દવા પીવાનું ક્યારથી શરૂ કર્યું હતું? એવી કોઈ દવા તેણે તો ઘરમાં કદી જોઈ નહોતી. પણ એ પૂછીને ય શું? હાલતમાં તેથી કોઈ ફેર પડી શકે તેમ નહોતો. ઊલટા, પપ્પાનો ક્ષોભ, તેમની શરમીંદગી વધી જાય...

તે બોલી: 'તમારી વાત બિલકુલ સાચી છે, પપ્પા. અને ધ્યાનમાં રાખવા જેવી પણ છે. આના ઉપરથી હવે આપણે એ ધ્યાનમાં રાખવાનું કે દવાની બાબતમાં કદી કોઈએ બેધ્યાન કે ગાફેલ ન રહેવું.' સહેજ અટકીને તેણે આગળ કહ્યું: 'એ તો ભગવાનનો એટલો પાડ કે, થોડીક દવા પીધી ત્યાં જ તમને ભૂલ સમજાઈ ગઈ; નહીંતર કેવો ગજબ થઈ જાય! હવેથી આપણે એવી દવા જ ઘરમાં નહિ રાખીએ!'

'તારી વાત તદ્દન સાચી છે. હવે એવું જ કરશું,' હરસુખરાય બોલ્યા. તેમના અવાજમાં અને ચહેરા પર અર્ધી રાહત અને અર્ધી બેચેની દેખાતી હતી. રિષભાએ નોંધ્યું કે, ઘરમાં હવે આપઘાત થઈ શકે એવી કોઈ ચીજ નહિ રાખવાની વાતથી તે ખુશ થયા હતા. પરંતુ હજી બેચેન પણ હતા — કદાચ એ પ્રશ્નથી કે આપઘાતનો વિચાર ન આવે એવી સ્થિતિ કદી થઈ શકશે? કેવી રીતે થઈ શકશે? કોણ કરી શકશે?...રિષભાનું મન અંદરથી જરા

ખળભળી ઊઠયું — હરસુખરાય મરી ન ગયા, મરતા બચી ગયા એ આનંદની વાત હતી, ખૂબ ખૂબ આનંદ પામવા જેવી વાત હતી: પણ બચી ગયા પછી આગળ જીવતા રહેવાનું કેટલી મુશ્કેલીઓ અને ભયોથી ભરેલું હતું?...

પણ હતાશ વિચારોમાં નહિ ખેંચાવાનો નિરધાર કરતાં, સ્વસ્થ રહેવાનો પ્રયાસ કરતાં, ગળું જરા ખોંખારીને તેણે કહ્યું:

'પપ્પા, આપણે ચિંતા કરવાની કંઈ જરૂર જ ક્યાં છે?' અને પછી ઉમેર્યું: 'હું જો તમારી જગ્યાએ હોઉં તો આટલી અમથી યે ચિંતા ન કરું; ખરેખર!'

જો કે તેને પણ જરા નવાઈ લાગી કે, આવા તદ્દન પોકળ આશ્વાસનની વાત તે તેના પિતા પાસે કેવી રીતે કરી શકે — જાણે પિતાની ઉમર પ્રિયંકા કરતાં ય ઓછી હોય!

પણ તેણે કહેવાનું ચાલુ રાખ્યું: 'તમે ફક્ત આરામ કરો, પપ્પા. ખૂબ આરામ કરો. અને સાજા થઈ જવા સિવાય બીજી કોઈ વાતનો વિચાર જ ન કરો..હવે સંજોગો તમે ધારો છો તેવા રહેવાના નથી. ખૂબ સુધરી જવાના છે.'

'સુધરી જવાના? ખરેખર?' હરસુખરાયની આંખો એકદમ ચમકી ઊઠી. આંખોમાં એક તીવ્ર ઉત્કંઠા ચમકી ઊઠી — એક પરાધીન આશા. કદી નહિ સુધરી શકનાર સંજોગોનો અંત લાવવાનો, તેમને જડયો તેવો ઉકેલ તે અજમાવી ચૂકયા હતા, પણ વ્યર્થ નિવડયો હતો. હવે બીજા કોઈ ઉકેલ માટે તેમણે બીજા પર જ આશાની મીટ માંડવાની હતી!

'હાસ્તો તેમાં કોઈ શંકા નથી,' રણકતા મક્કમ અવાજે રિષભાએ જવાબ આપ્યો: જાણે એ ક્ષણે તેણે મનમાં કોઈ મક્કમ નિરધાર કરી લીધો હતો.

હરસુખરાયના મુખ પર અનહદ શાંતિ પથરાતી દેખાઈ.

આંખોમાંથી અઢળક પ્રશંસા ઢોળાતી દેખાઈ. પથારીમાં શરીર લંબાવીને તેમણે આંખો મીંચી દીધી. રિષભાને લાગ્યું, પપ્પા હવે સારી પેઠે ઊંઘ ખેંચી લેશે. તે ઊભી થઈ અને ચૂપચાપ બહાર આવી રૂમનું બારણું આડું કર્યું.

હવે બે-ત્રણ કલાક બિલકુલ ફાજલ હતી. ઘરમાં કોઈ કામ હવે બાકી રહેતું નહોતું. આ ઉત્તમ ગાળો હતો. ઉત્તમ તક હતી. પછી દિવસભર તે આટલી નવરી નહિ રહી શકે. આ તક ઝડપી લેવી જોઈએ; ઉપયોગ કરી નાખવો જોઈએ. ઢીલ ન કરવી જોઈએ. ઢીલ માત્ર નિરર્થક જ નહિ, ભયંકર પણ સાબિત થઈ શકે. અત્યારની ઘડીએ મસ્તાની શું વિચારી રહી હશે, કયા નિર્ણય પર આવી રહી હશે — કહી ન શકાય. તેણે જોયું, મસ્તાની બારી પાસે બેઠી હતી. બેસીને દૂર દેખાતા ઝાડના એક ઠૂંઠાનું ચિત્ર દોરી રહી હતી. તેનું ધ્યાન ખેંચ્યા વિના ચૂપચાપ રિષભાએ ચંપલ પહેર્યા અને ડહેલીમાંથી બહાર સરકી ગઈ.

આકાશમાં ફરતાં ચારેકોર વાદળાં જામેલાં હતાં, પણ વચ્ચે તદ્દન કોરું હતું — કોરું અને ખુલ્લું, ઘેરું અને ઊંડું. ને તેમાં મધ્યાહ્નનો સૂરજ ચકચકતો હતો. પવન પડી ગયો હતો. ગરમ હવા અડે તો જાણે ઝાળ લાગતી હતી.

ઉદયભાણના ફાર્મહાઉસ — ના, ઉદયભાણના જાજરમાન બંગલાના રસ્તે રિષભાના પગ કંઈ વિશિષ્ટ ત્વરાથી ઊપડી રહ્યા હતા. મનમાં અને પગમાં પણ એક ઉતાવળ અમળાઈ રહી હતી. ને એટલે કપાળ પર, ચહેરા પર, ગરદન અને પીઠ પર પરસેવો ઝમી રહ્યો હતો. અવારનવાર ઊડીને કપાળ પર આવી જતા અને પરસેવા પર ચોંટી જતા વાળની ઝાઝી દરકાર કર્યા વિના તે, ચાલી શકાય તો, હજી વધારે ઝડપથી ચાલવા મથતી હતી.

પણ અચાનક તે થંભી થઈ. એક અવાજ — દૂરથી આવતા, પણ સ્પષ્ટ સાંભળી શકાતા મોટરસાઇકલના અવાજથી પગ થંભી ગયા. એક વિચાર ઝબક્યો — (એ જ વિચાર શા માટે) — "ઉદયભાણ જ હશે? ઘણીવાર તે મોટરસાઇકલ પર આ રસ્તે—'

જો કે પછી બીજો વિચાર પણ આવ્યો કે, એમ તો ગામમાં બીજા ઘણા પાસે મોટરસાઇકલ હતી અને બધા આ રસ્તે આવતા-જતા પણ હતા.

છતાં તે થંભી ગઈ. ત્યાં જ ઊભી રહી ગઈ. થોડીક ક્ષણો વીતી ત્યાં મોટરસાઇકલનો અવાજ નજીક આવી ગયો — પાસેના વળાંક સુધી. વળાંક પાર કરીને ધમધમાટ દોડી આવતી મોટરસાઇકલ દેખાઈ. હા, એ ઉદયભાણ જ હતો!

મોટરસાઇકલની ગતિ ક્રમે ક્રમે ધીમી થતી ગઈ — જાણે ઉદયભાણે પણ તેને દૂરથી જ જોઈ લીધી હતી. ને ઓળખી લીધી હતી. બરાબર તેની પાસે આવીને મોટરસાઇકલ ઊભી રહી ગઈ.

પહેલી એક લાંબી પળ ઉદયભાણ કંઈ જ ન બોલ્યો. મુખ મરકાવતો, આંખો પલકારતો ચૂપચાપ તેની સામે જોઈ રહ્યો. મુખ પર, આંખોમાં આનંદ અને આશ્ચર્ય આછાં આછાં તરી રહ્યાં. પછી આંખોમાં તેની અસલ મજાકખોરી પાછી દેખાઈ અને તે બોલ્યો:

'ગુડ મોર્નિંગ!'

રિષભા, કોણ જાણે કેમ, ચીડાઈ ગઈ, નીચું જોઈ ગઈ અને પછી તેની સામે જોતાં બોલી: 'ગુડ મોર્નિંગ!' અને હસવાનો પ્રયત્ન કર્યો.

ઉદયભાણ તેના કરતાં જરા વધારે હસ્યો અને બોલ્યો: 'ગુડ લોર્ડ! કેવો યોગાનુયોગ! કોઈ દિવસ નહિ ને આજના દિવસે જ તને મળી જવાનું બન્યું — આવી રીતે!'

'ના જી,' રિષભાએ સ્વસ્થ પણ શુષ્ક અવાજે કહ્યું : 'આ યોગાનુયોગ નથી. હું તમારા ઘેર જ આવતી હતી. હું તમને મળવા માગું છું.'

'મળવા 'માગે' છે? મને?' કોઈક ભારે આશ્ચર્યની, ભારે આનંદની વાત સાંભળતો હોય તેમ મોટરસાઇકલ પરથી ઝપાટાભેર ઊતરીને સ્ટેન્ડ પર ચડાવતાં તે બોલી ઊઠ્યો : 'મને ગજબનું માન મળ્યું ગણાય!'

રિષભાને લાગ્યું, તેની આંખોમાં મજાક ચમકતી હતી. સહેજ થોથવાઈ જતાં તેણે કહ્યું : 'મળવા માગું છું એટલે — એટલે મારે તમારી સાથે વાત કરવી છે.'

'કામની વાત?'

'એને કામ જ કહેવું જોઈએ...બીજું શું કહી શકાય?' રિષભાએ કહ્યું અને નજર નીચી ઢાળી દીધી : 'ગઈ કાલે આપણે જે ચર્ચા થઈ તેના વિષે — તેના વિષે થોડી વાત કરવી છે.'

'ઓહ! એ?' તેણને કપાળમાં સહેજ અધ્ધર ખેંચતા ઉદયભાણ બોલ્યો : 'હું નથી માનતો કે તેને 'કામ' કહી શકાય. એ તો 'આનંદ' હતો; જવલ્લે જ સાંપડે તેવો 'આનંદ'!'

રિષભાને એ ન ગમ્યું. ગઈકાલવાળી એ વાત 'આનંદ'ની વાત હોઈ શકે જ કેવી રીતે? ભયંકર રીબામણીની વાત હતી એ તો! પણ એવું કંઈ તે ન બોલી. એવું બોલવાનો આ પ્રસંગ નહોતો. તેણે કહ્યું :

'ખેર, મારે તમારી સાથે ફરીવાર વાત કરવાની છે કારણ કે તમે કહ્યું હતું તેમ, મેં આખી વાત પર ફરીવાર વિચાર કરી જોયો છે. તમે મને કહ્યું હતું કે, જો કોઈ પણ કારણે હું મારો નિર્ણય બદલું તો —' અને તે અટકી ગઈ.

ઉદયભાણ, સ્થિર અને સ્વસ્થ ઉદયભાણ, માત્ર તેની સામે

જોઈ રહ્યો. ન તો કંઈ બોલવાનો પ્રયાસ કર્યો કે ન તો રિષભાએ અધૂરું મૂકી દીધેલું વાક્ય આગળ બોલાવવા પ્રયાસ કર્યો.

ઠીક ઠીક વાર સુધી રિષભા ચૂપ ઊભી રહી. હાથની મુઠ્ઠીઓ ઉઘાડબંધ થતી રહી. આખરે તે બોલી. અવાજ લૂખ્ખો હતો :

'તો — તો હવે મેં નિર્ણય બદલ્યો છે.' અને પછી ઉમેર્યું : 'એ કહેવા જ હું તમારા ઘેર આવતી હતી.'

ખૂબ ધીમા, મુલાયમ અવાજે ઉદયભાણે પૂછ્યું : 'કઈ ચીજે નિર્ણય ફેરવાવ્યો, રિષભા?'

'કારણનું તમારે શું મહત્ત્વ છે?'

'આમ જોઈએ તો નથી. તારી વાત બરાબર છે,' ઉદયભાણે એ જ અવાજે કહ્યું : 'પણ તેમાં રસ પડે છે.'

કહીને તરત જ તે હસી પડ્યો. રિષભાને તેનું હસવું ખૂંચ્યું, અકળાવી ગયું. એક રોષપૂર્ણ ત્રાંસી નજર તેના પર ફેંકી અને બોલી :

'તો સાંભળો. ગઈ રાત્રે તમારા ઘરેથી ગયા પછી મારા ઘરમાં એક જબરજસ્ત બનાવ બની ગયો; એટલી મોટી ઉથલપાથલ થઈ ગઈ કે નિર્ણય મારે ફેરવવો પડ્યો છે. મને ગઈ રાત્રે ભાન થઈ ગયું કે કેવી લાચાર અને ભયાનક દશામાં અમે આવી પડ્યા છીએ. એ દુર્દશામાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નથી, સિવાય કે, અમારામાંથી કોઈક કોઈ લાખોપતિના ઘરમાં લગ્ન કરે; અને' — બોલતાં બોલતાં તેને ડૂમો બાઝ્યો. સહેજ અટકીને તે બોલી : 'અને એવા લગ્ન કરવા હું તૈયાર છું!'

ઉદયભાણ હસી પડ્યો. રિષભાની ધડાકા જેવી નિખાલસતા પર તેને નારાજગી કે ક્રોધ નહિ, માયાળુ હસવું આવ્યું.

'એટલે કે મારા પૈસાને ખાતર તું મારી સાથે લગ્ન કરવા તૈયાર થઈ છે? માત્ર પૈસાને ખાતર?'

'ના,' રિષભાએ નારાજગીભરી, લૂખ્ખી નજર તેના પર ઠેરવી અને કહ્યું : 'ના, તમારા પૈસા એકલા જ બધું નથી. આમાં મસ્તાનીની જિંદગીનો સવાલ પણ જોડાયેલો છે. તેને હું — ગમે તે ભોગે હું તેને તેની જિંદગીનો જુગાર રમવા દઈ શકું નહિ.'

'તેની જિંદગીને બદલે તારી જિંદગીનો જુગાર રમવાનું તેં પસંદ કર્યું ?' મર્માળું હસતાં ઉદયભાણે પૂછ્યું.

'મારી વાત જુદી છે,' રિષભાએ કહ્યું : 'લગ્ન કરવા એ— એ 'તેના' કરતાં જુદી વાત છે.'

'એવું નથી,' ઉદયભાણે આંખો ઝીણી કરતાં કહ્યું : 'તાત્ત્વિક રીતે તો બન્ને એકનું એક જ છે. જબરજસ્તી ભર્યો, નામ વગરનો સંબંધ અને જબરજસ્તી ભર્યાં લગ્ન—બન્ને સરખા ન ગણાય ?' કહીને તે રિષભાની સામે, હસતી આંખે, જોવા અને જે બેતમા સત્ય તેણે ઉચ્ચાર્યું હતું તેની અસર માપવા ઘડીક થોભ્યો અને પછી છટાથી બન્ને હાથ પહોળા કરી ઉમેર્યું :

'તું ગમે તે માનતી હોય, હું તો તારા આ આત્મબલિદાનથી પ્રભાવિત થયો છું ! ઉપરાંત, તારી આ જેવું હોય તેવું જ કહી દેવાની નિખાલસતાથી યે બહુ ખુશ થયો છું. જવલ્લે જ જોવા મળે એવી ચીજ છે એ !'

'હું માનું છું કે, દંભ કરવાથી કંઈ ઝાઝો અર્થ સરી શકતો નથી; તમે શું માનો છો ?'

'એમ જ. તારી વાત તદ્દન સાચી છે,' રિષભાએ કદાચ, મારવા ધારેલો ચાબખો જાણે તેને અડચો જ ન હોય તેવી હળવાશથી ઉદયભાણે કહ્યું : 'અને તને ખબર છે ? તારો એ એક ગુણ જ મને બેહદ ગમી ગયો છે. તું કદી કોઈ પણ બાબતમાં દંભ કરી શકે; ખુદ તારી પોતાની જાત પાસે પણ કોઈ બાબતમાં ઢાંકપિછોડો કરી શકે, એ હું માની શકું નહિ. તાજો જ દાખલો આ છે— આપણા આ લગ્નની વાતમાં ય તેં કોઈ દંભ, ઢાંકપિછોડો કર્યો નથી !'

રિષભાના મનમાં, શરીરમાં એક સનસનાટી જેવું પસાર થઈ ગયું. 'આપણા આ લગ્ન !'... ઉદયભાણે એ શબ્દો કદાચ, સાહજિક રીતે જ વાપરી નાખ્યા હોય; કદાચ, હેતુપૂર્વક ગોઠવીને વાપર્યા હોય; ગમે તેમ, એ શબ્દો કાન વાટે મન સુધી ઉતરતાં ખૂબ ખૂંચતા ગયા, પીડા કરતા ગયા. સાચેસાચ પીડા અનુભવી રહી હોય તેમ થોડીવાર તે ચૂપ ઊભી રહી અને પછી ઉદયભાણ સામે નજર માંડી. સહેજ ભૂખરી સહેજ લીલછોઈ એ ચમકદાર આંખો ભારે ભારે અને થાકેલી લાગતી હતી. આગલી રાત્રે તે ખાસ ઊંઘી જ ક્યાં શકી'તી ? તેણે પૂછ્યું :

'તો પછી — હવે નક્કી ?'

ઉદયભાણ ટીકીને તેની સામે જોઈ રહ્યો. હકારમાં માથું હલાવ્યું : 'નક્કી, રિષભા !'

'મસ્તાની પરથી હાથ ઉપાડી લેવાનું વચન આપો છો ?'

'બેશક ! અફર વચન !' ઉદયભાણે મોં મરકાવ્યું, રિષભાની સન્નિષ્ઠા પર પ્રસન્નતા ભર્યું સ્મિત.

'અને તમે કહ્યું હતું તેમ ખરેખર તમે—'

'તારા કુટુંબને તદ્દન નચિંતપણે તરતું કરી દઈશ,' ઉદયભાણે ભર્યું ભર્યું હસતાં કહ્યું : 'એ જ પૂછવાનું છે ને ? તો જવાબ સંપૂર્ણ હા છે. તેમના સૌનાં સપનાં સાચાં પાડી આપીશ ! હવે સંતોષ થાય છે ? તું મને તેમની જરૂરિયાતો વિગતવાર જણાવજે. તે બધી પૂરી થઈ જાય તેવી ગોઠવણ આપણે કરીશું.'

'આપણે !' ગમે તેમ, એ શબ્દ રિષભાને તોલદાર લાગ્યો; એક વિશિષ્ટ પ્રકારની – ના, વિચિત્ર પ્રકારની અસરકારકતા ભરી હતી એ શબ્દમાં. મનમાં પહોંચતાંની સાથે જ એ શબ્દે એક

વિશિષ્ટ પ્રકારના – ના, વિચિત્ર પ્રકારના તરંગો જગાડી દીધા હતા, નાનકડી હલચલ પેદા કરી દીધી હતી.

તેણે ફરીવાર ઉદયભાણ સામે આંખો ફેરવી કહ્યું : 'બહુ સારું ! તમારો આભાર ! તો હવે તમે – આઈ મીન — તમે લગ્ન ક્યારે કરવા માગો છો ?'

આવી મહત્ત્વની, આટલી નાજુક વાત પૂછવાની તેની રીત, તેના શબ્દો પર ઉદયભાણને હસવું આવી ગયું. જરા ખૂલીને તે હસી પડ્યો.

'લગ્ન હું ક્યારે કરવા માગું છું ?' ઊભરાતા ચહેરે રિષભા સામે હસવા તે ઘડીક થોભ્યો અને આગળ બોલ્યો : 'જો શક્ય હોય તો આજે જ, અત્યારે જ – શક્ય છે ? વધારે ઉતાવળ મારે છે, રિષભા – મારે ! મેં બહુ રાહ જોઈ છે. બે–અઢી વરસ ! કૉલેજના મેળાવડામાં પહેલીવાર તને જોઈ ત્યારથી રાહ જોતો રહ્યો છું. પણ હું ધારું છું કે થોડોક સમય તો તારે જોઈશે. અંદર – બહાર બધી રીતે તારે તૈયારી કરવી પડશે, ખરું ને ? હજી આ ઘડીએ તો તને જાણ થઈ છે કે આપણી, લગભગ, સગાઈ થઈ ચૂકી છે. પણ તેથી જ બધું બહુ બદલાઈ જતું નથી ? હું અને તું કોઈક નવા સ્વરૂપમાં, નવા સંબંધમાં, બિલકુલ નવી સ્થિતિમાં આવી જઈએ છીએ; બરાબર ને ?'

પહોળી આંખો તેના પર સ્થિર કરીને ગૂંચવાતી, પ્રશ્નભરી નજરે રિષભા જોઈ રહી.

ઉદયભાણ હસતો હતો, તેણે કહ્યું : 'તો હવે એ તારી ફરજ અને તારો ધર્મ બની રહે છે કે તું મારી તદ્દન નિકટ આવી જાય – વિવાહિત પત્નીની જેમ !'

'એટલે ?' રિષભાએ કહ્યું : 'તમે શું એમ કહેવા માગો છો

કે હું તમારી સાથે ચંપાઈ ને ઊભી રહું ? ભેટી પડું તમને ?' અને પછી ગરદન ટટ્ટાર કરતાં કહ્યું : 'મારાથી એ નહિ બને !'

'પણ તું સમજવાની તો કોશિષ કર,' ઉદયભાણે કહ્યું : 'આખરે તો તારે એ કરવું પડશે. લગ્ન પછી તો એ જ કરવું પડશે ને તારે ?'

'એટલે, હું તમને ખૂબ ચાહતી હોવાનો દંભ કરવો પડશે મારે ?'

એક રીતે — અરે હરકોઈ રીતે એ એક કારમો ઘા હતો; જમોઈવઢ વાર થઈ ગયો હતો રિષભાથી. ને ઉદયભાણ ઊભો વેતરાઈ જવો જોઈતો હતો તેનાથી. પણ તે તો અજબ રીતે સ્વસ્થ હતો; હસી યે શકતો હતો ને બોલી પણ શકતો હતો :

'સરસ બહુ સરસ, !' અને ઝીણી આંખે સ્મિત વેરતાં તેણે ઉમેર્યું : 'ખેર, બહુ ઊંચા ધોરણો આપણે નહિ રાખીએ. બહુ ઊંચી અપેક્ષા પણ નહિ; બસ ? પણ, એટ લીસ્ટ, લોકોની સામે તો તારે એક આદર્શ, સમર્પિત પત્ની જેવી દેખાવું પડશે —'

'અત્યારે અહીં લોકો નથી !'

'એટલે કે અત્યારે તું —' પણ ઉદયભાણ બોલવાનું પૂરું કરે ત્યાર પહેલાં માથે ચડી આવેલાં ને ઘટાટોપ ઘેરાઈ ગયેલાં વાદળાંમાં વીજળીનો એક જોરદાર સબાકો થયો, એક જોરદાર કડાકો થયો અને જાડી ધારે જોરદાર વરસાદ તૂટી પડ્યો.

૧૨

વરસાદની ધીંગી ધાર અને વીજળીનો આંખોમાં ભોંકાઈ જતો ઝબકારો, અને તેની પાછળ કાન ફાડી નાખે તેવો એક પ્રચંડ કડાકો — બધું સાવ ઓચિંતું ને અણચિંતવ્યું. એટલે રિષભા ઘડીક હેબતાઈ ગઈ; શરીર આપોઆપ સંકોડાવા માંડ્યું. વીજળીના ઝબકારામાં તેણે આકાશ જોઈ લીધું હતું, અને તેની આંખોમાં આશ્ચર્ય અને ભય ભરાઈ ગયા હતા — દસ પંદર મિનિટ પહેલાં જે સાવ ચોખ્ખું હતું એ આકાશમાં હવે કાળાં ડિબાંગ વાદળાંના કોણ જાણે કેટલાયે થર લાગી ગયા હતા...બીજી પળે જ પાછળથી ઝાડીમાંથી કડેડાટી સંભળાઈ. એક-બે — કદાચ વધારે — ઝાડ તૂટી પડ્યાં હતાં — કડડભૂસ ...

ઝાડ તૂટવાનો એ અવાજ ઉદયભાણે પણ સાંભળ્યો અને પલકારામાં તે સચેત થઈ ગયો. બોલી ઊઠ્યો :

'જલદી! ચાલ, અહીંથી નીકળી જઈએ. અહીંયા જોખમ —' અને વાક્ય અધૂરું મૂકીને તેણે રિષભાને બાવડેથી પકડીને ખેંચી.

રિષભા સહેજ ધ્રૂજી ઊઠી. સફાળી બોલી ઊઠી : 'ના! તમે જાવ. હું અહીં જ ઊભી છું. ઘેર જતી રહીશ.'

'તું ઘેર નહિ જઈ શકે, રિષભા! તારું ઘર બહુ દૂર છે અહીંથી, અને આ તોફાન — ના! તું મારી સાથે જ ચાલ!'

'તમારી સાથે? મોટરસાઇકલ પર?'

'હા! મોટરસાઇકલ પર?' ઉદયભાણે ઉતાવળે પણ ભારપૂર્વક કહ્યું અને રિષભાનું બાવડું છોડી મોટરસાઇકલ તરફ દોડ્યો : 'હું તને સંભાળી શકીશ.'

'ના! મને — એ નહિ ફાવે —'

'ડોન્ટ બી અ ફૂલ!' મોટરસાઇકલ સ્ટાર્ટ કરતાં ઉદયભાણે કહ્યું; તેના અવાજ – હલનચલનમાં સખત તાકીદ ભરી હતી : 'જલ્દી કર, મારી પાછળ બેસી જા. જ્યાં તું ઊભી છે એ ઝાડ પણ ગમે ત્યારે તૂટી પડી શકે — સમજણ પડે છે?'

અચાનક વરસાદી તોફાનથી અને ભયાનક કડાકાથી અર્ધી હબકી ગયેલી રિષભાનું મગજ હંમેશની સ્ફૂર્તિ કે સ્વસ્થતામાં નહોતું — ગભરાયેલું ને દ્વિધાભર્યું હતું. દ્વિધામાં જ તેણે ઉદયભાણનો લંબાયેલો હાથ પકડી લીધો, આગળ ડગલું માંડ્યું, મોટરસાઇકલ પર ઉદયભાણની પાછળ બેસી ગઈ. વરસાદ જોર પકડતો જતો હતો.

ઉતાવળે ઉપાડેલી મોટરસાઇકલે એક આંચકો ખાધો અને પછી પૂરઝડપે દોડવા લાગી. કોઈની યે મોટરસાઇકલ પર આવી રીતે બેસવાનો પ્રસંગ આ પહેલાં રિષભા માટે આવ્યો નહોતો. અમસ્થી યે તે ગભરાઈ રહી હતી; એમાં વળી આ અંધાધૂંધ વરસાદ ને સૂનકાર વગડો. મનને સ્વસ્થ કરવા તેણે પ્રયત્નપૂર્વક મથામણ કરવા માંડી ત્યારે જ મોટરસાઇકલ પાકો રસ્તો છોડીને ઊભા ખેતરે કેડી પર દોડવા લાગી. ખાડાખડિયા પર ઉછળતી મોટરસાઇકલ હવે તેને જોખમી લાગવા માંડી. જે હાથમાં આવ્યું તે કચકચાવીને બેય હાથે પકડી લીધું. એ ઉદયભાણના ખભા હતા.

'ડરીશ નહિ,' ઉદયભાણે બૂમ પાડી : 'તને કંઈ નહિ થાય! હવે ત્રણ મિનિટમાં જ ઘેર પહોંચી જઈશું.'

'ઘેર!' રિષભાના મગજમાં હવે ઝબકારો થયો — એ ઘર

તો ઉદયભાણનું ... અને — અને આ રસ્તે તો મોટી પાળ આવે છે ! ઓહ, માય ગોડ ! અંધારામાં એ પાળ સાથે અથડાઈને ...'

અને તેનાથી ચીસ પડાઈ ગઈ : 'પેલી પાળ ! ... વચ્ચે પાળ... '

'કૂદાવી જઈશું,' ઉદયભાણે શાંતિથી જવાબ આપ્યો : 'બરાબર પકડી રાખજે.'

ધક્, ધક્, ધક્, — રિષભાની છાતીમાં જોરથી ધબકારા થવા લાગ્યા. માંડ માંડ તે બોલી :

'તમે — તમે મોટરસાઇકલને કૂદાવશો ? ના ! પ્લીઝ, મને અહીં ઉતારી દો.'

'શાંતિ !' ઉદયભાણે ઉતાવળે કહ્યું : 'તારે તેમાં કંઈ જ કરવાનું નથી. શાંતિથી બેસી રહેવાનું અને ડરવાનું નહિ. પાળ આવી ગઈ છે – તૈયાર ! '

રિષભાએ આંખો મીંચી દીધી. દાંત પણ સામસામે ભીંસાઈ ગયા. અને તેને લાગ્યું કે તે જમીન પરથી અધ્ધર ઉંચકાઈ ગઈ હતી, હવામાં આગળ ફેંકાતી હતી — બેય હાથે તે ઉદયભાણને વળગી પડી.

પછી બીજી જ પળે તેને પોતાની જાત પર શરમ આવી, ભયભીતતા પર ગુસ્સો આવ્યો કારણ કે મોટરસાઇકલ એટલી આસાનીથી પાળ કૂદાવીને જમીન પર આવી ગઈ હતી, જેની તેણે કલ્પના પણ કરી નહોતી. જે ભયની, જે જોખમની તેણે કલ્પના કરી લીધી હતી એ તો તદ્દન બાલિશ હતી, હાસ્યાસ્પદ હતી – તેને પોતાની જાત પર વધારે રોષ ચડયો. ઉદયભાણનો અવાજ સંભળાયો :

'ઓલરાઈટ નાઉ ?'

રિષભા જાણે જાગી ગઈ. મોટરસાઇકલ ઊભી રહી ગઈ હતી. ઘર આવી ગયું હતું. તેણે ઉદયભાણના ખભા ચૂસ્ત પકડેલા હતા. મજબૂત, કસાયેલા સ્નાયુઓ હતા.

'હવે જલદી અંદર જતી રહે. વધારે ભીંજાવું સારું નથી. હું મોટરસાઇકલ મૂકીને આવું છું,' ઉદયભાણનો અવાજ ફરી સંભળાયો.

અને રિષભા મોટરસાઇકલ પરથી ઊતરીને બારણા તરફ દોડી. બારણે પહોંચતાં જ બારણું ખૂલ્યું, અને ગઈ કાલે બારણું ખોલનાર નોકર દેખાયો. 'આણે — આ નોકરે અમને દૂરથી જોઈ લીધાં હશે ?' રિષભાના મનમાં પ્રશ્ન ઊઠયો : 'મને પણ જોઈ લીધી હશે ? એવી સ્થિતિમાં ?'

'બહુ પલળી ગયા છો, બહેન ?' નોકરનો પ્રશ્ન સાંભળીને રિષભાએ તેની સામે જોયું અને કહ્યું :

'ના, ના. બહુ નથી પલળી.'

રિષભાની એ વાત કદાચ સાચી હતી. કમસેકમ, ઉદયભાણ કરતાં તો તે ઓછી જ પલળી હતી. ઉદયભાણ આગળ હતો. વરસાદનો વધુમાં વધુ મારો તો તેણે ઝીલ્યો હતો. રિષભાએ ઓછો ઝીલવો પડયો હતો. તે ઉદયભાણની ઓથે હતી.

નોકરની પાછળ પાછળ તે અંદર ગઈ અને જ્યાં ગઈકાલે બેઠી હતી એ ખંડમાં પહોંચી. નોકરે આપેલો ટુવાલ લઈને તે હાથ-મોં લૂછતી હતી ત્યાં જ ઉદયભાણ અંદર આવ્યો અને અંદર આવતાં જ તેણે શરીર સાથે ચોંટી ગયેલું ભીનું શર્ટ કાઢવા માંડયું. અજબ રીતે રિષભાના મનમાં વિચાર ઊગી આવ્યો : 'આવી રીતે કોઈ પરાઈ સ્ત્રીની હાજરીમાં શર્ટ ઉતારવું તેને ચપપા તો અસભ્યતા જ કહે – નરી નિંદાપાત્ર અસભ્યતા ! પણ

સાથે સાથે તેણે જોયું કે ઉદયભાણનું શરીર ખૂબ કસાયેલું હતું, ચૂસ્ત અને ઘાટીલું.

'આર યુ ઑલરાઈટ?' ઉદયભાણે પૂછ્યું અને આંખોમાં મર્માળું સ્મિત આણ્યું.

'ઓહ, યસ. થેન્કયુ!'

'પુરણ,' નોકર તરફ ફરતાં ઉદયભાણે કહ્યું: 'ગરમ ગરમ કૉફી લાવ–અમારા માટે.'

સહેજ ઝુકીને પુરણ ગયો.

રિષભાને દહેશત લાગી–પોતે કારણ વિના વધારે પડતી ગભરાઈ ગઈ હતી, મોટરસાઇકલ પર. ન કરવો જોઈએ છતાં ગભરાટ છતો કરી દીધો હતો. ને હવે ઉદયભાણ એ વાત પર તેની હાંસી ઉડાવ્યા વિના નહિ રહે. કેવી મૂર્ખ છે પોતે!...પણ ઉદયભાણે તેની હાંસી ન ઉડાવી. ઊલટું, ગંભીર ચહેરે તેની સામે જોયું અને પૂછ્યું:

'મારા પર ગુસ્સે થઈ છે, રિષભા?'

'ના રે!' રિષભાએ કહ્યું અને હોઠ પર થોડુંક સ્મિત આણ્યું: 'ઉલટી, હું તો એવું ધારતી હતી કે તમને મારા પર ગુસ્સો ચડયો હશે — મેં વધારે પડતો ગભરાટ બતાવ્યો એટલે!'

ઉદયભાણના મુખ પર જરાક અચંબો તરી આવ્યો અને વિખરાઈ ગયો. તે બોલ્યો:

'મારા ગુસ્સાને પ્રગટાવવા માટે એટલું ઈંધણ ઓછું પડે!'

'પણ નારાજ તો થયા જ હશો.'

ઉદયભાણે સ્મિત કર્યું. વ્યંગ, મર્મ, મજાક વગરનું એવું સરસ સ્મિત — રિષભા સામે તો — તેણે પહેલી જ વાર કર્યું. તે બોલ્યો:

'સુંદર તન્ના કુટુંબની એક અતિસુંદર કન્યા પર નારાજ? દુનિયામાં કોઈ ન થઈ શકે; મારી તો એ હિંમત જ નહિ!'

રિષભાથી હસી જવાયું – કડવાશભર્યું હસી જવાયું. ધૈવતના શબ્દો તેને યાદ આવી ગયા: 'શું સુંદર દેખાવાથી વિશેષ કોઈ લાયકાત જ આપણી પાસે નથી?...'

તે બોલી: 'મારો ભાઈ ધૈવત અમારી એ સુંદરતાને જ ધિક્કારે છે; એક શાપ ગણે છે તેને. એ તો ઇચ્છે છે કે અમારી સુંદરતા કોઈક રીતે ઓછી થઈ જાય એવું કંઈક બની જાય! આંખમાં ફૂલું પડે કે—'

'બસ, બસ, બસ!' ઉદયભાણ બોલી ઊઠયો: 'ધૈવત એની મરજીનો માલિક છે. એની પોતાની આંખ માટે ગમે તે ઇચ્છવા સ્વતંત્ર છે. પણ તારી આંખ માટે કોઈનો એવો વિચાર પણ હું સહન નહિ કરું! હરગીઝ નહિ!'

રિષભા નીચું જોઈ ગઈ. નીચું જોઈને બેસી રહી. વિચારો અને ભાવોની એક વિચિત્ર ડમરી મનમાં ઊઠી રહી હતી. આશંકા અને કુશંકાઓ સામસામી ટકરાઈ રહી હતી. મન જાણે ધૂમ્મસ પડયું હોય તેમ ધૂંધળું થઈ રહ્યું હતું. ઉદયભાણનો અવાજ સંભળાઈ રહ્યો હતો:

'રિષભા, ઓચિંતા ગાજવીજ ને વરસાદ તૂટી પડયા એટલે આપણી એક અગત્યની વાત અધૂરી રહી ગઈ.'

'હેં! કઈ વાત?'

'તું તે જાણે છે, રિષભા.'

રિષભાએ તેની સામે જોયું અને તરત જ નજર ફેરવી લીધી. બારીની બહાર જોઈ રહી.

'તારે મને કંઈ કહેવાનું નથી, રિષભા?'

'મારે કંઈ કહેવાનું નથી,' રિષભાએ કહ્યું : 'સિવાય કે, વરસાદ હવે બંધ થયો છે, ને મારે ઘેર પહોંચી જવું જરૂરી છે.'

'યુ લીટલ ડેવીલ !' ઉદયભાણુ હસી પડ્યો : 'મેં કહ્યું કે, મારા ગુસ્સાને પ્રગટાવવા માટે ખાસ્સું વધારે ઈંધણુ જોઈએ — તેની ચકાસણી કરવા માગે છે ?'

રિષભાએ નજર તેના તરફ ફેરવી અને પૂછ્યું : 'હવે ગુસ્સો ચડ્યો તમને ?'

ઉદયભાણે નકારમાં માથું હલાવ્યું અને કહ્યું : 'લાગે છે કે, તારા પર ગુસ્સો ચડી જ નહિ શકે.' પછી ઘડીક થોભીને તેણે પૂછ્યું : 'રિષભા, તું બિલકુલ મારી નજીક જ કેમ આવતી નથી ? હકીકતમાં, તો તું મને ચુંબન પણ —'

'તમારો એ જ દુરાગ્રહ હોય,' રિષભાએ નજર તેના પર ઠેરવીને કહ્યું : 'તો હું ચુંબન પણ કરીશ !'

'તને એ ખબર હોવી જોઈએ રિષભા, કે કોઈ આગ્રહ કે દુરાગ્રહ હું તારા પર લાદવાનો નથી. પણ ઇચ્છા તો પળેપળ એવી રાખું છું કે —'

'તો પછી અત્યારે એટલું પૂરતું માનો, એટલાથી સંતોષ માનો કે, હું તમારી સાથે લગ્ન કરવાની છું. અત્યારે, આ ઘડીએ — ચુંબન કરવા હું તૈયાર નથી. ફરી કોઈક વાર, આ બધી બાબતોથી ટેવાઈ જઈશ ત્યારે —'

'હં, હં ...' ઉદયભાણુના હોઠ પર સ્મિત ફરક્યું અને આંખોમાં મજાક તરી આવી : 'એટલે કે ઉધાર — બરાબર ? ખેર, એ તો તમારા જીવનમાં વણાઈ ગયેલી વાત છે, નહિ ? — ઉધાર !'

પણ ઉદયભાણુની એ મજાકની એક કરપીણુ ચોટ રિષભાના કાળજે વાગી — ઉધાર, દેવું, અસહાયતા, ભયાનક કફોડી હાલત — તેના કુટુંબની રોજની કરુણતા ! અને તેની આવી નિર્દય મજાક ! ઓહ... !'

તેનું સ્વાભિમાન વળ ખાઈ ગયું. કારમો ઘા પડી ગયો હતો. કાળજામાં, હૃદયમાં કંઈક ભભૂકી ઊઠ્યું. ધગધગતા લાવાની જેમ પ્રચંડ જોરથી ઉછળી આવ્યું. ભીંસાયેલા હોઠમાંથી આક્રોશ સરી પડ્યો : 'યુ બ્રુટ !'

અને કદાચ, તેની યે જાણુ બહાર, એક હાથ ઉંચકાયો અને ધડાક કરતો ઉદયભાણુના ગાલ પર ઝીંકાયો.

અને ત્યારે જ કૉફીની ટ્રે લઈને પુરણુ દાખલ થયો.

પણ પુરણુ એક સંપૂર્ણ સેવક હોવો જોઈએ. સંપૂર્ણ સમજદાર અને સંપૂર્ણ વફાદાર. એટલે જ તેનો ચહેરો સંપૂર્ણપણે કોરો રહ્યો — જાણે તેણે કંઈ જોયું જ નહોતું, કંઈ સાંભળ્યું જ નહોતું ! તેનો શેઠ, ઉદયભાણ, એક હાથે ગાલ પંપાળતો અને મોં પર સ્મિત રમાડતો તેની તરફ ફર્યો ત્યારે તે ભોળાભાવે એટલું જ બોલ્યો :

'કૉફી, સાહેબ !'

'હા, કૉફી, પુરણુ !' ઉદયભાણે કહ્યું : 'ટીપોય પર મૂકી દે.'

ટ્રે ટીપોય પર મૂકીને પુરણુ ચૂપચાપ ચાલ્યો ગયો. ઉદયભાણુ ટીપોય પાસે ગયો અને ગરમ દૂધ કપમાં રેડતાં રિષભાને પૂછ્યું : 'સ્ટ્રોંગ કે માઈલ્ડ ?'

'ઓહ !' રિષભા જાણે ઝબકી ગઈ. ઝટઝટ બોલી : 'માઈલ્ડ, પ્લીઝ !'

'ખાંડ ?'

'બે ચમચી,' યંત્રવત્ રિષભા બોલી, હજી તેના ગળામાં જાણે ઘૂમરાતું હતું —'ઓહ !'...' હાથ જોરથી ગાલ ઉપર મસળ્યો.

'ચાલો, કૉફી તૈયાર !' કપ હાથમાં લઈને રિષભા તરફ

ફરતાં ઉદયભાણુ બોલ્યો : 'હવે મને બરાબર યાદ રહી ગયું કે, તને કેવી કોફી પસંદ છે.'

રિષભાએ નજર ઊંચી કરી અને અચકાતાં અચકાતાં તેના ચહેરા પર ઠેરવી. ધીમેથી બોલી :

'આઈ એમ સોરી!'

'આર યુ? ઓલરાઈટ. આઈ એમ સોરી, ટુ!'

તેના એ વેણુનો અર્થ સમજવા, તેનો મર્મ પકડવા રિષભાએ મથી જોયું. પણ વ્યર્થ.

'એથી તમારા નિર્ણયમાં કંઈ ફેર પડે છે?' સહેજ અચકાતાં રિષભાએ પૂછ્યું.

'કયો નિર્ણય?'

'મારી સાથે લગ્ન કરવાનો.'

'બિલકુલ નહિ. તમાચાનો હેતુ એ હતો?'

'ના, ના. એવું કંઈ જ નહોતું. પણ મને એવી શંકા પડી.'

ઉદયભાણુ હસ્યો, અને બોલ્યો : 'કોઈ પુરુષ, મારા જેવો કોઈ, બબ્બે વરસ સુધી પોતાના આખેઆખા હૃદયને કોઈક પર ન્યોછાવર કરી રાખે અને પછી એકાએક, જેને પોતે તદ્દન લાયક હોય એવો એક તમાચો પડવાથી હૃદયને પાછું ખેંચી લે એવું બની શકે ખરું? તું શું માને છે?'

રિષભાએ જવાબ ન આપ્યો. ઉદયભાણુને હૃદય હતું? હોઈ શકે? અને આ વાતને હૃદય સાથે લેવાદેવાય શું હતી? એક સોદો હતો આ તો — ગરજનો સોદો!

ઉદયભાણુ ફરી બોલ્યો : 'ભલે. હવે વરસાદ ખરેખર બંધ થયો છે. એટલે જો તું ઘરે જવા માગતી જ હોય તો અત્યારે મોકો છે; ઝડપી લે. ઘર સુધી મૂકવા આવું?'

'ના, ના,' રિષભા બોલી ઊઠી; અને પછી ઉમેર્યું : 'તમે સમજી શકશો — ઘરના લોકોને મારે —'

'આંચકા માટે તૈયાર કરવાના છે?'

'એમ નહિ. પણ છતાં મારે બધાને ઘણુંબધું, ઘણી બધી રીતે સમજાવવું પડશે. અને એ માટે થોડો સમય જોઈશે.'

'બહુ સારું,' ઉદયભાણે કહ્યું : 'તો પછી મોડેથી હું તારા ઘેર આવું? તારા પિતાની સંમતિ માગવા કે — કે, તમારા ઘરમાં જે રિવાજ હોય તે કરવા —'

'પપ્પા ને?' રિષભાએ કહ્યું : 'પપ્પા તો સંમતિ આપી દેશે. આનાકાની નહિ કરે. મને ખાતરી છે. પણ અત્યારે તેમની તબીયત સારી નથી. એટલે —'

'શું થયું છે તેમને?'

'ખાસ કંઈ નહિ. અચાનક બીમાર થઈ ગયા હતા. હવે તો જરા સારું છે.' બોલતાં થોડીવાર અટકી જઈને વળી તે આગળ બોલી : 'મને લાગે છે કે, હું જ તમને ફોન કરીને કહું કે તેમને મળવા માટે કયો સમય અનુકૂળ છે — એ વધારે સારું છે' (જોકે ત્યારે ય તે પોતે કલ્પી નહોતી શકતી કે આશ્ચર્યના ધડાકા જેવા આ સમાચાર ઘરના સૌને આપવા માટે; એક અકલ્પ્ય ભાવિ પતિને તેમની સામે રજૂ કરવા માટે કયો સમય અનુકૂળ હોઈ શકે.)

'બહુ સારું. એ તારું કામ છે. ભલે, તારી રીતે કર. પણ જોજે બહુ લાંબો ઈંતઝાર ન કરાવીશ.'

'હો. બહુ વાર નહિ લાગે. આજે સાંજે હું તમને ફોન કરી શકીશ.'

'થેંક્સ અ લોટ, રિષભા,' ઉદયભાણે હસીને કહ્યું : 'તો હવે તું જા.' અને જેવી રિષભા જવા માટે ઊભી થઈ કે તરત જ ઉમેર્યું : 'હવે તો તું ખેતરોમાં થઈને પણ બેધડક જઈ શકે છે — એ ખેતરો હવે તારાં જ છે!'

ઝડપથી પાછી ફરીને રિષભાએ પગ ઉપાડયા.

૧૩

ઉદયભાણુના ઘરનું છાપરું દેખાતું બંધ થયું અને રિષભાએ ઝડપ વધારી. વરસાદ થંભી ગયો હતો. ઉદયભાણે કહ્યું હતું તેમ, તદ્દન બંધ થઈ ગયો હતો. ઘેર પહોંચી જવા માટે એ ઉત્તમ મોકો હતો. વળી તેણે ઝડપ વધારી. મનમાં એક વિચાર, દહેશત જેવો એક વિચાર, ફરકતો હતો: 'ઘરે પહોંચવામાં જો બહુ મોડી પડશે તો જમવા માટે રાહ જોઈને બેઠેલું એકેએક જણ અકળાતું હશે. એકેએક જણ પ્રશ્નો પૂછશે કે—'

પણ ઘેર પહોંચતાં સાવ અણધાર્યું જ કંઈક બન્યું જે એક પળ તો તેને દંગ કરી ગયું, હેબતાવી ગયું. તેણે ઓસરીમાં પગ મૂક્યો ન મૂક્યો ને પ્રિયંકા જાણે ઊછળી — પેટીમાં પૂરેલા સ્પ્રીંગવાળા રમકડાની જેમ ભડકાવી દેતી ઊછળી અને રિષભાને વળગી.

'બોલો, બોલો, કુમારી રિષભા તન્ના!' ગીતના ઢાળમાં પ્રિયંકા બોલી: 'આ શું કહેવાય, બોલો બોલો! વરસાદના તોફાનમાં ઉદયભાણુની મોટરસાઇકલ પર એટલી ઝડપે ક્યાં ઊડી રહ્યા'તા? બોલો, બોલો!'

'હેં! શું બોલી?' છાપામાંથી માથું ઊંચું કરતાં ધૈવત પ્રિયંકા સામે તાડૂક્યો: 'ઘરમાં આવી ત્યારથી નાચી રહી'તી તે આટલા માટે?' અને થોડીવાર પ્રિયંકા સામે નજર ખોડી રાખીને

તેણે રિષભા સામે જોયું; ફરી પાછું પ્રિયંકા સામે જોયું અને કહ્યું: 'એ વાતમાં તારે ડહાપણ કરવાની જરૂર નથી!'

'છે – મારે જરૂર છે,' પ્રિયંકા જાણે હજી નાચતી હતી: 'મારે એકલીને જ નહિ બધાને જરૂર છે. ડહાપણ કહે કે ગાંડપણ – આ વાત કર્યા વિના કોઈને ય ચાલવાનું નથી, જોજે!' અને આંખો મોટી કરીને ડોળાને ગોળ ગોળ ફેરવતાં બોલી: 'બાપ રે! હું તો સાચું જ માની શકતી નહોતી – નજરે જોયું તોય! હું અને કિરણ ફૂટબૉલ રમીને પાછા આવતા હતા અને અધવચ્ચે વરસાદ તૂટી પડ્યો એટલે એક ઝાડ નીચે ઊભા રહી ગયા હતા.'

'ઝાડ નીચે ઊભા ન રહેવાય, મૂરખ!' ધૈવતે કહ્યું–કદાચ, પ્રિયંકાના વધારે પ્રશ્નોના મારામાંથી રિષભાને બચાવી લેવા માટે કહ્યું: 'વરસાદના તોફાનમાં ઝાડ નીચે આશરો લેવામાં કેટલું જોખમ હોય — અક્કલ છે કંઈ?'

'તો બીજે ક્યાં આશરો લઈએ?' પ્રિયંકાએ ધૈવત સામે જોઈ હોઠ મરડ્યો: 'કોઈ ફિલ્મી હીરોની જેમ મોટરસાઇકલ પર ઉડાવીને પૂરપાટ દોડાવી જનાર અમારે ક્યાં કોઈ હતું તે?' અને પછી રિષભા તરફ જોતાં, ચહેરા પર મારકણું હાસ્ય લાવતાં બોલી: 'બાકી શું સુપર્બ સીન હતો! કહેવું પડે! મને તો બીક લાગતી હતી કે એ ધોધમાર વરસાદમાં અમે તો ઊભા ઊભા જ ડૂબી જઈશું. ત્યાં જ મેં ઉદયભાણુને પૂરઝડપે મોટરસાઇકલ ભગાવતા જોયા. પાછળ કોઈક બેઠેલું હતું – કોઈક છોકરી. મેં કિરણને કહ્યું ય ખરું કે, જો, જો! કોઈને ઉપાડીને લઈ જાય છે! પણ ત્યાં તો કિરણે ઘાંટો પાડ્યો — અલી, આ તો — તારી બહેન છે, રિષભા!...મને તો એવું લાગ્યું જાણે હું બેભાન થઈને ત્યાં જ ઢળી પડીશ.' વક્તવ્ય પૂરું કરીને, કોઈ સફળ જાસૂસની અદાથી, તેણે બધાની સામે નજર ફેરવી.

'તારે બેભાન જેવી થવું પડ્યું એ બદલ હું દિલગીર છું, પ્રિયંકા,' રિષભાએ, કહી શકાય તેટલા ઠંડા કલેજે કહેવા પ્રયાસ કર્યો: 'હકીકતમાં એ કોઈ રુંવાડાં ખડાં કરી દેનાર 'સીન' નહોતો. અમે ફક્ત બની શકે તેટલાં ઉતાવળે વરસાદ અને ઝાડીથી દૂર નીકળી જવા માગતા હતા.'

'એ બરાબર છે,' પ્રિયંકાએ કહ્યું: 'એવું તો મને પણ પાછળથી લાગ્યું હતું. પણ તે વખતે તને બચાવી લેવા ઉદયભાણુ જ કેવી રીતે આવી ગયા?'

'બચાવી લેવાનો કે આવી જવાનો કોઈ સવાલ જ નહોતો, પ્રિયંકા.' રિષભાએ સમજાવતાં કહ્યું: 'અમે ત્યાં આગળ વાતો કરતાં ઊભેલા જ હતા—વરસાદ શરૂ થયો તે પહેલાંથી. અને પછી વરસાદ અચાનક તૂટી પડ્યો એટલે તેણે તેની ફરજ બજાવી—મોટરસાઇકલ પર મને લીફ્ટ આપીને એ જોખમી જગ્યાએથી દૂર લઈ ગયા. ખરી વાત એટલી જ છે.' કહીને તે પ્રિયંકા સામે જોઈ રહી. કદાચ, એ જોવા માટે કે ખરી વાત 'એટલી જ' હોવાનું તે સ્વીકારી રહી હતી કે કેમ.

'પણ મને એ નથી સમજાતું દીદી, કે ઉદયભાણુ સાથે તું કેવી રીતે વાત કરતી હોય? હા, જો તારે બદલે મસ્તાની હોય—'

પ્રિયંકાએ વાક્ય અધૂરું છોડી દીધું. મસ્તાનીને ઓરડામાંથી બહાર આવતી તેણે જોઈ લીધી હતી.

'શાની વાત છે?' મસ્તાનીએ ખાસ કશા રસ વિના પૂછ્યું: 'તેને બદલે હું હોઉં તો શું?'

'કંઈ નહિ. તારી કંઈ વાત નથી,' પ્રિયંકાએ ઝટઝટ કહી દીધું; પણ ચહેરા પર એટલી બધી ઠાવકાઈ દેખાડી કે શંકા કરવા નહિ ટેવાયેલા જણને પણ થોડીક શંકા પડી જાય.

મસ્તાનીની આંખો એકદમ ચકોર બની ગઈ. ધીમે ધીમે તેણે

બધા ઉપર નજર ફેરવી અને પછી જાણે એકદમ હળવી બની જતી હોય તેમ રસોડા તરફ જતાં પૂછ્યું: 'કેમ, આ બધું રહસ્ય શું છે?'

પ્રિયંકા પાછી કૂદી પડી: 'રહસ્ય – બહસ્ય કંઈ નથી — રહસ્ય વળી આપણા ઘરમાં શાનું હોય? પણ તારી શંકા સાવ ખોટી યે નથી. કંઈક છે ખરું — કંઈક એક્સ્ટ્રા ઑર્ડિનરી! સાંજે વાવાઝોડું આવ્યું 'તું ને? બરાબર એ વખતે દીદી ઉદયભાણુ સાથે વાતો કરી રહી હતી — હાઈવે ઉપર! અને વાવાઝોડામાંથી તેને બચાવવા ઉદયભાણુ તેને પોતાની મોટી જબરજસ્ત, કાળી કાળી ભેંસ જેવી મોટરસાઇકલ પર બેસાડતાક ને પૂરપાટ ઊડાવી ગયા — અમેરિકન થ્રીલરની જેમ!'

'મૂરખ જેવું બોલબોલ ન કર, પ્રિયંકા!' દેખીતી રીતે જ ગરમ અવાજે રિષભા બોલી ઊઠી: 'થ્રીલર – બ્રીલર જેવું શું હતું તેમાં?'

હવે મસ્તાનીનું મહા આશ્ચર્ય ગળામાંથી ઝટકા સાથે બહાર આવ્યું: 'શું વાત કરે છે, રિષભા! ઉદયભાણુ સાથે તું વાતો કરતી 'તી! હાઈવે ઉપર! માય ગૉડ! તું તેને ઓળખતી પણ હો એમ હું તો માનતી નહોતી!'

'હશે! પણ હું તેને ઓળખું છું,' રિષભાએ સ્વસ્થ રહેવાનો બહુ ભારે પ્રયાસ કરવો પડ્યો. અને એ માટે રસોડામાં મસ્તાનીની પાસે જઈ, રસોઈના વાસણો બહાર લાવવામાં તેને મદદ કરવી પડી.

'વિચિત્ર!' આસનિયા પર બેસતાં ધૈવત ગણગણ્યો: 'આ વાત તો હું પણ જાણતો નહોતો! રિષભા, મેં એવું કદી ધાર્યું નહોતું કે તું તેની સાથે ઓળખાણ – પિછાણ રાખી શકે એવા પ્રકારનો એ માણસ હોય.'

'તેં એવું કેમ ધાર્યું નહોતું, ધૈવત?' રિષભાએ તેની સામે

જોવા વિના કહ્યું : ‘ખરી વાત એ છે કે હું તેને સારી રીતે ઓળખું છું. એટલું જ નહિ તેને પસંદ પણ કરું છું.’

‘પસંદ કરે છે? તું? ઉદયભાણુને?’ ધૈવતની આંખોમાં પ્રશ્નો ગૂંચવાઈ ગયા : ‘ઉદયભાણુ જેવા માણસને કોઈ નહિ ને તું પસંદ કરે, રિષભા ... સાલું, ખૂબ જ વિચિત્ર લાગે છે!’

રિષભા થોડીવાર ચૂપચાપ નીચું જોઈને બેસી રહી. થાળીઓ પીરસવામાં મસ્તાનીને મદદ કરવા લાગી. થોડીવારે, નજર નીચી જ રાખીને, તેણે કહ્યું :

‘હવે બસ, ધૈવત. તેના વિષે વધારે કંઈ બોલીશ નહિ.’

‘પણ તેનું કંઈ કારણ?’

‘કારણ — કારણ તમને હું આવી રીતે અચાનક જણાવવા માગતી નહોતી; પણ — હવે તમારે જાણી લેવું જોઈએ કે હું તેની સાથે લગ્ન કરવા માગું છું. અમે આજે જ એ વાત પાકી કરી—’

‘લગ્ન!... હેં!’

‘આજે જ પાકું કર્યું!’...

ધૈવત અને મસ્તાનીના મોંમાંથી એક સાથે જ ઉદ્‌ગાર નીકળી ગયા અને પછી જાણે કંઈક કઠણ ચીજ ગળા નીચે ઉતારતા હોય તેમ મથી રહ્યા. પ્રિયંકાનું ગળું પારેવાની માફક ફૂલી ગયું; ઘૂઘવાટ કરવા લાગ્યું. પછી બધું સ્તબ્ધ બની ગયું. બધાના કાનમાં જાણે તમરાં બોલી રહ્યાં.

ફરી રિષભાનો અવાજ સંભળાયો : ‘તમને આ બધું એક ધડાકા જેવું લાગશે — અણુચિંતવ્યા ધડાકા જેવું, મને ખબર છે. પણ સાચી વાત એ છે કે, હું ઘણા સમયથી તેના પરિચયમાં છું. અવારનવાર તેને મળતી રહી છું. તમને કોઈને તેની ખબર નથી

એટલે બધું અણુધાર્યું લાગે છે. બાકી અણુધાર્યું આ બન્યું જ નથી.’ રિષભા જોર કરીને બોલી તો ગઈ, પણ તેને લાગ્યું કે, બોલતાં તેની જીભ લંગડાઈ જતી’તી.

થોડીવાર કોઈ કંઈ ન બોલ્યું. માથું ઝુકાવીને ધૈવત થોડીવાર બેસી રહ્યો. પછી તેણે માથું ઊંચું કર્યું. રિષભા પર નજર ઠેરવી અને બોલ્યો :

‘આપણે સંજોગોના એવા કાતિલ સાણસામાં સપડાઈ ગયા છીએ એવું હું માનતો નથી, રિષભા!

‘તું કહેવા શું માગે છે, ધૈવત? મને સમજાતું નથી.’ રિષભાએ કહ્યું; સ્વસ્થ અવાજે કહ્યું, પણ ધૈવત સાથે તે નજર મેળવી ન શકી.

‘તું સમજે છે રિષભા, તું બધું સમજે છે.’

‘શું, ધૈવત? તું અને દીદી શું સમજો છો? અમને તો સમજાવો!’ પ્રિયંકા બોલી. પણ કોઈએ તેની નોંધ ન લીધી.

‘ધૈવત,’ રિષભાએ કહ્યું : ‘જો તું એમ ધારતો હોય કે આપણે એક ગૂંગળાવી મારતા સાણસામાં સપડાઈ ગયા છીએ એ કારણે જ હું ઉદયભાણુને — તેના પૈસાને ખાતર — પરણી રહી છું તો એ તારી ભૂલ છે.’ એ શબ્દો, અવાજનો એ રણકો સાંભળીને ખુદ રિષભાને પણ નવાઈ લાગી. ભારોભાર સચ્ચાઈ લાગતી હતી તેમાં! કોઈને પણ ગળે ઊતરી જાય!

‘તો પછી તું એમ કહેવા માગે છે રિષભા, કે તું તેના પ્રેમમાં હતી — છે?’

રિષભાએ જોયું કે, ધૈવતના એ પ્રશ્નનો પોતે જે કંઈ ઉત્તર આપે તેમાં બધું સમાઈ જશે — ગઈકાલ, આજ, આવતી કાલ, બધું જ.

અને જરા પણ અચકાયા વિના તેણે ઉત્તર આપી દીધો : 'હા.'

સાંભળીને મસ્તાની જરાક હસી ગઈ. પ્રિયંકાએ આશ્ચર્ય અને હર્ષમાં શ્વાસ મોં વાટે અંદર ખેંચ્યો અને બોલી ઊઠી :

'બાપ રે, બાપ ! જોયું ને બધાએ ?... અરે, આ તો બધું ધરતીકંપ જેવું ! અંદર તો કોને ખબર ક્યારનું યે ખદખદતું હોય; જ્યારે બહાર આવે ત્યારે સૌને એમ થાય કે કેવો ધડાકો થયો ! દીદીએ તો જમાવટ કરી, બાપુ !'

બસ. પછી કોઈ કંઈ ન બોલ્યું. જાણે દરેક જણે પોતપોતાની રીતે વાત સમજી લીધી હતી. પોતપોતાની રીતે મનને મનાવીને, સ્વીકારી લીધી હતી. કંઈ કહેવા-પૂછવાની હવે જરૂર નહોતી. ધૈવત ચૂપચાપ જમવા લાગ્યો. રિષભા, મસ્તાની, પ્રિયંકા પણ જમવા લાગ્યા. પપ્પાનો સ્ટડીરૂમ બંધ હતો. રિષભાએ, હવે મસ્તાની સાથે નજર મેળવવાનું ટાળવું પડતું હતું. હવે શું વિચારી રહી હશે મસ્તાની ? શું શું ચાલી રહ્યું હશે તેના દિમાગમાં ?... તેના ચહેરા પરથી તો એ કળવું મુશ્કેલ હતું. છાનામાના, મસ્તાનીની નજર નીચી હતી ત્યારે, રિષભાએ એકવાર તેની સામે જોઈ લીધું. અને તે અસમંજસમાં પડી ગઈ. પોતાની આ વિસ્ફોટક જાહેરાત પછી મસ્તાનીના ચહેરા પર ચિંતા ને હતાશાને બદલે રાહત જેવું કંઈક કેમ દેખાઈ રહ્યું હતું ? કે — કે તેને એવો ભ્રમ થતો હતો ?...

એ ભ્રમ ન પણ હોય. સાચેસાચ જ મસ્તાનીને રાહત લાગી રહી હોય, બનવાજોગ છે. હવે તે એક નવી જ શક્યતા જોઈ રહી હોય. હવે તેને જે જોઈતું હશે તે સીધું રિષભા પાસેથી જ મેળવી લેવાશે — પોતાની જ સગી બહેન પાસેથી. અને તે પણ બદલામાં કંઈ ચૂકવ્યા વિના...

પ્રિયંકા ઠીકઠીક વાર સુધી ચૂપ રહી શકી. એ એક નવાઈભરી અને એટલી જ રાહતભરી વાત હતી. પણ આખરે તે બોલ્યા વિના ન રહી શકી. અને બોલી પણ એવું જે ક્રમસેક્રમ, રિષભા માટે તો ખૂબ રાહતભર્યું બની રહ્યું :

'સાચું કહું છું, આવી અદ્‌ભુત વાત મેં પહેલાં કદી સાંભળી નથી. સાચે જ, મને કંઈનું કંઈ થઈ જાય છે આ સાંભળીને ! ઉદયભાણુ — હવે તો જીજાજી — પાસે કેટલા ઢગલે ઢગલા પૈસા છે ! એ દીદીના પૈસા જ કહેવાયને હવે તો ?... સરયુબાની મિલકત જાય તેલ લેવા !'...

ધૈવતે પહોળી આંખે, જરાક ધમકાવતી નજરે પ્રિયંકા સામે જોયું; પણ રિષભાને તો તેને બાથ ભરી લેવાનો ઉમળકો આવી ગયો. પોતે જે વાત બધાને સમજાવવા માગતી હતી, પણ કહી શકતી નહોતી, એ વાત પ્રિયંકાએ કેવી સહેલાઈથી કહી દીધી ! પોતાને એ સમજાવવા માટે શબ્દો શોધવા ફાંફાં મારવા પડચા હોત; પ્રિયંકાએ જેવા આવડચા એવા શબ્દોમાં પણ વાત સૌને બરાબર સમજાવી દીધી હતી — સરયુબાની મિલકત જાય તેલ લેવા!...

* * *

રિષભાના મનમાં એક તકાદો સખત તોળાઈ રહ્યો હતો, ફરીફરીને વલોવાઈ રહ્યો હતો — વહેલામાં વહેલી તકે તેણે મસ્તાનીને મળી લેવું જોઈએ. એકાંતમાં વાત કરી લેવી જોઈએ. આખી વાત તેને વિગતે સમજાવી દેવી જોઈએ. પોતે જે કર્યું હતું તે તેના જ હિતને ખાતર, તેની જિંદગીને રોળાઈ જતી બચાવી લેવા ખાતર જ કર્યું હતું; માત્ર તે જ નહિ, પપ્પા સહિત આખું કુટુંબ એક ભયાનક આપત્તિમાંથી હેમખેમ બહાર નીકળી જાય તે માટે કર્યું હતું એ વાત મસ્તાનીને ગળે ઉતારવી ખૂબ જ જરૂરી હતી. પોતાનો તેમાં કંઈ જ, કંઈ જ સ્વાર્થ નહોતો; પોતે તો માત્ર કુટુંબના સુખને ખાતર પોતાનું બલિદાન આપી રહી હતી એ જાણવું મસ્તાની માટે બહુ જરૂરી હતું... અને પોતે બલિદાન જ

આપી રહી હતી ને? તમામ આશાઓ અને અરમાનો સહિત આખી જિંદગીને હોમી રહી હતીને એક આગમાં? હાસ્તો, જે માણસ માટે દિલમાં કેવળ દુર્ભાવ જ ભરેલો હોય, ધિક્કાર જ ઠાંસેલો હોય તેની પત્ની બનવું એ સ્થિતિ આગ કરતાં ય વધારે બાળનારી છે!... મસ્તાનીને એ બધું સમજાવવું ખૂબ જરૂરી હતું. નહીંતર, એ તો મૂર્ખ છે, નાદાન છે, અવિચારી છે, અને પૂરેપૂરી સંકળાયેલી છે આમાં! કંઈનું કંઈ માની બેસે; કંઈનું કંઈ બોલી બેસે! નાદાનિયત ક્યારે શું કરે તેના કંઈ વર્તારા હોય છે?...'

છેક બપોર પછી તેણે મસ્તાનીને ઘરની પાછળ ખૂલ્લા વાડામાં એકલી બેઠેલી પકડી પાડી. ભીની જમીન પર કંતાન પાથરીને મસ્તાની બેઠેલી હતી. ખોળામાં રંગની પ્લેટ હતી. સામે નાનકડી ઘોડી પર ચિત્ર દોરવાનો કાગળ હતો. પીંછી વડે રંગ હલાવતી તેને જાણે આસપાસની કંઈ ખબર જ નહોતી.

રિષભા ત્યાં ગઈ અને ધીરેથી કંતાનના એક ખૂણા પર બેસી ગઈ. મસ્તાનીએ તેની સામે જોયું અને પૂછ્યું: 'તું છે?'

રિષભાએ મોં મરકાવ્યું અને માથું હકારમાં હલાવ્યું. મસ્તાની એ ફરી પીંછી રંગમાં ફેરવવા માંડી. રિષભાએ તે જોયું અને સીધો જ પ્રશ્ન પૂછ્યો:

'મસ્તાની, મારા પર નારાજ થઈ છે?'

'ના રે,' મસ્તાનીએ પીંછી નીતારીને બાજુએ મૂકતા કહ્યું: 'હું તારા પર નારાજ શા માટે થઉં?'

'તો સારું,' રિષભાએ કહ્યું: 'આ તો મને એવો વિચાર આવ્યો કે ઉદયભાણ સાથે મેં લગ્ન કરવાનું નક્કી કર્યું તેથી તને નિરાશા થઈ હોય... એ વાત હું તને જ પહેલી કહેવા માગતી હતી; જરા સરખી રીતે, વ્યવસ્થિત રીતે કહેવા માગતી હતી, પણ—'

'કંઈ વાંધો નહિ. તારી વાત હું સાચી જ માનું છું.' મસ્તાનીએ હસીને કહ્યું અને તેની સામે આંખો પલકારી.

'મસ્તાની, સાચું કહેજે. આમાં તારી કોઈ લાગણી કોઈ રીતે સંડોવાયેલી હતી? મારાથી કંઈ છૂપાવીશ નહિ. તું ઉદયભાણુને — આઈ મીન — તું તેને પસંદ તો કરતી નહોતી ને?'

'ના,' મસ્તાનીએ કહ્યું: 'અને મને ખબર છે કે તું પણ તેને પસંદ કરતી નથી.'

રિષભાએ ખભા ઉછાળ્યા. મસ્તાની બધું જાણતી હતી. ઉદયભાણુ વિષે પોતે શું માને છે તેનાથી મસ્તાની બિલકુલ અજાણ નહોતી. મસ્તાની પાસે ઢોંગ કરવાનો કોઈ અર્થ નહોતો.

તેણે કહ્યું: 'બરાબર છે. પણ એ વાત હું બીજા કોઈને કહેવાનું પસંદ નહિ કરું.'

'હું પણ કોઈને નહિ કહું,' મસ્તાનીએ કહ્યું. જાણે તેને લાગતું હતું કે એવી હૈયાધારણની રિષભાને જરૂર હતી. થોડીવાર રિષભાની સામે જોઈ રહીને તેણે એકાએક પૂછ્યું: 'રિષભા, આ બધું કરવા પાછળ તારો કયો વિચાર હતો? મને પતનના માર્ગે જતી બચાવી લેવાનો?'

'નહિ, નહિ!' રિષભા બોલી ઊઠી. એ વાત — એવી જ હતી એ વાત, છતાં તે આવા શબ્દોમાં કહેવાય તે તેને ન ગમ્યું. 'એ એક વાત જ તેમાં નહોતી, મસ્તાની. તેમાં બધી વાતો હતી— ઘણી બધી. એ બધું મારે તને કહેવું જોઈએ. તારે એ જાણવું જોઈએ એમ હું માનું છું. વાત એમ હતી કે, ગઈ કાલે સાંજે હું તેના ઘેર હતી. તેને એ કહેવા માટે ગઈ હતી કે, તેના અને તારા વચ્ચે જે બની રહ્યું હતું એ બધું હું જાણી ગઈ છું.'

'શું? શું કહ્યું તેં? અમારા વચ્ચે જે બની રહ્યું હતું તે?' મસ્તાનીએ માથું ટટ્ટાર કર્યું અને રિષભા સામે જોઈ રહી.

'હા,' રિષભાએ કહેવાનું ચાલુ રાખ્યું: 'તને એ બહુ ખરાબ લાગશે, હું સમજુ છું; પણ મને તો, બધી રીતે વિચારતાં

એ એક જ રસ્તો દેખાતો હતો. તું મને સમજવાની કોશિષ કર, મસ્તાની. તારી જિંદગીને તારા જ હાથે બરબાદ કરાતી હું કેવી રીતે જોઈ શકું ? સાચું માન મસ્તાની, તું જે માર્ગે જવા માગતી હતી એ બરબાદી સિવાય બીજે ક્યાંય લઈ જઈ ન શકે. મેં તને સમજાવવા પ્રયત્ન પણ કર્યો. પણ કોઈ દલીલ સાંભળવા તું તૈયાર નહોતી. એટલે પછી તેની પાસે જવા સિવાય અને તેને પાછો વાળવાનો પ્રયત્ન કરવા સિવાય મારી પાસે કોઈ માર્ગ નહોતો.'

'પછી તેણે તને શું કહ્યું ?' મસ્તાનીએ પૂછ્યું. તેના અવાજમાં, ચહેરા પર કેવળ કુતૂહલ દેખાતું હતું; ક્રોધ કે નારાજગી જરા પણ નહિ ! જે કંઈ બન્યું હતું, જે રીતે બન્યું હતું તે જાણવામાં જાણે તેને અનહદ રસ પડતો હતો.

'પહેલાં તો તેણે મને કહ્યું કે, એ વાત સાથે મારે કંઈ લાગીવળગી જ શકે નહિ. એ પ્રશ્ન તારો છે. જો કે, એક રીતે, તેની એ વાત સાચી ગણાય. એ પ્રશ્ન માત્ર તારો જ ગણાય. પણ હું માનું છું — મને ખાતરી છે કે, એ પ્રશ્નમાં પ્રેમ જેવી કોઈ ચીજ હતી જ નહિ, ખરું ને ?'

મસ્તાનીએ માથું સહેજ હલાવ્યું. જોનારને તે હકાર જેવું લાગે.

રિષભા આગળ બોલી : 'આખરે મેં તેને સીધેસીધું અને સ્પષ્ટ કહી દીધું કે, તે તારા ઉપરથી હાથ બિલકુલ ઉપાડી લે અને એક ભારે અનર્થ થઈ જતો અટકાવી દે.'

'હં, હં ! પછી તેણે શું કહ્યું ?' મસ્તાનીને ખૂબ રસ પડી રહ્યો હતો. રિષભાના ચહેરા પરથી તેની નજર ખસતી જ નહોતી.

'તેણે કહ્યું કે — કે તે તારા પરથી તેના હાથ બિલકુલ ઉપાડી લેવા તૈયાર હતો; પણ એ શરતે કે, હું તેની સાથે લગ્ન કરું ! સહેજ થોભીને તેણે કહ્યું : 'પછી તેણે એમ પણ કહ્યું કે, તે ઘણા સમયથી મારી સાથે લગ્ન કરવા આતુર હતો —'

'એવું કહ્યું ? તેણે ?'

'હા.'

'બીજું કંઈ ન કહ્યું ?'

'ના, ખાસ બીજું કંઈ નહિ.'

'કમાલ !' મસ્તાની ગણગણી અને એકાએક કંઈક યાદ આવ્યું હોય તેમ બોલી ઊઠી : 'એક મિનિટ, રિષભા. એક મિનિટમાં જ આવું છું. તું અહીં જ બેસજે.'

રિષભા તેને ઘર તરફ જતી જોઈ રહી. તે દેખાતી બંધ થઈ એટલે ઘોડી પર કાગળમાં મસ્તાનીએ પેન્સીલથી દોરેલી આકૃતિને જોવા લાગી.

૧૪

થોડીવારે મસ્તાની પાછી આવી ત્યારે સરસ મજાનું સ્મિત તેના ચહેરા પર હતું. મસ્તાનીના એ સ્મિતને કોઈને પણ ગમી જવાની જાણે બાંહેધરી મળેલી હતી. અત્યારે તે રિષભાને પણ ગમ્યું. છતાં તેની સામે તકાયેલી રિષભાની નજરમાં તો પ્રશ્ન જ હતો. (કદાચ, પ્રશ્નો હતા.) એક મહત્ત્વની વાત કરતાં કરતાં વાત જ્યારે મહત્ત્વના તબક્કે પહોંચી ત્યારે એકાએક જાણે ધૂરી ચડી હોય તેમ ઊભી થઈ જવાનું—ઘરમાં ચાલી જવાનું તેને શું કારણ હતું?'

શું સૂઝી આવ્યું હશે એમ એકાએક?'

કે કંઈક ચીજ યાદ આવી ગઈ હશે?

શું હશે?...

પણ એ શું હતું એ જ્યારે મસ્તાનીએ કહ્યું ત્યારે તેના મનમાં ભાવોની ભારે ઉથલપાથલ, ઘડીભર તો, થઈ ગઈ. ઘડીક કંઈ વિચિત્ર થઈ ગયું તેને. સખત દાઝ ચડી ગઈ—પહેલાં મસ્તાની ઉપર અને પછી પોતાના ઉપર. અને પછી હસવું આવી ગયું—એ ય ઉપર. મસ્તાનીએ હસીને કહ્યું કે, આમ તો આજે તે પેલા દૂર દેખાતા ઝાડના ઠૂંઠાનું ચિત્ર દોરવા બેઠી હતી. પણ પછી, રિષભા સાથે વાત કરતાં કરતાં તેને સાવ નવી જ ઇચ્છા થઈ આવી. કોણ જાણે કેમ, તેને રિષભાનું પોર્ટ્રેટ બનાવવાની ઇચ્છા

થઈ આવી! એટલે તરત જ તે ઘરમાં ગઈ અને રિષભાનો, પોતાને ગમતો, ફોટો લઈ આવી—હવે તે શાંતિથી પોર્ટ્રેટ બનાવશે.

'હત્તરેકી!' રિષભા ઘડીક સમસમી અને પછી હસી પડી.

મસ્તાનીને વાતમાં ઘણો રસ પડેલો જ હતો. હજી યે એવો ને એવો જ હતો. ફક્ત વચ્ચે એક આડવાત મનમાં ઊગી નીકળી. એક ધૂન ચડી ગઈ અને દોડતી જઈને તે ફોટો લઈ આવી. હવે પાછી તે વાત સાંભળવા તૈયાર હતી, આતુર હતી, આતુર નજરે તેણે રિષભા સામે જોયું.

(તેના એવા ધૂનીપણાને કારણે જ કદાચ, રિષભાને હંમેશા તેની ચિંતા રહેતી હતી; હંમેશા તે ગમતી રહેતી હતી.)

'હં,' મસ્તાનીએ વાતનો દોર સાંધ્યો. 'ગજબનો માણસ કહેવાય, કેમ? એક બાજુ કેટલાય સમયથી તને ચાહતો હોવાની વાત અને બીજી બાજુ, તું તેની સાથે લગ્ન કરે તો મને મુક્ત કરવાનો સોદો—એ ય એક સાથે!' સહેજ અટકીને તદ્દન ત્રાહિત-ભાવે પણ એટલા જ રસથી તેણે આગળ કહ્યું: 'પણ એ ઘડીએ તો તેં એ સોદો સ્વીકાર્યો જ નહિં, ખરું ને?...હમણાં જ તેં કહ્યું કે, તું જે કરતી હતી તે બધું માત્ર મારે લીધે કરતી નહોતી. કહ્યુંને તેં?'

'બરાબર છે. મેં એવું કહ્યું છે,' રિષભાએ કહ્યું: 'અને મેં તેની એ શરતને એક ઝટકે પાછી ફેંકી દીધી'તી એ પણ સાચું છે. એટલી ઉદ્ધતાઈથી મેં ઇન્કાર કર્યો હતો કે, મને તો ડર હતો કે તેને હાડોહાડ અપમાન લાગી જશે અને ગુસ્સાથી આગ આગ થઈ જશે.'

'એવું જ થયું હશે.'

'ના. મને હજી નવાઈ લાગે છે કે એથી બિલકુલ ઊંધું જ થયું. અપમાન લાગવાનું તો દૂર રહ્યું, પણ જાણે હું કંઈ બોલી!

જ ન હોઉં કે તેણે કંઈ સાંભળ્યું જ ન હોય તેમ એ તો હસતા જ રહ્યા, તદ્દન શાંતિથી ! ઉપરથી એવું બોલ્યા કે તેની ઑફર અને તેનાં દ્વાર મારે માટે ખુલ્લા જ રહેશે. ગમે ત્યારે સ્વીકાર કરવાની ને ઇચ્છું ત્યારે પ્રવેશ કરવાની છૂટ રહેશે. તેમાં તેણે એટલું જરૂર ઉમેર્યું કે, જો હું તેને જરૂરી અનુકૂળતા કરી આપું તો, તે આપણા સૌના માટે કેટકેટલું કરવા તૈયાર છે ને કેટકેટલું કરી શકે તેમ છે તેનો વિચાર મારે શાંતિથી કરવો જોઈએ.'

સહેજ વાર થોભીને, વાત મસ્તાનીના મનમાં ઠરે તે માટે સમય આપતી હોય તેમ, થોડીવારે આગળ બોલી : 'તું નહિ માને, મસ્તાની. પહેલીવાર તો હું પણ માની શકી નહોતી કે, તે પપ્પાનું તમામ દેવું ચૂકતે કરી આપવા તૈયાર છે. એટલું જ નહિ, ધૈવત તેને ભણવું હોય ત્યાં સુધી ભણે, જે બનવું હોય તે બને ત્યાં સુધી ખર્ચ આપવા તૈયાર છે. અને તારી વાત પણ તેણે કરી — તું જ્યારે ઇચ્છે ત્યારે વેનિસ જઈ શકે, ઇચ્છે તેવી કલાકાર બની શકે તે માટે બધા નાણાં આપવા તે તૈયાર છે.'

મસ્તાનીની ભૂખરી, અણીદાર આંખો આશ્ચર્યથી ગોળ બની ગઈ. એક સીસકારો અધખૂલ્લા હોઠમાંથી નીકળ્યો અને ધીમા, સાવ ધીમા અવાજે તેણે પૂછ્યું : 'આ — સાચું છે ? બધું જ ?'

રિષભાએ માથું હલાવી હા કહી, અને હોઠ મરકાવ્યા.

'આટલું બધું માત્ર તું તેને પરણે તેના બદલામાં ?!' બે પળ રિષભા સામે તાકી રહીને માથું ધૂણાવતાં તે બોલી : 'ભગવાન, ભગવાન ! તારી પાછળ તો તે પાગલ થયો કહેવાય...'

'શી ખબર !' રિષભાએ હળવાશ બતાવવા ખભા સહેજ ઉછાળ્યા : 'માણસને ક્યારેક કશુંક મેળવી લેવાની તાલાવેલી જાગે છે. પણ સાથે સાથે તેને માટે તે દુર્લભ હોવાની યે ખાતરી થઈ જાય છે. પણ તેથી એની તાલાવેલી ઊલટી વધી જાય છે — તરફડાટ

બની જાય છે. માણસ મરણિયો બની જાય છે. અને એ અપ્રાપ્ય ચીજ પ્રાપ્ત થઈ જાય તો તેની ખુશીમાં સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય છે.'

મસ્તાની ઘડીક રિષભા સામે જોઈ રહી. આંખોમાં પ્રશંસા હતી. બંધ હોઠ પર પ્રસન્નતાભર્યું એક સ્મિત, મોકો મળતાં જ ફેલાઈ જવા તૈયાર બેઠું હતું.

'બનવાજોગ છે,' તેણે કહ્યું : 'તું કહે છે એ પણ ઘણું બનવાજોગ છે. ઉદયભાણુ એ પ્રકારના માણસ હોઈ શકે.' ઉદયભાણુ સાથે પોતાને ક્યાંય કંઈ છેડો જોડાયેલો જ ન હોય એવી તટસ્થતાથી તેણે ઉદયભાણુ વિષે અભિપ્રાય ઉચ્ચાર્યો અને પછી પૂછ્યું : 'એ ગમે તે હોય. હવે તારી વાત કર. તને આનાથી કેવું લાગે છે? તને કંઈ જ આનંદ થતો, મને તો, દેખાતો નથી.' અને તેની વધારે નજીક જતાં પૂછ્યું : 'સાચું કહે, દુઃખ થાય છે તને ?'

રિષભા શું કહે ? ચૂપ બેમી રહી.

મસ્તાનીએ તેનો ખભો પકડી ધીરેથી હલાવ્યો, જાણે પ્રશ્નને દોહરાવ્યો.

રિષભાએ કંઈક ગળા નીચે ઉતાર્યું અને મસ્તાની સામે જોયું. કહ્યું : 'ના. મને લાગે છે કે, 'દુઃખ' શબ્દ બરાબર નથી. તારી પેલી વાત સાચી. મને કંઈ આનંદ થતો હોય એવું હજી મને લાગતું નથી. પણ મને બહુ મોટી રાહત જરૂર લાગે છે. છાતી ઉપરથી જાણે કોઈ જબરદસ્ત ખડક ઊંચકાઈ ગયો હોય તેવો હાશકારો મનમાં થઈ રહ્યો છે. આજ સુધી જાણે રુંવાડે રુંવાડું કસીને બાંધેલું હતું; હવે તદ્દન મુક્ત થઈ ગયાની જબરી હળવાશ લાગે છે.' થોડીવાર અટકીને તેણે આગળ કહ્યું : 'આટલું મળતું હોય તો પછી, આનંદનું ન મળવું સરભર થઈ જતું નથી? જે જીવ-

લેણ કળણમાં આપણે સૌ ફસાઈ ચૂકયા છીએ તેમાંથી હેમખેમ બહાર નીકળી જવાય તેને આનંદ જ ગણવામાં શું ખોટું છે?... તને ખબર નથી મસ્તાની, કે આપણે કેવી ભયાનક હોનારતના આરે ઊભા છીએ. ઘર પણ આપણું રહ્યું નથી — ગીરવી મુકાઈ ગયું છે. ને અચૂક લીલામ પણ થઈ જશે. ગીરોનું વ્યાજ પણ ભરાયું નથી. જો ઉદયભાણ આમાં ન આવ્યા હોત તો આવતી કાલે, કે પછીના કોઈ પણ દિવસે આપણું શું થયું હોત તેની કલ્પના કરતાં ય તમ્મર આવી જાય તેમ છે. કલ્પના કરી જો. બિચારો ધૈવત. આપણો આશાભર્યો, તેજભર્યો, હોંશભર્યો, વ્હાલો ભાઈ... બધી જ હોશિયારી અને પૂરી શક્તિ હોવા છતાં જીવનમાં પ્રગતિનું એક ડગલું યે માંડી ન શકે. દવાની દુકાનમાં ગુમાસ્તો બનીને પેટિયું રળવા જિંદગીભર હસરડો કરતો કરતો ઘસાતો જાય, ભૂંસાતો જાય, નષ્ટ થઈ જાય...અને તેને તક મળે તો? તો તે ઘણું સરસ કરી શકે, ઘણે ઊંચે આંબી શકે તેમ છે. પણ આપણી પાસે તેને કોલેજ સુધી મોકલવાના બસભાડાના પૈસા પણ નથી.'

થોડીવાર ચૂપ રહીને તેણે ફરી કહ્યું: 'જો તેને અને તેની જેમ બીજા સૌને જિંદગી બનાવવાની તકો હાથવગી કરાવી શકાતી હોય તો તેને સ્વર્ગનું સુખ ગણવું જોઈએ. એ સુખ સૌને મળે તો પછી મને આનંદ નથી એવું કહેવાનો દંભ હું નહિ કરું.'

'હં, હં...' વિચારમાં ધૂણાવતી હોય તેમ માથું ધૂણાવતાં મસ્તાનીએ કહ્યું: 'હવે સમજાય છે...અને એટલે હવે તને એ પૂછવું પણ નકામું ગણાશે કે, ઉદયભાણ વિષે તું શું માને છે? કેવા માણસ લાગે છે તને?'

'નકામું ન ગણીએ તો પણ મસ્તાની, સાચી વાત એ છે કે, હું પોતે જ તેને કયાં ઓળખું છું? તેના વિષે કયાં ખાસ કંઈ જ જાણું છું? આ પહેલાં મારે કદી તેની સાથે વાત કરવાનું પણ બન્યું નથી.'

'છતાં તું જે નિર્ણય લઈ રહી છે, જે પગલું માંડી રહી છે એવું સામાન્ય સંજોગોમાં તેં ન જ કર્યું હોત, રિષભા. મને ખાતરી છે.'

'ન જ કર્યું હોત. પણ બીજું આપણે કરી યે શું શકીએ છીએ? આદર્શો, સિદ્ધાંતો, મૂલ્યો...ઠીક છે, સારી ચીજો છે બધી. સાચવી શકાય તો સાચવી રાખવી જોઈએ. પણ વાસ્તવિકતા આપણને તે સાચવવા દે તેમ નથી. સંપૂર્ણપણે નિર્દય બની ગઈ છે આપણા પ્રત્યે. આપણે વિપરિતતાના ધસમસતા પૂરમાં ફેંકાઈ ગયા છીએ. જબરા વમળમાં ફસાઈ ગયા છીએ. ને વાસ્તવિકતા આપણને લલકારી રહી છે — કાં તો તરી જાવ, કાં તો ડૂબી જાવ!'

'અને વસ્તુસ્થિતિ એવી છે કે, આપણે ડૂબી રહ્યા છીએ?' મસ્તાનીએ પૂછ્યું.

'બેશક.'

મસ્તાનીએ એક લાંબો ઉચ્છ્વાસ મૂકયો અને મોં મરકાવતાં બોલી: 'ખેર, હવે તો ઉદયભાણનો એકલવાયો હવામહેલ આપણા માટે કિનારો બની જાય છે — ખાસ કરીને તારા માટે!'

'એવો વિચાર મેં કર્યો નહોતો,' રિષભાએ રુક્ષ અવાજે કહ્યું અને જવા માટે ઊઠી.

'તો પણ,' મસ્તાનીએ કહ્યું: 'ખૂબ ધનવાન હોવાની મજા, તેનો આનંદ તો તું માણી શકશે. ધનને તેની આગવી મજા હોય છે, વિશિષ્ટ આનંદ હોય છે. તેનાથી કોઈ તદ્દન નિર્લેપ રહી શકતું નથી. ગોળ તો અંધારામાં ખાનારને ય ગળ્યો જ લાગે!'

થોડીવાર મોં મરકાવતી રિષભા સામે જોઈ રહીને તેણે ફરી કહ્યું: 'ખૂબ ખૂબ ઉત્તમ વસ્ત્રો હશે, ઝળહળતાં ઝવેરાત હશે,

દેશ વિદેશની ભરપૂર સફરો હશે — તારે માટે હવે બધું જ હશે અને એ પણ તદ્દન વિનામૂલ્યે !'

'ના,' રિષભાએ ગંભીર ચહેરે કહ્યું : 'વિનામૂલ્યે નહિ; મફત નહિ, મસ્તાની પણ ઉધાર ! એક દિવસ તો બીલ ચૂકવવું પડશે જ.'

મસ્તાની બરાબર ન સમજી. અસમંજસમાં પડી ગઈ, ને રિષભા સામે જોઈ રહી, પણ પછી હસી પડી અને ખભા ઉલાળતી બોલી :

'હેં ઉધાર ?...બધી જ ગોઠવણો માટે એ તો સહેલામાં સહેલો રસ્તો છે, નહિ ? આપણે તો એ જ રસ્તે ગોઠવણો કરતા આવ્યાં છીએ — કાલે જ ચૂકવી દેવાનો કોલ. અને પછી, બનતાં સુધી કાલ પડે જ નહિ !'

'પણ મને લાગે છે,' રિષભાએ કહ્યું : 'કે ઉદયભાણના મહેલમાં આજ પછી કાલ અચૂક આવે છે.'

મસ્તાની ફરીવાર બરાબર ન સમજી. ફરીવાર અસમંજસમાં પડી ગઈ. પણ કંઈ બોલી નહિ. અને રિષભા પીઠ ફેરવીને ઘર તરફ ચાલી ગઈ.

રિષભા હજી સાવ ભારમુક્ત થઈ નહોતી. હજી એક સૌથી મોટું કામ બાકી હતું. હરસુખરાયને આ સમાચાર આપવાનું અને તેમાં સંમતિ આપવા માટે તેમને તૈયાર કરવાનું જબરજસ્ત કામ હજી માથે તોળાયેલું હતું. પપ્પાની એ લાડકી હતી, વિશ્વાસુ હતી એટલે વાત તો તે કહી શકે તેમ હતી. પણ એ માટે ય પપ્પાનો મૂડ જોવો પડે તેમ હતો. તેમનો મૂડ જો સ્ટેજની દુનિયામાં ફરતો હોય તો વાત સાંભળતાં જ તે એકાદ ચોટદાર, અસ્ખલિત ભાષણ આપી દે; શક્ય તેટલી ઉત્તમ અદાથી ઈન્કાર કરી દે તેવા સંભવને નકારી શકાય તેમ નહોતું.

અને એટલે જ તે પપ્પાનો મૂડ જોઈ લેવા તલપાપડ હતી. જો કે વાત કહી દેવા અંગે પણ તે મક્કમ હતી.

સ્ટડીરૂમમાં તેણે હરસુખરાયને પથારીમાં અઢેલીને મજાથી બેઠેલા જોયા. રિષભાને અંદર આવતી જોતાં જ ચહેરા પર આનંદ ખીલી ઊઠયો. આવો આનંદ, આવી રીતે ખીલી ઊઠતો, સરયુબાના વસિયતનામાનું વાચન થયું તે પછી કદી તેમના ચહેરા પર દેખાયો નહોતો. રિષભાને તેથી આનંદભર્યો સંતોષ થયો. જો કે તેણે એ પણ નોંધ્યું કે હરસુખરાયના લમણાં પર વાળનાં સફેદ થોભીયાં, જે પહેલાં પણ સફેદ જ હતાં પણ ઝટ નજરે ચડતાં નહોતાં તે, હવે પહેલી નજરે જ દેખાતાં હતાં. ખેર, પણ પોતાને જોઈને તેમના મુખ પર ઉભરાયેલો આનંદ સ્પષ્ટ ખાતરી આપતો હતો કે, પોતે જે 'સમાચાર' તેમને આપવા આવી હતી તે એક 'સારા સમાચાર' નિવડે તેવી સંભાવના ઉજળી હતી.

રિષભાને આવકારવા ઓશીકાનો ટેકો છોડીને ટટ્ટાર થતાં હરસુખરાયે પહેલાં પ્રસન્ન સ્મિત કર્યું અને પછી બોલ્યા : 'આવ, દીકરા ! જો, હવે આ અશક્ત, પરવશ માણસ પાછો સાજો થવા લાગ્યો છે.'

રિષભા પાસે આવીને બેઠી એટલે તેમણે પાછો ઓશીકાનો ટેકો લીધો અને બોલ્યા : 'હું જાણું છું મારી બેટીને તેથી કેટલી ખુશી થતી હશે !'

'ખૂબ જ, પપ્પા' રિષભાએ હસીને કહ્યું : 'સાચે જ મને ખૂબ ખુશી થાય છે.' અને સહેજવાર થોભીને પૂછ્યું : 'પપ્પા, અત્યારે તમને વાત કરવાનો મૂડ છે ?'

એક ઝાંખો, કાળો પડછાયો હરસુખરાયના ચહેરા પરથી દોડી ગયો. બિચારા હરસુખરાય ! એવી કલ્પના ય કરી શકતા ન હતા કે જેમાં નાણાંની ત્રાસભરી ચિંતા ન હોય એવી કોઈ વાત પણ હોઈ શકે !

'હા કેમ ?...હાસ્તો !' એકાદ ગળચવું ગળતાં તેમણે કહ્યું અને પછી તરત, સંભવિત પાણી સામે પાળ બાંધતાં, ઉમેર્યું : 'છતાં હજી મને અશક્તિ ઘણી છે. એટલે કોઈ મોટો બોજો —'

'ના રે. ના, પપ્પા ! ચિંતાની કોઈ વાત જ નથી. હું તો તમને એક સરસ મજાની વાત કહેવા આવી છું — ખુશખબર ! ...પપ્પા, મેં લગ્ન કરવાનું નક્કી કરી લીધું. બોલો, છે ને ખુશખબર ?'

'લગ્ન !...નક્કી કરી લીધું ?...અરે, આ તો ખરેખર ખુશખબર ! ખૂબ ખૂબ ખુશખબર !'

એક પળ, રિષભાને ડર લાગ્યો. બોલતાં થોડીવાર અટકી ગયેલા હરસુખરાય કોઈ અફલાતૂન, અસરદાર, તાળીઓના ગડગડાટ કરાવે એવી સ્પીચ શોધવા અટકી ગયા છે. થોડીવારમાં જ જો શોધી કાઢશે. તો પછી...

ઝટઝટ તે બોલી : 'અને પપ્પા હું જેની સાથે લગ્ન કરવાની છું તેનું નામ જાણશો ત્યારે તો તમે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ જશો.'

હરસુખરાયે એક હાથ છટાથી ઊંચો કર્યો અને રિષભાને અટકાવતાં કહ્યું : 'એક મિનિટ થોભ. મને ધારવા દે. ચાલ, ત્રણ વખત ધારવાની મને છૂટ ! મંજુર ?'

'પણ તમે કદી ધારી ન શકો એવું આ નામ છે, પપ્પા,' રિષભા વહેલામાં વહેલી તકે વાત કહી દેવા, વાતનો નિવેડો લાવવા આતુર હતી. તેણે કહી દીધું : 'તેનું નામ છે ઉદયભાણ.'

હરસુખરાય ખરેખર સ્તબ્ધ થઈ ગયા. પહોળી, અપલક આંખે દંગ થઈને રિષભા સામે જોઈ રહ્યા. પછી બોલ્યા :

'ઉદયભાણ ? તેં એ જ નામ કહ્યું ને ? ના, ના ! એ સાચું ન હોઈ શકે. મજાક કરે છે ને ?'

રિષભા જાણતી હતી કે એ મજાક નહોતી. એ કદાચ કિસ્મતની મજાક હોય તો પણ, પોતે તો મજાક કરતી નહોતી. પૂરેપૂરી ગંભીર હતી. પણ તે ચૂપ રહી. એ કઠણ વાત હરસુખરાયના મનમાં ઉતરે, પચે એ માટે થોડો સમય આપવો જરૂરી હતો.

આખરે હરસુખરાય બોલ્યા. અવાજમાં જાણે ખૂબ ભાર હતો, અશક્તિ હતી, દર્દ હતું : 'રિષભા, દીકરા ! હું નથી માનતો કે આ લગ્નની મંજુરી હું આપી શકું. હું કદી એવું કલ્પી પણ નથી શક્યો કે મારી કોઈ દીકરી ઉદયભાણ જેવા માણસને વરે.'

'એવો વિચાર મેં પણ કદી ક્યાં કર્યો'તો ?' રિષભાના મનમાં પડઘો પડ્યો. પણ પિતાને તેણે કહ્યું :

'હું જાણું છું પપ્પા, કે તેમના વિષે લોકોમાં પુષ્કળ હલકી વાતો કહેવાય છે. પણ તેની સામે એ વાત પણ સાચી નથી કે, જે માણસો પોતાની જ મરજી મુજબ જીવતા હોય, લોકોને કેવું લાગે છે તેની સહેજ પણ તમા રાખ્યા વિના જીવતા હોય તે સારા હોય છતાં લોકો તેમને નિંદ્યા વિના રહેતા નથી ?'

હરસુખરાયે માથું ધૂણાવ્યું અને કહ્યું : 'આમાં પોતાની મરજી મુજબ જીવવાની ને બેતમા બનીને જીવવાની જ વાત નથી, રિષભા. બીજી પણ વાતો છે.... તું એ બધું ન સમજી શકે.'

પિતાના ચહેરા સામે જોઈ રહેલી રિષભાને લાગ્યું કે, તે ખરેખર એમ માનતા હતા કે પોતે 'એ બધું' ન સમજી શકે !

વળી હરસુખરાય બોલ્યા : 'રિષભા, તારો આ નિર્ણય અણધાર્યો ને અવિચારી નથી લાગતો ?'

'ના, એવું નથી,' રિષભાએ કહ્યું : 'હકીકતમાં હું તેને ઠીકઠીક સમયથી ઓળખું છું. તેના પરિચયમાં છું. ઘણીવાર તેને મળેલી છું. અને એ બધાના અંતે હમણાં જ અમે નક્કી કર્યું છે કે લગ્ન કરી લેવું જોઈએ.' થોડીવાર શાંત રહીને ફરી આગળ

કહ્યું : 'મને ચોક્કસ ખાતરી છે પપ્પા, કે તમે જો તેને સાચો-સાચ ઓળખતા હોત તો તમે પણ તેને પસંદ કરતા હોત.'

એવું બનવું સદંતર અશક્ય હતું એ રિષભાને ખબર હતી. પણ અત્યારે જરૂરી એ હતું, મહત્ત્વનું એ હતું કે, ઉદયભાણુમાં ઘણી સારી બાબતો, ઘણા સારા ગુણો રહેલા છે એ વાત ગળે ઉતારવા હરસુખરાય પ્રોત્સાહિત થાય.

'ખરેખર પપ્પા, એ ખૂબ જ માયાળુ છે,' રિષભાએ પ્રોત્સાહન શરૂ કર્યું : 'તમે જાણતા નથી, પણ એ તો બબ્બે વરસથી મારા માટે તપ કરી રહ્યા હતા. બે વરસ પહેલાં મને પહેલીવાર જોઈ ત્યારથી મારી સાથે—'

'અત્યંત અસંભવિત !' ઘેરા, ઘૂંટાયેલા અવાજે હરસુખરાય બોલી ઊઠ્યા : 'સ્ત્રીને પહેલી જ વાર જોઈને પરણવા માટે તડપી ઊઠનાર પુરુષ સંભવી શકે જ નહિ !'

'હા, હા, બરાબર છે,' હસવાની જરૂરત જાણી હસતાં હસતાં રિષભાએ કહ્યું : 'તમારી વાત સાચી જ હોય. આ તો તે જેવી રીતે વાત કહે છે તેવી રીતે તમને કહું છું. આ તો કહેવાની એક અલંકારિક રીત છે, નહિ, પપ્પા ? પણ તેથી કંઈ વાત ખોટી થઈ જાય ? મને પરણવા તે ખૂબ જ આતુર છે — એ સાચી વાત છે.'

'અને તું ?' હરસુખરાયે પૂછ્યું : 'તું પણ એટલી આતુર છે ? એટલી ચાહે છે તેને ?'

'ઓહ,' નીચું જોતાં રિષભાએ કહ્યું : 'હા.'

ખોટી હતી એ 'હા.' રિષભા અચકાઈ ગઈ હતી એ કહેતાં મન સાથે ખેંચતાણ કરવી પડી હતી એ 'હા' કહેતાં. પણ એ અચકાટ અને ખેંચતાણને, સદ્‌ભાગ્યે, હરસુખરાયે તેની સ્વાભાવિક લજ્જા માની લીધી હતી.

રિષભાને લાગ્યું કે, હવે સત્વર તેણે એવી બધી વાતો હર-સુખરાયને કહેવી જોઈએ જે સાંભળીને તેમનું મન ઉદયભાણ પ્રત્યે કૂણું પડે; જુદી રીતે વિચારતું થાય. તેણે કહ્યું :

'પપ્પા, એ કેટલા માયાળુ છે અને કેટલા ઉદાર છે તેની તમે કલ્પના પણ નહિ કરી શકો. મારા માટે અને આપણા ઘર માટે તે એટલું બધું કરવા માગે છે, એટલું બધું કરવા માગે છે પપ્પા કે, પાર જ ન આવે !'

'હેં ! ખરેખર ?' હરસુખરાયનાં ભવાં, તેમની ઇચ્છા વિરુદ્ધ, એક હર્ષાન્વિત આશ્ચર્યમાં અધ્ધર ખેંચાયાં.

૧૫

હરસુખરાયના અધ્ધર ઊંચકાયેલાં ભવાં પાછાં નીચે આવે, અચાનક ઉછળી આવેલું તેમનું રસપૂર્ણ આશ્ચર્ય અને કુતૂહલ શમે તે પહેલાં તેમણે અત્યંત અજાયબી ભર્યા શબ્દો સાંભળ્યા અને તેમનાં ભવાં કપાળમાં અધ્ધર જ અટકી ગયાં.

રિષભા કહી રહી હતી : 'હા, પપ્પા. ખરેખર કહું છું. ઉદયભાણ તો ખૂબ જ ભારપૂર્વક કહે છે કે ધૈવતને ભણવાની તક મળવી જ જોઈએ. એ ભણી શકે એવો છે. ખૂબ તેજસ્વી છે. એનું ભણવાનું રોકી શકાય જ નહિ. ધૈવતને એન્જિનિયર બનવાની તમન્ના છે. અને તે એન્જિનિયર બની જાય ત્યાં સુધીની બધી જ મદદ કરવા તે મક્કમ છે. અને પપ્પા, એ તો મસ્તાનીનું સપનું પણ પૂરું કરવા તૈયાર છે; તૈયાર શું, આતુર છે એ તો! એ કહે છે કે મસ્તાનીને વેનિસ જવા માટે બધી સગવડ કરી આપવા એ તૈયાર છે. એ તો કહે છે કે ખર્ચનો કોઈ સવાલ જ નથી — આપણા ઘરમાં કોઈની યે ઇચ્છા અધૂરી રહેવી ન જોઈએ!' થોડીવાર અટકીને અકલ્પ્ય આશ્ચર્યથી પહોળી થઈ ગયેલી હરસુખરાયની મોંફાડ સામે જોઈ રહેતાં રિષભાએ ધીમા અવાજે કહ્યું : 'અને એ તો ખાસ એવું ઇચ્છે છે કે આપણા કુટુંબ પર નામની યે કોઈ ચિંતા રહેવી ન જોઈએ — એટલે કે, પૈસાની ચિંતા. આપણી મુશ્કેલી એ બરાબર સમજતા હોય તેમ લાગે છે, પપ્પા. અને એટલે એ દૂર કરવા જાતે જ તૈયાર થયા છે.'

'સરસ!' રિષભાના મનમાં પડઘો પડ્યો. 'વાર્તા તો સરસ બનાવી જાણી તેં!' અને રિષભા ખુદ અચરજમાં પડી ગઈ— સાચ–ખોટની આવી અજબ ભેળસેળ પણ કરી શકે છે પોતે? આવી સરસ વાર્તાઓ બનાવી શકે છે?

પણ હરસુખરાય હજી સ્તબ્ધ જ હતા. ભારે સુખદ આશ્ચર્યનો જે ફટકો તેમને વાગ્યો હતો તેની અસર હજી ઓસરતી નહોતી. મનમાં વિચારો અને ભાવોની સખત ભીડ જામી ગઈ હતી, ભારે ધક્કામુક્કી થઈ રહી હતી. ઉદયભાણ — હા, લોકમુખે વગોવાતા ઉદયભાણ સામે — પોતાના જમાઈ તરીકે — તેમનો વાંધો સાવ ઊડી ગયો નહોતો; પણ તેની સામેના પલ્લામાં ખૂબ વજનદાર, ખૂબ પસંદ પડી જાય તેવી બાબતોના ઢગલા થઈ રહ્યા હતા— પલ્લું ઊંચું કેમ રહી શકે?

'દીકરા, રિષભા,' આખરે તે બોલ્યા : 'આ એક માની ન શકાય તેવી વાત છે. કલ્પી ન શકાય તેવી ઉદારતાની આ વાત છે.' અને પછી જાણે કોઈક નાટકના પ્રસંગોની યાદ આવી ગઈ હોય તેમ અચાનક પૂછ્યું : 'પણ સાચું કહેજે, આટલી બધી ઉદારતાના મહોરા નીચે કોઈ રુશ્વતનો ચહેરો તો છૂપાયેલો નથી ને? તું—ખોટું ન લગાડીશ, પણ તું તારી જિંદગીને વેચી તો નથી રહીને?...' અને આતુર નજરે તે રિષભાના મુખ સામે જોઈ રહ્યા.

'ના રે, ના,' રિષભાએ તદ્દન સાચું કહેતી હોય તેવી આસાનીથી જૂઠું કહ્યું અને હસી. 'એવું કંઈ છે જ નહિ, પપ્પા. હું હકીકતમાં તેને પસંદ કરું છું — તેની સાથે લગ્ન કરવા માગું છું. તમારી શંકા હું સમજી શકું છું. લોકો તેના વિષે ઘણી અણગમતી વાતો કરે છે, ખરું ને? હું એ પણ જાણું છું. પણ પપ્પા, હું માનું છું કે, તેના ભૂતકાળને ડહોળવાની મારે જરૂર નથી. તે મને તેમના ભવિષ્યની હિસ્સેદાર બનાવવા માગે છે; ભૂત-

કાળ સામે જોવાની શી જરૂર છે? એ તો વીતી ગયેલો સમય છે, મરી-પરવારી ચૂકેલી વાતો છે. તેની સાથે મારે શી નિસ્બત?'

રિષભાને કદાચ, ખાતરી હતી કે તેની છેલ્લી વાત હરસુખરાયના મનમાં ઊતરી જશે. બરાબર જચી જશે. એમ બને તેની રાહ જોતી તે તેમની સામે જોઈ રહી. અને તેમના કાનમાં હમણાં જ જાણે આનંદ અને તૃપ્તિનો કુંભ રેડાયો હોય તેમ મુખ ઉપર પ્રસન્નતા લીંપાવા લાગી. આંખોનાં પોપચાં અર્ધાં ઢળી ગયાં અને ધીમે ધીમે માથું હકારમાં ડોલવા લાગ્યું.

'તારી વાત સાચી લાગે છે દીકરા,' સરસ અવાજે તે બોલ્યા: 'તારી વાત સાચી જ છે.'

રિષભા કંઈ ન બોલી. હોઠ મરકાવતી તે બેસી રહી. હવે હરસુખરાયને વધારે વાતચીતમાં ખેંચવા એ બરાબર નહોતું. જે કહેવાઈ ચૂક્યું હતું તેના ગર્ભિતાર્થો, સૂચિતાર્થો, બધા જ અર્થોનો સ્વાદ માણવા માટે તેમને એકલા મૂકી દેવા એ જ બરાબર હતું. ક્રમસેક્રમ, થોડીક વાર તો તેમને, એક ભાંગી નાખતા ભારના અચાનક અલોપ થઈ જવાનો આનંદ અનુભવવા દેવાનું જરૂરી હતું. એ આનંદની ધારમાં ઉદયભાણુ સામેનો વિરોધ ધોઈ નાખવાની શક્તિ હતી.

એટલે ચૂપકીદી સમથળ પથરાઈ રહી.

ઘણીવારે, હરસુખરાયે ફરીવાર માથું હલાવ્યું, ફરીવાર રિષભા પર નજર ઠેરવી અને પૂછ્યું: 'તને ખાતરી છે દીકરા, કે આ લગ્નથી જ તું સુખી થઈ શકશે?'

અને રિષભાએ તરત જ કહ્યું: 'હા, પપ્પા.' ત્યારે તેણે જોયું કે હરસુખરાયના ચહેરા પર જબ્બર રાહતનો ભાવ પથરાઈ ગયો. એટલે તરત જ હસીને તેણે પૂછ્યું:

'તો પછી હવે તો તમને કંઈ વાંધો નથી ને?'

તેની સામે જોઈ બેએકવાર આંખો પલકારતાં અને હોઠ દબાવીને હળવું સ્મિત કરતાં હરસુખરાયે કહ્યું:

'રિષભા, જીવનમાં તને ઉત્તમ વસ્તુ મળી રહે એ જ મારો ઉત્તમ આનંદ છે, દીકરા.'

તેમની એ વાત સાચી હતી એમ રિષભાને પણ લાગ્યું. રિષભા એ સારી પેઠે જાણતી હતી કે હરસુખરાયને સંતાનો પ્રત્યે અત્યંત લગાવ હતો; અત્યંત લગાવ. હરસુખરાય આગળ બોલ્યા:

'તારું મન જો આ લગ્નમાં જ ઠર્યું હોય, અને તેના પર તેં આગળ-પાછળ બધી બાબતોનો પૂરો વિચાર કરી લીધેલો હોય તો પછી તેમાં વચ્ચે આવવાનું કામ મારું નથી. મારા વિષે કોઈ કદી એવું કહી શકશે નહિ કે, મારા એક પણ સંતાનની જીવન-સાથીની પસંદગીમાં મેં અનધિકાર દાખલ કરી હતી!'

તે પછી હરસુખરાય થોડીવાર સુધી સતત બોલતા રહ્યા. અસરદાર, પ્રભાવપૂર્ણ વાક્યો ને ફકરાઓ સડસડાટ તેમના મોંએથી વહેતા રહ્યા. રિષભાએ માત્ર સાંભળ્યા કર્યું. પિતા ઘણા લાંબા સમય પછી તેમના અસલી ખુશમિજાજમાં પાછા આવ્યા હતા; ફરી એકવાર પોતાની જાતને જગતના સ્ટેજ પર એક મહત્ત્વની ભૂમિકામાં અનુભવી રહ્યા હતા. તેમને બોલવા દેવા એ સારું હતું, જરૂરી હતું. રિષભા તેમને સાંભળતી રહી, સ્મિત રેલાવતી માથું હલાવી હલાવીને હકાર ભણતી રહી.

આખરે જ્યારે હરસુખરાયે કહ્યું: 'પણ તો પછી હવે મારે જ ઉદયભાણુને મળવું જોઈએ,' ત્યારે રિષભાને લાગ્યું કે હવે તેણે પણ બોલવું જોઈએ. તેણે કહ્યું:

'એ પોતે જ તમને મળવા માગે છે, પપ્પા. મેં કહ્યું કે, તમારી તબિયત સારી થઈ જાય એટલે—'

'સારી જ છે,' હરસુખરાય બોલી ઊઠ્યા; 'મારી તબિયત ઘણી સારી છે.

અને રિષભાએ પણ જોયું કે તેમના ચહેરા પર ખાસ્સી સ્વસ્થતાનો ઝગઝગાટ દેખાઈ રહ્યો હતો.

'તો, હું આજે જ મોડેથી તેમને ફોન કરવાની છું. મારે તેને એ જણાવવાનું છે કે તેણે અહીં આવીને તમારી પાસે લગ્નનો પ્રસ્તાવ મૂકવા માટે કયો સમય અનુકૂળ છે.'

'બિલકુલ યોગ્ય વિચાર છે — તેનો વિચાર છે આ ?' હરસુખરાયના ચહેરા પર દીપ્તિ આવી ગઈ. 'આજે સાંજના જ ભલે આવે. આપણને કંઈ વાંધો નથી. કહી દે તું તારે. પણ જો, બહુ મોડા ન આવે એમ કહેજે... એમ કરને, સાત વાગ્યે આવવાનું કહી દે. કહેજે કે તેને મળવાથી મને આનંદ થશે.'

'સારું, કહી દઈશ,' રિષભાએ કહ્યું. મનમાં તેને પણ અચરજ ઊભરાતું હતું — એ જોઈને કે, પોતાનું તમામ દેવું ભરપાઈ કરી દેનાર માણસ પર માણસને કેવું હેત આવી જાય છે ?

સ્ટડીરૂમમાંથી તે બહાર નીકળી ત્યારે એક વિચાર તેને રમૂજ પમાડી રહ્યો હતો: 'પપ્પા, પોતે તો એવું જ માનતા દેખાય છે કે, ઉદયભાણને દીકરી આપીને પોતે જ એક ઉપકારનું કાર્ય કરી રહ્યા છે !'

બહાર નીકળીને તેણે જોયું તો ઘર તદ્દન શાંત હતું, નીરવ હતું. પ્રિયંકા કદાચ, ફૂટબોલ રમવા ઊપડી ગઈ હતી. મસ્તાની હજી પાછળ વાડામાં જ હતી. ધૈવત... શી ખબર, ગામમાં લટાર મારવા કે...

ગમે તેમ, પણ ઉદયભાણને ફોન કરી દેવા માટે, સાંજે સાત વાગ્યે ઘેર આવી લગ્નનું માગું મૂકવા માટે કહી દેવાનો અત્યારે શ્રેષ્ઠ સમય હતો. ફોન બાજુના ઘરમાં જ હતો. ને સમય પણ

અનુકૂળ હતો. તેણે પગ ઉપાડ્યા.. ફળિયું વટાવી, ડહેલી ઉઘાડીને બહાર નીકળી ત્યારે પાછો એક રમૂજી વિચાર મનમાં ઝબકી ગયો. 'ફોન ઉપર તેને ઉદયભાણ કહી સંબોધવાને બદલે માત્ર ઉદય કહ્યું હોય તો ?... કેટલો ખુશ થઈ જાય ?...'

ટેલીફોન સુધી પહોંચતાં તેને યાદ આવ્યું કે ઉદયભાણનો ફોન નંબર તો તેણે નોંધ્યો નહોતો. પણ કંઈ વાંધો નહિ, ડિરેક્ટરીમાંથી મળી રહેશે. મળી તો રહેશે પણ આ કેવું વિચિત્ર ? એકવાર કોઈનો નંબર યાદ રાખી લીધા પછી પોતે કદી તે ભૂલતી નહોતી. એવા ઘણા સંબંધીઓ હતા, જેમને એક વરસ પછી ફોન કરવો પડે તો પણ નંબર તેને યાદ જ હોય... પણ ઉદયભાણ ક્યાં તેનો સંબંધી હતો ? હજી ગઈ કાલ સુધી તેનો કંઈ જ ક્યાં હતો તે ? અને હવે એકાએક શું બની જવાનો હતો !... ઓ, ગોડ !... એક વિચિત્ર કંપારી આખા શરીરમાં ફરી વળી.

ફોન જોડીને, અવાજ સાંભળવા તે સતર્ક ઊભી.

'હલો !' અવાજ આવ્યો.

'હું ઉદયભાણ સાથે વાત —'

'બોલો.'

'ઓહ ! તો તમે જ છો ? હું રિષભા બોલું છું, રિષભા !' મેં તમને એ કહેવા માટે ફોન કર્યો છે કે મેં ઘરમાં વાત કહી દીધી છે.'

પહેલાં ઉદયભાણના હસવાનો અને પછી બોલવાનો અવાજ સંભળાયો: 'પ્રત્યાઘાત કેવા પડ્યા ?'

રિષભા અટવાઈ ગઈ. છતાં બોલી: 'પહેલાં તો બધાને બહુ આશ્ચર્ય થયું.'

'બેશક. થયું જ હશે.'

'પણ બધા બહુ ખુશ પણ થયા,' કહેતાં કહેતાં તેને એકદમ ધૈવત યાદ આવી ગયો. તેનો ચહેરો, તેના શબ્દો યાદ આવી ગયા. તે બોલી: 'બધા એકંદર બહુ ખુશ થયા છે.'

'એકંદર! હું, હું... એટલે કે મિશ્ર આવકાર, નહિ?'

'બરાબર છે. પણ તમે — આપણે એવી જ અપેક્ષા રાખી શકીએ ને?'

'તારી વાત વાજબી છે.'

'ખેર, પણ પપ્પા આજે જ તમને મળવા રાજી છે. શક્ય હોય તો સાંજે.'

'તો હું આવીશ. મને તે શું આપવા માગે છે? સંમતિ કે અસંમતિ?'

'ઓહ, મને લાગે છે કે, સંમતિ. એકંદર તે પણ ખુશ છે... અલબત્ત, તેમણે પોતે પસંદગી તમારા પર ન ઉતારી હોત,' રિષભાની નિખાલસતા બોલી ઊઠી: 'પણ એમ તો —'

'તેં પણ ન જ ઉતારી હોત, બરાબર ને?'

'હું એ કહેવા નહોતી જતી.'

'તો બહુ સારું,' થોડુંક ગમ્મતભર્યું હાસ્ય સંભળાયું અને પછી શબ્દો સંભળાયા: 'સાંજે હું આવી જઈશ. સાત વાગ્યે આવી શકું?'

'હા, સાતેક વાગ્યે આવજો.' રિષભાએ કહ્યું, અને પછી લાગ્યું કે, કહેવાનું હવે કંઈ રહેતું નથી. એટલે રીસીવર મૂકી દીધું. અને તરત જ વિચાર ઝબક્યો — ફોન મૂકતાં પહેલાં 'આવજો' જેવો એકાદ શબ્દ પણ તે ન બોલી; બોલવો જોઈતો હતો.

પણ હવે શું થાય?

સાંજે બધા ઘેર આવી ગયા અને ચા પીવા બેઠા ત્યારે રિષભાએ સૌને જાણ કરી:

'આજે સાત વાગે ઉદયભાણ આવવાના છે.'

'શા માટે?' ધૈવતે રાબેતા મુજબની રુક્ષતા સહિત પૂછ્યું. પણ પ્રિયંકા કિલકારી ઊઠી:

'ઓ, માય ગોડ! તો તો મારે હોમવર્ક અત્યારે જ કરી નાખવું પડશે.' (દેખીતી રીતે જ, ઉદયભાણ આવે તે પછીની એક પણ ક્ષણ તે ચૂકવા માગતી નહોતી.)

ઘડિયાળમાં કાંટો સાતની નજીક જવા લાગ્યો તેમ તેમ રિષભાના મનમાં એક કારણ વગરનો, અર્થ વગરનો ગભરાટ ફેલાવા લાગ્યો. મૂર્ખતાભરી બેચેની થવા લાગી; મનમાં વધુ ને વધુ ફેલાવા લાગી.

અને કંઈ વિચાર વિના એકાએક તે ઊભી થઈ ગઈ. ઓસરીમાં ઝડપથી એક–બે આંટા માર્યા અને પછી ડહેલી ઉઘાડીને બહાર નીકળી ગઈ. જે રસ્તે ઉદયભાણ આવવાનો હતો તે રસ્તે થોડેક સુધી ચાલી અને પછી ઊભી રહી ગઈ.

સમયપાલન એ ઉદયભાણની આદતની ચીજ હોવાનો સંભવ ઓછો હતો; કદાચ એટલે જ, સાત વાગવામાં હજી થોડી મિનિટો બાકી હતી છતાં તેની જીપનો ઘરઘરાટ સંભળાયો. જો કે જીપને દેખાવા માટે હજી શેરીના નાકે એક વળાંક લેવાનો હતો. પણ રિષભા માટે તો જીપનો અવાજ પણ પૂરતો થઈ પડ્યો — એ જાણી જવા માટે કે, ઉદયભાણ આવી પહોંચ્યો હતો.

જીપ રિષભાની નજીક ઊભી રાખી દેતાં ઉદયભાણ નીચે ઊતરી ગયો અને હસતાં હસતાં તેની પાસે જતાં બોલ્યો:

'આ હું શું જોઉં છું! તું આટલે સુધી મારી સામે આવીને રાહ જોઈ રહી છે! હાઉ ચાર્મિંગ ઑફ યુ, ડિયર! કે પછી

આપણી પેલી જાહેરમાં ઉત્તમ નિકટતાનું પ્રદર્શન કરવાની વાતને અમલમાં મૂકી રહી છે?'

'એવું કશું નથી,' રિષભાએ કહ્યું :

'ઘરમાં મને અમથી અમથી ગભરામણ થતી હતી. એટલે બહાર આવીને તમારી રાહ જોતી હતી :

એક પળ, ઉદયભાણ તેની સામે જોઈ રહ્યો. પછી હંમેશનું મજાકભર્યું હાસ્ય કર્યું અને બોલ્યો : 'ચાલ, મને ઘેર લઈ જા.'

રિષભા તેની સાથે ચાલવા લાગી એટલે તેણે ફરી કહ્યું : 'ગભરામણ શાથી થતી હતી? મારા કારણે કે તારા પોતાના કારણે?'

'ખબર નથી. મને લાગે છે કે, આ નવી પરિસ્થિતિના કારણે.'

ઉદયભાણે કંઈક બોલવા માટે મોં ઉઘાડયું પણ તરત જ, જાણે વિચાર બદલી નાખ્યો હોય તેમ, અટકી ગયો. અને પછી બોલ્યો :

'તારા માટે અંગુઠી લાવ્યો છું.'

'લઈ આવ્યા? આશ્ચર્યથી એક પળ રિષભા થોભી ગઈ : 'પણ લેવા જવાનો સમય તમને ક્યારે મળ્યો?'

અને વધારે આશ્ચર્ય તો તેને એ જોઈને થયું કે ઉદયભાણના મુખ ઉપર એક ખાસ પ્રકારની હળવી રતાશ તરી આવી — કોઈ તાજા જુવાનિયાને પ્રિયતમાના પ્રશ્નથી મુખ પર તરી આવે એવી શરમના શેરડાની ગુલાબી રતાશ. પણ એકાદ પળમાં જ તે પાછી ઊડી ગઈ અને મોં મરકાવતાં તે બોલ્યો :

'સમય મળવાનો પ્રશ્ન જ નહોતો. અંગુઠી મારી પાસે જ હતી.'

'હેં!' રિષભાનું આશ્ચર્ય ઓર વધી ગયું. 'પણ તમારી પાસે તે કેવી રીતે હોઈ શકે? બે દિવસ પહેલાં તો તમને ખબર પણ ક્યાં હતી કે આવું બનવાનું છે?'

'એ તું કેવી રીતે કહી શકે? તને એ ક્યાંથી ખબર હોય કે, એક દિવસ નસીબ ઊઘડે તેની રાહ જોતાં મેં આ અંગુઠી સાચવી રાખી છે?'

રિષભા ઘડીક તેની સામે જોઈ રહી. તેની મર્માળુ હસતી આંખો સામે જોઈ રહી. પછી બોલી :

'બહુ મોંઘા લાગણીવેડા કહેવાય, નહિ?'

'રિષભા,' એકાએક જરા ગંભીર થઈ જતાં ઉદયભાણે કહ્યું : 'તારામાં — તારા આખા બંધારણમાં ક્યાંય એક રતીભાર પણ રોમાન્સ નથી?'

રિષભાએ જવાબ ન આપ્યો. હવે, અત્યારે તેનાથી ઉદયભાણને એવો જવાબ ન જ અપાય કે, જ્યાં સામે ઉદયભાણ હોય ત્યાં પોતાની પાસેથી રોમાન્સની અપેક્ષા રાખવી કેટલી ગેરવાજબી છે?

અને એ નહિ અપાયેલા જવાબને જાણે સમજી ગયો હોય તેમ ઉદયભાણે એ વાત તરત જ છોડી દીધી, અને ખિસ્સામાંથી વીંટીનું સુંદર બોક્સ બહાર કાઢયું, બોક્સ ખોલીને તેણે વીંટી ધીરેથી બહાર કાઢી, પણ તે રિષભાની આંગળીમાં પહેરાવવાનો કોઈ પ્રયત્ન ન કર્યો. રિષભાએ તે નોંધ્યું, વીંટીને પોતાની હથેળીમાં મૂકીને તેણે રિષભાની નજીક ધરી. એકાદ પળ સહેજ અચકાઈને રિષભાએ તે લઈ લીધી અને ધારીને જોઈ.

'બાપરે, આટલી સુંદર વીંટી!' રિષભાના મુખમાંથી, કદાચ તેની યે જાણ બહાર, ઉદ્‌ગાર નીકળી ગયો.

'તને ગમી?' ઉદયભાણના અવાજમાં પ્રસન્નતા રણકી.

'ખૂબ ગમી. અદ્‌ભુત વીંટી છે. આ — આ તમે કેવી રીતે લાવ્યા — ક્યાંથી લાવ્યા ?'...

'એ તો મેં પહેલાં જ કહ્યું,' ઉદયભાણે કહ્યું : 'આ વીંટી મારી પાસે પડેલી જ હતી, એવી આશામાં કે એક દિવસ તું તે પહેરશે.'

'પણ,' રિષભાએ એ વાત ટાળતાં પૂછ્યું : 'પણ આટલી સુંદર વીંટી તમને મળી ક્યાંથી ?'

'એક દુકાનમાંથી', ઉદયભાણે કહ્યું : 'પેરીસની એક દુકાનમાં ઘણી વીંટીઓ ભેગી આ પણ પડેલી હતી. પુરાણી કારીગરી છે. ઝવેરીના કહેવા પ્રમાણે ગ્રીક કારીગરી. તે ગમે તે હોય, મને તો તે એટલા માટે પસંદ પડી હતી કે તેના નંગનો રંગ તારી આંખોના રંગ જેવો છે — ભૂખરો નીલો.'

રિષભા ચૂપ થઈ ગઈ. ચૂપચાપ વીંટીમાં ઝળહળતા ભૂખરા, નીલા, અત્યંત સુંદર (કદાચ, અત્યંત મોંઘા) નંગને નિરખી રહી. એવો ડોળ કરતી રહી કે ઉદયભાણે કહેલું છેલ્લું વાક્ય તેણે સાંભળ્યું જ નહોતું. પણ વીંટી કોઈ અદ્‌ભુત કારીગરે બનાવેલી હોવી જોઈએ તે વાત ચોક્કસ હતી, નજર તેના ઉપરથી ખસી શકતી જ નહોતી.

'વેવિશાળના વિધિ નિમિત્તે તારે બીજું કંઈ જોઈતું હોય તો ચોક્કસ આપીશ — તને જેની ખૂબ ઇચ્છા હોય તેવું કંઈ પણ. છતાં આ વીંટી તો ખાસ તારા માટે છે. તને તે મેચ થાય છે. એ તો તારે રાખવાની જ છે.'

'થેંક્યુ !' રિષભા નિખાલસ અવાજે બોલી : 'મારે બીજું કંઈ જોઈતું નથી — આ વીંટી જ એટલી સુંદર છે,' થોડીવાર થોભીને ફરી બોલી : 'થેંક્સ ! ઈટ્સ વન્ડરફૂલ !'

'તો, તને ખુશી થઈ !' ઉદયભાણે કહ્યું : 'બસ, મને બધી ખુશી મળી ગઈ !'

રિષભાએ તેની સામે જોયું. તેને લાગ્યું — કંઈક અટપટી, વિચિત્ર રીતે તેને લાગ્યું — કે તે તદ્દન સાચું કહી રહ્યો હતો.

અને એક અટપટા, વિચિત્ર મનોભાવમાં અટવાતી તે ઘર તરફ ચાલવા લાગી — ઉદયભાણની સાથે.

૧૬

ડહેલી ઉઘાડીને અંદર પગ મૂકતાં રિષભાએ ચૂપચાપ વીંટી આંગળી પર સરકાવી દીધી. એકાદ નજર, અર્ધી એક ક્ષણ આંગળી સામે જોઈ રહી. બિલકુલ બદલાઈ ગયેલી દેખાતી હતી એ આંગળી; નવી; નવીન; બહુ શોભી રહી'તી. પણ તરત જ તેણે વિચારોને ચોટલી ઝાલીને પાછા ખેંચી લીધા. ઉદયભાણુ સામે નજર ઠેરવી અને પૂછ્યું :

'પહેલાં કોને મળશો — પપ્પાને જ ને?'

'એ જ બરાબર છે ને? પહેલાં તારા પપ્પાને જ મળવું જોઈએ. પછી ભાઈ–બ્હેનોને!'

'તો ચાલો,' કહી રિષભા આગળ ચાલી.

હરસુખરાયે, ખાસ આજની મુલાકાત માટે સ્થળ બદલી નાખ્યું હતું. સ્ટડીરૂમ છોડી દીધો હતો. મેડી ઉપર છેક છેલ્લા રૂમમાં ઉદયભાણુની પ્રતિક્ષા કરતા બેઠેલા હતા.

ઓસરી બિલકુલ ખાલી હતી. રિષભાને તેથી થોડી નવાઈ લાગી. થોડીક રાહત પણ થઈ — દાદરો ચડીને બન્ને ઉપર પહોંચ્યા ત્યાં સુધીમાં પ્રિયંકા ક્યાંયથી ઉછળી ન આવી, અને જીભને સંચાની જેમ ચાલુ ન કરી દીધી.

હરસુખરાયના ઓરડાના બંધ બારણે રિષભાએ ટકોરા માર્યા અને તરત જ અંદર આવકાર રણકી ઊઠયો : 'આવો.' અવાજની

તાજગી અને રણકાએ જ રિષભાને ખાતરી આપી દીધી — ઉદયભાણુને મળવા માટે હરસુખરાય સંપૂર્ણ સજ્જ હતા, બધી રીતે. બારણું ખોલીને તે ઉદયભાણુને અંદર લઈ ગઈ ત્યારે ઝાંખો વિચાર, એક આછી દહેશત મનમાં સળવળતી હતી કે, હરસુખરાયની સ્ટેજ પર્ફોર્મન્સ જેવી રીતભાતની ઉદયભાણુ મજાક તો નહિ ઊડાવે?... પણ એવી કોઈ દહેશત બિનજરૂરી હોવાનું તેને તરત જ સમજાઈ ગયું કારણ, તેણે જોયું કે, તેના પિતાએ જેવી સુંદર, ગૌરવભરી રીતે ઉદયભાણુનું અભિવાદન કર્યું એવો જ સરસ વિનય ઉદયભાણુ પણ બતાવી જાણ્યો. રિષભાએ તેથી જાણે ખૂબ રાહતથી થતી હોય તેવો આનંદ અનુભવ્યો. અને તે જરાક પોતાની અંદર ઊતરી ગઈ — એવું કેમ થયું? જ્યાં તેણે કોઈ દહેશત, કોઈ ઉચાટ રાખવાની જરૂર નહોતી ત્યાં મન ઊંચું થઈ ગયું. અને જેટલી રાહત અને આનંદ થવાનું કોઈ દેખીતું કારણ નહોતું તેટલી રાહત પણ થઈ, આનંદ પણ થયો. એવું કેમ થયું?

પણ તરત જ વિચારોમાંથી બહાર નીકળી ગઈ. આટલા વિચારો કરવા જેવું પણ કંઈ બન્યું નથી. શા માટે આવવા જોઈએ વિચારો?

તેણે જોયું કે, પિતાએ સુયોગ્ય વિવેકપૂર્વક ઉદયભાણુને બેસવાનું કહ્યાથી તે બેસી ગયો હતો અને બન્ને વચ્ચે થોડીક ઔપચારિકતાઓ પણ ઉચ્ચારાઈ ચૂકી હતી. અને હવે હરસુખરાય તેની સામે જોઈને બોલી રહ્યા હતા :

'રિષભા, તારે હવે અહીં રોકાવાની જરૂર નથી, બેટા. હવે અમે થોડીવાર વાતો કરીશું. તું જઈ શકે છે.'

એક પલકારા જેટલી વાર રિષભાની નજર ઉદયભાણુ તરફ ફરી. એ જ ગમ્મતભર્યું, ખુશીભર્યું સ્મિત તે રમાડી રહ્યો હતો. રિષભા બહાર નીકળી ગઈ.

જો કે ઉદયભાણને સાવ એકલો પિતા પાસે મૂકીને ચાલ્યા જવાનું, એક પળ, તેને ગમ્યું નહિ; કોણ જાણે કેમ, મનને એ બહુ જચ્યું નહિ. કદાચ — હા, કદાચ જ, પણ કદાચ, પપ્પા ઉદયભાણને તેની ચારેબાજુ ગવાતી આબરૂ વિષે કંઈ પૂછી નાખે, અરે, થોડોક અછડતો ઈશારો યે કરી નાખે તો કેવી સ્થિતિ સર્જાઈ જાય?...પણ તે પોતે તો હવે ત્યાં હાજર રહી ન શકે. ત્યાંથી ચાલ્યા જવાનું તેને કહી દેવામાં આવ્યું હતું — સ્પષ્ટ. જતાં જતાં તેણે મન મનાવ્યું — ખેર, પોતે તેમાં શું કરી શકે? કંઈ થશે તો થશે — બીજું શું? જે થશે તેને ઉદયભાણ પહોંચી વળે તેવો છે જ વળી. અને ન પહોંચી વળે તો યે શું? તેણે પણ અમારા બધા વિષે ઘસાતાં વેણ કાઢેલાં જ હતા ને? હવે એવાં જ વેણ તેણે સાંભળવા પડે તો હિસાબ સરભર થશે...ભલે થાય.

રૂમમાંથી બહાર નીકળીને તે નીચે ન ગઈ. નીચે જવાની તેને ઇચ્છા ન થઈ; કદાચ, હિંમત ન થઈ — નીચે રાહ જોઈ રહેલા ત્રણ જણાના સામટા સવાલોનો સામનો કરવાનું અત્યારે તેને મન નહોતું. તે સીધી પોતાના સૂવાના રૂમમાં ચાલી ગઈ. એ રૂમમાં પોતે અને મસ્તાની સૂઈ રહેતી હતી. એ રૂમમાં જ તેણે પહેલીવાર મસ્તાનીને તેની ઉદયભાણ સાથેની અનિચ્છનીય ગોઠવણ બદલ તતડાવી હતી. એ ઓરડામાં જ આખી રાત જાગતી પડી રહીને તેણે પહાડ જેવડી મોટી મોટી ચિંતાઓ કરી હતી — મસ્તાની વિષે, મસ્તાની અને ઉદયભાણ વિષે.

ઉદયભાણ અત્યારે પિતા સાથે વાત કરી રહ્યો હતો —પોતાની સાથે, હવે પછીના ગમે તે દિવસે, લગ્ન કરી લેવાની દરખાસ્ત ચર્ચી રહ્યો હતો.

બારીએ ઊભી રહીને તે બહાર આકાશમાં જોઈ રહી. જમણા હાથની એક આંગળી પર ભાર લાગતો હતો. તેણે તે આંગળી સામે

જોયું. ખૂબ, ખૂબ સુંદર નકશીદાર વીંટી ત્યાં ચમકી રહી હતી. ભૂખરું, કિંમતી નંગ ઝગારા મારી રહ્યું હતું. બીજા હાથની આંગળીઓ વીંટી પર ફરવા લાગી. વીંટીને આંગળી પર ગોળ ગોળ ફેરવતી તે ઘડીક વીંટી સામે અને ઘડીક આકાશ સામે જોતી શાંત ઊભી રહી.

અગાઉ કદી તેણે વીંટી પહેરી નહોતી. આંગળી પર જાણે કંઈક નવું નવું લાગતું હતું; ભારે ભારે લાગતું હતું. સોરવતું નહોતું. છતાં વીંટી અદ્‌ભુત હતી. બહુ શોધવી પડે એવી. બહુ શોધ્યા પછી જ મળે એવી. મોંઘી પણ બહુ હશે. ક્યાંથી ખરીદી હતી તેણે?...છેક પેરિસમાં!

એટલે તો એ વીંટી વળી વધારે અદ્‌ભુત બની જતી હતી. એ વીંટી તેણે પેરિસમાંથી જ ખરીદી હોય તો ગઈકાલે ન ખરીદી હોય. કેટલાક સમય પહેલાં, સંભવ છે કે, લાંબા સમય પહેલાં ખરીદેલી હોય. એ જ સંભવિત છે કારણ કે, કમસેકમ, છેલ્લા એક વરસમાં તો તે ગામ છોડીને ક્યાંય ગયાનું કોઈએ જાણ્યું નથી. ઝાઝા દિવસ સુધી તો તે બહાર રહ્યો નથી. એક વરસ પહેલાં ગમે ત્યારે આ વીંટી તેણે ખરીદેલી હશે...

અને પાછી કેવી ગજબની વાત કહી હતી તેણે! વીંટી તેણે એટલા માટે જ ખરીદી હતી કે તેના હીરાની અને પોતાની આંખોની ચમક એક સરખી હતી — ભૂખરી ભૂખરી, નીલી નીલી!...ન સમજાતી આછી ઝણઝણાટી તેની આંગળીમાં શરૂ થઈ ને આખા શરીરમાં ફેલાઈ ગઈ.

પણ એ કેવી રીતે બની શકે?... કેવી રીતે સાચું હોઈ શકે?...સાચું ન જ હોઈ શકે. આખી વાત જ હાસ્યાસ્પદ છે. એક વરસ પહેલાં! એક વરસ પહેલાં પોતાની આંખોનો રંગ તેને એટલો યાદ રહી જઈ શકે, મનમાં વસી જઈ શકે એ વાત જ અતિશયોક્તિભરી છે. ખાલી, રોમાન્સમાં બોલવાના મીઠા મીઠા

શબ્દો જ, બીજું કંઈ નહિ. બાકી વીંટી તેણે એટલા માટે જ ખરીદી હોય કે તે જોતાં જ ગમી જાય એવી વીંટી છે. તેણે તે જોઈ, ગમી ગઈ અને ખરીદી લીધી. નહિ એથી, કંઈ વધારે કે નહિ કંઈ ઓછું.

પણ હીરાનો રંગ અને પોતાની આંખોનો રંગ...
યોગાનુયોગ — બીજું શું વળી?...

તે જરા છંછેડાઈ ગઈ. ચીડાઈ ગઈ પોતાની જાત પર. વિચારો ય કેવા નવરા હતા! અમથા અમથા ટોળે વળતા હતા. ખેધો મૂકતા નહોતા. અને ઉદયભાણુ અંદર પિતા પાસે બેઠો હતો. વાતો કરી રહ્યો હતો, ક્યારનો ય!

આટલી વાતો શાની કરતા હશે બન્ને? અત્યારે તે પિતાને શું શું કહી રહ્યો હશે?...અથવા વધારે યોગ્ય સવાલ એ હતો કે પિતા તેને શું શું કહી રહ્યા હશે? સ્વાભાવિક છે કે, તેણે પિતાને ઝાઝું કહેવાનું નહિ રહેતું હોય. વધુમાં વધુ પોતે બોલ્યા છે એવી ખાતરી થાય ત્યારે જ પિતાને સંતોષ થતો હતો; આનંદ પણ થતો હતો...અને પિતા તો ગમે તે કહી દે. એ તેમનો સ્વભાવ હતો, ઉદયભાણુને તેના વિષે ચર્ચાતી લોકવાતો વિષે કહી દે. સવાલો ય પૂછી લે અને ઠપકો પણ આપી દે — સ્ટેજ ઉપર, ઉત્તેજનાની ક્ષણે, આપતા હોય તેવું લાંબુ એક ભાષણ પણ આપી દે.

અને એવું બને તો? એ ધસારા સામે ઉદયભાણુ પોતાનું રક્ષણ કરી શકે? કદાચ કરી શકે. પ્રયત્ન તો પૂરેપૂરો કરે જ — એ પણ ઓછો પહોંચેલો નથી.

જો કે પિતા કંઈ એવી વાત પર વાંધો પાડે તેમ નથી જ. ઊલટા, એ તો એમ પણ બોલે કે, જુવાની તો રંગીન હોય. ભલું હોય તો પોતાની એવી જુવાનીના એક–બે એકરાર પણ કરી લે. પણ સાથે સાથે શિખામણ પણ આપે કે, દરેક ચીજને એક

હદ હોવી જોઈએ. અને એ હદની અંદર રહીને માણસે આબરુભર્યું અને સન્માનભર્યું જીવન જીવવું જોઈએ.

આબરુ અને સન્માન! એ બે શબ્દો ઉદયભાણુને ક્યાંય, કોઈ રીતે ફીટ થઈ શકતા હતા?...

પિતાના રૂમનું બારણું ખૂલવાનો અવાજ સંભળાયો અને વિચારો ખંખેરી નાખવા તેણે જોરથી માથું ધુણાવ્યું. અર્ધા ખૂલેલા બારણામાંથી પિતાનો ભાવ નીતરતો અવાજ સંભળાયો: 'બહુ આનંદ થયો મને. ફરી જરૂર આવજો.'

રિષભાને હવે ખાતરી થયા સિવાય છૂટકો જ નહોતો કે મુલાકાત સંપૂર્ણ સફળ થઈ હતી — ખાસ કરીને, ઉદયભાણુના પક્ષે. અને ધીમે પગલે તે બેડરૂમના ઉંબર સુધી આવીને ઊભી રહી.

ત્યારે જ બારણું પૂરું ખોલીને ઉદયભાણુ બહાર આવ્યો અને સામે જ રિષભાને ઉંબરમાં ઊભેલી જોઈ. હોઠ પર આછું સ્મિત ફરકાવતાં તેણે મોં સહેજ પાછળ ફેરવ્યું અને બોલ્યો:

'તે અહીં જ છે, મુરબ્બી! આપને તેની સાથે વાત કરવી હોય તો મોકલું.'

(ઓહ! 'મુરબ્બી' અને 'આપ'! મધઝરતા એ સંબોધનો પપ્પાના અહમ્‌ને કેવો પંપાળી ગયા હશે? કેટલા ગમી ગયા હશે?)

'ના રે, ના. અત્યારે નહિ,' હરસુખરાયનો પ્રસન્નતાભર્યો અવાજ સંભળાયો: 'તેને હું પછી આશીર્વાદ આપીશ. આ મિનિટે તો તે તમારો અવાજ સાંભળવા આતુર હશે.' રિષભાને લાગ્યું, પિતા એ બોલીને હસી રહ્યા હતા.

તેણે ઉદયભાણુ સામે જોયું. તેની આંખોમાં એક ઝડપી મસ્તીખોર સ્મિત ઝબક્યું. ધીરેથી બારણું પાછું વાસીને તે રિષભા પાસે આવ્યો. બોલ્યો:

'તારા પિતાની છેલ્લી વાત સાંભળી?' અને પછી ખભા સહેજ ઉછાળતાં હસતા અવાજે ઉમેર્યું: 'કેટલી દિલચસ્પ વાત! અને છતાં કેટલી ખોટી!'

આયાસપૂર્વક અવાજને સ્વસ્થ રાખતાં રિષભાએ કહ્યું: 'હવે નીચે જઈશું? મારા ભાઈ — બહેનોને મળવું છે ને?'

'તારા પિતા સાથેની મુલાકાતનું પરિણામ જાણવાની તને ઇચ્છા નથી?'

'જાણી લીધું,' રિષભાએ કહ્યું: 'મુલાકાત સફળ ન થઈ હોત તો પપ્પા આટલા ખુશખુશાલ ન હોય અને તમે લડાઈ જીતેલા કૂકડાની જેમ આમ પીછાં ફૂલાવેલા ન હોત.'

'હેં? હું કેવો ન હોત?!' નેણને કપાળમાં સહેજ અધ્ધર ખેંચીને એક રમૂજભર્યા આશ્ચર્યથી પહોળી આંખે ઉદયભાણે પૂછ્યું અને પછી હસી પડયો, 'અરે, હા, હવે મને ખ્યાલ આવે છે કે હું એવો જ દેખાતો હોઈશ કારણ, અંદર મનમાં પણ મને એવું જ થાય છે!'

'લડાઈ જીતી ગયા જેવું?' રિષભાએ રુક્ષ અવાજે પૂછ્યું: 'પપ્પાએ તેમનુ દેવું ચૂકવી દેવાની તમને છૂટ આપી તેથી?'

'નહિ,' ઉદયભાણુનો અવાજ સહેજ અકળામણભર્યો લાગ્યો: 'એ બધું ભૂલી જા — તારા પિતાનું દેવું, તારા ભાઈનું ભણતર, તેની કારકિર્દી કશાને વચ્ચે ન લાવ, રિષભા.' કહેતો તે વધારે નજીક સરકયો અને ધીરેથી બન્ને હાથની વચ્ચે રિષભાને લઈ લેતાં ધીમા, ઉત્તેજિત અવાજે ગણગણ્યો: 'ફરગેટ એવરીથીંગ નાઉ!'

'મમતાની વિષે પણ બધું ભૂલી જાઉં?' રિષભાએ ઠંડા અવાજે પૂછ્યું. ઉદયભાણુની નજદીકી, તેનો આછો, અછડતો સ્પર્શ તે અનુભવી રહી હતી છતાં તેની આંખ સામે આંખ માંડવાનું ટાળતી હતી.

'રિષભા,' ઉદયભાણુનો ભીનો અવાજ સંભળાયો: 'મારા માટે મમતાભર્યો શબ્દ પણ તારી પાસે નથી?'

'હોવાનું કોઈ કારણ?'

'કારણ?... કારણ ખરેખર જાણવું છે તારે?'

'હા.'

'કારણ કે હું તને ચાહું છું; દિલોજાનથી પ્રેમ કરું છું તને, નિર્દય!'

અને એકાએક એક ભારે ઝટકા સાથે તેણે રિષભાનું મોં પોતાના તરફ ફેરવી નાખ્યું અને હોઠ પર ચુંબન ચોડી દીધું. આંખના એક પલકારા જેટલી વારમાં એ બની ગયું — ઘણું બધું બની ગયું; અટકાવવાનો રિષભા પ્રયત્ન પણ કરે તે પહેલાં બની ગયું. ઉદયભાણુના શ્વાસ ઊંડા, જોરથી ચાલતા હતા. ઉત્તેજના અવાજમાં તરવરતી હતી. કહી રહ્યો હતો:

'કારણ કે આની કોઈ પણ કિંમત ચૂકવવી પડે — મને પરવા નથી. તારા આ બેઢંગા, બેહાલ કુટુંબને તારવા માટે કોઈ પણ કિંમત ચુકવવી પડે — તું મારી બની શકતી હોય તો — મને કોઈ પરવા નથી!'

અને પછી એકાએક જાણે ઝટકા સાથે બ્રેક લાગી ગઈ હોય, એકાએક પોતે ઉશ્કેરાઈ ગયાનો ખ્યાલ આવી ગયો હોય તેમ અટકી જઈ, ઘડીક ચૂપચાપ માથું ધૂણાવીને બોલ્યો:

'ઓ, ગૉડ! આઈ એમ સોરી! હું — હું ન બોલવાનું બકી ગયો! આઈ એમ રીઅલી ઑફુલી સોરી!'

'ખેર, કમસેકમ, તમને ભાન તો થયું; જેને તમે પૂરેપૂરા લાયક છો એવું દુઃખ તો થયું. સારું થયું.' રિષભાએ તેના શબ્દોમાં બની શકે ટેટલી કઠોરતા ભરવા પ્રયાસ કરતાં કહ્યું: 'મારા

કુટુંબ વિષે ગમે તેવા શબ્દો સાંભળવાનું મને કદી ગમવાનું નથી.'

રિષભાને લાગ્યું કે તે સ્વસ્થ અવાજે એ બોલી ગઈ હતી, પણ ખરેખર તો એ શબ્દો અટકી અટકીને, વચ્ચે શ્વાસ ખાતાં ખાતાં બોલાયા હતા. બે પળ પહેલાં જ તેને આવેશપૂર્વક જકડી લઈને ઉદયભાણે ચોડી દીધેલા ચુંબનની હેબત હજી છાતીમાં ઘૂમરાતી હતી.

'એ બદલ મેં માફી તો માગી લીધી,' ઉદયભાણુનો અવાજ સંભળાયો: 'ફરી વાર માગું તો ગમશે?'

તેના અવાજમાં, આંખોમાં અને ચહેરા પર ગમગીની દેખાઈ રહી હતી, ક્ષમાયાચના સ્પષ્ટ હતી. તેણે કહ્યું: 'હવે નીચે જઈશું? બાકીના સૌને મળવાનું મને ગમશે.'

કંઈ બોલ્યા વિના રિષભા આગળ ચાલી અને દાદરો ઉતરવા લાગી.

૧૭

થોડીક તંગ, આતુરતાભરી ચૂપકીદી વચ્ચે ત્રણ જણ નીચે બેઠેલા હતા — ધૈવત, મસ્તાની અને પ્રિયંકા. દાદરો ઉતરવાનો અવાજ સંભળાયો અને તરત જ રિષભા અને ઉદયભાણુ રૂમમાં પ્રવેશતાં દેખાયાં. હવામાં જાણે ખુશીભર્યો સળવળાટ થયો; તંગ બરફ તૂટતો લાગ્યો.

અંદર આવતાં જ રિષભાની નજર મસ્તાની પર પહેલી પડી. અને અત્યાર સુધી નહિ આવેલો એક વિચાર વીજળીના ગોળાની જેમ તેના મગજમાં ઝબક્યો — ઓહ! મસ્તાનીને આ કેવું લાગશે? ઉદયભાણુ સાથે, સામસામે ઊભા રહીને, નજરથી નજર મેળવીને, બીજી કોઈ સાથેના લગ્ન અંગે ખુશી પ્રગટ કરવાનું કેટલું કપરું લાગશે? ... એક પળ, એક આતંકપૂર્ણ ધબકારો તેના હૃદયમાં ઘૂમી વળ્યો — પણ બીજી પળે તેણે જોયું કે તેનો ભય બિનજરૂરી જ નહિ, કાલ્પનિક હતો. એક પળ, કદાચ બે પળ, ઉદયભાણુ અને મસ્તાની જરાક તીરછી નજરે એકબીજાને જોઈ રહ્યા — જાણે માપી રહ્યા એકબીજાને. અને પછી મસ્તાનીના હોઠ સહેજ હલ્યા, એક આછું, તીરછું સ્મિત ઉપસ્યું અને પછી હોઠ ખૂલી ગયા. સફેદ, સુંદર નકશી જેવા દાંત દેખાયા. અને સાથે જ ઉદયભાણુ બોલતો સંભળાયો: 'કેમ છો, મસ્તાની? મઝામાં?' રિષભાને લાગ્યું કે ઉદયભાણુના શબ્દોમાં, એ જ આગવી મજાકખોરી રણકતી હતી. ગરદનને સહેજ જમણી બાજુ ઢાળીને, બેએકવાર આંખો-

પલકારીને હકારમાં માથું હલાવતી મસ્તાનીમાં એ જ આગવી બે-તમાઈ દેખાતી હતી. કશું તંગ નહોતું, કોઈ બેચેની નહોતી, બધું જાણે સરળ હતું, સહજ હતું.

પણ ધૈવતનો પ્રતિભાવ તેણે ધાર્યા કરતાં વધારે ઠંડો — કદાચ, વધારે રુક્ષ હતો. હંમેશના આનંદીપણા અને મોહકતાના એકાદ અંશને પણ દેખાઈ જતો જાણે તે ઈરાદાપૂર્વક રોકી રહ્યો હતો. એકાદ નાનકડું ન છૂટકે બોલવા જેવું વેણ બોલીને તેણે મેદાન ખાલી કરી આપ્યું જે પ્રિયંકાએ હોંશે હોંશે કબજે કરી લીધું.

'કેમ છો, જીજાજી?' ઉત્સાહથી તે ટહુકી ઊઠી: 'મારું નામ પ્રિયંકા. હું તમને ઓળખું છું, ઘણીવાર જોયા છે તમને, જો કે તમે મને નહિ ઓળખતા હો... અને મને એક વાત કહોને જીજાજી, તમારી પેલી કાળી કાળી ભેંસ જેવી મોટરસાઇકલ બહુ ભયંકર છે?'

ઉદયભાણે મજાકભર્યું સ્મિત કર્યું. એક અછડતી નજર રિષભા પર ફેરવી લીધી અને કહ્યું: 'બિલકુલ નહિ. એ બિચારી તેના માલિક જેવી છે. દેખાવ જ એવો છેતરામણો એટલે લોકો તેને ભયંકર માની લે છે — ખરેખર એવી નથી.'

'અરે, ના!' પ્રિયંકા જાણે મનમાં મોડો ઝબકારો થયો હોય તેમ બોલી ઊઠી: 'તમે ક્યાં ભયંકર લાગો છો? ...સાચે જ જરા ય નથી લાગતા.'

'નથી લાગતો?' ઉદયભાણે મજાકમાં ભવાં અધ્ધર ખેંચતા કહ્યું: 'ચાલો, મને બહુ રાહત થઈ.'

પણ પ્રિયંકા તેના વ્યંગને સમજવાની સ્થિતિમાં જ નહોતી, તેના મનમાં ઉત્સવ જેવો એક માહોલ ઊભરાતો હતો. બોલવાની, સરસ અને ચબરાકીભર્યું કંઈક બોલી બતાવવાની આ એક તક મળી હતી, ઉત્સાહ વધતો જતો'તો.

'તમારી વાત બિલકુલ સાચી નથી,' તે બોલી: 'તમારા વિષે હું શું માનું છું કે ગામનું કોઈ પણ માણસ શું માને છે એની તમે આટલી યે પરવા કરો તેવા નથી.' અને સહેજ અટકીને ઉમેર્યું: 'બધા એવું કહે છે.'

'ખરેખર?... પણ બધા એટલે કોણ કોણ?'

પ્રિયંકા ચૂપ ઊભી રહી. 'બધા'ની વળી બીજી કઈ વ્યાખ્યા હોય? ઘડીક અટવાઈને, જરાક ગૂંચવાઈને તેણે ખભા સહેજ ઉલાળ્યા અને કહ્યું: 'બધા એટલે બધા વળી, બીજું શું?'

ઉદયભાણ ખૂલીને હસી પડ્યો. અને હસતાં હસતાં બોલ્યો: 'થેંક્સ એ લોટ, પ્રિયંકા. તેં મને કિંમતી બાતમી આપી છે.'

હજી પ્રિયંકાનો ઉત્સાહ ઓસર્યો નહોતો. વળતું હાસ્ય કરતાં તે બોલી: 'પણ હવે લોકો એવું નહિ કહી શકે. હવે બધાને જાણવા મળી જશે કે દીદીની તમે કેટલી બધી દરકાર કરતા હતા. નહીંતર તમે તેની સાથે લગ્ન કરો?'

ઉદયભાણે હાસ્યભર્યા ચહેરે રિષભા સામે જોયું અને પૂછ્યું: 'આ નવો વિચાર તને કેવો લાગે છે? લોકોની નજરમાં વધારે સારા સ્વરૂપે મારા પુનર્જન્મનો વિચાર?'

'લોકોની નજર કંઈ આટલાથી—' રિષભાના મનમાં ઊગેલા તીખા શબ્દો હોઠમાંથી પૂરા બહાર આવી જાય તે પહેલાં તે ચોંકી ગઈ, ચેતી ગઈ. અત્યારે અહીં તેણે જુદી જ દેખાવાનું હતું. એક પ્રેમભરી, હર્ષભરી, લગ્નોત્સુક વાગ્દત્તાની ભૂમિકા ભજવવાની હતી. તરત જ તેણે મુખ પર એક મજાનું સ્મિત આણ્યું. બોલી: 'હું નથી માનતી કે એવો કોઈ પુનર્જન્મ લેવાની તમારે જરૂર હોય. પ્રિયંકા તો છે જ એવી — વધારે પડતું બોલવાની ટેવ છે તેને.'

'બિલકુલ નહિ,' પ્રિયંકા છેડાઈ પડી: 'મારો સખત વિરોધ છે આમાં!'

પણ તેણે જોયું કે તેના એ વિરોધની ખાસ કોઈ અસર કોઈના પર પડેલી દેખાતી નહોતી. રીસાઈને તે ચૂપ થઈ ગઈ.

રિષભા વિચારી રહી હતી — આ બધાં, પોતાના ભાઈ, બહેનો, પિતા — બધાં ઉદયભાણુને કેવાં લાગતાં હશે? તેની આંખોમાં, અવાજમાં, હસવામાં સતત તરવરતા મજાકિયા રણકા પરથી લાગતું હતું કે બધા તેને રમૂજી લાગતાં હશે; બહુ રમૂજી અને ગમ્મતભર્યા... અને થોડીક જ વાર પહેલાં તે બોલી પણ ગયો હતો ને? 'બેઢંગા, બેહાલ કુટુંબ' જેવા!... મનમાં એક સણકો ઊઠયો અને ઊંડે સુધી ભોંકાયો.

ઉદયભાણુને પણ બધા કશાક જેવાં તો લાગ્યા હશે જ; એ જે હોય તે, તેણે મનમાં જ રાખ્યું. એક-બે વાર રિષભાએ નોંધ્યું કે, ઉદયભાણે કંઈક સૂચક નજરે મસ્તાની તરફ જોઈ લીધુ હતું; પણ મસ્તાની તદ્દન નિર્લેપ સ્વસ્થ રહી હતી — જોનારને તેમની વચ્ચે કંઈ હોવાની શંકા ન જ પડે.

અને પછી જમવાનો સમય થયો. ઉત્સાહથી, ઉમંગભેર જમવાનું પીરસાયું અને જમાયું. જમ્યા પછી ઘરની પાછળ વિશાળ ખૂલ્લા વાડામાં સૌ ટહેલવા નીકળ્યા ત્યારે રિષભાએ જોયું કે જરા આગળ નીકળી ગયેલી મસ્તાનીની પાછળ ઝડપથી ચાલતો ઉદયભાણુ તેમનાથી આગળ નીકળી ગયો. રિષભાએ તેને જવા દીધો. અચાનક કોઈ વાત યાદ આવી હોય તેમ થોભી જઈને તેણે ધૈવત અને પ્રિયંકાને પોતાની સાથે જ ઊભા રાખી દીધા. એક વિચાર મનમાં દોડી રહ્યો હતો. તેઓ ઘડીક અહીં જ ઊભા રહી જાય એ સારું હતું. મસ્તાની અને ઉદયભાણુ ઘડીક એકલાં પડી જાય એ જરૂરી હતું. બન્ને વચ્ચે કહેવા જેવું કહેવાઈ જાય, સાંભળવા જેવું હતું. બન્ને વચ્ચે કહેવા જેવું કહેવાઈ જાય, સાંભળવા જેવું સંભળાઈ જાય તે જરૂરી હતું. તેથી ભવિષ્યની સંભવિત ગૂંચો નિવારાઈ જશે. જો કે હવે બધું ચોખ્ખું ને ચટ હતું, સ્પષ્ટ અને નક્કર હતું. બેમાંથી કોઈએ ઝાઝું કંઈ કહેવા — સાંભળવાનું હોઈ

શકે નહિ. પણ તેમ છતાં, ભલે બન્ને એકલાં પડે. અન્યોન્ય બે-ચાર નિખાલસતાભર્યા શબ્દો. પણ ભવિષ્યમાં કોઈને ગેરસમજ થતી નિવારી શકે, મનદુઃખને ખાળી શકે.

પણ પ્રિયંકાથી બોલ્યા વિના કેમ રહેવાય? ઉદયભાણુ જરા દૂર જતાં જ દબાતા પણ ઉત્સાહ ભર્યા અવાજે તે બોલી ઊઠી: 'જીજાજી બહુ સરસ માણસ છે — એકદમ એટ્રેક્ટીવ લાગે છે; નહિ, દીદી? સ્વભાવ પણ સારો છે. હસતા ને હસતા — નહિ?' અને ઘડીક કંઈક વિચારતી હોય તેમ થોભીને ઉમેર્યું: 'ધૈવતનો પણ એવો જ સ્વભાવ છે; તને તેમની સાથે ફાવી જશે, દીદી.'

'મને વચ્ચે ન લાવ, પ્રિયંકા.' ધૈવત અણગમાપૂર્વક બોલી ઊઠયો: 'તેની સાથે મારી સરખામણી કદી ન કરીશ.'

'ધૈવત, પ્લીઝ!' રિષભાએ દુઃખપૂર્વક બોલવા પ્રયાસ કર્યો. જો કે તેને લાગ્યું કે પૂરતું દુઃખ તે બતાવી શકી નહિ. પોતાની પસંદગીનો પતિ પોતાના કુટુંબીઓની માન્યતા પામે એ માટે ચિંતાતુર યુવતીએ પોતાના ભાઈના આવા તોછડા વર્તન બદલ ખાસ્સું વધારે દુઃખ બતાવવું જોઈએ.

'સોરી, રિષભા!' ધૈવતે કહ્યું: 'પણ હું તેના જેવો નથી જ. અને સાચું કહું તો તું પણ તેના જેવી નથી.'

રિષભાએ કંઈ જવાબ ન આપ્યો. તુરત તે આગળ ચાલવા લાગી. ત્રણેય મસ્તાની અને ઉદયભાણુ પાસે પહોંચ્યા ત્યારે ઉદયભાણુ મસ્તાનીને કહી રહ્યો હતો:

'આભાર તો ઊલટો મારે માનવાનો છે — તારો. મને ખાતરી છે કે વેનિસમાં તને તારી તમામ ખુશી મળી રહેશે. અને હું પણ, એ ખુશી તને મળી રહે તે માટે, ચોક્કસ બધું કરી છૂટીશ.'

રિષભા સમજી ન શકી કે મસ્તાનીનો તેણે આભાર માનવો

પડે એવું શું હતું, પણ મન મનાવ્યું કે, તેણે એક બહેન પરથી બીજી બહેન પર જે મનબદલો કર્યો હતો તેની સામે મસ્તાનીએ કોઈ આક્રોશ ગજર્યો નહોતો તેની ભારે રાહત એ શબ્દો બોલી રહી હતી.

વળી પ્રિયંકા બોલતી થઈ ગઈ; ઉદયભાણુની નજીક જતાં બરાબર સામે ઊભી રહીને પૂછ્યું: 'હવે એ કહો જીજાજી, કે તમે લગ્ન ક્યારે કરવા માગો છો?' અને પછી ઉમેર્યું: 'જલદી?'

'હા,' ઉદયભાણુએ કહ્યું અને રિષભાનો જવાબ જાણવા માગતો હોય તેમ તેની સામે નજર ફેરવી. જો કે તેના હોઠના દબાયેલા છેડા જોતાં રિષભાને લાગ્યું કે નિર્ણય તેણે કરી લીધો હતો અને નિર્ણયનો અમલ કરવા માગતો હતો. એટલે તે બોલી:

'હાસ્તો. સગાઈ જાહેર કર્યા પછી લાંબો સમય વીતવા દેવાનું મને — અમને જરૂરી નથી લાગતું.' (રિષભાની એ એક વાત તો સાચી હતી. લગ્ન આડેના દિવસો લંબાતા જાય તો કુટુંબની કરુણાઈભરી હાલત ત્યાં સુધી રાહ જુએ તેમ નહોતી. ઊલટી, શક્ય તેટલો તાકીદે ઈલાજ માગતી હતી.) તેણે કહ્યું: 'મને લાગે છે કે લગ્ન લગભગ—' અને ચોક્કસ સમય કહેતાં અચકાતી હોય તેમ પ્રશ્નભરી નજરે તેણે ઉદયભાણુ સામે જોયું. ઉદયભાણુએ તરત જ જવાબ પૂરો કર્યો:

'લગભગ પંદરેક દિવસમાં.'

રિષભાની છાતીમાં એક અજાણ ધબાકો થયો. પંદર જ દિવસમાં?' પંદર જ દિવસમાં એ અતિશય મૂંઝારાભરી, અતિશય અટપટી ને અણગમતી સ્થિતિ આવી પડશે? હજી તો — હજી તો તે એવી સ્થિતિ માટે તૈયાર જ ક્યાં છે? ત્રણ દિવસમાં એકધારી ભાગંભાગ અને દોડધામ વચ્ચે, બેઘડી શાંત બેસીને, મન સાથે વાત કરવાનો — કેવળ ગરજાઉ સોદા જેવા લગ્નને પચાવવા માટે

મનને તૈયાર કરવાનો મોકો જ ક્યાં મળ્યો છે તેને? અને હવે એકાએક પંદર જ દિવસમાં?... પંદર દિવસમાં કોઈ આપત્તિ તૂટી પડવાનું નક્કી થતું હોય તેમ તેના પગ એક પળ, પાણીપાણી થઈ ગયા. મોંએથી કદાચ, એક આછો પીડાનો ઉંહકારો પણ નીકળી ગયો. પણ સદ્‌ભાગ્યે, એ પળે જ પ્રિયંકા એટલા મોટા અવાજે કિલકારી ઊઠી કે કોઈના ધ્યાનમાં તે ન આવ્યું.

'પંદર દિવસમાં જ?' પ્રિયંકા બોલી ઊઠી: 'બાપરે! બહુ ઉતાવળ છે તમને? કિરણને હું આ કહીશ ત્યારે તેને શી ખબર કેવું યે લાગશે. આજે બપોરે જ મેં તેને કહ્યું કે તમે અને રિષભા લગ્ન કરવાના છો ત્યારે જ તે તાજ્જુબ થઈ ગઈ હતી. કહેતી હતી કે તમે એકબીજાને પૂરા ઓળખતા પણ ક્યાંથી હો? એ તો એમ જ માને છે કે, આ પહેલી નજરના પ્રેમનો જ કિસ્સો છે! અને હવે જલદી જલદી લગ્ન!'... અને પછી વિચારો — લાગણીઓના ચકડોળમાં ફરતી હોય તેમ ક્ષણવાર આંખો પલકારતી ચૂપ ઊભી રહી. ક્ષણ પછી પાછી બોલી: 'હું અને મસ્તાની રિષભાની બેય બાજુ રહીશું — ખૂબ જ બનીઠનીને. હાસ્તો, આવા પ્રસંગે જ મનભરીને માણવાનું મળે ને!' ઘડીભર પાછી ચૂપ થઈ ગઈ અને પછી એકદમ પાછી બોલી: 'હું તો કોઈ ડ્રેસ નહિ પહેરું. ફર્સ્ટક્લાસ સાડી પહેરીશ. હાસ્તો, સાડી પહેરી હોય તો ઘરેણાં પણ પહેરાયને! કિરણ મને ઘરેણા પહેરવા આપશે .. તું શું પહેરીશ, મસ્તાની?'

'એક મિનિટ થોભ, પ્રિયંકા.' ઉદયભાણે તેને બોલતી અટકાવી: 'અને એ કહે કે આ તું કોના લગ્નની વાત કરે છે — રિષભાના કે તારા?'

રિષભા સહિત બધાના મુખ પર હાસ્ય પથરાયું. જરા શરમાતાં, સહેજ ઓઝપાતા પ્રિયંકાએ કહ્યું:

'રિષભાના જ તો! પણ અમને પેટભરીને માણવાની તો છૂટ હોય જ ને!'

રિષભાને જાણે અત્યારે જ અચાનક ભાન થયું હોય કે અહીં તેના લગ્નની ચર્ચા થઈ રહી હતી તેમ તે ઝબકીને વિચારોમાંથી જાગી ગઈ. અને જલદી જલદી બોલી:

'પણ એવી, બહુ માણવા મળે તેવી રીતે લગ્ન કરવાનો સમય જ ક્યાં રહેવાનો છે?'

'સમયનો સવાલ જ ક્યાં છે?' ઉદયભાણે તરત જ પૂછ્યું: 'સમય તો પુષ્કળ છે આપણી પાસે!'

રિષભાના મગજમાં તેના એ શબ્દોનો જાણે ઝડપથી તરજુમો થઈ ગયો — ઉદયભાણને મન પુષ્કળ સમય એટલે પુષ્કળ પૈસો! પૈસા ખર્ચવાની તૈયારી હોય તો બધાં જ કામ સડસડાટ થઈ જાય — ઑર્ડરથી!

પ્રિયંકાએ ઊભો કરેલો એક પ્રશ્ન તો સારી રીતે, સરસ નિરાકરણ પામ્યો. એ જોઈને તેનો આનંદ વધ્યો: એક નવો, ખૂબ નાજુક પ્રકારનો પ્રશ્ન પૂછવાની તાલાવેલી પણ વધી. ને તેણે પૂછી નાખ્યું:

'અને એક વાત પૂછું? લગ્ન થઈ જાય પછી હનીમૂન માટે તમે ક્યાં જશો?' અને સહેજ અટકીને ઉમેર્યું: 'પરદેશ?'

'ના!' ચીસ પાડતી હોય તેવા — મોટા અવાજે રિષભાથી બોલાઈ ગયું. સનનન કરતું જાણે કંઈક ગેબમાંથી ત્રાટક્યું હતું. કાળજામાં, હૈયામાં — અરે, સાંગોપાંગ આરપાર ઊતરી ગયું હતું. અંદરથી જાણે આખેઆખી તે ધ્રૂજી ઊઠી હતી. પ્રિયંકાના એ ભોળા પ્રશ્ને એક ચિત્ર તેની નજર સામે દોરી નાખ્યું હતું — ઝીણામાં ઝીણી રેખાઓ સહિત. હનીમૂન! પરદેશ! ઓ, ભગવાન!...

પોતાના, સંપૂર્ણપણે પોતાના આ ઘરથી અને જીવનના અવિભાજ્ય અંગો જેવા ઘરના લોકોથી સેંકડો ને હજારો માઈલ દૂર કોઈ અજાણી હોટેલના કમરામાં — એકલી ઉદયભાણની સાથે! માય ગોડ!... મૂઠીઓ વાળીને દોટ મૂકે પોતે — ભાગવા જ માંડે પાછી!... પણ પાછી ક્યાં ભાગે તે? પાછા ફરવાનો પુલ તો તૂટી ચૂક્યો હોય, લગ્નની સાથે જ!... એક જોરદાર કંપારી જેવી ઝણઝણાટી તેના મનમાં — શરીરમાં ઘૂમી રહી.

એક પળ તે ગભરાઈ ગઈ. પછીથી શાંત ચિત્તે યાદ કરતાં પોતે માની પણ ન શકે એટલી હેબતાઈ ગઈ. શૂળની જેમ પ્રશ્ન પીડવા લાગ્યો — હનીમૂન!... શા માટે હોવું જોઈએ હનીમૂન? શી જરૂર હતી હનીમૂનની?... આ ઘરેથી લગ્ન કરીને ઉદયભાણની તોતીંગ હવેલી સુધી જવું પણ ભયાનક થઈ પડે તેમ હતું; તેની યે બીક લાગતી હતી — ત્યાં જતાં જ એ જાણવા મળવાનું હતું, અનુભવવા મળવાનું હતું કે, હવે ઉદયભાણ તેનો પતિ હતો — ધણી હતો તેનો! તેના ઉપર હવે તેનો અખત્યાર બની રહેતો હતો! ઉદયભાણને પતિ માનીને, પોતાનો ધણી માનીને દામ્પત્યનાં જે દૃશ્યો તેણે ભજવવાં પડશે તે બધા જ વિકરાળ હશે; ઘૃણાજનક હશે ... એમાંનું પહેલું જ વિકરાળ દૃશ્ય સાવ એકલી હાલતમાં દૂરના કોઈ દેશની અજાણ હોટેલના કમરામાં! ના ભગવાન, ના!'... ચહેરો જાણે રૂની અસંખ્ય કણીઓ ચોંટી ગઈ હોય તેમ સફેદ થઈ ગયો. પળભર જાણે બધું ભૂલી ગઈ — ભાઈ, બહેનો, ઉદયભાણ, પોતે, — બધું જ.

'ઓહ! હનીમૂન! ... ના!...નથી જોઈતું હનીમૂન!' ... ચીસ જેવો પોતાનો જ અણધાર્યો અવાજ સંભળાયો. સપનામાં, તંદ્રામાં સંભળાતો હોય તેવો એ અવાજ, એ શબ્દો બહુ ધીમેધીમે તેની સમજણમાં ઉતર્યા. અને બીજી પળે જાણે જાગૃતિમાં આવી

ગઈ, ચોંકેલી નજરે તેણે આસપાસ બધાની સામે જોયું. અને તેને વધારે ચોંકાવી દેતું ભાન થયું — જે દેખાવ, જે અભિનય તેણે કરવો જરૂરી હતો અને અત્યાર સુધી જે કરવા પૂરી કોશિષ કરી રહી હતી તે અચાનક તૂટી પડયો હતો — પોતે ઉઘાડી પડી ગઈ હતી. પ્રિયંકાની આંખોમાં અચંબો ઉભરાઈ રહ્યો હતો. ધૈવતનાં ભવાં કપાળમાં અધ્ધર ખેંચાઈ ગયાં હતાં. મસ્તાની આંખો ઝીણી કરીને વિસ્મયભેર જોઈ રહી હતી.

અને એ સાથે જ ઉદયભાણુનો અવાજ સંભળયો: 'ના, બિલકુલ નહિ! હનીમૂન એ કોઈ અનિવાર્ય ચીજ છે જ નહિ. મને તો લાગે છે કે તેની તાત્કાલિક કોઈ જરૂર પણ હોતી નથી.'

રિષભાએ એક ઊંડો શ્વાસ લીધો અને ભારે, લાંબો ઉચ્છ્વાસ મૂકયો. ચકડોળ જાણે હવે ઊભો રહી ગયો હતો. બધું ફરતું બંધ થઈ રહ્યું હતું. જગત સ્થિર, વ્યવસ્થિત ગોઠવાઈ રહ્યું હતું. છાતીમાં શાતા જેવું ઠંડકભર્યું કંઈક ફેલાઈ રહ્યું હતું. વેગીલાં વમળ ઓસરી રહ્યાં હતાં—માત્ર એક આભારભર્યો ભાવ ઉપર સ્થિર થતો જતો હતો — ઉદયભાણે ખરા અણીના ટાંકણે તેની ભયભીત દશાને પારખી લીધી હતી અને તત્કાળ તેની અબોલ અપીલનો સાનુકૂળ ઉત્તર વાળ્યો હતો.

૧૮

ઉદયભાણના એ અદ્‌ભુત સમજદારીભર્યા જવાબે રિષભાને પળભરમાં બહુ મોટી શાતા પહોંચાડી હતી પણ પ્રિયંકાનું આશ્ચર્ય તેથી ઓર વધી ગયું હતું. હનીમૂન જ નહિ? કેવી ગજબની વાત કહેવાય!... કોઈની યે બાબતમાં આવું કદી બની શકે જ નહિ; આવું કોઈ કદી વિચારે જ નહિ એ તેની દૃઢ માન્યતા હતી, અને છતાં દીદી અને ઉદયભાણ બેય બિલકુલ એવું જ બોલી રહ્યા હતા. તાજ્જુબ!...

તે ચૂપ ન રહી શકી. બોલી ઊઠી: 'શું વાત કરો છો તમે બન્ને! હનીમૂન માટે બિલકુલ કયાંય જવાનું જ નહિ? એવું કોઈ કરે જ નહિ. કમસેકમ થોડાક દિવસ તો —'

'તને ખબર નથી, પ્રિયંકા' ઉદયભાણે અધવચ્ચે વાત ઉપાડી લીધી: 'અનેક માણસો એવું પસંદ કરતા હોય છે — થોડો સમય જવા દઈને પછી બહાર જવાનું.' સહેજ અટકીને તેણે એક અછડતી નજર રિષભા પર ફેરવી લીધી અને આગળ કહ્યું: 'એમ કરવા માટેનાં પણ કારણો હોય છે. જેમ કે અમારી સગાઈ હજી હવે નક્કી થાય છે. અને પછી તરત જ લગ્ન. રિષભાને વચ્ચે લાંબો ગાળો જ કયાં મળે છે? આટલી જલદી આ ઘરથી, તમારા બધાથી બહુ દૂર જવાનું તેને ન ગમે એ તો સ્વભાવિક છે ને? પંદર દિવસ કેટલા ઓછા દિવસ ગણાય? મને તો ડર છે કે પૂરેપૂરી ધામધૂમની તૈયારીનો પણ સમય નહિ રહે, એટલે —'

'એ ગમે તે થાય,' પ્રિયંકા અધીરાઈથી બોલી ઊઠી : 'અમારે પૂરો લ્હાવો લેવાય એવું તો કરજો જ !'

'રિષભા ઇચ્છશે તો એવું જરૂર કરીશું. અને હનીમૂન મુલત્વી રાખીશું. તેથી રિષભાને પણ પૂરતો સમય મળી રહેશે. તમારા બધા માટે જે કંઈ કરવા જેવું હશે એ બધું તે કરી શકશે. એ બધું થઈ જાય પછી જો અમે જઈએ તો અમારી ઇચ્છા મુજબ લાંબો પ્રવાસ —'

'લાંબો એટલે બહુ લાંબો પ્રવાસ ?' પ્રિયંકાની જિજ્ઞાસા ભડકી ઊઠી : 'વર્લ્ડ ટુર ?' પછી જાણે લાભાલાભની સમજણ પડી ગઈ હોય તેમ ઉમેર્યું : 'તો પછી મુલત્વી રાખવામાં કંઈ ખોટું નથી.'

સહેજ હસીને ખભા ધીરેથી ઉછાળતાં ઉદયભાણે કહ્યું : 'રિષભા ઇચ્છે તો વર્લ્ડ ટુર પણ અઘરી નથી.'

અને ખુશીના અદમ્ય ઊભરાથી પ્રિયંકાના પગની પાનીઓ જમીનથી અધ્ધર થઈ ગઈ. હળવો કૂદકો લગાવતાં, તાલી પાડતાં તે મોટેથી બોલી ઉઠી : 'બાપરે, દીદી ! બધું જ તું ઇચ્છે તો ! તારા હવે બહુ સારા દિવસો આવ્યા — બહુ સારા, દીદી ... તું ઇચ્છે તે બધું જ !'

રિષભાને, આપોઆપ, હસવું આવી ગયું. તેણે કહ્યું : 'તારી વાત સાચી છે. મને તેની ખાતરી છે,' બોલતાં બોલતાં તેની નજર આપોઆપ ધૈવત પર પડી — તેની આંખોમાં નરી નાસ્તિકતા ઝળુંબતી હતી.

રાત ઠીકઠીક વહી ગઈ અને ઉદયભાણ આખરે ઘેર જવા નીકળ્યો ત્યારે રિષભા તેની સાથે સાથે ફળિયું ઓળંગી ડહેલી સુધી ગઈ. ડહેલી પાસે બેય થોભ્યાં ત્યારે ઉદયભાણ સાથે એકાંતમાં

વાત કરવાની પહેલી તક તેને મળી. તેણે ઉદયભાણની સામે જોયું.

'ગુડ નાઈટ, સ્વીટહાર્ટ !' ઉદયભાણનો અવાજ સંભળાયો. પહેલી જ વાર સંભળાયો હતો એવો અવાજ — કોઈક ન સમજાતી મીઠાશ અને નજાકતથી ભર્યોભર્યો, હૃદયને હળવેકથી પંપાળી જતો અવાજ. આંખો એક-બે વાર પલકારીને રિષભાએ ફરી તેની સામે જોયું. ચહેરા પર તો મજાકભર્યું, હંમેશ જેવું અકળ સ્મિત પથરાયેલું હતું.

'ગુડ નાઈટ !' અનાયાસ તે ગણગણી અને પછી એકદમ ઉમેર્યું : 'મારે તમને કંઈક પૂછવું છે.'

'પૂછ.'

'તમે સાચે જ એ કહેતા હતા ? મતલબ કે, આપણે હનીમૂન પર નહિ જઈએ ?'

'સાચે જ વળી. તને ન ગમતું હોય તો નહિ.'

'ના...મને નથી ગમતું. પણ તો ય એ તમે શા માટે માથે લઈ લીધું ?'

'હું સમજ્યો નહિ. મેં શું માથે લઈ લીધું ?'

'તમે બરાબર સમજો છો. બધું સમજો છો. મને એ કહો કે, બધાની સામે જ્યારે હું બોલી ગઈ કે હનીમૂન મારે નથી જોઈતું ત્યારે તમે મારી ભેર શા માટે કરી ?...એ તો તક હતી તમારે માટે. તમે દબાણ કરી શક્યા હોત !'

'તું શું માને છે, રિષભા ? હું તને તારી ઇચ્છા વિરુદ્ધ, પરાણે હનીમૂન પર લઈ જાઉં તો એ હનીમૂનમાં કયો સ્વાદ હોય ?'

'બરાબર છે. એમાં કોઈ સ્વાદ ન હોય,' રિષભાએ ધુમ્મા અવાજે કહ્યું અને તેની પાછળ પાછળ મનમાં ઊગી આવેલા શબ્દોને પરાણે રોકી રાખ્યા : 'એમ તો આ લગ્નમાં પણ મને કયો સ્વાદ મળશે એમ માનો છો તમે ?...'

ડહેલી ઉઘાડીને રિષભાનો હાથ પોતાના હાથમાં લેતાં ઉદયભાણે કહ્યું. અવાજ ભારે હતો :

'રિષભા, મારા તરફથી તને સંપૂર્ણ છૂટ છે. તું મને દુનિયાભરનો ખરાબમાં ખરાબ અને નઠોરમાં નઠોર માણસ માનવાનું ચાલુ રાખ. સામે હું, ખરેખર હું જે છું તે હોવાનું ચાલુ રાખીશ. અને એક દિવસ આશ્ચર્યનો એક જબ્બર સુખદ ઝબકારો તારી આંખોને ખોલી નાખશે — મારું અંદરનું સાચું રૂપ તને જોવા મળશે !'

સ્તબ્ધ આંખે રિષભા તે સાંભળી રહી. તરત જ તેને હસવાનો અવાજ પણ સંભળાયો. ઉદયભાણુ હસી રહ્યો હતો — તેનું આગવું, મર્માળુ હાસ્ય. અને ડહેલીના પગથિયે પગ મૂકતાં પહેલાં, ઝૂકીને, તેણે રિષભાને ચુંબન કરી લીધું; પણ પહેલાં મેડી ઉપર કર્યું હતું તેવું જોશભર્યું, ઝનૂનભર્યું ચુંબન નહિ. તેના ગાલ ઉપર એટલા હળવેથી હોઠ અડાડીને તેણે લઈ લીધા હતા કે — પાછળથી વિચારતાં રિષભાને લાગ્યું — તેને ચુંબન પણ ભાગ્યે જ કહી શકાય.

એ વિચારતી — લગભગ એ જ વિચારતી તે ધીમા પગલે ઘરમાં પાછી આવી.

પછી દિવસો જે અજબ સ્ફૂર્તિથી વીતવા લાગ્યા તે જોઈ ખૂદ રિષભા પણ ચકિત થઈ ગઈ. દિવસો અને રાતો તેણે ઘણી વીતાવી હતી. અત્યાર સુધીની જિંદગીમાં અસંખ્ય દિવસો ઊગીને આથમ્યા હતા. અનેક રાતો પડી ને ઊપડી હતી. પણ એમાંનો એકેય દિવસ આવી ઝડપથી, આટલી સ્ફૂર્તિથી વીત્યો નહોતો. એકેય રાત આમ જોતજોતામાં પૂરી થઈ ગઈ નહોતી. હકીકતે તો તે માની બેઠી હતી કે, લગ્નની તૈયારી કરવી એટલે તોબા ! એક સાથે એક હજાર ને એક કામ પર ધ્યાન દેવાનું અને બધાં કામ સમયસર, સારી રીતે આટોપી લેવાનું તેનાથી તો... લગ્નની તૈયારી એટલે યુદ્ધની તૈયારી ! પણ જ્યારે એક પછી એક કામ પટાપટ થવા લાગ્યાં, તૈયારીનો એક પછી એક તબક્કો વિસ્મયજનક સરળતાથી સાંગોપાંગ પાર પડવા લાગ્યો ત્યારે તે કોઈ મુગ્ધ પ્રેક્ષકની જેમ, દંગ થઈને જોઈ રહી. તેણે કે ઘરના કોઈએ ખાસ કાંઈ કરવાનું જ રહ્યું નહોતું; બધું જાણે આપોઆપ થઈ રહ્યું હતું, એકદમ ફર્સ્ટક્લાસ થઈ રહ્યું હતું — ઉદયભાણુના અદૃશ્ય હાથ જાણે દિવસ ને રાત ઘરમાં અજબ દક્ષતાપૂર્વક કામે લાગેલા રહેતા હતા !

અને એટલે એ સ્તબ્ધ થઈ ગઈ હતી. એક પ્રકારના — આશ્ચર્યભર્યા — ભારણ નીચે દબાઈ ગઈ હતી. (એને આશ્ચર્ય જ કહેવું જોઈએ; હાસ્તો વળી, ખુશીને તો અવકાશ જ હજી ક્યાં હતો ?...આ લગ્ન ! દુનિયાના તમામ લોકોની નજરે 'લગ્ન' જ દેખાય એવું આ લગ્ન હજી તેના મનમાં ક્યાં ઠરતું હતું ?)

ધૈવત પણ ઉદયભાણુના અદૃશ્ય હાથના સંપૂર્ણ વર્ચસ્વથી જાણે અકળાઈ જતો હતો, ક્વચિત્ નારાજ થઈ જતો હતો; બબડી ઊઠતો હતો : 'આ — આ બધું શું છે ?...શા માટે છે આ બધું... આપણા ઘેર લગ્ન, અને શું કરવું – શું ન કરવું એ નક્કી કરનાર જ આપણે નહિ ? અરે, કોણે કેવાં કપડાં લેવાં એ પણ બીજું જ કોઈ નક્કી કરે એમ ?...'

રિષભા તેને શાંત પાડતી : 'તે જે કંઈ કરે છે, જે કંઈ નિર્ણય લે છે તેમાં કંઈ ખામી દેખાય છે તને ? કંઈ કચાશ રહી જાય છે ક્યાંય ? એવું હોય તો બતાવજે. બાકી, તેને તેની રીતે કરવા દો; બીલ એ ચૂકવે છે.'

હરસુખરાય પણ ગૌરવભર્યા, આનંદિત ચહેરે રિષભાની વાતમાં સૂર મેળવતા : 'તેનો ઇરાદો શુભ છે; તદ્દન શુભ છે. આપણે સારા દેખાઈએ એવું જ બધું કરે છે !' અને પછી ભર્યા

ભર્યા, હર્ષથી ઊભરાતા ચહેરે તકિયાને અઢેલીને આંખો મીંચી દેતા — જાણે આર્થિક બેહાલીના ભીષણ કળણમાંથી પોતાને બહાર ખેંચી રહેલ હાથમાં પોતાની જાતને સંપૂર્ણ સોંપી રહ્યા હોય.

અને પ્રિયંકાની કઠોર લાગે તેવી, નિર્દય લાગે તેવી નિખાલસતા ગહેકી ઊઠતી : 'પણ એ કહોને કે, જીજાજી ન ચૂકવતા હોત તો આપણે ખર્ચાની એક પાઈ પણ ક્યાંથી કાઢવાના હતા ?' અને પછી, નિશાન પર બરાબર તીર માર્યું હોય તેવા આનંદથી બધાની ઉપર નજર ફેરવતાં ઉમેરતી : 'જરા વિચાર કરી જુઓ. દીદીને પહેરવા માટે એક જોડ નવાં કપડાં પણ ક્યાંથી લાવ્યા હોત આપણે ? એક રૂમાલ પણ હવે આપણને કોઈ ઉધાર આપે એ વાતમાં માલ નથી !'

હરસુખરાય ગંભીર (છતાં સંતોષપૂર્ણ) ચહેરો તેના તરફ ફેરવતા અને ઠપકો આપતા : 'પ્રિયંકા, નાના મોઢે મોટી વાતો કરવાની આ ટેવ વહેલી તકે કાઢી નાખ, નાદાન !'

તેમની એ વાત પ્રિયંકાને પણ મહદ્અંશે સાચી લાગતી, એટલે ન છૂટકે મોં બંધ કરીને તે ચૂપ થઈ જતી.

ઉદયભાણ આવી ચડે તો ઘરમાં તેને ઉમળકાભર્યો આવકાર, હવે, મળી રહે તેમ હતો. સૌના નસીબને સામટાં ફેરવી નાખનાર કીમિયાગર જેવા એ નસીબવંતા જમાઈને ઝાઝેરાં માનપાન મળે તેમ હતું. પણ એકંદર તે બહુ ઓછો દેખાતો હતો. કારણ કદાચ એ હોય કે, તેની હાજરી ઘરમાં બધાને માટે આનંદજનક ન બની રહે; ધૈવત જેવા એકાદ–બેને સંકડામણભરી બની રહે, એવો તેને અંદેશો હતો. અથવા કારણ એ પણ હોઈ શકે કે, થોડાક જ દિવસમાં લગ્નની તૈયારી — બે ય ઘરમાં — કરવાના કામે તેને ડૂબાડી દીધો હોય. ગમે તેમ — તે આવે કે ન આવે — તેનો એક હાથ તો આખા ઘરમાં સતત અનુભવાઈ રહ્યો હતો — છૂટથી પૈસા વેરી રહ્યો હતો.

એકવાર તે આવી ચડયો ત્યારે રિષભાએ રુક્ષ અવાજે તેને કહ્યું પણ ખરું : 'મને પરણવાનો શોખ વધારે પડતો ખર્ચાળ બની રહ્યો છે, નહિ ?'

'ના ! ઊલટું, આટલી કિંમતે તો ઘણો સસ્તો પડયો ગણાય.'

બસ. પછી શું કહેવાનું હોય ? તેને જો એમ જ લાગતું હોય તો કરવા દો જેમ કરવું હોય તેમ. રિષભા વિચારતી, અકળાતી, ગૂમસૂમ થઈ જતી — ખુશી સિવાયનું લગભગ બધું અનુભવતી.

અવસરની ખુશીને પૂરેપૂરી અનુભવવા શક્તિમાન માત્ર એક જ વ્યક્તિ હતી — પ્રિયંકા, આનંદ, ઉત્સાહ, ઉમળકામાં તે જાણે છબછબિયાં કરતી રહેતી. ઘરમાં નાનીમોટી દરેક તૈયારીના કામમાં તે તરબોળ આનંદ માણી શકતી હતી — જાણે બહેનના લગ્ન, અને લગ્નના પગલે પગલે બહેનના કદમોમાં ઠલવાનાર સુખ–સમૃદ્ધિના વિપુલ રાશિનો આનંદ પોતે માણી રહી હતી.

અને રિષભાએ લગ્ન વખતે પહેરવાનાં વસ્ત્રો અને અલંકારો આવી ગયા અને સૌની સાથે પ્રિયંકાએ પણ તે જોયાં ત્યારે ખુશ-ખુશાલ થઈ કૂદકો મારતાં તે બોલી ઊઠી :

'ઓ, માય ગોડ ! દીદી ! તમે ખૂબ નસીબદાર છો — ખૂબ, ખૂબ, ખૂબ જ નસીબદાર છો, દીદી ! તમારા જેવી થોડીકને જ આવો વર મળે — ખોબે ખોબે પૈસા વાપરે તેવો !...બાકી તો, પૈસા ગમે તેટલા હોય તો ય બીજાને માટે તો દમડી યે ન ખર્ચે !' થોડીવાર ચૂપ રહીને જાણે હજી યે પૂરો સંતોષ ન થતો હોય તેમ પાછું ઉમેર્યું : 'તમે બહુ નસીબદાર છો !'

'હા,' રિષભાએ ઉત્સાહથી કહેવા પ્રયત્ન કર્યો પણ તેને

લાગ્યું, ઉત્સાહ ઉપર ઉપરનો જ બતાવી શકી હતી તે. ઉત્સાહથી ઊભરાઈ જવાનું તો — આ સંજોગોમાં — કેવી રીતે બની શકે ? ...ખેર ! તેને માટે ઉત્સાહ ભલે અશક્ય હોય, પિતા સહિત ઘરના સૌને માટે તો શક્ય બન્યો હતો ! જે થઈ રહ્યું હતું તે બધું — અથથી ઇતિ — તેમને ખાતર જ થઈ રહ્યું હતું ને !...

પ્રિયંકાની સામે જોઈ રહેતાં તેને અચાનક મસ્તાની યાદ આવી. અચાનક વિચાર આવ્યો — મસ્તાની વિષે તેણે શું માનવું ? શું ધારવું તેના વિષે ? તેના મનમાં કેવી કેવી ગાંઠો વળતી ને છૂટતી હશે ?

દેખીતી રીતે તો તે ખુશીમાં લાગતી હતી. મોટી બહેનના લગ્નની બધી જ તૈયારીઓમાં ખુશીપૂર્વક ભાગ લઈ રહી હતી — જાણે ઉદયભાણ સાથે તેને કાંઈ લાગતું વળગતું જ ન હોય !

એ જોઈને રિષભા અચંબામાં પડી જતી. તે એ સમજી શકતી નહોતી કે મન સાથે આવું પ્રચંડ સમાધાન કોઈ કેવી રીતે સાધી શકે ? આવી અકલ્પ્ય તટસ્થતા કેવી રીતે કેળવી લઈ શકે ? અને આટલી વિસ્મયજનક સ્વસ્થતા કેવી રીતે રાખી શકે ?... રિષભા ખૂબવાર સુધી તે વિચાર્યા કરતી. ખૂબ વિચારતી પણ કશું સમજી શકતી નહોતી. આખરે થાકીને તે વિચારવું પડતું મૂકતી — મસ્તાની પોતે જ ક્યાં પૂરી સમજી શકાય તેવી હતી ?

એકવાર, મોડી રાતની નીરવ શાંતિમાં તેને એવો ય વિચાર આવી ગયો — મસ્તાની તો ઠીક, તે પોતે પણ ક્યાં સમજી શકાય તેવી હતી ?...ખરેખર તે પોતાને સમજતી હતી પૂરેપૂરી ? જે કરી રહી હતી તે બધાને સમજી શકતી હતી પૂરેપૂરું ?...આજ સુધી, આજથી પંદર-વીસ દિવસ પહેલાં સુધી પોતે તો મનમાં સતત ગોખતી રહી હતી કે પોતે સરળ, ચઢાવ–ઉતાર વિનાનું, કોઈ પણ મોટી ઘટના વિનાનું જીવન જ જીવશે. એવું જીવન જ તેને માફક

આવે. કોઈ મોટા ધડાકા-સડાકા કે જબરી ઉથલપાથલની તો કલ્પના પણ તેને હચમચાવી નાખે એટલી ઋજુ છે તે ! પ્રકૃતિએ તે ખૂબ પ્રેમાળ હતી, કોમળ પણ હતી, છતાં લાગણીઓ કે ઊર્મિંઓના કોઈ ઝંઝાવાતમાં સંડોવાવાની તેણે કદી કલ્પના કરી નહોતી. એવી કોઈ સ્થિતિમાં કદી મૂકાવાની પણ તેણે કલ્પના કરી નહોતી જ્યાં આસપાસ ભય, આશંકા, ક્રોધ ને ધિક્કાર દાંતિયા કરતા ખડા હોય.

એક અણુધારી યાદ અણુધારી રીતે ઝબકી ગઈ. તે દિવસે સાંજે, આછા અજવાળામાં, પિતાના રૂમની બહાર, કેવા જોશપૂર્વક કેવા ઝનૂનપૂર્વક ઉદયભાણે તેને ચુંબન કરી લીધું હતું !...એનો અર્થ ? ત્યારે તેનો અર્થ કદાચ એટલો જ થતો હતો કે પોતાના માટે તેને જબરજસ્ત, અદમ્ય ખેંચાણ હતું. પણ હવે લગ્ન પછી, પોતાના ઉપર સંપૂર્ણ અધિકાર હોવાની સભાનતા ભળ્યા પછી, શું હશે એનો અર્થ ?...શી હશે પોતાની સ્થિતિ ?...

એક પળ તે મૂંઝાઈ ગઈ; છાતીમાં જાણે સખત મૂંઝારો થવા લાગ્યો; શ્વાસ જાણે ગળામાં ટૂંપાવા લાગ્યો; આંખ સામે અંધારા ઉતરવા લાગ્યા; મનોમન જાણે તે ચિત્કારી ઊઠી : 'ઓહ !...ઓહ ! ... કોઈ માર્ગ — ભાગી છૂટવાનો કોઈ માર્ગ મળે તો —'

પળ પછી તેને સમજાયું; કઠોર સત્યનું ભાન થયું — હવે તેને માટે કોઈ માર્ગ નહોતો. તેણે જ બંધ કરી દીધા હતા બધા માર્ગો.

અને એમ લગ્નનો દિવસ આવી પહોંચ્યો.

ત્યારે પ્રિયંકાની વાત તદ્દન સાચી પડી — ભેગા થયેલા તમામ લોકોમાં તન્ના કુટુંબનું એકએક જણ નોખું તરી આવતું હતું — સુંદર, પ્રેક્ષણીય, દર્શનીય. ખુદ રિષભાની સુંદરતા પણ લખલખાટ ઝળહળી ઊઠી'તી. અને જો આ લગ્ન કોઈ બીજાનું હોત તો એક

છોડથી બીજા છોડ પર હવા જેવી હળવાશથી ઊડતા પતંગિયા જેવી તે પણ દિલચસ્પ દેખાતી હોત. ખેર! તે અંદરથી જાણે ઠરી ગયેલી હતી; ઠીંગરાઈ ગઈ હતી છતાં ઉપરથી તેજભરી હતી, ઝગારા મારતી હતી. અને બાકીના બધા તો ખરેખર ખૂબ શોભી ઊડતા હતા. પ્રિયંકાની શોભામાં વળી ઠઠારો યે ભળેલો હતો — તેને માટે તે સ્વાભાવિક હતો. પણ તેને જોઈને રિષભાની આંખો સામે થોડાક કલાક પછીનું દૃશ્ય તરી આવ્યું — આ રંગીન મેળો વીખરાઈ જશે અને પોતે કંઈક બીજું જ બની જશે. રિષભા તન્ના મટી જશે. ઉદયભાણુની પરણેતર બની જશે — શ્રીમતી રિષભા ઉદયભાણુ!! ... શ્રીમતી રિષભા — ઉદયભાણુની અત્યંત ઋણી, એક ગંજાવર ઋણની દેવાદાર રિષભા!

'આમાંના કેટલા લોકો તેની ખરી સ્થિતિ સમજતા હશે?' ચોરીમાં પગ મૂકતાં તેને વિચાર આવ્યો. અને મનમાં પડઘો પડયો: 'કોઈ નહિ!' તેના પિતા જ ચોરીમાં બેઠેલા હતા —ખુશખુશાલ; પોતાનો હાથ ઉદયભાણુના હાથમાં આપીને કન્યાદાનનું મહા પૂણ્ય કમાવા તૈયાર! અને ઉદયભાણુ ત્યાં બેઠેલો હતો — સ્થિર, સ્વસ્થ, ઠંડકભર્યો. તેની પાછળ ધૈવત ઊભેલો હતો — ગંભીર, ગંભીર.

ગોર મહારાજે મંત્રો ને શ્લોકોનું જોરદાર રટણ શરૂ કર્યું. 'સ્વાહા; સ્વાહા'ના અલ્પવિરામો લેતું એ રટણ અસ્ખલિત ચાલતું રહ્યું. સપ્તપદીનું ઉચ્ચારણ શરૂ થયું — અકલ્પ્ય, ખરેખરી પરિસ્થિતિમાં ક્યાંય કોઈ રીતે બંધબેસતા ન થઈ શકે તેવા એ શબ્દોને — ગોર મહારાજની પાછળ પાછળ — ઉદયભાણુ ઉચ્ચારતો હતો. અને રિષભા પોતે ધીમા પણ સ્વસ્થ અવાજે સપ્તપદીના શબ્દો ઉચ્ચારી શકી ત્યારે તેને પણ નવાઈ લાગી.

એ નવાઈ ઓસરે ત્યાર પહેલાં વિધિ પૂરો થઈ ગયો. મંગળ વર્તાઈ ગયાં. લગ્ન પાકું થઈ ગયું. અને નમીને પગે લાગતી રિષભાને

હેતભર્યા ઉમળકાથી છાતીએ ચાંપીને પિતાએ જ્યારે કહ્યું: 'દીકરા, જીવનની આ પરમ ધન્ય ઘડી છે! ખૂબ સુખી થજે!' ... ત્યારે આપોઆપ એક ઊંડો શ્વાસ રિષભાથી મૂકાઈ ગયો — ખેર, કમસેકમ, એક જણને તો સાચો આનંદ, સાચો સંતોષ મળ્યો છે!

અને પછી રીસેપ્શન માટે સહેજ દૂર આવેલા હોલમાં જવા જ્યારે તે બહાર નીકળી ત્યારે સૂર્યના ખૂલ્લા પ્રકાશમાં અનેક ચહેરા તેણે ટોળે વળેલા જોયા. એ બધા તેને જોવા ભેગા થયા હતા — તેને પરણતી જોવા, ઉદયભાણુની ધર્મપત્ની બનતી જોવા, અને તે બદલ અભિનંદન આપવા.

આખરે એ પણ હવે થઈ ચૂકયું હતું. ઉદયભાણુની પત્ની તે બની ચૂકી હતી. (અહીં ભેગા થયેલા લોકો — એકે એક જણ — શું માનતા હતા ઉદયભાણુને? અને હવે પોતાને ....)

રસ્તો થોડીક મિનિટનો જ હતો. ભરપૂર ફૂલોથી સજાવેલી કારમાં જોડાજોડ બેઠેલા ઉદયભાણે વચ્ચે એકવાર તેનો હાથ ધીરે રહીને પોતાના હાથમાં લીધો.

'શું કરો છો?' ચમકેલા ધીમા અવાજે રિષભાએ પૂછયું.

'કંઈ નહિ,' હાથ છોડી દેતાં ઉદયભાણે કહ્યું: 'આ — આ સાચું છે ને તેની ખાતરી કરવા પ્રયત્ન કરું છું.'

'આ — આ સાચું છે?... કેવી રીતે — શા માટે?' રિષભાના મનમાં પડઘો ઘૂમી વળ્યો જાણે આંખો મીંચીને ઊંધા લટકી રહેલાં અનેક ચામાચિડિયાં એકાએક ચીસો પાડતાં ઊડવા લાગ્યાં.

ગાડી ચૂપચાપ સરકતી રહી.

૧૯

કારની બહારના કોલાહલ અને અંદરના એન્જિનના આછા ઘરઘરાટ વચ્ચે — રિષભા અને ઉદયભાણની વચ્ચે — સંપૂર્ણ ચૂપકીદી છવાઈ રહી; પણ મનની અંદર રિષભા સામે એક વિચિત્ર, અત્યારની ઘડીએ તો ખૂબ જ વિચિત્ર અને બાલિશ લાગે તેવો ભાવ નાચી રહ્યો હતો : 'કેમ ય કર્યું સાચું માની શકાતું નથી આ બધું; હજી ગળે ઉતરતું નથી — ઊતરી શકે તેવું નથી આ બધું... પોતે પરણી ચૂકી હતી? ઉદયભાણની પત્ની બની ચૂકી હતી? અને ઉદયભાણ તેનો પતિ? તેનો ધણી? તેનો પરમેશ્વર ... અરે ભગવાન!'

પણ પાંચ–સાત મિનિટમાં જ જાણે તખ્તો બદલાઈ ગયો. એક નવું જ દૃશ્ય ગોઠવાઈ ગયું. હવે તે ઉદયભાણની પાછળ પાછળ રીસેપ્શન હોલમાં ચાલી રહી હતી. ફર્સ્ટ ક્લાસ, સજાવેલી ખુરસી પાસે ઊભી રહી ગઈ હતી — ઉદયભાણની લગોલગ. અને ઉદયભાણની જેમ જ સ્મિતથી ઊભરાતા ચહેરે લોકોના અભિનંદન ઝીલી રહી હતી, આનંદથી ઊભરાતા ચહેરે પાછા વાળી રહી હતી. મુવી કેમેરામાં પળેપળ મઢાતું જતું તેનું ચિત્ર એક સંપૂર્ણ સુખભરી, રોમાંચિત નવોઢાનું ચિત્ર બની જતું હતું.

ફૂલહાર અને ગુલછડીઓના ઢગલા વચ્ચે, મઘમઘાટ મહેક વચ્ચે તેને ખૂદને નવાઈ પમાડે એવો એક વિચાર પણ ઝબકી ગયો — હનીમૂનનો સાફ સાફ ઈન્કાર કરી દેવામાં તેણે ડહાપણ કર્યું

હતું? ખરેખર? ... કદાચ તેણે મૂર્ખતા કરી હતી. શી જરૂર હતી એવું કરવાની? ઊલટી, દૂર ક્યાંક ચાલી જ્યાથી ચેન્જ મળ્યો હોત, આ એકધારા, એકસૂરા વાતાવરણને બદલે નવું વાતાવરણ મળ્યું હોત; કદાચ, મનને હળવાશ મળી હોત, અકળાવતા ખતરનાક વિચારોમાંથી ભલે કામચલાઉ પણ, છૂટકારો મળ્યો હોત ...

રીસેપ્શન પણ રંગેચંગે પૂરું થયું. ફરી એ જ શણગારેલી — નવોઢા જેવી — ગાડી તેને લઈને મલપતી ગતિએ દોડવા લાગી — ઉદયભાણના ઘર તરફ. રિષભાનું શરીર થાકથી ભરાઈ ગયું હતું, મન ભારથી દબાઈ ગયું હતું, મગજ હજી સ્તબ્ધ હતું. લગનનો આખો યે પ્રસંગ જાણે તેણે દૂર બેઠા જોયેલી કોઈ ફિલ્મ હતી — પોતે પરણી હતી એ વાત હજી મનમાં ઠરતી નહોતી. અને આ બેવકૂફ ગાડી આમ સીધી ક્યાં જઈ રહી હતી? ક્યાં લઈ જઈ રહી હતી? આ તરફ, આ જમણી તરફ વળવું જોઈએ તેણે. તેનું ઘર, ખરેખરું 'ઘર' તો એ તરફ હતું....

ઉદયભાણનું ઘર આવી ગયું. એ વિશાળ ઘર અજાણ્યું લાગતું હતું. પોતાનું નહિ, પરાયું લાગતું હતું, પણ છતાં એ ઘરમાં જ જવાનું (હવે તો હંમેશા રહેવાનું) અનિવાર્ય હતું, તદ્દન અનિવાર્ય!

કારમાંથી સંભાળપૂર્વક તેને નીચે ઉતારીને ઘરનાં પગથિયાં ચડતાં ઉદયભાણે પૂછ્યું : 'થાકી ગઈ?'

'હા, સહેજ,' રિષભાએ કહ્યું 'દિવસભરની ધમાલને લીધે હશે.'

'બરાબર છે,' ઉદયભાણે કહ્યું : 'ખૂબ થકવી દે એવી ધમાલ હોય છે આ તો. પણ હવે કોઈ ધમાલ નહિ હોય. સાંજ આપણે બિલકુલ શાંતિથી વીતાવી શકીશું, કોઈ ધમાલ નહિ!...હવે મને સમજાય છે કે હનીમૂનની વાત માંડી વાળવામાં તેં ખરેખર ડહા-

પણ બતાવ્યું છે.' અને પછી જરા હસી પડતાં ઉમેર્યું : 'બાકી આટલા થાક અને આટલા કંટાળાની સ્થિતિમાં સીધા જ ટ્રેનમાં બેસવાનું થાય તો, મને લાગે છે કે, વરવહુ એકબીજાને ગમતાં થતાં પહેલાં તો અળખામણાં થઈ જાય !'

રિષભાના મનમાં જવાબ તૈયાર થઈ ગયો : 'એ સિવાયની પણ બીજી પૂરતી ચીજો છે જે તમને અળખામણા બનાવી દે...' પણ એ એવો જવાબ હતો જે હવે કોઈની સામે મોઢેથી બોલાય નહિ.

પગથિયાં પૂરાં થયાં અને પુરણે હસતા ચહેરે બારણું ખોલ્યું ત્યારે, ઉંબરો ઓળંગતાં, રિષભાના મનમાં ટાઢું હિમ જેવું કંઈક ફરી વળ્યું — પોતે જે કરી નાખ્યું હતું, જે માથે લઈ લીધું હતું તેની ગંભીરતા (કદાચ, ભયંકરતા) હવે તદ્દન સ્પષ્ટ થઈ રહી હતી. ઊંચે, માથા ઉપર તોળાઈ રહેલા એક વિરાટ, વિકરાળ ખડકના તૂટી પડવાના પ્રથમ અણસાર જેમ ખર્‌ર્‌ર્‌ર્‌, ખર્‌ર્‌ર્‌ર્ કાંકરીઓ ખરવા લાગી હતી : હવે અચૂકપણે તૂટી પડનાર એ પ્રચંડ ખડકને રોકી શકાય તેમ નહોતું; ભયભીત દશામાં, તે તૂટી પડે તેની, રાહ જોવા સિવાય કંઈ થઈ શકે તેમ નહોતું.

આવડા મોટા ઘરમાં તેને સત્કારવા અને તેને માટે ખાસ અલાયદા કાઢેલા રૂમમાં તેને લઈ જવા માટે એક નોકર — પુરણ સિવાય બીજું કોઈ નહોતું. ધમાચકડી ભર્યું રિષભાનું મગજ અજબ રીતે, એ હકીકત પર સ્થિર થયું. અને વિચારોએ જાણે પાટો બદલી નાખ્યો.

'ઉદયભાણનું જીવન, તેની દુનિયા કેવી એકલી-અટુલી છે ! કોઈ સ્વજન જ નહિ હોય તેને ? સારા, વફાદાર નોકરો જ તેનું સર્વસ્વ ?...કે પછી સ્વજનોને તેની કંઈ પડી નહિ હોય, જેમ તેને કોઈની પડી નથી તેમ ?...'...

પણ અત્યારે કંઈ જાણી શકાય તેમ નહોતું. અત્યારે તે પૂછાય પણ નહિ. એક નવો વિચાર બેજબેજ આવ્યો — થોડીવાર પછી, હમણાં તેને ફરી મળીશ ત્યારે પૂછી જોઈશ.

ઉપર જે રૂમમાં પુરણ તેને લઈ ગયો તે એટલો વિશાળ હતો કે અંદર પગ મૂકતાં તેને લાગ્યું જાણે તે એકાએક ખૂલ્લી મોકળાશમાં પ્રવેશી ગઈ છે — સંકડાશનું જાણે અસ્તિત્વ જ નહોતું આખો ઓરડો સાંજના સૂરજના ભરપૂર પ્રકાશથી ઝળાંહળાં હતો. રૂમની બે બાજુ સામસામે બબ્બે વિશાળ બારીઓ હતી જેમાંથી દેખાતું આકાશ જાણે સાવ પાસે હોય તેવો આભાસ પેદા કરતું હતું. નહિ તદ્દન આધુનિક કે નહિ તદ્દન પુરાણું એવું ફર્નિચર જ્યાં જ્યાં ગોઠવાયેલું હતું ત્યાં ત્યાં એક ખાસ પ્રકારની ભવ્યતા પ્રગટાવતું હતું. નરમ, ગાદી જેવી કાર્પેટ અને પડદા બારી પાસે ઝળુંબતા આકાશ જેવા ભૂરા હતા. એકંદર, આખા ઓરડાને જાણે એક વિશિષ્ટ વ્યક્તિત્વ હતું, પ્રભાવ હતો.

'કેટલો સરસ રૂમ છે !' રિષભાના મોંએથી અનાયાસ ઉદ્‌ગાર સરી ગયો : 'કેટલો ગમી જાય છે !'

પુરાણના ચહેરા પર પણ હર્ષ તરી આવ્યો. સ્મિત કરતાં તેણે કહ્યું : 'હા, બાઈસાહેબ ! આખી હવેલીમાં આ સૌથી સુંદર રૂમ છે. આજે ફરીવાર તેને વપરાશમાં આવતો જોઉં છું — મને બહુ આનંદ થાય છે. છેલ્લે ઉદય શેઠની માતા આ રૂમ વાપરતા હતા. પછી ખાલી પડ્યો હતો,' અને એક બાજુ ભીંત તરફ આંગળી ચીંધતાં ઉમેર્યું : 'સામે દેખાય છે એ તેમનો ફોટો છે.'

'ઉદયભાણની માતાનો ?' કહેતાં રિષભા તે ફોટા તરફ ચાલી. પાસે જઈ પળ — બે પળ ફોટા સામે જોઈ રહીને બોલી : 'બરાબર છે; તેમના જેવી જ દેખાય છે.'

'હ — હા,' પુરાણે સંમતિ ઉચ્ચારી, પણ અચકાઈને, અને પછી કહ્યું : 'પણ સ્વભાવમાં તે ઉદય શેઠ જેવાં નહોતા.'

'એમ ?' રિષભાએ કુતૂહલથી પૂછ્યું પણ પુરણ આગળ કંઈ બોલ્યો નહિ. રિષભાએ ફરીવાર ફોટા સામે જોયું. મક્કમ, મજબૂત દેખાતા એ લંબગોળ ચહેરા પર સુંદર કાળી આંખો તુરત ધ્યાન ખેંચે તેવી હતી. હોઠ પર, ઉદયભાણુ જેવું, મજાકભર્યું સ્મિત સ્થિર થઈ ગયું હતું. પણ, કદાચ — ના. એવું નહોતું. એક ફેર હતો તેમાં. ઉદયભાણુ જ્યારે પણ હસતો ત્યારે એ હાસ્ય છેક તેની આંખો સુધી ફેલાઈ જતું હતું. આંખોમાં પણ ચમકી ઊઠતું હતું. ફોટામાં તેની માતાની આંખો જરા પણ હસતી નહોતી — સ્થિર હતી, ઠંડી હતી.

'તમારે માટે કંઈ લાવું, બાઈસાહેબ ?' પુરણનો અવાજ સંભળાયો અને રિષભા પાછળ ફરી.

'ના, કંઈ નહિ,' તેણે કહ્યું : 'હું હાથ-મોં ધોઈને, જરા ઠીકઠાક થઈને તરત જ નીચે આવું છું.' અને બાજુ પર દેખાતા બંધ બારણા સામે હાથ ચીંધી પૂછ્યું :

'બાથરૂમ અહીં છે ને ?'

'હા,' પુરણે કહ્યું અને બીજા એક બારણા સામે ઈશારો કરતાં ઉમેર્યું : 'આ બારણેથી બાજુમાં ઉદય શેઠના રૂમમાં જવાય છે.'

પુરણ ગયો. રિષભાની નજર પેલા બારણા પર મંડાઈ રહી — તો, એ બારણું ઉદયભાણુના પોતાના રૂમમાં પડતું હતું એમ ને ? બાજુના જ, એકદમ અડીને આવેલા રૂમમાં જ !...અને હવે તે તદ્દન, તદ્દન સ્પષ્ટ અને નક્કર હકીકત હતી કે ઉદયભાણુ તેનો પતિ હતો.

પાએક કલાકમાં તૈયાર થઈને રિષભા નીચે આવી, દાદરો ઊતરી રહી ત્યાં જ એકાએક તેને ખ્યાલ આવ્યો — નીચે તે એ જ રૂમમાં ઊભી હતી જ્યાં પહેલીવાર તે ઉદયભાણુને મળી હતી,

મસ્તાનીને છોડી દેવા કરગરી હતી અને...અને ઉદયભાણે પેલી બેહૂદી શરત...

સામે જ મોટું બારણું ખૂલ્લું હતું. સળંગ આખેઆખા કાચ જડેલું એ બારણું પહેલી વખત તેના ધ્યાનમાં આવ્યું નહોતું. તે બારણા પાસે ગઈ. બારણાની બહાર વિશાળ લીલીછમ બિછાત જેવી કુમળી લૉન પથરાયેલી હતી અને તેને ફરતો સુંદર, મઘમઘતો બાગ. લૉનમાં ઊભો ઊભો ઉદયભાણુ માળી સાથે કંઈક વાત કરી રહ્યો હતો. અચકાઈને રિષભા બારણામાં ઊભી રહી ગઈ.

તરત જ ઉદયભાણુની નજર તેના પર પડી અને માળીને એક–બે ટૂંકી સૂચનાઓ આપીને તે સ્ફૂર્તિથી રિષભા પાસે આવ્યો. હસીને બોલ્યો :

'બહાર લૉનમાં આવે છે ? હજી થોડીવાર અજવાળું છે ત્યાં સુધી—'

રિષભા તરત જ ચાલવા લાગી. લૉન પર ઊભેલા ઉદયભાણુ પાસે પહોંચી અને કહ્યું :

'મારો રૂમ ખૂબ જ સરસ છે. મને ખૂબ ગમ્યો.'

'ગમ્યો ?' આનંદભર્યું હસતાં ઉદયભાણે કહ્યું : 'એ રૂમમાં મેં કંઈ ફેરફાર કર્યો નથી. જેવો હતો એવો જ રહેવા દીધો છે. એટલા માટે કે, કંઈ ફેરફાર કરવા જેવા છે કે નહિ તે તું જ નક્કી કરે.'

'મને તો કંઈ ફેરફાર કરવા જેવું લાગતું નથી.'

'નહિ ? ખેર ! આ તો મને એવો વિચાર આવેલો કે તારી દાદીની મિલકત જો તમને મળી હોત તો તેના વડે તમારા ઘરની કાયાપલટ કરવામાં જ તને આનંદ મળ્યો હોત. બાકી તો તારે સ્પૃહા નહોતી.'

'હા, પણ એ તો મારા ઘરમાં. એ વસ્તુ જ સાવ જુદી

છે. એ ઘરમાં તો ફેરફારોની પુષ્કળ જરૂર હતી. એ કરવામાં ચોક્કસ આનંદ મળ્યો હોત, તમારી વાત સાચી છે. પણ અહીં તો — મને સમજાતું નથી કે આ રૂમમાં શું ફેરફાર થઈ શકે !'

'હં...પણ તેમ છતાં, મારે એટલું કહેવાનું કે, તને કંઈ પણ કરવા જેવું લાગે તો તે તું કરી શકે છે.'

'સારું. પણ મને લાગે છે કે, તમારી માતાએ રૂમને જેવો રાખ્યો છે એવો જ રાખવો મને ગમશે. મને ખબર પડી કે આ ઘરમાં રહ્યા ત્યાં સુધી તે એ રૂમમાં જ રહ્યા હતા.'

'બરાબર છે.'

'ફોટો જોતાં લાગે છે કે તે બહુ સુંદર હશે, નહિ ?'

'સુંદર તે હતી. ફોટામાં દેખાય છે એવી જ.'

'તમારે — કુટુંબમાં હવે કોઈ નથી રહ્યું ?'

'ના.'

'તમે એકના એક સંતાન હતા ?'

'હા.'

'માતા–પિતા બન્ને ગુજરી ગયા છે ?'

'ઘણાં વરસ પહેલાં.'

'બહુ ખરાબ !'

'શું ?'

'કુટુંબમાં કોઈ જ ન હોય તે. હું તો ચોક્કસપણે માનું છું કે કુટુંબ જેવી સરસ અને આનંદદાયક બીજી કોઈ ચીજ નથી. કુટુંબ તો હોવું જ જોઈએ. એક જ સંતાન એ ભૂલ છે.'

ઉદયભાણુની આંખો હસી ઊઠી. હોઠ મર્માળા સ્મિતમાં વંકાયા અને તે બોલ્યો : 'તું એમ માને છે એ મને ગમ્યું.' અને જ્યારે રિષભાને મોડા મોડા, તેનો વ્યંગ સમજાયો ત્યારે બેળેબેળે શરમના રાતાચોળ શેરડા તેના ચહેરા પર ફૂટી નીકળ્યા. ખડખડાટ હસતો

ઉદયભાણુ કહી રહ્યો હતો : 'આ વાત હું બરાબર યાદ રાખીશ. મારા કોઈ સંતાનને એકનું એક નહિ રહેવા દઉં !'

ઘડીક રિષભા ઓઝપાઈ ગઈ. પછી ધ્રૂજી ઊઠી. પછી ગુસ્સે થઈ ગઈ. કોઈ સજજડ, જડબાતોડ જવાબ શોધવા ફાંફાં મારી રહી. ન જડયો એટલે સમસમીને ચૂપ રહી.

થોડીવારે, સ્વસ્થ થવાનો પ્રયાસ કરતાં તેણે પૂછ્યું : 'બાળક તરીકે — મતલબ કે, નાનપણમાં તમે સુખી હતા કે દુઃખી ?'

'દુઃખી.' ઉદયભાણે કહ્યું : 'કોઈક વાર તો ખૂબ દુઃખી. પણ ન હોઉં એવા વખતે બધા બાળકોની જેમ જ ભરપૂર આનંદ પણ માણતો હતો; મસ્તીમાં રહેતો હતો. પણ એકના એક બાળકની મોટી મુશ્કેલી એ હોય છે કે, તે કોઈ એક જણ પર બહુ આસાનીથી ઓળઘોળ થઈ જાય છે; બધો પ્રેમ અને બધી કલ્પનાઓ કોઈ એક જ જણ પર કેન્દ્રિત કરી દે છે — અને નવાઈની વાત એ હોય છે કે તે માટે તે એને જ પસંદ કરે છે જે તેના પ્રત્યે બિલકુલ બેપરવા હોય. પોતાની ઉંમરના બીજા બાળકો સાથે તે ભળી શકતા નથી.'

'ઓહ, એમ ?' રિષભાએ ત્રાંસી નજર તેના પર ફેંકતાં પૂછ્યું : 'તો પછી તેમાંથી તેઓ કંઈ સમજદારી કે પીઢતા મેળવે છે ખરા ?'

રિષભાનો વ્યંગ સમજી જતાં હળવાશથી ઠપકાભર્યા રણકામાં તે બોલ્યો : 'ના રે, ના ! મારી નિર્દય, મીકડી. તું કહે છે તેવી સમજદારી કે પીઢતા તેઓ મેળવી શકતાં નથી.' અને પછી ધીરેથી રિષભાનો હાથ પોતાના હાથમાં લઈને આગળ ડગલાં માંડતાં કહ્યું : 'અને એટલે જ તેઓ કયારેક, જોઈતી ચીજ મેળવવા માટે, કલ્પનાતીત અને મૂર્ખાઈભરી હદે પણ જતા હોય છે.'

'સમજી,' રિષભાએ કહ્યું : 'તો પછી તમે બાળક હતા ત્યારે તમને સૌથી વહાલું કોણ હતું ? માતા ?'

'હા.'

'પણ તમારી માતાને એ ખબર હતી ? તેને ગમતું હતું એ ?'

'ખબર તેને હતી. ચોક્કસ. પણ એ તેને ગમતું હતું તેમ કહી શકતો નથી. માતૃપ્રેમની મૂર્તિ જેવી મારી મા નહોતી. વળી તેને તો હું માથાફરેલ, કંટાળાજનક નડતર જેવો લાગતો હતો,' અને સહેજ થોભીને, સહેજ હસતાં ઉમેર્યું : 'અને એવો મને લાગે છે કે, હું હતો.'

'એટલી વાત તો મને પણ સાચી માનવા જેવી લાગે છે,' રિષભાએ પણ મર્માળું સ્મિત કરતાં કહ્યું.

એક-બે ક્ષણ બન્ને ચૂપ રહ્યા. પછી એકાએક ઉદયભાણે ભારે, ગંભીર અવાજે પૂછ્યું :

'તને હું કંટાળાજનક, ત્રાસરૂપ લાગું છું ?'

'તમે ઇચ્છો છો કે, આનો હું સાચો, ગંભીરતાપૂર્વક જવાબ આપું ?'

'હા — હું ઇચ્છું છું.'

'માથા ફરેલ તો તમે મને નથી લાગ્યા,' રિષભાએ કહ્યું : 'પણ માથું તમારે હોય એવું યે નથી લાગ્યું.'

રિષભાએ માન્યું કે ઉદયભાણ હસી પડશે. અને તે હસ્યો પણ ખરો — ચીડભર્યું, લુખ્ખું-લુખ્ખું.

'નાદાન બાળકનું નાદાન મોટપણ, નહિ ?' ત્રાંસી નજરે રિષભા સામે જોતા તે ગણગણ્યો.

'એવું મેં નથી કહ્યું, રિષભાએ જવાબ આપ્યો : 'વળી હું એવું માનતી યે નથી કે તમે નાદાન કે ખતરનાક બાળક હતા.

મહત્ત્વ મેળવવાની અને તે માટે સતત માથું માર્યા કરવાની ઇચ્છા તો દરેક બાળકને હોય. એ જ સ્વાભાવિક છે, તેમને એમ કરવા દેવું જોઈએ. ફક્ત એટલું જોવું જોઈએ કે, અતિરેક ન થાય.'

'રિષભા', ઉદયભાણે સરસ અવાજે કહ્યું : 'તારા અંગેના મારા ઘણા ડર તું દૂર કરી રહી છે.'

'તમને ડર લાગે છે ? મારો ? હું એ માનવા તૈયાર નથી,' રિષભાએ કહ્યું અને થોડીકવાર વિચાર કરવા અટકી, આગળ કહ્યું : 'ગમે તેમ; પણ ઘણી બાબતો એવી હોય છે જે બાળકને માફ થઈ શકે — પુરુષને હરગીઝ નહિ !'

અને તેણે જોયું કે ઉદયભાણ ફરીથી હસી રહ્યો હતો; કહી રહ્યો હતો : 'એ યાદ રાખવાની હું પૂરી કોશિષ કરીશ.'

થોડીવાર, ત્રાંસી નજરે તેની સામે ચૂપચાપ જોઈ રહીને પછી રિષભાએ, જાણે વિષય બદલતો હોય તેમ, પૂછ્યું : 'પછી તમારી માતાનું ધ્યાન તમારા તરફ દોરવા તમે શું કરતા હતા ? ભણવામાં ખૂબ મહેનત કરીને સરસ પરિણામ લાવતા હતા ?'

'રિષભા', ઉદયભાણે કહ્યું : 'તું બરાબર સમજે છે કે એવું કંઈ કરું એવો બાળક હું નહોતો. સાચે જ, એવું રચનાત્મક કંઈ કરવાનું મને સૂઝતું જ નહોતું. હું તો ફક્ત કલ્પનાઓ કર્યા કરતો હતો — મોટી, ખતરનાક, નાટકીય કલ્પનાઓ ! ભયંકર જંગલી પાડાઓ અને વિકરાળ કાલ્પનિક પ્રાણીઓ મારી માતા પર તૂટી પડયા હોય અને હું ઘમસાણ યુદ્ધ કરીને તેને બચાવી લેતો હોઉં ...'

'અરેરે, બિચ્ચારું બાળક !' રિષભાથી હસી જવાયું : 'અને પછી લોકો તમને 'હીરો' તરીકે માથે ઊંચકી લે !'

'તદ્દન સાચી વાત — બેશક !'

'કોઈએ 'હીરો' ગણીને માથે ઊંચકી લીધેલા ?'

'કોઈએ નહિ! ઊલટું, લોકોએ મને હું જેવો હતો એવો કહીને નવાજ્યો .. માથાના દુખાવા જેવું માંકડું!'

'આવું ખરાબ કહ્યું?'

'લગભગ એવું. પણ મને તો એ પણ ગમતું હતું. કોઈ બિલકુલ નોંધ જ ન લે એવું બાળક બનવા કરતાં ત્રાસરૂપ કે ખતરનાક બનવું વધારે સારું નહિ?'

'અને 'ત્રાસરૂપ' કે 'ખતરનાક' પછીનું બીજું જ પગલું હોય છે 'અત્યંત અળખામણું,' નહિ?' રિષભાએ ઉદયભાણુ જેવું મર્માળુ બોલવા પ્રયત્ન કર્યો,

'રિષભા,' આછું સ્મિત કરતાં ઉદયભાણે કહ્યું: 'તને ખબર છે? આમ હોઠ દબાવીને ધીમા અવાજે વ્યંગમાં બોલે ત્યારે તું કેટલી મીઠડી લાગે છે?' અને તેના ખભા પકડીને ઊભી રાખતાં કહ્યું: 'તેમાં ફક્ત થોડોક સુધારો કર. સહેજ હસીને બોલ, પ્લીઝ. તું હસે ત્યારે ગાલમાં જે નાનકડાં ખંજન પડે છે એ અદ્ભુત લાગે છે!'

રિષભાએ કંઈ જવાબ ન આપ્યો. થોડીવાર શાંત ઊભી રહી અને પછી એકદમ નજર ઊંચી કરીને બરાબર તેની આંખો પર ઠેરવી. પૂછ્યું:

'મને કોઈ જંગલી પાડા કે વિકરાળ પ્રાણીના પંજામાંથી બચાવવાનો વિચાર તમને કદી આવ્યો હતો?'

'હં ... ચોક્કસપણે એવો વિચાર નથી આવ્યો,' કહેતાં તેના હોઠ તો આછું મરકી રહ્યા. પણ કમાલ! તેની નીડર, ઉદ્દંડ આંખો ફટાક કરતી ઝુકી ગઈ. ખરેખર ગૂંચવાઈ ગયો હોય તેવા, ધીમા, અચકાતા અવાજે તે ગણગણ્યો: 'જંગલી પ્રાણીઓ જેવી જ ભયાનક બીજી ચીજો ક્યાં નથી હોતી!'

'કેવા બણુચક છો તમે!' રિષભા રુક્ષ અવાજે બોલી; પણ એ ક્ષણે જ એકાએક, ખુદ તેના પણ આશ્ચર્ય વચ્ચે, મનમાં કોણ જાણે શું થઈ ગયું કે તે સહેજ આગળ ઝુકી અને ધીરેથી તેના ગાલને ચુમી લીધો.

'રિષભા!' અનહદ આશ્ચર્ય અને અદમ્ય ઉમળકાથી જાણે ઉદયભાણુની આંખો ફાટીને પહોળી થઈ ગઈ: 'આ — આનો અર્થ?'

'મને — મને ખબર નથી, ખરેખર!' રિષભા બોલી ઊઠી. તેના મનમાં, શરીરમાં સખત કંઈક થવા લાગ્યું હતું. તેને ખબર નહોતી કે એ શું હતું — ખરેખર!

ચૂપચાપ પળો સરકતી ગઈ — એક, બે, ત્રણ, ચાર ...

ઉદયભાણુનો અવાજ સંભળાયો: 'હવે અંદર જઈશું?'

'હા, જઈએ,' રિષભા ગણગણી અને તેની સાથે બારણા તરફ ડગલાં ભર્યાં.

૨૦

ઘરમાં ગયા પછી, અર્ધોએક કલાક પછી જમવા માટે ટેબલ પર — સામસામે — ગોઠવાયા ત્યાં સુધી ઉદયભાણે રિષભાને તેના અણધાર્યા, એટલા બધા નાજુક ઉમળકાનું કારણ પૂછવાની ચેષ્ટા ન કરી; એકાએક ઝુકીને, પોતાના ગાલ પર રિષભાએ ચોડી દીધેલા, સાવ હળવા ચુંબનનો અર્થ પૂછવા કોશિષ ન કરી. કોશિષ ન કરી, પણ મનમાં તો એ જ વિચારો પ્રશ્નોના કઠણ ગૂંચળા બનીને તેને ગૂંચવી રહ્યા હતા, થોડુંક આશ્ચર્ય પમાડીને ઝાઝો તંગ કરી રહ્યા હતા... રિષભાનો શું હૃદયપલટો થઈ ગયો હતો એકાએક? આટલો જલદી ?... ના, એ શક્ય નહોતું; ગળે ઊતરી શકે તેમ નહોતું. તો પછી શું થયું તેને ? તે પોતે પણ કેમ જવાબ આપી શકી નહોતી ?... વાત તો પોતાના બાળપણ વિષે જ ચાલતી હતી. બાળક તરીકે બહુ ગમી જાય તેવો લાગ્યો હશે પોતે ? હેત ચડી આવે તેવો ?... તો શું તેણે જે ચુંબન કરી લીધું તે પોતાને નહિ, એક બાળકને કર્યું હશે ?... બેફિકર છતાં દુઃખી, માતાના હેતભર્યા ઉમળકાથી વંચિત, વારંવાર ઉવેખાતા, મમતા થઈ આવે એવા બાળક ઉદયભાણને ચુંબન થઈ ગયું હશે તેનાથી ?...

એમ જ હોવું જોઈએ; એમ જ હોઈ શકે; તેની સામે ઊભેલા, સંપૂર્ણ પુરુષ બની ચૂકેલા ઉદયભાણ માટે તેના દિલમાં કોઈ કુમળાં, મધુરાં ફૂલ ખીલી ઊઠે એવો ચમત્કાર બની ન શકે—

પોતાના વિષે તે શું શું માનતી હતી, પોતાને કેવો ધારતી હતી તેનો થોડો ખ્યાલ હતો તેને.

જમતાં જમતાં, અવારનવાર, સીધી કે ત્રાંસી નજરે રિષભા સામે જોઈ લેવાથી વિશેષ તેણે કંઈ ન કર્યું.

જમ્યા પછી તેણે તેને ઘર બતાવવા માંડયું. એક એક રૂમ, ઉપર નીચે — દૂર દૂરના છેડા સુધી, એકેએક ખૂણો તેને ઉત્સાહભેર બતાવતો ગયો અને ત્યાં પોતાને કઈ ચીજ બહુ ગમે છે તે કહેતો ગયો. રિષભા પણ પૂરો પ્રયત્ન કરતી ગઈ કે એ બધામાં તને પણ રસ પડે — ખરેખર રસપૂર્વક એ બધું તે જોઈ શકે, પ્રશંસી શકે.

તેણે કહ્યું : 'બહુ સુંદર ઘર છે — બહુ સુંદર અને એટલું જ અસ્તવ્યસ્ત !'

'મને આ ઘર ગમે છે,' ઉદયભાણે કહ્યું : 'ખૂબ ગમે છે. ને એટલે જ હું ઇચ્છું છું કે તને પણ ગમે અને તું આ ઘર છોડીને શહેરમાં રહેવાની ઇચ્છા ન કરે.'

'ના, રે !' રિષભા એકદમ બોલી : 'શહેરમાં રહેવાની જરૂર શી છે? આ ઘર શું ખોટું છે?...સરસ જ છે! અને પછી થોડીવાર ચૂપચાપ તેની સામે જોઈ રહીને એકાએક કંઈક સૂઝયું હોય તેમ પૂછયું : 'પણ ધારો કે મેં શહેરમાં રહેવાનું કહ્યું હોત, તો તમે તૈયાર થાત ?'

ઉદયભાણે બીડેલા હોઠ મરકાવીને તેની આંખોમાં જોયું અને કહ્યું : 'લગભગ બધી બાબતોમાં તારી ઇચ્છા મુજબ તું કરી શકશે.'

એક પળ રિષભા પણ આછા સ્મિતમાં હોઠ મરકાવતી તેની આંખોમાં જોઈ રહી. મરકતી એ આંખોમાં મજાક નહોતી, ખુશી સ્પષ્ટ હતી પણ ખુશીની યે પાછળ આછું આછું બીજું યે કંઈક હતું — ગમગીની જેવું, ઉદાસી જેવું આછું આછું કંઈક.

રિષભાના મનમાં પ્રશ્ન ઝબકયો — તો પછી 'લગભગ'માં

સમાઈ ન જતી હોય એવી બાબતો કઈ? કેટલી? અને તરત એ-પ્રશ્ન ઝબકારાની જેમ પાછો ઓલવાઈ ગયો.

પણ રાત્રે પોતાના રૂમમાં, બંધબારણે, કપડાં બદલતાં એ પ્રશ્ન પાછો — વધારે સ્પષ્ટ સ્વરૂપે — મનમાં ઊભો થયો. સામે ડ્રેસીંગ ટેબલના વિશાળ અરિસામાં તેને પોતે દેખાઈ રહી હતી. એક પછી એક ઊતરી રહેલા વસ્ત્રોની નીચેથી, સ્તબ્ધ કરી દે તેવો, સમજી ન શકાય — સમજાવી ન શકાય અને છતાં ઘડીક શ્વાસ થંભાવી દેતો ધક્કો લગાડતું એક અનુપમ સૌંદર્ય ખૂલી રહ્યું હતું. ઝગઝગાટ ચાંદની રાતે શાંત, સ્થિર, નીરવ નીરમાં ઝબોઝબ ઊઘડતા જતા પોયણાની જેમ અંગો ઊઘડી રહ્યાં હતાં — સુકુમાર, સુંદર, મદભર, દાહક...

અને બધાં અંગો ઉપર, પેલો પ્રશ્ન જાણે હાથ ફેરવી રહ્યો હતો — 'લગભગ'માં સમાઈ ન જતી હોય એવી બાબતો કઈ કઈ?... એકેએક અંગ થરકતું જતું હતું. એક અદીઠ, ટાઢી બોળ કંપારી અંગેઅંગમાં ઘૂમી રહી હતી. અંગો જાણે સંકોરાઈ જવા મથતાં હતાં, બિડાઈને છૂપાઈ જવા મથતાં હતાં; ભાગી જવા, મટી જવા મથતાં હતાં. મગજ ધૂંધળું થઈ રહ્યું હતું. મન બેખું બની રહ્યું હતું. કારણ વગરનો એક ભય જાણે પેટના પોલાણમાં ટાઢીબોળ ફૂંક મારી રહ્યો. પ્રશ્ન દાંતિયા કરતો કૂદી રહ્યો — 'લગભગ'માં સમાઈ ન જતી હોય એવી બાબતો...

અને પછી એકદમ મગજનાં ચક્રો ધમધમાટ દોડવા લાગ્યાં; વિચારની પાછળ વિચારની હાર બંધાતી ગઈ — તે એક મહત્ત્વની વાત ચૂકી ગઈ હતી. ભલે થોડાક જ દિવસનો ગાળો રહ્યો હતો તેની સગાઈ અને લગ્નની વચમાં. પણ ગાળો તો હતો જ. એ ગાળામાં તેણે એ જાણી લેવું જોઈતું હતું કે, લગ્ન પછી ઉદયભાણ તેની સાથે કેવી રીતે વર્તવા માગતો હતો? કઈ શરતે જીવવા...

પણ એ ય મૂર્ખતાભર્યું જ કહેવાય ને? લગ્ન પછી જીવવાની પતિ-પત્ની માટે વળી કોઈ જુદી રીત હોય? કોઈ શરત હોય?... હાસ્યાસ્પદ!... અને માનો કે એવી કોઈ ખાસ શરત, કોઈ ખાસ રીતની વાત ઊંડેઊંડે ય ક્યાંય હોય તો તે પોતાના મનમાં હતી; ઉદયભાણે શું કહેવાનું હોય? લગ્ન કરવા છતાં, લગ્ન કરતાં સાવ ભિન્ન મનોદશા હતી તો તેની હતી; ઉદયભાણને તે શું પૂછી શકી હોત?

માની લો કે, તો પણ પોતે ઉદયભાણને પૂછ્યું હોત — જો કે એવું કંઈ જ પૂછવાની જરા સરખી યે તક તેને મળી શકે તેમ નહોતી — તો ઉદયભાણે શું જવાબ આપ્યો હોત તેની કલ્પના તે કરી શકે તેમ હતી. તેની આગવી મજાકખોર શૈલીમાં તે હસ્યો હોત અને બોલ્યો હોત: 'મારે જે કહેવાનું હતું એ તો હું કહી ચૂક્યો છું — વગર પૂછ્યે, કે હું તને ઝંખતો રહ્યો છું; તને પામવાનાં સપનાં જોતો ઈન્તઝાર કરતો રહ્યો છું — બબ્બે વરસથી. બસ. હવે તું કહે, તું કઈ શરતો કરવા માગે છે?'

ને એ પ્રશ્ન તેને માટે બહુ વિકટ બની ગયો હોત. તેનો જવાબ — ગમે તેટલું મથી હોત તો પણ — ચોખ્ખેચોખ્ખો તે કેવી રીતે આપી શકી હોત? કયા મોઢે તે કહી શકી હોત કે તેને પરણવા છતાં — સમાજ, કુટુંબ, કાયદો, ધર્મ, બધાની સાક્ષીએ તેની બની હોવા છતાં, મનથી તે તેની હોવાનું સ્વીકારી શકતી નથી?...

એક પળ તે વિહ્વળ બની ગઈ. સખત તંગ બની ગઈ — હૃદય આટલા જબરજસ્ત વેગથી ધબકતું ન હોય, મોં આટલું બધું સુકાઈ ન જાય તો કેટલી રાહત રહે? અને પેટમાં, છાતીમાં ઘૂમરીઓ ખાતી આ ફાળ ઘડીક જંપી જાય તો કેટલી શાતા

લાગે?... હવે જે કરવાનું હતું, જે કહેવાનું હતું તે તેણે હતું. આ કોઈ સોદો હોય તો પણ તે તેણે કરેલો હતો. અને એ સોદા-માંથી અત્યારની ઘડી સુધી તે માત્ર પામતી જ રહી હતી, લેતી જ રહી હતી. કંઈ આપ્યું'તું ક્યાં હજી? અને હવે જ્યારે આપ-વાની સ્થિતિ આવી પડી ત્યારે જે ખરેખર બની ચૂકી છે એ નક્કર વાસ્તવિકતા પણ પાછી ભૂંસાઈ જાય, અલોપ થઈ જાય એવી ઇચ્છા કરવી એ કેટલું હાસ્યાસ્પદ, કેટલું વાહિયાત, કેટલું કાયરતા-ભર્યું ગણાય! એવી ઇચ્છા કરવાનો સમય પૂરો થઈ ચૂક્યો હતો. દૂર, બહુ દૂર નીકળી ગયો હતો—ઘણું, ઘણું મોડું થઈ ગયું હતું.

તેને લાગ્યું, તેને કંઈક અવાજ સંભળાઈ રહ્યો હતો. તેણે ધ્યાનથી સાંભળવા પ્રયાસ કર્યો. અવાજ ખરેખર સંભળાઈ રહ્યો હતો. સામે જ દેખાતા બંધ બારણાની પાછળ, પોતાના રૂમમાં ઉદયભાણ આંટા મારી રહ્યો હતો. તેનાં પગલાંનો અવાજ. વચ્ચે ક્યારેક ધીમો સીટીનો અવાજ પણ સંભળાતો હતો. ઓહ! ઉદય-ભાણ ખૂબ જ ખુશ થયેલો લાગતો હતો. બેસી શકતો નહોતો; આંટા માર્યા કરતો હતો. શાંત રહી શકતો નહોતો; સીટી વગાડી રહ્યો હતો. પણ ગમે તેમ, રિષભાને લાગ્યું, સીટી વગાડવાની ટેવ તેને પહેલેથી નાપસંદ હતી. કેવી ગંદી ટેવ કહેવાય!... પણ ઉદય-ભાણને તેની શી ખબર? કદાચ, તેની ખુશી જ એટલી ઊભરાતી હશે! અને એ તો સ્વાભાવિક જ છે ને? તેને મન આજનો દિવસ એક મહાન વિજયનો દિવસ હતો; ઝળકતી ફતેહ મેળવી હતી તેણે — રોજ રોજ ઝંખેલી એક સુંદરીને પોતાની બનાવી લાવ્યો હતો.

બબ્બે—ત્રણ ત્રણ વરસ સુધી તેણે ઝંખી હતી પોતાને? ખરેખર?... ના, રે ના! ગપ્પાં બધાં! ડંફાશ હાંકવી બહુ સહેલી હોય છે — સૌ કોઈ હાંકી શકે! એ વાતમાં કશો દમ નથી!

સૂવાનાં કપડાં પહેરીને રિષભા પથારીમાં પડી. પથારી જ

કહેવાયને એને? ભલે તે એક ખૂબ મોટો, ખૂબ મોંઘો, ખૂબ સુંદર નકશીદાર અને ભરપૂર સજાવેલો પલંગ હતો. હજી શરીર તેણે લંબાવ્યું જ હતું કે બારણે હળવા ટકોરા પડ્યા.

અને એક પળ, પેલું વિચિત્ર, અત્યંત અકળાવતું ભયનું લખલખું પૂરજોશમાં પાછું ફરી વળ્યું. ગળાના સ્નાયુઓ, બોલ-વાના તેના પ્રયાસમાં સહકાર આપવાનો જાણે ઇન્કાર કરી રહ્યા. પણ એક પળ જ. બીજી પળે તે બોલી: 'બારણું ખૂલ્લું જ છે. અંદર આવો.' અને ધીરેથી ખૂલી રહેલા બારણા સામે તાકી રહી.

ઉદયભાણ અંદર આવતો દેખાયો. ઘેરા લીંબુડિયા રંગના રેશમી પહોળા શર્ટ અને પાયજામામાં તે ખરેખર શોભી ઊઠતો હતો, રિષભાએ કદી ધાર્યો નહોતો એટલો સોહામણો દેખાતો હતો. રિષભાના મનને તેથી શાતા વળવી જોઈતી હતી. પણ ઊલટો, કોણ જાણે કેમ તેનો જીવ ફફડવા લાગ્યો, અદ્ધર થઈ ગયો. આંખો એટલી ફાટી ગઈ કે તેને પોતાને પણ તેની ખબર પડી. અને એવી પહોળી આંખે તે ઉદયભાણના પગને એકએક ડગલું તેના તરફ ચાલ્યા આવતા તાકી રહી.

પોતાની આંખો, પોતાનો ચહેરો કેવા કઢંગી રીતે તંગ થઈ ગયા છે તેની બરાબર જાણ હોય તેમ તેણે તેને સ્વાભાવિક બના-વવા પ્રયાસ કર્યો. પણ તેને લાગ્યું, વ્યર્થ હતો એ પ્રયાસ. ઉદયભાણ છેક પલંગ સુધી આવી ગયો હતો એ તેણે જોયું. જીભ સાવ સુકાઈ ગઈ હતી, મોંમાં ચોંટી ગઈ હતી.

ઉદયભાણ પલંગ પર ઝુક્યો અને બન્ને હાથની હથેળી ટેકવીને ઊભો રહ્યો. નજર રિષભાના મુખ પર મંડાઈ અને એક નેણ કપાળમાં સહેજ અધ્ધર ખેંચાયું, તે બોલ્યો:

'મીઠડી, હું શું કોઈ અતિશય વિકરાળ દશ્ય છું?'

રિષભાની આંખો નમી પડી. નજર નીચી રાખીને પલંગની

ચાદરને ચપટીમાં પકડીને ખેંચી અને છોડી દીધી. ફરીવાર ખેંચી ને છોડી દીધી, અને બોલી : 'ના.'

પણ તેને પોતાને જ લાગ્યું કે એ 'ના'ને કોઈ અર્થ નહોતો, કોઈ વજન નહોતું.

'તો પછી, આ શું છે?'

'તમે એ જાણો છો. બરાબર સમજો છો તમે.'

ઉદયભાણુનો અવાજ વધારે ધીમો બન્યો. જરાક રુક્ષ બન્યો : 'રિષભા, આખરે હું તને પરણ્યો છું! પતિ છું તારો!'

ફટાફટ કરતી રિષભાની આંખો ઊંચકાઈ. એક બીક, એક ક્રોધ, એક આવેશ — અને તેની જીભ ખૂલી ગઈ :

'તમે — તમે કોઈ એવા શ્રીમંત સોદાગર જેવા નથી લાગતા જે પોતે ખરીદેલા ગુલામને કહી રહ્યો કે આખરે મેં કિંમત ચૂકવી છે તારી?... અને તેથી તમને અધિકાર છે કે તમારી ખુશી માટે તમે ઇચ્છો ત્યારે, ઇચ્છો તેવી રીતે તેને મારી શકો — મરી જાય ત્યાં સુધી!'

એક કઢંગી, તોલદાર સ્તબ્ધતા રૂમમાં પથરાઈ ગઈ. પળ, બે પળ, ત્રણ પળ...

પછી ઉદયભાણુ બોલ્યો. અવાજ તદ્દન શાંત હતો : 'સાચે જ, હું એવી છાપ પાડી રહ્યો છું?'

રિષભાએ માથું સહેજ હકારમાં હલાવ્યું, અને મોં બીજી તરફ ફેરવી લીધું.

ઉદયભાણુ એમ જ ઊભો રહ્યો. હાલ્યાચાલ્યા વિના, ઝુકીને ઊભો હતો એમ જ. અને ઊભા ઊભા એવા જ શાંત, નિર્વિકાર અવાજે પૂછ્યું :

'તો હવે, હું શું કરું એમ ઇચ્છે છે તું?'

રિષભાની છાતીમાં જાણે આંધી ચડી. વિચારો, લાગણીઓ,

ભાવો અનેક ને અસંખ્ય — જાણે પ્રચંડ વેગથી ઘૂમરાવા લાગ્યા, ગૂંચવાઈ ગયા, ગોટો વળી ગયા. બધું ધૂંધળું થઈ ગયું. કંઈ દેખાતું ન હોય, કંઈ સૂઝતું ન હોય તેવું થઈ ગયું. જોરથી માથું ધુણાવતી તે બોલી :

'ખબર નથી — મને કંઈ ખબર નથી...' અને પછી જીભ જાણે સૂકાઈને મોંમાં ચોંટી ગઈ હોય તેમ ચૂપ થઈ ગઈ.

'પણ અત્યારે, આ સંજોગોમાં હું શું કરું તો તને ગમે એટલું ન કહી શકે?' ઉદયભાણે કહ્યું : 'અત્યારે હસીને તને 'ગુડનાઈટ' કહી દઉં અને માનભેર મારા જુદા રૂમમાં ચાલ્યો જઉં? અને પછી રોજ જમવાના ટેબલ પર તારા સાનિધ્યથી જીવંત બનતી મારી જિંદગી, એક કુંવારા આદમીની જેમ જીવ્યા કરું? એ ગમશે તને?'

રિષભા તેની સામે તાકી રહી. કેવળ લાચાર, અસહાય આંખો તેના પર માંડીને નિઃશબ્દ, દુખાર્ત નજરે જોઈ રહી.

'વાત કર, રિષભા! કંઈક બોલ! તારી આ ક્રોધભરી આંખો પાછળ ખરેખર શું છૂપાયું છે — જાણવું છે મારે!'

'ક્રોધ મને નથી,' રિષભા તૂટતા અવાજે બોલી : 'ક્રોધ શાનો હોય મને? મને ડર લાગી ગયો છે. બહુ હેબતાઈ ગઈ છું.' ઘડીક થોભીને તે આગળ બોલી :

'તમને શું જવાબ આપું? ખબર પડતી નથી. હું તો ફક્ત એટલું વિચારતી હતી કે' —

'કે?'

'કે તમે મને થોડોક સમય ન આપી શકો?' આંખો અને અવાજમાં મૂંઝવણ અને લાચારી ટપકતી હતી : 'આજે તમે મારી પાસેથી શું ઇચ્છતા હશો — હું જાણું છું. પણ એ આપવું — ખૂબ પરિચિત હોય અને જેને પ્રેમ કરતી હોય એવા પુરુષને પણ

એ આપવું સ્ત્રી માટે સરળ નથી હોતું. તમને હું ખૂબ પરિચિત ગણી શકું નહિ. તમને હું પ્રેમ પણ કરતી નથી — માફ કરજો! મારા ઘરને, મારા પરિચિત અને પ્યારા લોકોને છોડીને હું તમારી સાથે ચાલી આવી છું એ હકીકતને હજી હું પૂરી પચાવી યે શકી નથી. ચાલી આવવા હું જ સંમત થઈ હતી. લગ્ન કરવા હું જ તૈયાર થઈ હતી; આ બધું મેં જ સ્વીકાર્યું હતું — પણ વિચાર તરીકે. વાસ્તવિકતા તરીકે — અમલમાં મૂકવાના સત્ય તરીકે હજી ...ઉદય, તમે રાહ નહિ જોઈ શકો? થોડોક સમય મને નહિ આપો!... આજની રાત એને રોકી નહિ શકો?'

કહેવાઈ ગયું — સમજ્યે, ન સમજ્યે — આપોઆપ કહેવાઈ ગયું એટલે રિષભાની નજર કોઈક જબરજસ્ત ભારથી જાણે નીચી ઢળી ગઈ. સ્તબ્ધ નીરવતા આખા ઓરડામાં સમથળ પથરાઈ રહી.

પછી જ્યારે તેણે ઊંચે જોયું ત્યારે એક ભારે ઉચ્છ્વાસ મૂકીને ઉદયભાણ સીધો, ટટ્ટાર ઊભો થઈ રહ્યો હતો. આંખો કંઈક નવી જ રીતે ઝગારા મારી રહી હતી. આંખના ખૂણા કરડાઈથી સહેજ દબાઈ રહ્યા હતા. હોઠ પર, ગાલમાં હાસ્યની રેખા ખેંચાઈ, સળવળી અને સ્વાભાવિક અવાજે તે બોલ્યો:

'માય ગોડ! ફરી એની એ જ કુટુંબની રસમ! આજે ઉધાર! કાલે ચૂકવીશ!...

અને પછી એક શબ્દ પણ કહ્યા વિના તેણે પીઠ ફેરવી અને વચ્ચેના બારણાને ધકેલીને પોતાના અલાયદા રૂમમાં ચાલ્યો ગયો.

રિષભા તેને ચાલ્યો જતો અને બારણાને પાછું બિડાઈ જતું જોઈ રહી — કેવળ જોઈ જ રહી; ન કોઈ વિચાર હતો, ન કોઈ લાગણી હતી, ન કંઈ થતું હતું. બધું જાણે બહેર મારી ગયું હતું, જડ બની ગયું હતું.

૨૧

બધી રાત્રિઓ આખરે પૂરી થાય છે તેમ રિષભાની એ રાત પણ પૂરી થઈ ગઈ. ભલે સંજોગના અસહ્ય દબાણને વશ, લાચાર બનીને કરાયેલું, પણ તે એક સાચેસાચું લગ્ન હતું. ને લગ્નની પહેલી રાત — ઓહ! સોહાગ રાત! — પૂરી થઈ ગઈ.

સવારના સૂરજે બારી પાસે આવીને જાણે હાઉકલો કર્યો ને રિષભાની આંખો ઊઘડી ગઈ, ને તે સાથે જ, આંખો ઉઘડવાની જાણે રાહ જોઈને બેઠા હોય તેમ વિચારો ખડા થઈ ગયા, જોશભેર સળવળાટ કરવા લાગ્યા. મન હજી સુસ્ત હતું. હજી હમણાં જ સુષુપ્તિમાંથી જાગ્યું હતું. એટલે હજી ધૂંધળું હતું. ધૂંધળા ઓળા જેવું કંઈક સામે ઊભું હતું. ગણગણી રહ્યું હતું:

'હાશ! રાત વીતી તો ગઈ. ને રાત્રે જ તૂટી પડનાર કાળમીંઢ ખડક જેવી એ આફત નિવારાઈ ગઈ હતી. ભગવાનનો પાડ!'...

ત્યાં જ મનમાં બીજી બાજુ જાણે સર્ચલાઈટ જેવો એક ઝબકારો થયો — ઘેરો, તોલદાર એક અવાજ સંભળાયો: 'આફત? ...ખરેખર, આફતને તેં નિવારી છે? કે આફતને નોતરી છે?'

'નોતરી છે? મેં?... કેવી રીતે?'

'એ પણ નથી સમજાતું તને? વાહ! સામે ચાલીને, સમજી વિચારીને કરેલા લગ્નની પહેલી રાતે પતિને પતિ તરીકે સ્વીકારવાને આફત કહે છે તું? તેં જે જે ઇચ્છ્યું તે બધું બેધડક આપી

દેનારને પતિ તરીકેનો તેનો અધિકાર આપવાને આફત ગણે છે? ... તો પછી તેને ધુત્કારી કાઢવાને શું ગણે છે તું? ... જરા વિચારી જો. આફત તેં ટાળી છે કે ઊભી કરી છે? ...'

સન્નનન, સન્નનન... બંદૂકમાંથી છૂટતી ગોળીઓની જેમ વિચારો તેના મગજને વીંધી રહ્યા, કાણેકાણાં પાડી રહ્યા:

'સાચું છે ... બિલકુલ સાચું છે! મેં જે કર્યું તે શરમજનક છે. ઉદયભાણુને તેની બધી જ હોંશ, બધા જ ઉત્સાહ, તમામ અપેક્ષાઓ સહિત પાછો વાળ્યો ... શરમજનક! મારે માટે તો ખૂબ શરમજનક ગણાય તે! મારી નાનામાં નાની ઇચ્છા પણ તેણે હસતાં હસતાં પૂરી કરી છે—'

'ને તેં તેની એક માત્ર ઇચ્છા—પતિ તરીકે સ્વીકારાવાની વાજબી ઇચ્છા પણ છૂંદી નાખી?'

ઓહ! કેટલું શરમજનક! કેટલું હિણપતભર્યું!

'આ મેં શું કર્યું? શું વિચારીને, શું મેળવવા માટે કર્યું આ?'

'ખબર નથી. ખરેખર, કંઈ જ ખબર પડતી નથી મને! શું વિચારીને કર્યું હતું એ? કંઈ જ નહિ. કંઈ વિચાર જ ક્યાં કરી શકતી હતી હું?'

'અને છતાં તેં એ કરી નાખ્યું. કોઈક ભ્રમણાની મારી; અર્થ વગરના, કારણ વગરના કોઈક ભયની મારી બેવકૂફની જેમ એ કરી નાખ્યું. કંઈ વાંકગુના વિના ઉદયભાણુના દિલ પર વસમી ચોટ મારી તેં!'

મગજ જાણે કશાકથી ઊભરાવા માંડ્યું. બધી બાજુથી જાણે સખત ભીંસાવા માંડ્યું; ફાટફાટ થવા માંડ્યું. રાત્રે જતાં જતાં ઉદયભાણે કહેલા શબ્દો જાણે અનેક લાઉડસ્પીકરોમાંથી ધણધણતાં

હોય તેમ મગજમાં પછડાવા લાગ્યા: 'એ જ જૂની કુળપરંપરા! આજે નહિ; ઉધાર!'

પળવાર તે સખત સમસમી ગઈ. માથાથી પગ સુધી ધ્રૂજી ઊઠી. ભલે અપ્રિય, ભલે અળખામણું, પણ એ સત્ય હતું. ઉદયભાણુ સાથે પોતાનું લગ્ન એ એક વાસ્તવિકતા હતી. ને એટલે ઉદયભાણુના એ શબ્દો—ગમે તેટલા કડવા હોય—સાચા હતા, વજુદદાર હતા. તેની સામે કોઈ દલીલને અવકાશ નહોતો.

આ લગ્ન એક ફરજિયાત કરવું પડેલું લગ્ન હતું; તદ્દન ફરજિયાત હતું તેથી જ પોતે કર્યું હતું—હા, આ લગ્ન એક સોદો હતું—તેની પણ હા. પણ તેથી શો ફરક પડતો હતો? તેણે પોતે જ કરેલો એ સોદો હતો. સ્વેચ્છાએ સ્વીકારેલો સોદો હતો. અને છતાં હવે તેમાંથી છટકી જવાની પેરવી કરી રહી હતી? વાહ!

'ના, એ સાચું નથી. હું છટકી જવા માગતી નહોતી. એવો કોઈ ઇરાદો મારો નહોતો. હું—લાગે છે કે હું બહુ ડરી ગઈ હતી; કદાચ, વધારે પડતી ડરી ગઈ હતી એટલે જે સૂઝ્યું તે બોલી ગઈ હતી. અને એ ચાલ્યા ગયા, બહુ નારાજ થયા હશે, બહુ નાસીપાસ થયા હશે—હું સમજું છું. પણ હું શું કરું? હું તો સાવ અવશ હતી, હેબતાયેલી હતી. કાશ, હું મારી વાત ત્યારે તેને સમજાવી શકી હોત! મારી મનોદશા બરાબર સમજાવી શકી હોત! ... પણ કેવું દુર્ભાગ્ય! હવે તો એ ઘડી વીતી ગઈ...

એ મને કેવી માનતા હશે? બેવચની, ધૂતારી, દગાબાજ!...

અને મને કેવી લાગું છું હું?...કાયર!

બે ય રીતે, હું તો ઊણી જ ઊતરી છું!...

તેને લાગ્યું કે, વિચારો તેને સમૂળગી હચમચાવી નાખશે. બેઠી છે ત્યાંથી ઊભી થવા જેટલી યે સ્વસ્થ નહિ રહેવા દે. ને એ તો ઊલટું વધારે ખરાબ. ઉદયભાણુની સામે ઊભી પણ નહિ રહી શકે તે.

જોરથી માથું ધૂણાવીને તેણે વિચારોને ખંખેરી નાખવા પ્રયત્ન કર્યો, અને ઊભી થઈ ગઈ. બાથરૂમમાં જઈને મોં પર, કપાળ પર, આંખો પર ખૂબ વાર સુધી ઠંડું પાણી છાંટયું. મનને કોઈક વધારે સારી, આનંદદાયક ચીજ તરફ વાળવા મથામણ કરી. બ્રશ કરીને ચા-નાસ્તા માટે નીચે જતાં પહેલાં, પહેરવાનાં કપડાંની પસંદગી કરવામાં વિચારોને વાળી જોયા. મન કંઈક સ્વસ્થ થયું. વિચારો જરા શાંત થયા. હાશ! બહુ સારું લાગ્યું.

કપડાં બદલતાં તેણે નિર્ણય કર્યો — ચા-નાસ્તા વખતે પોતે ઉદયભાણુ સાથે આ વાત કાઢશે. તેને એ વાત ગળે ઉતારવા પ્રયત્ન કરશે કે રાત્રે પોતે જે કહેવા માગતી હતી તે યોગ્ય રીતે કહી શકી નહોતી એટલું જ. બાકી પોતાની ફરજ તે બરાબર સમજે છે. લગ્નજીવનમાં એ ફરજ પ્રામાણિકપણે બજાવવા સંપૂર્ણપણે ઇચ્છે છે. ફક્ત પોતે ઇચ્છે કે ઉદયભાણુ તે માટે તેને સમય આપે —

પણ એ તો તે કહી ચૂકી હતી; ગઈ રાત્રે એ જ કહ્યું હતું તેણે. અને છતાં કડવું-કડવું હસતો, કડવું-કડવું બોલીને ચાલ્યો ગયો હતો તે — દેવું ચૂકવવામાં ગલ્લાતલ્લા કરતા કોઈ દેણદારને મોં પર ચોપડાવતો હોય તેવું.

હવે એની એ વાત ફરીથી તેને કહેવાથી કંઈ ફેર પડી શકે?

ના, ન પડી શકે. ઉદયભાણુ શાંત પણ ઊંડો માણસ છે.

તો પછી કંઈ ન કહેવું એ વધારે સારું છે. કહેવા જેવો મોકો આવે ત્યાં સુધી રાહ જોવી એ વધારે સારું છે. ને એવો મોકો આવશે તો ખરો જ.

અને નીચે આવી નાસ્તાના ટેબલ પાસે તેની રાહ જોઈને ઊભેલા ઉદયભાણુનો આનંદી, સ્મિતભર્યો ચહેરો જોતાં તેની નજર નીચી ઢળી ગઈ. ચા-નાસ્તો આવ્યા અને પૂરા થયા ત્યાં સુધી ઉદયભાણુના વિસ્મયજનક શાંત અને નરમાશભર્યા વ્યવહારને જોઈ

રિષભાએ પોતાના નિર્ણય પર એક વધારે ગાંઠ વાળી — 'ક્લેશ પેદા કરે તેવી આછી આછી યે શક્યતા હોય તેવી કોઈ વાત અત્યારે તો કાઢવી જ નથી.'

લગ્ન પછીનો, પતિગૃહે ઊગેલો એ પહેલો દિવસ હતો. કેવું વિચિત્ર કહેવાય! આ દિવસે રિષભાનું મન ઉમળકાભર્યા આહ્લાદક ભાવોથી ઊભરાવાને બદલે દબાવી દેતા, ડરાવી દેતા, ચિંતા ભર્યા વિચારોથી વમળાતું હતું. ઉદયભાણુ તેને ઘરની બહાર ખૂલ્લામાં લઈ ગયો. આસપાસ દૂર સુધી પથરાયેલા લીલાછમ ખેતરો અને બગીચા બતાવતો ગયો — કોઈ મહત્ત્વના મહેમાનને બતાવતો હોય તેવા ઉત્સાહથી વિગતો આપતો ગયો. રિષભા ચકિત થઈને જોતી રહી — ઉદયભાણુના વર્તનમાં, તેના બોલવામાં ક્યાંય મર્મ નહોતો, વ્યંગ, તીખાશ નહોતી. એટલે તેણે પણ એ બધામાં ખૂબ રસ લેવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો. પોતીકાપણાનો પૂરો ઉમળકો બતાવવા પૂરી કોશિષ કરી.

પણ અંદર, મનના ઊંડાણમાં પોતે એક અપરાધ કર્યાનો ભાવ ફેણ માંડીને બેઠો હતો; એક અત્યંત મહત્ત્વની કસોટીમાં પોતે નિષ્ફળ ગયાનો અહેસાસ પીડા કરી રહ્યો હતો. વળી વળીને લાગી રહ્યું હતું કે પોતે માથે લીધેલા આ કામમાં તે સાંગોપાંગ પાર ઊતરી નહોતી; ઉદયભાણુની કે પોતાની — કોઈની યે દૃષ્ટિએ તે માનભેર ઉત્તિર્ણ નિવડી નહોતી. અંતની વાત તો દૂર રહી, આરંભ પણ તે બહુ કઢંગો, બહુ કમનસીબી ભર્યો કરી બેઠી હતી.

ખેર, હવે તેણે જ એ સુધારી લેવો જોઈશે.

સાંજ પડવાને થોડીક વાર હતી ને પ્રિયંકાએ એકાએક દેખા દીધી. પોતાની આ બડબડિયણ બહેનને જોઈને રિષભાને જે હળવાશ અને આનંદ અત્યારે થયા તે અગાઉ કદી થયા નહોતા. પ્રિયંકા હોય એટલે તેની બકબક-ગાડી ધમધમાટ દોડતી રહેવાની ખાતરી ખરી જ. હા, ગાડી ક્યારેક પાટો બદલી નાખે, ક્યારેક

ઊંધા પાટે ચડી જાય એ શક્યતા ખરી. પણ દોડતી રહેવાની તો ખાતરી; અટકીને ઊભી તો ન જ રહી જાય. અને રિષભાને લાગ્યું કે અત્યારે તેને પ્રિયંકાની જ સખત જરૂર હતી; તેની અને ઉદયભાણુ વચ્ચે આખો દિવસ તોળાઈ રહેલી વિનયપૂર્ણ તંગદિલી કોઈ ત્રીજા જણની હાજરીથી કદાચ, હળવી થઈ જાય.

'અરે, પ્રિયંકા,' ઉદયભાણુને પણ જાણે પ્રિયંકાની હાજરી ગમી હતી: 'અમારી ખબર લેવામાં બહુ વાર ન લગાડી. થેંક યુ!'

રિષભાએ જોયું કે, તેની જેમ જ, ઉદયભાણુને પણ પ્રિયંકાની હાજરી વર્તમાન બોજલ હવાને હળવી કરનાર ઇલાજ જેવી લાગી હતી. અમે આમે ય, તેના બધા ભાઈબહેનોમાં પ્રિયંકા ઉદયભાણુને કંઈક અગમ્ય રીતે, વધારે ગમતી હતી.

ઉદયભાણુનો સરસ આવકાર સાંભળીને પ્રિયંકાના ચહેરા પર ગૌરવ ઝળકી ઊઠ્યું. તે બોલી:

'મને હતું જ કે, હું આવીશ તેથી તમને આનંદ થશે જ. વળી, ઘેર હવે કોણ હાજર હશે ને કોણ નહિ હોય તેનું કંઈ ઠેકાણું નહિ. એટલે થયું કે, સ્કૂલેથી પાછી જતાં અહીં ડોકિયું કરતી જઉં. લગ્નના પ્રસંગની મજાની વાતો કરીશું. ચાપાણી પીશું.' અને દફતર ખભેથી ઉતારીને મૂકતાં અને ખુરસી પર જમાવતાં ઉમેર્યું: 'બાકી લગ્નની ધામધૂમ એટલે કહેવું પડે હો, દીદી. ડંકો વાગી ગયો આખા ગામમાં. કાલે તો તેની વાતો કરવાનો ટાઈમ મળે તેમ હતું નહિ. એટલે આજે આવી.'

'હા, પ્રિયંકા, સરસ ધામધૂમ થઈ ગઈ,' રિષભા બોલી. તેને પોતાને પણ લાગ્યું કે તે સાચું બોલી હતી.

'અને દીદી, તમે એટલા સરસ લાગતા હતા કે ન પૂછો વાત, બસ, અદ્‌ભુત!' પ્રિયંકાને જાણે લીલી ઝંડી મળી ગઈ: 'અને અમે પણ અદ્‌ભુત લાગતા હતા, નહિ?'

'પ્રિયંકા,' ઉદયભાણે હસતાં હસતાં વચ્ચે કહ્યું: 'મારી સામે જોવાની તસ્દી તો તેં લીધી હશે. મેં પણ અદ્‌ભુત દેખાવાનો ખાસ્સો પ્રયત્ન કરેલો હતો!'

રિષભાનો ચહેરો મરકી ઊઠ્યો.

પ્રિયંકાએ ઉદારતાપૂર્વક કહ્યું: 'કેમ નહિ? તમે પણ અદ્‌ભુત દેખાતા હતા. એકદમ ફર્સ્ટક્લાસ! મેં જોયું'તું ને.' અને પછી એકાએક યાદ આવતું હોય તેમ ઝટકા સાથે રિષભા તરફ ફરતાં પૂછ્યું: 'અને દીદી, ધૈવતને જોયો'તો તમે?' અને ઉદયભાણુ સામે ફરતાં ઉમેર્યું: 'તમારા કરતાં બિલકુલ જુદો. પણ કેવો મીઠડો દેખાતો હતો?'

'મારા કરતાં બિલકુલ જુદો, અને મીઠડો, હેં?' ભવાં કપાળમાં અધ્ધર ખેંચતાં ઉદયભાણે કહ્યું: 'એનો અર્થ એ કે હું કડવો?'

પ્રિયંકા ઘડીક ડઘાઈ ગઈ. ચૂપ થઈને ઉદયભાણુ સામે તાકી રહી. તરત જ ઉદયભાણુના ચહેરા પર હાસ્ય પથરાઈ ગયું એટલે હસીને પાછી બોલી:

'તેનો એવો અર્થ થાય જ નહિ, હોં! અને બીજી રીતે પણ તમારે તેની શી પડી છે? દીદીને તમે મીઠડા લાગતા હો, તો બીજું તમારે શું જોઈએ — કહો જોઈએ?'

'બેશક,' માથું હલાવતાં ઉદયભાણે કહ્યું: 'વાત તો મુદ્દાની છે. થેંક્સ, પ્રિયંકા! આવો વિચાર તો મને આવ્યો જ નહોતો.'

રિષભા હસી. ખડખડાટ, સ્ફૂર્તિભેર હસવાની ઇચ્છાપૂર્વક હસી. પણ તો ય જરા ઢીલું ઢીલું હસી શકાયું અને પ્રિયંકાને સહેજ જુદા વિષય પર લઈ જવા કહ્યું:

'તું જેટલી સરસ દેખાતી હતી એટલું સરસ કામ પણ કરતી હતી; ખરેખર.'

'હાસ્તો' પ્રિયંકા પ્રોત્સાહિત થઈ ગઈ: 'મારે તો કામ કરવું જ પડે ને.' અને મારો તો સિદ્ધાંત છે કે, કામ સરસ જ કરવું. બધું જોવા—જાણવામાં પણ હું રસ લઉં. ગોર મહારાજ તમને સપ્તપદી બોલાવતા હતા ને સમજાવતા હતા એ મેં સાંભળ્યું'તું.' અને ક્ષણેકવાર થોભીને રિષભા સામે મોં બગાડતાં બોલી: 'મને ખબર નહિ સપ્તપદીમાં આવું આવતું હશે. એવું ઉઘાડું ઉઘાડું બોલાય કંઈ? હજી તો લગ્ન પણ પૂરા થયા ન હોય ને સંતાનો આપવાની ને એવી વાતો કરવી એ સારું કહેવાય? કેવું ગાંડા જેવું લાગે?'

બન્ને શ્રોતાઓને ચૂપ જોઈ પ્રિયંકાએ માન્યું કે, સપ્તપદીની એ ખામી વિષે તેમણે કંઈ કહેવાનું નહોતું. પણ તેનું પોતાનું કહેવાનું હજી પૂરું થયું નહોતું એટલે બોલી:

'ખેર, પણ દીદી, તમારાં બાળકો તો ખૂબ ખૂબ સુંદર હશે જ. કોઈ શંકા જ નથી.'

'કોઈ શંકા નથી. તારી વાત તદ્દન સાચી છે,' ઉદયભાણે કદર કરી તેથી પ્રિયંકાને સંતોષ થયો.

પછી ચા-નાસ્તાની તૈયારી થઈ. પ્રિયંકાએ આનંદભેર અને ઉદારતાપૂર્વક ચા-નાસ્તો માણ્યો. દરમ્યાન તેણે ઉદયભાણ સાથે વાતો કરવાનું ચાલુ રાખ્યું. તરેહ તરેહના પ્રશ્નો પૂછતી રહી અને ઉદયભાણ તેને સરસ જવાબો આપતો રહ્યો. તેથી પ્રિયંકા પ્રસન્ન થઈ ગઈ અને બોલી:

'ખરેખર, જીજાજી. લોકો કહે છે એવા તમે બિલકુલ નથી. લૂચ્ચા છે બધા લોકો!'

'હં, હં, મને યાદ કરવા દે, લોકો કેવો કહે છે મને? કોઈની કે કશાની પરવા નહિ કરનારો; બરાબર?'

'એ તો ખરું જ. પણ અત્યારે હું એ વાત નહોતી કરતી,' કહીને પ્રિયંકા ઘડીક ચૂપ થઈ ગઈ—જાણે કંઈક વિચારી રહી હોય; અને પછી ધીમેથી બોલી: 'એ તો તમારી બીજી વાત છે—તમે દૂર રહેવા જેવા માણસ હોવાની વાત! કેવું વિચિત્ર કહેવાય? પહેલાં અમે પણ તમને એવા માનતા હતા!'

'કેવો માનતા હતા?—દૂર રહેવા જેવો?'

'અ—હા,' સહેજ થોથવાઈ જતાં પ્રિયંકાએ કહ્યું: 'એટ લીસ્ટ, હું એવું માનતી હતી, અને પપ્પા પણ. મસ્તાની તો વળી કંઈક જુદું જ માનતી હતી... હવે તમને એ કહેવામાં વાંધો ન ગણાય. હવે તો તમે અમારા ઘરના જ માણસ થઈ ગયાને, એટલે. મસ્તાની તમને એવા માણસ માનતી હતી કે, તમે તેને પરદેશ પણ લઈ જાવ—બસ, તે કહે એટલી જ વાર!'

અને તેને લાગ્યું, આસપાસ વાતાવરણ એકાએક, આંખના એક પલકારા જેટલી વારમાં ખૂબ બોજલ, ખૂબ તંગ બની ગયું. બન્ને શ્રોતાઓના મોં જોરથી બીડાઈ ગયા હતા, શ્વાસ પણ જાણે થંભી ગયા હતા.

પોતે જે બકબક કરી રહી હતી તેમાંથી કેવા કાંટાળા અર્થ નીકળી શકતા હતા અને કોને, કેટલા ભોંકાઈ શકતા હતા તેની ગમ પ્રિયંકાને પડતી નહોતી.

તેણે આગળ ચલાવ્યું: 'સાચી વાત કહું છું. પહેલીવાર મસ્તાનીએ મને એ વાત કરી ત્યારે પહેલાં તો મને ય લાગ્યું કે તે એમ કરવા જ માગતી હતી. તેની વાત પરથી તો એવું જ લાગે કે, બધું જ નક્કી થઈ ગયું હતું. ટિકિટો ખરીદવાની જ વાર હતી.' અને ઘડીક થોભીને, પળવાર ઉદયભાણ સામે જોઈ રહીને, પછી ખભા ઉલાળીને હસી પડતાં બોલી:

'પણ હું તો જાણું છું. મસ્તાની છે જ એવી—સપનામાં

ઊડનારી. એનું કામ એવું વિચિત્ર હોય છે જીજાજી, કે પહેલાં તે કોઈક બાબતની મનમાં ને મનમાં અમુક કલ્પના કરી લે; અને પછી એ કલ્પના જેવું બધું બની જ રહ્યું છે એવું માની લે. એની કલ્પનામાં શું હશે, કહું ?'

રિષભા અધ્ધર શ્વાસે પ્રિયંકા સામે તાકી રહી હતી. મગજમાં ધડીમ્, ધડીમ્ કંઈક ઠોકાતું હોય તેમ વાગી રહ્યું હતું. મગજ જાણે સ્તબ્ધ થતું જતું હતું. કંઈ બોલી શકાતું નહોતું. ઉદયભાણની આંખો પણ પહોળી થઈ ગઈ હતી. શ્વાસ પણ કદાચ, અધ્ધર તોળાઈ ગયો હતો.

પ્રિયંકા બોલી : 'સાંભળો. કલ્પના એવી હશે કે, તેણે તમારી સામે આંગળી નચાવીને ઈશારો કર્યો અને તમે તરત દોડી ગયા, છાની રાખવા જેવી દરખાસ્ત મૂકી. મસ્તાનીએ કહ્યું — અહીં નહિ. વેનિસમાં. તમે કહ્યું — ભલે, વેનિસમાં અને મસ્તાનીએ પછી પોતાની જાતને વેનિસમાં હરતીફરતી જોઈ. પેઈન્ટીંગ, સંગીત, નૃત્ય તમામ પ્રકારની તાલીમ લેતી જોઈ. બધું જાણે સાચોસાચ બની ગયું.'

ભોળા પ્રિયંકા ન બોલવા જેવું બધું જ ભોળાભાવે બોલી જઈને પછી અટકી. વારાફરતી ઉદયભાણ અને રિષભા સામે જોયું — એ બન્નેને આવી મજાની વાત પછી પણ કંઈ કહેવાનું નહોતું ? તાજ્જુબ !

એ બન્નેને ખરેખર કંઈ કહેવાનું નહોતું; કંઈ કહી શકાય તેમ નહોતું. બન્ને ચૂપ અને સ્તબ્ધ.

ખેર, એમને કંઈ ન કહેવાનું હોય તો કંઈ નહિ. પોતે તો તેમને કહેવાની તક આપી હતી. બાકી પોતાને તો કહેવાનું હજી બાકી હતું; જે તેણે શરૂ કર્યું :

'પહેલાં તો તેની આ વાત સાંભળીને જ હું ડઘાઈ ગઈ હતી, સખત ! પણ પછી મેં તેને દમ માર્યો કે, મસ્તાની, આ તું શું

બકી રહી છે ? શું કરી રહી છે તું — અક્કલ છે તને ? જેને કોઈ પૂરો ઓળખતું પણ નથી એવા અજાણ્યા માણસ સાથે આવી વાત ? (આ તો સાચું જ છે ને, જીજાજી ? ત્યારે તો તમે અમારા માટે અજાણ્યા જ હતા ને ?) પણ મસ્તાનીએ મને જવાબ ન આપ્યો.' અને રિષભા તરફ ફરતાં બોલી : 'તમને તો ખબર છે ને દીદી, જવાબ ન આપવો હોય ત્યારે કેવી ખૂબીથી તે ગળી જાય છે ? પણ હું કંઈ તેને છોડું તેમ નહોતી. કેટલાય દિવસ સુધી પાછળ લાગેલી રહી. અને આખરે તેને પકડી પાડી. મારી પાસે તેણે કબૂલ કરવું જ પડ્યું કે, એમાંનું કંઈ તેણે વાસ્તવમાં કર્યું જ નહોતું. સમજ્યા ? બધું કલ્પનામાં — અધ્ધરોઅધ્ધર !'

પાછી તે થોડીવાર અટકી. પળ બે પળ બન્નેની સામે ભારે ઉત્સાહથી જોયું અને પછી બોલી :

'જો કે તે એવું બોલી કે, તેણે વાસ્તવમાં એવું કંઈ કર્યું નહોતું છતાં જો કરવા ધારે તો કરે પણ ખરી !' અને પછી હસીને ઉમેર્યું : કેવી ગમ્મત ! તમે તો બિલકુલ જુદા જ, એકદમ સરસ માણસ છો. પણ હેં, જીજાજી, માનો કે મસ્તાનીએ તમને તેને લઈને વેનિસ ઊપડી જવાનું કહ્યું હોત તો તમને કેવું લાગ્યું હોત ?'

અને તો એ ભયંકર, નાલેશીજનક દરખાસ્ત સંભાળીને આ સરસ, ભલા માણસની સ્થિતિ કેવી કફોડી થઈ ગઈ હોત તેની કલ્પના કરીને તે ખૂબ હસી, પેટ પકડીને હસી.

ઉદયભાણના હોઠ સહેજ ખૂલ્યા અને પછી ખુલ્લા જ રહી ગયા. પ્રિયંકા કરતાં જરાક વધારે ઝીણી નજરવાળા કોઈને આશ્ચર્ય થયું હોત — ઉદયભાણના ચહેરા પરથી લોહી ઊડી જતું કેમ દેખાતું હતું ?

'પ્રિયંકા,' રિષભા ધીમા અવાજે બોલી, પણ અવાજમાં એક તીણી તીખાશ તરી આવતી હતી: 'ફરીવાર બરાબર કહે. મસ્તાનીએ તને ખરેખર શું કહ્યું હતું?'

'ક્યારે?' પ્રિયંકાને થોડીક તાજ્જુબી થઈ, થોડોક આનંદ અને સંતોષ પણ થયો — અગાઉ કદી તેને કે તેની વાતને આટલું મહત્ત્વ મળ્યું નહોતું.

'જ્યારે તેં મસ્તાનીને પકડી પાડી ત્યારે. જ્યારે તેણે તારી પાસે કબૂલ કર્યું ત્યારે.'

'ઓહ! એ તો મેં કહ્યું ને હમણાં. એમાં કંઈ નથી, દીદી. તેણે મને કહ્યું કે, ખાલી મગજમાં હવા ન ભરીશ. તારે કૂદંકૂદ કરવા જેવું હજી કંઈ નથી. હજી સુધી મેં ઉદયભાણ સાથે કોઈ વાત કરી જ નથી અને કદાચ, કદી કરીશ પણ નહિ. આ તો જો કોઈ વિકલ્પ રહે જ નહિ તો શું કરવું તેની એક યોજના છે — એક વિચાર છે.' સહેજ વાર રિષભાના ચહેરાના અસામાન્ય રંગ સામે જોઈ રહેતાં તે આગળ બોલી:

'પણ મને તો તેમાં પણ શંકા છે. બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હોત તો પણ તે જીજાજી સાથે એવી વાત કરવાની હિંમત કરી શકી ન હોત. એ કંઈ સહેલી વાત છે? પણ દીદી, હું માનું છું કે સરજુબા ગુજરી ગયા તે દિવસે મેં તમને આ વાત થોડીક કહી હતી તેથી તમે ચિંતામાં પડી ગયા નહોતા — નહોતા પડી ગયા ને? મને મૂરખીને એ વિચાર પણ ક્યાંથી આવે કે, તમને જ જીજાજીમાં રસ હશે, ને એટલે મસ્તાનીની વાત જાણીને તમે બેચેન થઈ જશો?' પ્રિયંકાના ચહેરા પર મોટપણનો ઠાવકાઈ ભર્યો ભાવ પથરાઈ ગયો અને તે બોલી:

'પણ પછી થોડા સમયમાં જ મેં મસ્તાની પાસેથી સાચી વાત કઢાવી લીધી'તી. એટલે મને ધરપત હતી. તમારા માર્ગમાં

એ વચ્ચે આવવાની નહોતી. જો કે હવે મને લાગે છે કે સાચી વાતની જાણ મારે તમને ત્યારે જ કરી દેવી જોઈતી હતી. તમારે નાહક બેચેન ન થવું પડયું હોત. ખેર, અત્યારે કહી તો પણ વાત કેવી ગમ્મતભરી છે?

'પ્રિયંકા, નાદાન પ્રિયંકા,' ગંભીર, ગમગીન અવાજે ઉદયભાણે કહ્યું: 'કાશ, તને એટલું ભાન હોત કે, વાત એક એવી ચીજ છે જે કાં તો સમયે કહી દેવી સારી, ને નહીં તો પછી હંમેશ માટે દાટી દેવી સારી.' અને માથું ધૂણાવતાં ઉમેર્યું: 'તેં એમાંથી એકેય કામ સારું ન કર્યું — બેય બગાડયાં.'

'એટલે શું?' પ્રિયંકા નારાજ થઈ ગઈ: 'બેય બગાડયાં એટલે શું કહેવા માગો છો, જીજાજી? મને તો લાગે છે કે દીદી, આ વાત કદી ન જાણે એ કરતાં અત્યારેય જાણે એ વધારે સારું છે. નહિ, દીદી?'

'હા, ચોક્કસ,' રિષભા બોલી. પણ પ્રિયંકાને લાગ્યું કે, તેનો અવાજ અસામાન્ય રીતે લુખ્ખો હતો. તદ્દન, તદ્દન સૂક્કો ને કઠણ હતો.

તેણે ઉદયભાણ સામે જોયું. એક અકળામણભર્યો, ઉત્તેજના અને અધીરાઈભર્યો શ્વાસ મૂકીને તે બીજી બાજુ જોઈ ગયો હતો. પ્રિયંકાને લાગ્યું કે તે બન્નેને, કોણ જાણે કેમ, તેની વાતોમાંથી એકાએક રસ ઊડી ગયો હતો. અને જો એમ જ હોય તો — તેણે નિર્ણય કર્યો — હવે તેણે ત્યાંથી જવું જોઈએ. ચૂપચાપ ઊભી થઈને તેણે દફતર ખભે ભરાવ્યું.

૨૨

પ્રિયંકાને ઝાંપા સુધી મૂકવા જવા માટે રિષભા ઊઠી ત્યારે અને ડ્રાઈવ-વે પર તેની સાથે ચાલવા લાગી ત્યારે પણ, તેની અંદર કંઈક થઈ રહ્યું હતું — સમજવા કરતાં વધારે અનુભવાઈ રહ્યું હતું કે અંદર એક ધીમી પણ જબરજસ્ત ઉથલપાથલ શરૂ થઈ રહી હતી; ધૂળમાં તેજાબ ઢોળાયો હોય તેમ કંઈક ખદબદી રહ્યું હતું; ફીણ વળી વળીને ઊભરાઈ રહ્યું હતું. અને પ્રિયંકાની લગોલગ ચાલતી તે ઝાંપા તરફ જઈ રહી હતી. પ્રિયંકાને કદાચ, તેની ગંધ આવી રહી હતી. તેણે કહ્યું :

'દીદી, એક વાત પૂછું ? મસ્તાનીની વાત સાંભળીને જીજાજી હચમચી ગયા'તા ?'

'ના રે, મને એવું નથી લાગ્યું.'

'તો સારું, પણ સાચું જ છે ને દીદી, મસ્તાની કેવી ગજબની કહેવાય ?'

રિષભા કંઈ ન બોલી. તેના હોઠ જરા વધારે બીડાયા, ને જડબાંની નસો સહેજ ઉપર તરી આવી.

'મેં તો બધું હતું તેવું કહી દીધું, દીદી,' પ્રિયંકાએ સાવધાનીપૂર્વક કહ્યું : 'તમે મસ્તાની પર બહુ ગુસ્સે તો નથી થયાને ?'

'ના,' રિષભાએ કહ્યું : 'મને એ વિચાર આવે છે કે મસ્તાનીએ મારી પાસે મન જરા ખોલ્યું હોત —'

'મન ખોલે ? મસ્તાની ?' હસી પડતાં પ્રિયંકાએ કહ્યું : 'એવું ક્યારેય કયું છે તેણે ? તમે એવી આશા જ કેવી રીતે રાખો છો, દીદી ? મને નવાઈ લાગે છે. મસ્તાની કદી મન ખોલતી નથી. તમારે તેને કંઈક સાધન લઈને ખોલવું પડે — સીલબંધ ડબ્બાની જેમ ! અને એ પછી યે કંઈ બહાર ન પણ નીકળે. જો તેને એમ લાગે કે ચૂપ રહેવાથી પરિણામ તેના લાભમાં આવે તેમ છે તો હોઠ પણ ન હલાવે, ધરાર એક હરફ ન કાઢે ! તમે એ ક્યાં નથી જાણતા ?'

એક ધારદાર પ્રકાશના ઝબકારા જેવું રિષભાના મનમાં પસાર થઈ ગયું. એક ઝણઝણાટી ફરી વળી. ભોળી, નાદાન પ્રિયંકાની થોકબંધ વાતોમાં ક્યારેક ઊંડી નજરના ચમકારા દેખાઈ જતા હતા. મસ્તાની વિષે — ખરેખરી મસ્તાની વિષે આના કરતાં વધારે સચ્ચાઈભર્યો ચુકાદો અગાઉ કોઈએ આપ્યો નહોતો. પ્રિયંકાનો અક્ષરે અક્ષર સાચો હતો — જો મસ્તાનીને ખબર હોય કે મોં બંધ રાખવાથી તે મહત્તમ લાભ મેળવી શકશે, તો મોઢું હરગીઝ નહિ ઊઘાડે !...

'આવજો, દીદી,' પ્રિયંકાનો ટહુકો સંભળાયો અને રિષભાએ સહેજ ઝબકીને જોયું કે, તેઓ છેક ઝાંપા પાસે આવી ગયા હતા : પ્રિયંકા કહી રહી હતી :

'ફરીવાર હું જલદી પાછી આવીશ, આવું ને ?'

રિષભા પળવાર તેની સામે જોઈ રહી. તેની ભોળી આંખો અને સરળ ચહેરો કહી રહ્યા હતા કે, અહીં તે માત્ર આનંદ કરવા અને આનંદ કરાવવા જ આવવા ઇચ્છતી હતી. આજે તેનાથી જે થઈ ગયું તેનો અણસાર પણ તેને નહોતો.

'હા, હા. જલદી જ આવજે. ચોક્કસ,' તેણે હસીને કહ્યું.

પ્રિયંકાને વળાવીને તે પાછી ઘરમાં આવી. મોટા કાચવાળા

બારણેથી તે એ જ રૂમમાં પ્રવેશી જ્યાં આ ઘરમાં પહેલીવાર તે ઉદયભાણુને મળી હતી, અને...

રૂમમાં, વચ્ચોવચ ઉદયભાણુ ઊભેલો હતો. બન્ને હાથ જોર-પૂર્વક પેન્ટના ખિસ્સામાં નાખેલા હતા. શરીર કંઈક ખેંચાયેલું, તંગ હતું. ચહેરો સહેજ ફિક્કો, સહેજ ભાવશૂન્ય હતો.

રિષભાએ તેની સામે કતરાતી નજરે જોયું. આ પહેલાં, જિંદગીમાં કદી તેણે કોઈના ય ઉપર ઈરાદાપૂર્વક ઘા કરવાનો વિચાર પણ કર્યો નહોતો. અત્યારે તેનો એક જ ઈરાદો હતો, એક જ ઇચ્છા હતી — ઉદયભાણુ પર ઘા કરવો, સીધો, સખત, ઊંડો ઊતરી જનાર ઘા!

તિરસ્કાર તેની આંખોમાંથી તણખાની જેમ ખરી રહ્યો. તે બોલી:

'ગઈ રાત્રે તમે મને બેવચની કહેવા માગતા હતા — ધૂતારી, નહિ?'

નાનકડો પણ તીવ્ર ઝટકો લાગ્યો હોય તેમ ઉદયભાણુ ઝડપથી ફર્યો, અને બોલ્યો:

'પણ, રિષભા—' અને પછી એકાએક અટકી ગયો.

'બોલો!'

'ઓહ! કંઈ નહિ... કંઈ કહેવાનું નથી સિવાય કે—'

'સિવાય કે, તમે એક ઘોર જૂઠાણાબાજ અને ઠગ છો,' ધીમા પણ ધારદાર અવાજે રિષભા બોલી: 'સરાસર જૂઠાણું ચલાવીને તમે મારી સાથે લગ્ન કરી લીધું; જ્યાં પગ મૂકવાનું પણ હું ધિક્કારતી હતી ત્યાં જિંદગીભર રહેવા આવવા મને ફસાવી દીધી, નહિ? હવે મારી સામે ઊભા રહીને ગળચવાં ગળો છો?... એમ જ કરોને, હવે એ જ થઈ શકે, બીજું શું થઈ શકે તેમ છે તમારાથી? જે હડહડતું છળ કર્યું છે તમે, તેનો કોઈ બચાવ-

— બચાવના કોઈ શબ્દો છે તમારી પાસે?'

ઉદયભાણે નજર નીચી કરી. માથું ધૂણાવ્યું અને ધીમા, સાવ ધીમા અવાજે કહ્યું:

'નથી. ખરેખર નથી. સિવાય કે, હું તને ચાહું છું, ખૂબ ખૂબ પ્રેમ કરું છું—'

'લાગે છે કે લાગણીઓનાં સાચાં નામ તમને આવડતાં નથી!'

'અને તને આવડે છે?' તીખો, તીણો ડંખ વાગ્યો હોય તેમ ઉદયભાણુ બોલી ઊઠ્યો: 'તારે જે કહેવું છે તે હું બરાબર સમજું છું. હું એક ખોટા ડોળ ઊભો કરીને તને પરણી ગયો એ જ કહેવું છે ને તારે? હકીકત એ છે કે મને તું પરણી છે — મારા પૈસા માટે. અને એ બાબતમાં ક્યાંય કંઈ જ અંધારું નહોતું, કોઈ ડોળ નહોતો. બિલકુલ સ્પષ્ટ હતું.'

રિષભા ચૂપ થઈ ગઈ — કદાચ, ઘા ખાઈને સ્તબ્ધ થઈ ગઈ. પણ તરત જ ઉદયભાણુ બોલ્યો:

'અરે, ભગવાન! હું — હું ખૂબ જ દિલગીર છું. આવું બોલવા બદલ ખરેખર ખૂબ શરમીંદો છું,' અને ખરેખર પસ્તાતો હોય તેવી બળતી નજરે રિષભા સામે જોતાં ઉમેર્યું: 'રિષભા, આમ એકબીજા પર આક્ષેપો ને દોષો ન ઊછાળીએ તો? ઘણું બગડી ગયું છે. બગાડી શકાય એવું બહુ થોડું બાકી રહ્યું છે હવે. તેને બચાવી લઈએ. બધું, પૂરેપૂરું, સાવેસાવ જમીનદોસ્ત થઈ જાય એ આપણા કોઈના ય માટે સારું નહિ હોય, રિષભા.' સહેજ થોભીને તેણે આગળ કહ્યું:

'હું જાણું છું — હું કબૂલ કરું છું કે મેં જે કર્યું તે શોભાસ્પદ નહોતું. તે માફ ન કરી શકાય તેવું હતું એ પણ કબૂલ કરું છું. પણ જો કોઈ યુવતી, તમે સદાય ઝંખેલી, લલચામણી ચીજને ચાંદીની થાળીમાં મૂકીને તમારી સામે ધરે તો તમે

શું કરો? શું કરી શકાય? તે દિવસે સાંજે તું મારી પાસે આવી એ એવું જ હતું.'

ફટાક્ કરતી રિષભાની આંખો ઊંચકાઈ અને ગર્વિષ્ટ, રોષભરી નજર તેના પર મંડાઈ.

'હા, હું જ આવી હતી. પણ હું તમારી પાસે મદદ માગવા આવી હતી. અમે બધા બહુ મોટી મુસીબતમાં હતા. અને તેમાં ઉમેરો ન કરીને મદદરૂપ થવા, તમારામાં કંઈ સારમાણસાઈ હોય તો, અપીલ કરવા આવી હતી. કોઈ લાલચ ધરવા નહિ!'

'તું સાચી વાત સાચા શબ્દોમાં કહેતી નથી, રિષભા,' ઉદયભાણુની આંખોમાં થોડુંક તેજ દેખાયું: 'વાસ્તવમાં તું આ આખા પંથકના એક ખરાબ માણસને એ કહેવા આવી હતી કે તે તારી બહેન સાથે છેડો જોડી શકવાની સ્થિતિમાં હતો. એ વાત — એ અદ્‌ભુત ને અકલ્પ્ય વાત એ ખરાબ માણસે પહેલ-વહેલી તારી પાસેથી જાણી. સામે તું એ જાણવા માગતી હતી કે એ બદબખ્ત માણસના હાથને રોકી દઈ શકાય તેમ છે કે નહિ!'

રિષભા અકળાઈ ઊઠી. ચિત્કારી ઊઠી: 'તેથી કંઈ જ ફેર ન પડી શકે. શબ્દો બદલી નાખો, જુદી રીતે રજૂ કરો — ગમે તે કરો, હકીકતને બદલી નહિ શકો! ત્યારે હું તમારા પંજામાં હતી — કે પછી હું માની બેઠી'તી કે હું તમારા પંજામાં છું. વાત એકની એક છે. મસ્તાની બરબાદ થઈ જવાની મારી બીકનો તમે ફાયદો ઊઠાવ્યો — હલકટ ફાયદો! અને તે માફ નહિ કરી શકાય — હરગીઝ, હરગીઝ, નહિ!'

'ભલે. તે માફ ન કરી શકાય,' ઉથયભાણે કહ્યું: 'એ કબૂલ કે વાત જો ખરેખર તું કહે છે તેવી હોય તો માફ ન કરી શકાય, પણ તું બરાબર યાદ કરી શકશે — યાદ કર કે મારી ઑફર અને શરતનો એ જ ક્ષણે તું ઈન્કાર કરી ચૂકી હતી. તને એમ પણ

લાગ્યું હતું કે હું ત્યારે ય તારી મજાક ઉડાવી રહ્યો હતો, નહોતું લાગ્યું? તેનો અર્થ એ થાય રિષભા, કે એ ઘડી સુધી તને એમ લાગતું નહોતું જ કે તું મારા પંજામાં છો. મારી ઑફર તેં પછીથી સ્વીકારી હતી. બહુ મોડી, બહુ વિચાર કર્યા પછી. કારણ કે ત્યારે એ બિલકુલ સ્પષ્ટ બન્યું હતું કે તારા કુટુંબને મારા પૈસાની કેટલી અનિવાર્ય જરૂર છે. એ પછી જ તેં મારી સાથે આ લગ્ન-આ સોદો કરવાનો નિર્ણય કર્યો... હું એમ નથી કહેતો કે, એ સોદો મારા પક્ષે પણ શોભાસ્પદ હતો. પૈસા ચૂકવીને સ્ત્રીને ખરી-દવી — એ સ્ત્રી અત્યંત પ્રિય હોય તો પણ — શોભાસ્પદ ચેષ્ટા નથી. પણ ત્યારે તો હું માનતો જ નહોતો કે, જે બન્યું તે, ખરેખર બનશે. હું માનતો હતો કે—'

તેને અચકાતો, ને અચકાઈને અટકી જતો જોઈ રિષભાએ તીક્ષ્ણ અવાજે પૂછ્યું:

'શું માનતા હતા તમે?'

'કંઈ નહિ,' ઉદયભાણે કહ્યું: 'જવા દે. હવે તેનું કંઈ મહત્ત્વ નથી. મારી ગણતરીને હું આગળ વધારી શકીશ એમ મને જ લાગતું નહોતું.'

એકાએક તે બેસી ગયો. ઘૂંટણ પર બન્ને હાથની કોણી ટેકવીને માથું બેય હાથે પકડી લીધું.

'ગણતરી!' તિરસ્કારપૂર્વક રિષભા બોલી: 'એ જ ગણતરી કે તમારી વધારાની નોટોની થપ્પીઓમાંથી થોડીક મારા કુટુંબના ખિસ્સામાં ભરી દેશો એટલે હું તમારા હાથમાં આવી પડીશ, નહિ?'

અને જવા માટે તેણે પીઠ ફેરવી.

અચાનક ઉદયભાણે તેની સાડીનો છેડો પકડી લીધો — રોકી રાખવા મથતા અવશ બાળકની જેમ. અને રિષભાની સામે

વિનવણીભરી નજરે જોઈ રહ્યો : 'ના, રિષભા, આવી રીતે ચાલી ન જા !'

પણ રિષભાના મનમાં રોષ અને તિરસ્કાર એટલો ભડભડતો હતો કે તેની ઝાળ છેક આંખોને આંબી જતી હતી. ઉદયભાણુની નજરને તે વાંચી ન શકી.

'ઘડીક ઊભી રહે. મારી વાત સાંભળ. એક જ મિનિટ—' ઉદયભાણુ કહી રહ્યો હતો.

'બહુ સમય સુધી સાંભળી તમારી વાત,' રિષભાએ કહ્યું : 'હવે નહિ !' અને જવા કરતાં તેની સામે જોયું. તેની ગમગીન, ઉદાસ આંખો સામે જોયું અને ઊભી રહી ગઈ. બોલી :

'શું કહેવું છે ?'

ઉદયભાણુની આંખો નીચી નમી. અને રિષભાએ જોયું કે એ આંખોની આસપાસ ગમગીનીના જાણે ઘેરાં કુંડાળા ઘેરાઈ ગયા હતા. ઉદયભાણે કહ્યું :

'જ્યારે જ્યારે મેં કહ્યું કે મેં તને પહેલવહેલી જોઈ ત્યારથી હું તને ચાહતો આવ્યો છું, ત્યારે ત્યારે હંમેશા તેં કાં તો મને હસી કાઢ્યો છે, કાં તો ગુસ્સે થઈ છે. પણ એ સાચું છે. તદ્દન, તદ્દન સાચું છે. એવું ખરેખર બની જતું હોય છે. તને જોઈ કે પહેલો જ ભાવ મને એ થયો હતો કે તારા જેવી બીજી કોઈને મેં કદી જોઈ નથી — એટલી ઝળહળાટભરી, એટલી સુંદર, એટલી નમ્રતાભરી તું છે. તારા કુટુંબીઓ વચ્ચે તને જેમ જેમ જોતો ગયો તેમ તેમ માત્ર ખેંચાતો ગયો હતો. એ લોકો તારી મજાક ઉડાવતા, તને પરેશાન કરતા તો પણ તું કેટલો પ્રેમ બતાવતી હતી ! અને હું વિચાર્યા કરતો હતો કે અન્યોન્ય આટલી બધી સમજદારીભર્યા તારા કુટુંબના મેજિક સર્કલમાં રહેવું એ કેવી અજબ ચીજ બની રહે !'

રિષભા સાંભળતી ગઈ. ઇચ્છાએ કે અનિચ્છાએ તેની વાતને સમજતી ગઈ. ને ઇચ્છાએ કે અનિચ્છાએ થોડીક નરમ પડતી ગઈ. તે બોલી :

'અને એટલે તમે પણ તેમાં ઘૂસવાનો નિર્ણય કર્યો ?'

'ના. એ વખતે તો મેં કંઈ જ નિર્ણય કર્યો નહોતો. નિર્ણય કરવા જેવી હાલતમાં જ કયાં હતો હું ? હું તો મોટી અસમંજસમાં હતો કારણ, મને ખબર હતી કે તું જુદા પ્રકારની હતી — મારા કરતાં ઘણા જુદા પ્રકારની. જો ને, તેં મારી સાથે થોડીક વાત કરવા માંડી ત્યાં જ તારા પિતા ઉઘાડે છોગ કેવી તોછડાઈભેર દૂર ખેંચી ગયા'તા તને ? હું ત્યારે હસ્યો હતો, પણ અંદર એક ડંખ પણ વાગ્યો'તો મને. નિશ્ચિત લાગતું હતું કે, હું તને કદી જોઈ શકીશ તો પણ દૂરથી જ, નજીકથી કદી નહિ.'

રિષભાએ તેના ચહેરા પરથી નજર ખસેડી, અને તેણે પકડી રાખેલા સાડીના છેડા પર ફેરવી. તેની મજબૂત આંગળીઓ કેવી અશક્ત લાગતી હતી !

'હવે તમે એમ તો નથી કહેવાનાને કે પછી ઘેર જઈને, એકાંતમાં મને યાદ કરી કરીને તમે દુઃખમાં ડૂબકીઓ ખાતા રહ્યા ?' તેણે પૂછ્યું.'

'ના, ત્યારે એવું કંઈ જ નહોતું. મને એવું કંઈ થવાની અપેક્ષા હું રાખી શકું તેમ નહોતો. કારણ કે, તારી જિંદગીમાં હું કંઈ પણ કરી શકું, કંઈ પણ બની શકું એવી ઝાંખી યે શકયતા મને જણાતી નહોતી. અને બીજું એ કે, જેને મારા વિશે વિચાર કરવાની પણ કંઈ પડી નથી એવી યુવતીને હું વળગી રહી શકું એ પણ શકય લાગતું નહોતું.'

'આખરે એ જ સાચું ઠર્યું, કેમ ?'

'શું સાચું ઠર્યું ?'

'એ જ કે સમય જતાં તમે મારા વિષેના એકએક વિચારને મનમાંથી ભૂંસી નાખ્યો.'

'ભૂંસી નાખવાનો પ્રયત્ન કર્યો,' ઉદયભાણે રિષભાના શબ્દો સુધાર્યા: 'એ સિવાય બીજું શું કરવું જોઈએ મારે? એ સ્વીકારી જ લેવાનું હતું કે, મારા જીવનમાં તું કદી કંઈ બની શકે તે અશક્ય હતું. પણ છતાં હું તને ભૂલી જઈ શક્યો એમ કહી શકાય — ન કહી શકાય, ખબર નથી! કહેવું બહુ મુશ્કેલ છે — ભૂલી ન શક્યો એમ પણ, અને ભૂલી શક્યો એમ પણ! એટલું કહી શકાય કે મારા વિચારોમાં તું વારંવાર, ધાર્યું'ય ન હોય તેવા સ્થળે પણ ઝબકયા કરતી હતી — પેરિસમાં પણ! ત્યાં મેં આ વીંટી જોઈ અને તારી આંખોનો રંગ નજરે તરી ગયો હતો. વીંટીના હીરાનો રંગ તારી આંખોના રંગ જેવો જ હતો એ એક કારણે જ મેં તે ખરીદી લીધી એ વાત બિલકુલ સાચી છે. હા, એ પણ સાચું કે એ વીંટી હું તને પહેરાવી શકું એવી કોઈ કલ્પના પણ મને નહોતી, ફક્ત એક જ વિચાર હતો: 'હીરો તેની આંખો જેવો છે. મારે એ પાસે રાખવો જ જોઈએ.'

રિષભા નક્કી ન કરી શકી કે, ઉદયભાણની એ વાતોથી પોતે સ્પર્શાઈ જવું જોઈએ કે ગુસ્સે થવું જોઈએ, એ વાતો સાચી માનવી જોઈએ કે ખખડાવીને ખોટા રૂપિયાની જેમ મોં પર પાછી મારવી જોઈએ?

'તો વાત એમ હતી. મારે માટે પરિસ્થિતિ એવી હતી,' ઉદયભાણે કહેવાનું ચાલુ રાખ્યું: 'તેમાં કંઈ ફેર પડવાની મને કોઈ અપેક્ષા પણ નહોતી. પણ પેલી સાંજે, એ અણમોલ સાંજે તું જ ચાલતી મારા ઘેર આવી અને બિલકુલ વગર પૂછચે મેં વિનામૂલ્યે મને જાણ કરી દીધી કે, પરિસ્થિતિમાં અવશ્ય ફેર પાડી શકાય તેમ છે! ત્યારે એક ઘડી મને તે આશ્ચર્યના જબ્બર ફટકા જેવું લાગ્યું હતું. હોશ ભૂલાવી દે તેવું લાગ્યું હતું. હું હંમેશ

માટે માની બેઠો હતો કે મારી બાજીમાં માત્ર નકામાં પાનાં જ ભરેલાં છે, ત્યારે તેં જ મને જાણ કરી કે મારા હાથમાં તો હુકમનાં પાનાં છે — ઘણાં!'

ઘડીક થોભીને, એક ઊંડો શ્વાસ લઈને તે આગળ બોલ્યો: 'અને મેં તને જે મેલોડ્રામેટિક ઑફર' કરી દીધી એ પણ સ્પષ્ટ સમજણ વિના જ કરી દીધી હતી — કોઈ ગણતરી વિના. પણ મને એકાએક એમ થઈ આવ્યું કે મારે તારી સામે કોઈક જબરજસ્ત અને અકલ્પ્ય ઉદારતાની ચેષ્ટા કરવી — ને મેં એ કરી નાખી. હકીકતે તો ત્યારે તું કે તારી બહેન કે દુનિયાનું કોઈ માણસ મારા પંજામાં હતું જ નહિ. કોઈ બાબતને ભવ્ય રીતે સુધારો આપવાનો દેખાવ હું કરી શકું તેમ નહોતો. કારણ કે કોઈ બાબત બગડેલી જ નહોતી!.... અને છતાં તારી પાસે એવો દેખાવ કરાઈ ગયો, રિષભા — મારા પર બહુ ગુસ્સો ચડે છે?'

'ના,' રિષભાએ ધીમા અવાજે કહ્યું: 'કમસેકમ, એ વાતથી ગુસ્સો નથી ચડતો. પણ મને નવાઈ લાગે છે કે, ત્યારે તમે મને મહામૂર્ખ કેમ ન ગણી લીધી?'

'ઓ, ના, રિષભા! તને મૂર્ખ ગણવાની તો વાત જ ક્યાં રહી? આખી સાંજ, કલાકો સુધી તારી સાથે વાતો કરવા મળી એટલાથી જ જાણે મને જબરજસ્ત નશો ચડી ગયો હતો, બુદ્ધિ ધૂંધળી થઈ ગઈ હતી. તારા કુટુંબની આપત્તિની વાત સાંભળીને મને એક જ ઇચ્છા થતી હતી — તેને ખાતરી આપું કે બધી મુશ્કેલીઓ હું દૂર કરી આપીશ —'

'કિંમત વસૂલ કરીને!'

'રિષભા, તું શું માને છે? જો મેં તને સીધે — સીધું માત્ર એમ કહી દીધું હોત કે જા, તારે જોઈએ તેટલા રૂપિયા હું તને આપીશ, તો તેં શું કર્યું હોત?"

'કહી ન શકું. પણ ધારું છું કે તરત જ મેં 'ના' કહી દીધી હોત અને ઊઠીને ઘેર ચાલી ગઈ હોત. કોઈ કારણ વિના, કોઈ સંબંધ કે હેતુ વિના એટલા બધા રૂપિયા કોઈ આપી દે એ વાત જ મને સાચી ન લાગી હોત.'

'અને તો તારા ચાલ્યા જવા સાથે વાતનો અંત આવી ગયો હોત, ખરું? અને એટલે જ મેં વાતમાં એક એવી બાબત ઉમેરી કે જેને કારણે હું તને યાદ આવતો રહું. ભલે એક નઠારા, વિચિત્ર, મૂર્ખ માણસ તરીકે, પણ યાદ તો આવ્યા કરું. સાચી વાત એ છે કે, એ ઑફર મેં પૂરી ગંભીરતાથી કરી છે એવું હું જ માનતો નહોતો. એ તું સ્વીકારી લેશે એમ પણ માનતો નહોતો. પણ તેથી એક લાભ થતો હતો— એ ઑફર, એક યાદરૂપે પણ, તને મારી સાથે સાંકળી શકતી હતી. યાદમાં પણ મને તારી સાથે જોડી રાખનાર એ સાંકળને હું કપાવા દેવા માગતો નહોતો. નહીંતર, એક ઝટકે જ કહી દીધું હોત કે, તારી બહેન સાથે મારે કોઈ સંબંધ છે પણ નહિ અને રાખવાની ઇચ્છા પણ નથી.'

પળ બે પળ ચૂપચાપ જાણે એક સાથે કેટલીયે ચીજોને મનમાં ઉતારતી હોય, વલોવતી હોય, અર્થ તારવતી હોય એમ બેસી રહીને આખરે રિષભાએ એક ઊંડો, તોલદાર શ્વાસ મૂકયો અને ઉદયભાણ સામે જોતાં કહ્યું:

'વાતને ગમે તેવા વાઘા પહેરાવો, હકીકતમાં એ એક છળ છે, ઠંડા કલેજે આચરાયેલી એક હલકી છેતરપિંડી છે. તમે મને કહ્યું હતું કે—'

'ના, રિષભા,' ઉદયભાણ બોલી ઊઠયો: 'મેં તને કંઈ જ કહ્યું નહોતું. યાદ કર, તેં જ બધું કહ્યું હતું — ઘરની બધી અને એકેએક વાતો તેં જ મને કરી હતી.'

'એમ ગણો, તો પણ શું ફેર પડે છે? વાત તો એકની એક જ રહે છે કે, તમે ઈરાદાપૂર્વક, ગણતરીપૂર્વક એક ખોટી વાત મને સાચી માનવા દીધી, આજની ઘડી સુધી સાચી માન્યા કરવા દીધી.'

'એ હું જાણું છું,' ઉદયભાણે કહ્યું: 'પણ અત્યારે હવે હું તને એ ગળે નહિ ઉતારી શકું કે, મારે મન તે છેતરપિંડી ઓછી હતી, ગમ્મત વધારે હતી. પણ ફરીવાર તું પાછી આવી અને કહ્યું કે, લગ્ન કરવા તું તૈયાર હતી ત્યારે મને લાગ્યું કે વાત મારા કાબૂમાંથી નીકળી ગઈ હતી. મને લાગતું હતું કે સાચી વાત તને મસ્તાની પાસેથી જાણવા મળી જ જશે. પછી તેમાં કંઈ જ વજન રહેશે નહિ. પણ મને એ સમજાતું નથી કે મસ્તાનીએ તને કંઈ જ કેમ ન કહ્યું?'

'મને સમજાય છે,' રિષભાએ હોઠ ફફડાવ્યા. ચહેરા પર એક અસામાન્ય, તદ્દન અજાણી ફિકાશ લીંપાઈ ગઈ. આખું શરીર અંદરથી અદૃશ્યપણે સતત કંપી રહ્યું. એક આઘાતજનક સમજણ, એક બિહામણી સમજણ જાણે મનમાં પથરાવા લાગી, ચક્કર-ચક્કર ઘૂમવા લાગી, ઝેરી શૂળની જેમ ભોંકાવા લાગી, ઊનો ઊનો એક નિશ્વાસ મૂકીને તે બોલી: 'બરાબર સમજાય છે મને. મસ્તાનીએ મને કંઈ જ ન કહ્યું — એટલા માટે કે ઇચ્છતી હતી કે હું તમને પરણી જાઉં. તેથી જ એને ફાયદો થતો હતો. તેની યોજનાઓ પાર પાડવાનો એ સીધો ને સટ રસ્તો હતો....'

બોલતાં બોલતાં અવાજ ભારે થઈ ગયો. ક્ષણવાર અટકીને આંખો મીંચી દેતાં તે બોલી; જાણે ચિત્કાર કર્યો: 'બધાને — એકેએક જણને એ જ અનુકૂળ હતું કે આ લગ્ન હું કરી લઉં, હોમાઈ જઉં જાતે!... ઉફ! એક પણ જણે, એટલે જ, વિરોધનો એક હરફ પણ ન કાઢયો! સૌને એમાં લાભ હતો!...'

વળી થોડીવાર ચૂપ થઈ જઈને તેણે માથું ધૂણાવ્યું. આંખોમાં, મુખ પર કાળી વેદના તરવતી હતી: 'હમણાં તમે અમારા કુટુંબના

મેજિક સર્કલ'ની વાત કરતા હતા ને? ખરેખર, એવું જ હતું. એક તિલસ્મી વર્તુળ આજના દિવસ સુધી અમારા કુટુંબને એકમેક સાથે બાંધી રાખતું હતું; એક રાખતું હતું અમને બધાને; મને એ ચારે તરફથી બાંધી રાખતું હતું. એટલે જ તેમાંથી હું છટકી શકી નહિ.'

'રિષભા!' ઉદયભાણુ બોલવા ગયો. પણ રિષભા બોલતી ગઈ:

'એ કુટુંબમાં, એ જાદુઈ વર્તુળમાં હું સુખી હતી — જ્યાં સુધી તમે તેમાં પગપેસારો કર્યો નહિ ત્યાં સુધી. ત્યાં સુધી એ વર્તુળ અછેદ હતું, અભંગ હતું, સ્થિતિસ્થાપક હતું. અમને બધાને સમાન હિત અને સમાન હેત હતું, પહેલાં કદી અમારાં હિત, અમારા સ્વાર્થ સામસામાં નહોતા. કદી સામસામા અથડાયા નહોતા. તમે — તમે તેને છિન્નભિન્ન કરી નાખ્યું; વેરવિખેર કરી નાખ્યું...'

ઉદયભાણુ સ્તબ્ધ થઈને ફાટી આંખે જોઈ રહ્યો — સાંભળી રહ્યો. તેનું શરીર એકદમ અક્કડ થઈ ગયું. ચહેરા પર ધોળી ભાવશૂન્યતા લીંપાઈ ગઈ. આંખો જાણે કોઈ ભય સામે તાકતી હોય તેમ પહોળી થઈ ગઈ. રિષભાના શબ્દો સંભળાતા હતા:

'એ સુખભર્યા-ભલે કાલ્પનિક સુખભર્યા — વર્તુળની ઈર્ષા તમને બાળી રહી હતી, નહિ? શા માટે તમે ધરાર એ વર્તુળમાં ઘૂસી આવ્યા? શા માટે?...... તમે તો અમને સૌને સામસામે ખડા કરી દીધા. જો કે હજી પણ અમે માયાળુ જ છીએ એકમેક પ્રત્યે; હજી પ્રેમાળ જ છીએ — મને ખાતરી છે. પણ એક તીરાડ તમે પાડી દીધી — બધાના મનમાં એક હિણો વિચાર એક સ્વાર્થભર્યો વિચાર તમે નાખી દીધો કે, હું તમને પરણું તો બધાને લાભ થઈ જતો હતો — જેને જેવો જોઈએ તેવો લાભ! ફક્ત મને કોઈ લાભ થાય છે કે નહિ તેનું કંઈ મહત્ત્વ ન રહ્યું......તેમણે

કોઈએ મને આગ્રહ નથી કર્યો, દબાણ નથી કર્યું — ન જ કરે. પણ તો હાર તમારે ખમવી પડે......ને એટલે તમે અમારા એ જાદુઈ વર્તુળને જ સમરાંગણ બનાવ્યું; જેને હું અનહદ ચાહતી હતી એ મારા કુટુંબને જ તમે હથિયાર બનાવ્યું.' સહેજ થોભીને તેણે કંઈક ગળા નીચે ઉતાર્યું; શ્વાસ લીધો અને બોલી:

'ખેર, તમે જીત્યા. બસ? પણ તમે બધું જ બગાડી નાખ્યું છે — ખલાસ કરી નાખ્યું છે?'

'બસ કર, રિષભા,' ઉદયભાણુ હવે બોલી ઊઠયો: 'ઈશ્વરને ખાતર હવે બસ કર. તું શું બોલી રહી છે — ભાન છે?'

'પણ એ સાચું છે, નહિ? તદ્દન સાચું! બસ. બીજું કંઈ મારે કહેવાનું નથી.'

ઉદયભાણુની જીભ જાણે મોંમાં ચોંટી ગઈ.

'હવે હું જાઉં?' રિષભાએ પૂછ્યું.

'ભલે, જા.'

'તમે મારી સાડી પકડેલી છે. છોડો.'

'ઓહ!...રિષભા!' ઉદયભાણુ અસંબદ્ધ ઉદ્ગાર કર્યો અને એક પળ, માથું નમાવીને, સાડીના એ છેડામાં મુખ સંતાડી રાખ્યું.

રિષભા તેના નમેલા મસ્તક સામે, અસ્તવ્યસ્ત વાળ સામે જોઈ રહી. એકાએક તે બોલી:

'મારી એ વાત તદ્દન સાચી નહોતી કે, મસ્તાનીની જિંદગીના વિચારથી જ હું લગ્ન કરવા તૈયાર થઈ હતી.' ધીમા અવાજે તેણે ઉમેર્યું: 'મને તૈયાર કરનાર, ખરેખર, પૈસા હતા!'

'ઓહ! રિષભા! આ કહેવા બદલ તારો હું આભારી છું — ખૂબ ખૂબ આભારી છું. તેં મારો ભાર—'

'ના. હું ઇચ્છું છું કે ખરેખરું, નક્કર, વાસ્તવિક સત્ય

હવે ઉપર આવે. ને સત્ય એ છે કે, આપણે એક સોદો કર્યો છે. તમે ને મેં એ સોદો કર્યો છે કે, તમે મારા કુટુંબને જોઈતી એકેએક ચીજ માટે પૈસા ચૂકવશો અને હું, 'પત્ની' શબ્દના દરેક અર્થમાં, તમારી પત્ની બનીશ.'

ઉદયભાણ અત્યંત વિસ્મિત થઈને તાકી રહ્યો. રિષભા આગળ બોલી:

'એ એક વેપાર હતો—એક સોદો. ને તેમાંથી મેં ગઈ રાત્રે પીછેહઠ કરી—ગુસ્સે થવાનો તમને સંપૂર્ણ અધિકાર હતો.'

'ના, રિષભા, ના!'

'મારે એ ભૂલવું નહોતું જોઈતું કે, મારા પિતાનું કેટલું ગંજાવર દેવું તમે ચૂકવ્યું છે.'

'રિષભા—પ્લીઝ!'

'તમે કહ્યું'તું કે, મારા કુટુંબની હંમેશાની રીત હું તમારી સાથે અજમાવી રહી છું—ઉધાર! નહિ? ભલે, આજે રાત્રે હું નગદ ચૂકવીશ!'

૨૩

ઉદયભાણની સ્તબ્ધ, સંપૂર્ણ સ્તબ્ધ આંખોના ડોળા ખાસ્સી વાર પછી હલ્યા; પોપચાં ધીરે ધીરે ઢળ્યા: આંખો થોડી વાર મીંચાઈ રહી અને પછી ધીરેથી ખૂલીને રિષભાના, સખત ઉત્તેજનાથી લાલચોળ, ચહેરા પર મંડાઈ. ખૂદ તેની છાતીમાં પણ જબરજસ્ત ઉત્તેજના ઉકળી રહી હતી, એક ઝંઝાવાતી તોફાન વલોવાઈ રહ્યું હતું. લગભગ ચીસ જેવા અવાજે તે બોલી ઊઠયો:

'નથી જોઈતું! પાગલ ન બન, રિષભા! મારે કંઈ નથી જોઈતું!'

'જોઈએ છે! તમારે જોઈએ છે—માત્ર એ જ! એટલા માટે તો પરણ્યા છો મને!'

'ના, રિષભા, ના!'

'જૂઠ! કેવડું મોટું જૂઠ! પણ શા માટે? એક હા કહી દેવાની—સાચું કહી દેવાની પણ હિંમત નથી તમારી?......મારી પાસેથી એ જ જોઈએ છે તમારે! તમારા પોતાના મોંએ ખુદ તમે જ બોલ્યા છો—હવે ભૂલી ગયા? ગઈ રાત્રે જ તમે બોલ્યા હતા—'આખરે હું તને પરણ્યો છું! પતિ છું તારો!'—યાદ આવે છે?'

'ઓ, ભગવાન! એવું બોલ્યો'તો? હું એવું બોલ્યો'તો—ખરેખર?... અક્ષમ્ય?' એકાએક, કદાચ અજાણપણે; ઉદયભાણ

ઊભો થઈ ગયો. આખા શરીરમાં કોઈ પ્રચંડ ઉત્તેજના પૂરઝડપે ઘૂમી રહી હોય તેમ, માથાથી પગ સુધી, તે ધીમે ધીમે કંપી રહ્યો હતો.

'હા,' રિષભાએ ટાઢાબોળ, કંપતા અવાજે કહ્યું: 'એવું જ બોલ્યા હતા – તમે, તમે પોતે જ! અને તમે એ જ ખરેખર ઇચ્છતા હતા. આખા સોદાનો એ જ સૌથી મહત્ત્વનો હિસ્સો છે, નહિ?'

'પ્લીઝ, રિષભા!' માથું એક વાર નમાવીને પાછું ઝટકા સાથે ઊંચું કરતાં ઉદયભાણ બોલ્યો: 'ભગવાનને ખાતર, કોઈ સોદાની વાત ન કર, પ્લીઝ!'

'ના,' રિષભાએ કહ્યું: 'સોદો તો હતો – છે – અને રહેશે, ઉદય! મારા પિતા માટે તમે ચૂકવેલ જંગી રકમોના હિસાબથી હું તો તમારા અનર્ગળ દેવામાં દટાયેલી છું. એ દેવું બીજી કઈ ચીજથી ચૂકવી શકીશ એમ માનો છો તમે?'

એકેએક શબ્દને છૂટો પાડતા, એકેએક શબ્દ પર ભાર મૂકતાં ઉદયભાણે કહ્યું: 'તું મારા કોઈ દેવામાં નથી, રિષભા!' અને એક ઊંડો શ્વાસ લેવા ઘડીક થોભીને આગળ કહ્યું: 'તારા પિતા માટે મેં જે કંઈ કર્યું તેની વાત કરવાનું હવે ભલી થઈને, બંધ કર! એનો વિચાર કરવાનું જ બંધ કર!... છતાં તારે તેને દેવાની રીતે જ વિચારવું હોય તો માની લે કે, ફક્ત તેં મારી સાથે લગ્ન કર્યાં તેમાં બધું જ આવી જાય છે — તમામ દેવું ચૂકવાઈ જાય છે!'

રિષભા હસી — કોઈ ભાવ વિનાનું, વિચિત્ર લાગે તેવું:

'આપણા સોદામાં બીજી બાબતો પણ હતી — છે. પિતાની વાતનું, માનો કે, તમે કહો છો તેમ સમજી લઉં; તો પણ બીજી વાતો રહે છે — જેમ કે, મસ્તાનીની વેનિસ જવાની વાત—'

'એ બેવકૂફ વાત પર મારે કોઈ સોદાબાજી કરવાની નથી,'

ઉદયભાણ ઊકળી ઊઠ્યો: 'મસ્તાનીને જે જોઈએ તે મેળવી લે તેમ છે. તું ન હોત, હું ન હોત તો પણ તેને જોઈતું મેળવી લેવાની બધી જ તૈયારી તેની હતી — કોઈ પણ રીતે! તેની વાતને તારી સાથે કોઈ સંબંધ નહોતો. મારા જે પૈસા તેની પાછળ ખર્ચાય તેને પણ તારી સાથે કોઈ સંબંધ નહિ હોય!'

વિચારતી, ઘડીક ઉદયભાણ સામે જોઈ રહેતાં રિષભાએ કહ્યું: 'ખેર! તો એ વાત, તમારા કહેવાથી, જવા દઈએ, તો પણ ધૈવતની વાત ઊભી રહે છે જ. ધૈવતની વાતને મારી સાથે કોઈ સંબંધ નહોતો — તેની વાત આ સોદાનો એક ભાગ નહોતો એવું નહિ કહી શકો તમે. હજી ચાર–પાંચ વરસ તેની પાછળ થનાર ખર્ચનું કંઈક વળતર, કોઈક સ્વરૂપમાં તો ઇચ્છતા હશો જ—'

'કંઈ જ, કંઈ જ જોઈતું નથી મારે! છેલ્લી વાર કહું છું — હવે વધુ ન બોલાવીશ...' ઉદયભાણે કહ્યું. અવાજ ફરીવાર ગમગીન થઈ ગયો હતો; ચહેરો ફરીવાર ઉદાસ થઈ ગયો હતો; એ ગમગીની, એ ઉદાસીમાં હવે તંગ મરણિયાપણું ઘોળાઈ રહ્યું હતું.

'મારા માટે બધા રસ્તા મુશ્કેલ બનાવવા માગો છો તમે? વિચારવાનું પણ મુશ્કેલ બનાવવા ધારો છો? પણ ધૈવતનો રસ્તો સરળ બનાવવાનો નિરધાર મેં કરેલો જ છે!'

'એનો રસ્તો સરળ બની ચૂક્યો છે. તારે તેમાં કંઈ કરવાનું રહેતું નથી,' ઉદયભાણે કહ્યું: 'એ વચન પણ હું તને આપી ચૂક્યો છું.'

'છતાં કંઈ વળતર ચૂકવ્યા વિના હું કંઈ સ્વીકારવા માગતી નથી,' રિષભાએ ઠંડા અવાજે કહ્યું: 'એ શબ્દો ફરીવાર સાંભળવાની શક્તિ મારામાં નથી; સખત ત્રાસી ઊઠું છું, ધ્રૂજી ઊઠું છું શબ્દોથી — શું કહ્યું હતું તમે?... 'આજે ઉધાર, કાલે ચૂકવીશ!'

અકળાતી, અધીરાઈ ટપકતી નજરે તેને તાકી રહેલા ઉદયભાણ

સામે બરાબર નજર ઠેરવતાં તે આગળ બોલી : 'પપ્પાની બાબતમાં તમે કહો છો તે હું સ્વીકારી લઉં, ચાલો. હું તમને પરણી તેમાં બધું વળતર આવી ગયું. મસ્તાનીની વાતને મારી સાથે કંઈ સંબંધ ન હોવાની તમારી દલીલ પણ સ્વીકારી લઉં. પણ ધૈવત ?'

સહેજવાર થોભી ગયેલી રિષભાના ચહેરા પર કોઈક તદ્દન નવો, તદ્દન અજાણ્યો, લાલચોળ ઝળહળાટ ધસી આવ્યો. ઠંડા, મક્કમ અવાજે તે બોલી :

'જે દિવસે ધૈવત તેની કૉલેજમાં જઈને બેસશે એ દિવસે જ હું હિસાબ ચૂકતે કરી દઈશ — બરાબર, એ દિવસે જ !... ઉધાર નહિ ! કાલે નહિ ! નગદ, એ જ દિવસે !'

અને મોં ફેરવીને સડસડાટ રૂમમાંથી બહાર નીકળી ગઈ. સ્તબ્ધ, હતપ્રભ ઉદયભાણુ બળતી આંખે તેને જતી જોઈ રહ્યો.

* * *

લગ્નજીવન, દામ્પત્ય, જે કહો તે — રિષભાને તેનો વિચાર ભાગ્યે આવતો. એવું કોઈ જીવન પોતાને પણ હોવાનું હજી મન સ્વીકારતું ક્યાં હતું — પૂરેપૂરું ? પણ છતાં કોઈકવાર, ભૂલભૂલમાં, એવો વિચાર તેને આવી જતો ત્યારે લગ્નજીવન અંગેનો તેનો પોતાનો ખ્યાલ તેને જાણવા મળતો. તેનો ખ્યાલ હતો કે, કોઈ પણ દમ્પતિ વચ્ચે જ્યારે લાગણીઓનું ઘર્ષણ તુમૂલ બની જાય; ઝંઝાવાત બની જાય ત્યારે પરિણામ વિનાશક જ આવે. એ બન્નેનું જીવન પછી સ્વાભાવિક, સાહજિક માર્ગે આગળ વહી શકતું જ નથી. કાં તો છૂટા પડી જવું, કાં તો બે ભિન્ન, અજાણ્યા જણ બની જવું; ત્રીજું કંઈ નિપજી શકતું જ નથી તેમાંથી; બન્ને વચ્ચે કોઈ સમાન ભૂમિકા સર્જાઈ શકતી જ નથી; બલ્કે, અગાઉ કોઈ એવી ભૂમિકા હોય તો પણ નષ્ટ થઈ જાય છે....

પણ તેનો એ ખ્યાલ ગલત હતો; કમસેકમ, તેને અને ઉદયભાણુને

લાગતુંવળગતું હતું એટલા પૂરતો તો, બેશક, ગલત ખ્યાલ હતો તેનો. તેનું કારણ કદાચ એ હતું કે પહેલાં તેમના વચ્ચે — સમાન તો શું ? — કોઈ ભૂમિકા જ ક્યાં હતી ? એટલે કોઈ પડી ભાંગેલી ભૂમિકા તેમણે પુનઃ સાધ્ય કરવાની નહોતી. સાધ્ય કરવાની હતી માત્ર ઉપર ઉપરની નમ્રતા — સમજણભરી નમ્રતા....ગમે તેમ, તેની અને ઉદયભાણુની રોજીંદી જિંદગીમાં કોઈ ફરક પડેલો જણાતો નહોતો — દિવસ પછી દિવસ વીતતો જવા છતાં.

હા, ઉદયભાણુ હવે વાતવાતમાં તેને ચીડવતો નહોતો. મર્માળું, વ્યંગભર્યું બોલીને તેને તંગ કરતો નહોતો. એકદમ શાંત એકદમ નિરુપદ્રવી બની ગયો હતો. અને હવે, કોઈક ઓચિંતી પળે, કંઈક વિચિત્ર રીતે રિષભાને જાણે કંઈક ખૂટતું હોય તેમ લાગી જતું હતું. તેની ઇચ્છાની ઉપરવટ, ક્યારેક તેને યાદ આવી જતું હતું કે, ઉદયભાણુનું એ ધિક્કાર પાત્ર લાગતું, માર્મિક — વ્યંગભર્યું બોલવું, તેની અનિચ્છાની ઉપરવટ, ક્વચિત્ તેને હસી જવાની ફરજ પણ પાડતું હતું. ઉદયભાણુનાં એ વચનો તેમની વચ્ચે ભલે ઉષ્મા નહોતા પ્રગટાવતાં, પણ એક ખાસ પ્રકારના તેજના ચમકારા તો વેરી જતા'તા. હવે જાણે તેની ખોટ પડી ગઈ હતી.

ત્રણ-ચાર દિવસ તેણે પોતાના 'કુટુંબ'ને મળવા જવાની ઇચ્છાને રોકી રાખી. કયા વિચારથી રોકી રાખી તેની પૂરી ખબર તેને નહોતી. અકળ મન ઊંડેઊંડે ક્યારે કેવી ગડીઓ વાળતું હોય છે, કેવી ગડીઓ ઉકેલતું હોય છે — કોને ખબર હોય છે ? પિયર જવાનું તે કદાચ એટલા માટે ટાળતી હોય કે, તેથી સૌને એમ લાગે કે પોતાના ઘરમાં હવે બરાબર ગોઠવાઈ ગઈ હતી અથવા એમ માનીને ન જતી હોય કે ત્યાં જવાથી વળી અવનવા ને અટપટા સવાલ–જવાબમાં ઉતરવું પડશે; સમસ્યાઓ પેદા થશે...

પણ આખરે જે દિવસે તેણે જવાનું નક્કી કર્યું ત્યારે

ઉદયભાણુને ધૈવતની કૉલેજ અંગે હવે વ્યવસ્થા કરવાનું કહેવાનું પણ નક્કી કર્યું. પણ વાત કરતા, જ્યારે એ કહેવાની ઘડી આવી ત્યારે તેને લાગ્યું કે ધૈવતના નામનો ઉલ્લેખ કરવાની પણ હિંમત જાણે તે કરી શકતી નહોતી — અજબ! ઉદયભાણુને તે માત્ર એટલું જ કહી શકી :

'આજે હું પપ્પાને ત્યાં મળવા જવાની છું.'

'એમ ?' ઉદયભાણે કહ્યું : 'ખુશીથી જા. પણ હું સાથે ન આવું તો નારાજ ન થઈશ. મારે આજે કલેક્ટરની ઑફિસે જવું પડે તેમ છે. કેસની મુદત છે.'

'કંઈ વાંધો નહિ. હું જઈ આવીશ,' રિષભાએ કહ્યું. આ ટૂંકી વાતચીતમાં પણ બન્ને પક્ષે જે સભાન સાવધતા દેખાઈ આવતી હતી તે જોતાં સ્પષ્ટ લાગતું હતું કે, બન્ને જણ સાથે ત્યાં જાય એવું એક પણ જણ ઇચ્છતું નહોતું. બન્ને વચ્ચે ઉકળતા ચરુની ત્યાંના લોકોને જાણ થઈ જવાની દહેશત હતી.

રિષભા ઘેરથી નીકળી ત્યારે વિચારી રહી હતી કે, પિયંકા અત્યારે સ્કૂલમાં હશે એટલે ધૈવત સાથે શાંતિથી વાત કરવાનો અવકાશ મળી રહેશે.

પણ ઘરમાં પગ મૂકતાં પહેલો ભેટો મસ્તાનીનો થઈ ગયો. આંગણામાં જ ચટ્ટાઈ બિછાવીને તે સ્કેચ દોરી રહી હતી. રિષભાને જોતાં જ તે ઝટપટ ઊભી થઈ ગઈ અને ડહેલી સુધી દોડી આવી.

'અરે, રિષભા! કેટલા દિવસે આવી!' કહેતાં તેણે રિષભાને લગભગ બાથ ભરી લીધી: 'હું તો એ જ રાહ જોતી હતી કે અહીં આવવાનું મન તને ક્યારે થશે! વર ને ઘર એટલાં બધાં ગમી ગયા? થોડાક કલાક પણ છોડાતાં નથી?'

'એ વાત જવા દે. મારે તારી સાથે જરૂરી વાત કરવાની છે,'

રિષભા બોલી. અગાઉ કદી તે મસ્તાની સાથે આટલી અકડાઈથી બોલી નહોતી.

'જે કરવી હોય તે વાત કર,' મસ્તાનીને જાણે તેની અકડાઈ સ્પર્શી જ નહિ. તેણે કહ્યું : 'અત્યારે આપણે એકલાં જ છીએ. ચાલ, ત્યાં બેસીએ. તું વાત કરતી જા, હું સ્કેચ દોરતી જઈશ — અને સાંભળતી જઈશ.'

'બીજા બધા ક્યાં છે?' તેની સાથે ડગલાં માંડતાં રિષભાએ પૂછ્યું.

'ધૈવત નોકરી પર —'

'હા, બરાબર! અને પપ્પા?'

'પપ્પા તો મુંબઈ ગયા.'

'મુંબઈ? શા માટે?'

'શા માટે?' ખભા ઉલાળતાં મસ્તાનીએ કહ્યું : 'તને ખબર નથી? બરાબર, તને ખબર નહિ જ હોય; પણ પપ્પા તો હવે પૂરબહારમાં જીવવા લાગ્યા છે. નાણાંકોથળી સજીવન થઈ ગઈ ત્યારથી ભરપૂર આનંદ માણવા લાગ્યા છે, જુદા જ માણસ બની ગયા છે, રિષભા! બાકી મુંબઈમાં તેમને કંઈ કામ નહોતું.'

મસ્તાની તેના અસલ ખુશહાલ વાતોના મૂડમાં આવી ગઈ. પણ રિષભા એવા મૂડમાં નહોતી. આડીઅવળી વાતો છોડીને તેણે સીધી જ મુદ્દાની વાત છેડી.

'મસ્તાની, ઉદયભાણુ વિષે બધી જ જૂઠી વાતો તેં મને શા માટે કરી હતી? બોલ!'

'જૂઠી વાતો?'

'અજાણી ન બન, મસ્તાની. મારું કહેવાનું તું બરાબર સમજે છે — મને ખબર છે. જૂઠી વાત એ કહી હતી તેં કે, તું તેની સાથે વેનિસ ભાગી જવાની હતી. ને આડકતરું એવું જ ચિત્ર ઊભું

કર્યું હતું કે તારે તેની સાથે — તેની સાથે તારે એવો સંબંધ બંધાઈ ચૂક્યો હતો. સચ્ચાઈનો એક અંશ પણ ન હોય એવી એ વાત તેં મને શા માટે કહી હતી, મસ્તાની?'

'મેં એવું કહ્યું જ નથી કે મારે તેની સાથે સંબંધ બંધાઈ ચૂક્યો હતો! ઊલટી, હું તો તને ભારપૂર્વક કહેતી હતી કે મારે એવો સંબંધ તેની સાથે નથી!'

'પણ તું જે કહેતી હતી — જેવી રીતે કહેતી હતી — તેનો અર્થ એ જ થતો હતો કે તું તેની ભાગી જવાની તૈયારીમાં જ હતી; એટલું જ નહિ, એમ કરતાં તને કોઈ રોકી શકે તેમ પણ નહોતું —'

'એ વાત સાચી. મને કોઈ રોકી શક્યું ન હોત — જો એ જ રસ્તો મારે માટે અનિવાર્ય બન્યો હોત તો!'

'પણ મસ્તાની, બેવકૂફ!' રિષભાના મગજનો પારો અધ્ધર ચડવા લાગ્યો: 'તારી ને તેમની વચ્ચે એક શબ્દ જેટલી વાતચીત થઈ નહોતી કદી! જે હતું એ બધું તારી બેહુદી કલ્પનામાં હતું, તારી અપેક્ષાઓમાં હતું — હકીકતમાં કંઈ જ નહોતું. છતાં — છતાં મારી પાસે તું એવી રીતે બોલી જાણે બધી ગોઠવણ થઈ ચૂકી હોય! આ બાબતની એક રજ જેટલી યે જાણ ઉદયભાણને નહોતી છતાં તે બધું જાણતા હોય એવી રીતે તું મારી પાસે બોલી! શા માટે?'

'કારણ કે, મને લાગતું હતું કે મારી વાતમાં તેને સંમત બનાવવામાં મને મુશ્કેલી નહિ પડે.' મસ્તાની સહેજ ઊંચા અવાજે બોલી ગઈ, અને પછી તરત જ ધીમા અવાજે કહ્યું: 'મને માફ કરજે — અત્યારે, આપણે એ જાણીએ છીએ કે, હવે એ તારા પતિ છે; ને તેમના વિષે આવી વાત આપણે કરી રહ્યા છીએ!'

'તેને સંમત કરવામાં તને મુશ્કેલી પડી હોત — એક લાખને

એક ટકા તેમાં તું ફાવી ન જ હોત!' રિષભા મક્કમ અવાજે બોલી ગઈ. (રિષભા પોતે નારાજ હતી, ક્રોધે ભરાયેલી હતી ઉદયભાણ પર. છતાં અત્યારની ઘડીએ તો તેને પણ લાગ્યું કે, આ મુદ્દા પર તેણે ઉદયભાણનો પક્ષ લેવો એ ન્યાય હતો!)

'તારો એ અભિપ્રાય હોઈ શકે: મને લાગે છે કે, આ બાબત અભિપ્રાયની બાબત છે.'

'ખેર, ભલે એમ હોય. હવે તું એ કહે કે ઉદયભાણ સાથે લગ્ન કરવાનો મારો નિર્ણય મેં તને જણાવ્યો ત્યારે પહેલો કયો વિચાર તને આવ્યો હતો? કયા વિચારથી તું ચૂપ રહી હતી? હું તને બધું ખૂલ્લા દિલે કહેતી હતી. ખૂલ્લા દિલે જ મેં તને કહી દીધું હતું કે હું તેની સાથે લગ્ન કરવાની હતી — લગ્નનું કારણ પણ મેં કહી દીધું હતું. ત્યારે પણ તેં એવો હરફ સુધ્ધાં ન કાઢ્યો કે એ કારણનો એક હિસ્સો તો બિનપાયેદાર હતો... મસ્તાની, તને હું સમજી જ શકતી નથી! એવી અતિશય નાજુક ઘડીએ, ખરેખરી કટોકટીની ઘડીએ પણ તું ચૂપ કેમ રહી શકી? સત્ય કેમ છૂપાવી રાખ્યું તેં?'

'તું કશું પૂરેપૂરું યાદ રાખી ન શકે તેમાં હું શું કરું?' મસ્તાનીએ ઠંડકથી કહ્યું: 'મેં તો તને સીધેસીધું જ પૂછ્યું હતું કે આ લગ્ન તું મારે લીધે કરી રહી છે? અને તેં ના કહી હતી.'

'મેં — ના કહી હતી?' રિષભાથી પૂછાઈ ગયું — એ પ્રશ્ન મસ્તાનીને નહિ, કદાચ, પોતાની જાતને પૂછાઈ ગયો. સખત કશ્મકશના એ દિવસોમાં પોતે કોની પાસે, ક્યારે, શું બોલી ગઈ હશે?...

'હા, તેં કહ્યું હતું કે, તું મારા લીધે જ નહિ, બીજી ઘણી બાબતોને લીધે ઉદયભાણ સાથે લગ્ન કરી રહી હતી. તારા કહેવા પ્રમાણે તો તું તેને પસંદ પણ કરતી હતી — ચાહતી હતી.'

થોડીવાર અટકીને ફરી તેણે આગળ કહ્યું : 'ત્યારે જ જો તેં મને કહ્યું હોત કે આ લગ્ન પાછળ મને બચાવી લેવાનો ઇરાદો મુખ્ય છે, તો હું માનું છું કે મેં સ્પષ્ટતા કરી દીધી હોત.'

'તું એવું માને છે ખરી ?' રિષભાને લાગ્યું તેણે જાતે જ ગૂંચવાડો પેદા કર્યો હતો. તેની બુદ્ધિ હવે ગૂંચવાવા લાગી, જાણે હાર કબૂલવા લાગી. કપાળ પર જોરથી હથેળી ઠપકારતાં તે અકળામણભર્યું, કડવાશભર્યું બોલી : 'ભલે, એ પણ બહુ સારી વાત જાણવા મળી !'

મસ્તાનીએ તેની ચળકતી આંખો ઠીકઠીક વાર સુધી રિષભા પર ઠેરવી રાખી અને પછી ધીરેથી પૂછ્યું :

'રિષભા, તેં જે કંઈ કર્યું એ બધું લગભગ બીજાને ખાતર જ કર્યું, તારે પોતાને ખાતર ખાસ કંઈ જ નહિ, ખરું ?'

'મારે પોતાને ખાતર ?' રિષભા ગણગણી : 'ના, કંઈ જ નહિ. મારે પોતાને ખાતર કંઈ શી રીતે કરી શકતી હતી ?'

'એ જ તારી ભૂલ હતી, રિષભા. માણસ જે કંઈ કરે તેનો એક ચોક્કસ હિસ્સો તો તેને ખાતર કરાયેલો હોવો જોઈએ. તારે પણ એમ જ કરવું જોઈતું હતું. આખરે, આ દુનિયામાં આપણે એકલા જ એવી વ્યક્તિ હોઈએ છીએ જે આપણી ઇચ્છાઓ ને જરૂરિયાતોને સૌથી સારી રીતે સમજી શકતી હોય.' સહેજ અટકીને તેણે પૂછ્યું : 'ખોટી વાત છે ?'

'દરેક બાબતમાં, દરેક વખતે તું આ રીતે જ વિચારતી હોય છે, મસ્તાની ?'

મસ્તાનીએ હકારમાં માથું હલાવ્યું, અને બોલી :

'આ લગ્ન તું તારી કેટલી સ્વેચ્છાથી કરી રહી હતી તેની પૂરી ખબર મને નહોતી. મને માત્ર એટલી ખબર હતી કે, આ લગ્ન જો તું કરવાની હોય તો તેનું ફળ મારા માટે અદ્ભુત હશે

—માત્ર મારા માટે જ નહિ, અમારા સૌને માટે અદ્ભુત હશે; સૌના દિનમાન પલટાઈ જશે. એ વાત ચોક્કસ કે, આ લગ્ન કરી લેવા મેં તને કદી પ્રેરી ન હોત — આડકતરી યે આંગળી ચીંધી ન હોત. પણ તું જાતે જ, સ્વેચ્છાપૂર્વક એ કરી રહી હતી એટલે એમ માનવામાં વાંધો ન ગણાય કે, તું પોતે પણ તેમાંથી કંઈક લાભ — અથવા કહો કે, કંઈક મઝાની અપેક્ષા રાખતી હશે. એટલે પછી મારે વગર જોઈતી સ્પષ્ટતાઓ કરીને તારી ગોઠવણો ડહોળી નાખવાની જરૂર શી હતી ?'

'તું જાણે છે —' રિષભા બોલી ઊઠી : 'તું બરાબર જાણે છે કે, મારી એવી કોઈ ગોઠવણો હતી નહિ — હોઈ શકે જ નહિ... ઉદયભાણની હું આટલી અમથી યે દરકાર કદી કરું નહિ—'

મસ્તાનીએ ગળામાંથી એક વિચિત્ર અવાજ કર્યો, ખભા ઉછાળ્યા અને ચૂપ થઈ ગઈ.

૨૪

બે-ચાર લાંબી ક્ષણો સુધી એકબીજીની સામે તાકીને બેસી રહેલી બહેનોમાંથી મસ્તાની પહેલી બોલી; અવાજ સ્વસ્થ, ઠાવકો, દુનિયાદારીભર્યો હતો :

'ભલે, તું એમ માન્યા કર. કોઈને કંઈ માનતું અટકાવી દેવાનું કામ બીજા કોઈનું હોતું નથી. હું તને અટકાવવા માગતી નથી. પણ તારા સિવાયના બીજા લોકો શું માને છે એ કહેવા તો માગું જ છું. બીજા લોકો જેને ખૂબ જ ધ્યાનમાં લે એવી મોટી બાબત એ છે કે ઉદયભાણ પાસે અઢળક પૈસો છે. તું એમ માનતી લાગે છે કે તું દુનિયાના બીજા લોકો કરતાં જુદી છે, દુનિયાદારીથી પર છે. ભલે, એમ માન. તેમાં વાંધો નથી. પણ હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આટલો ધનવાન પતિ તેની પત્નીને મન તો એક જબરજસ્ત મૂડી બની રહે! આની તું ના નહિ કહી શકે — કહી શકશે? વાત એટલેથી પૂરી થઈ જતી નથી. ઉદયભાણ તારી પાછળ પાગલ છે — ભલે, એ બતાવવાની તેની રીત નીરાળી હોય... મને લાગે છે કે, કોઈ પણ સ્ત્રી માટે એ એક જબરજસ્ત આકર્ષણ બની રહે. કોઈ પણ સ્ત્રી, મોટાભાગની એકેએક સ્ત્રી, આવો પતિ મળતો હોય તો, કૂદીને તૈયાર થઈ જાય; ભરપૂર ખજાના જેવો માણસ હોય, વળી તમારી પાછળ પાગલ હોય તો પછી — તેનામાં બીજું ખાસ કોઈ ચુંબકત્વ ન હોય તો પણ — તેની ચુંદડી ઓઢી લેવા તૈયાર થઈ જાય!'

રિષભાએ તે સાંભળ્યું. સારી રીતે સાંભળ્યું, પણ કંઈ જવાબ ન આપ્યો. મસ્તાનીએ કદાચ, માન્યું કે, પોતે વસ્તુસ્થિતિ બરાબર સ્પષ્ટ કરી દીધી છે. હવે આગળ વિચારવાનું કામ તેનું નથી. એટલે તેણે સ્કેચ દોરવાનું શરૂ કર્યું — ચૂપચાપ. રિષભા જમીન ઉપરથી ઝીણા, કુમળા ઘાસનાં તણખલાં, એક પછી એક, તોડતી ગઈ અને તેની નાનકડી ઢગલી કરતી ગઈ. મનમાં હજી ઘણું ભરેલું હતું. ઘણા પ્રશ્નો પૂછાવા માટે પડાપડી કરી રહ્યા હતા. એકાએક તેણે મસ્તાની સામે મોં ફેરવ્યું અને પૂછ્યું :

'ઉદયભાણે તને શું કહ્યું હતું?'

'ક્યારે?'

'તે દિવસે આપણા ઘેર આવ્યા ત્યારે. સાંજે તમે બન્નેએ અમારાથી આગળ નીકળી જઈને વાત કરી ત્યારે.'

'ઓહ, એ! ત્યારે અમારે એકબીજાને કહેવાનું ખાસ કંઈ હતું જ ક્યાં? પણ મને લાગે છે રિષભા, કે તે અને હું એક જ ભાષા બોલીએ છીએ. એ ભાષા તારી ભાષા કરતાં જુદી છે. મારી જેમ તે પણ માણસની ખામીઓ શોધનારા માણસ છે.'

'હરગીઝ નહિ,' રિષભા, જાણે અજાણે પણ બોલી ઊઠી : 'એવો એમનો સ્વભાવ હરગીઝ નથી. તેમના વિષે સાચું કહેવું હોય તો એમ કહેવું જોઈએ કે, મિજાજથી રોમેન્ટિક હોવા છતાં અનુભવે તેમને દોષદર્શી બનાવેલા છે.'

'તારો અભિપ્રાય છે આ?' મસ્તાની મર્માળું હસતાં બોલી : 'કહેવું પડશે કે, તારી વાત તદ્દન સાચી છે. હવે તારે એ જાણવું જોઈએ કે, આખી વાતને તેમણે બિલકુલ હળવાશથી જ લીધી હતી. મને જરાક ચીડવતાં તેણે માત્ર એટલું જ કહ્યું કે, 'મસ્તાની, મારી તરફેણનાં તેં જે જબરજસ્ત ભૂમિકા સ્વેચ્છાએ ભજવી છે તેથી હું સ્તબ્ધ થઈ ગયો છું.' તેની સામે મેં તેમને કહ્યું કે મેં તેમના

વિષે આવું બધું ધારી લીધું તેથી માઠું ન લગાડે. તો જવાબમાં તેમણે કહ્યું કે —'

'કે, ઊલટો એમણે તારો આભાર માનવાનો હતો!' રિષભા વચ્ચે બોલી ઊઠી — તે દિવસે સાંજે, સહેજ દૂરથી ઉદયભાણુ અને મસ્તાનીની દિશામાંથી ઊડીને તેના કાને પડેલા શબ્દો તેને યાદ રહી ગયા હતા.

'હા, લગભગ એવું જ.' મસ્તાનીએ માથું હલાવ્યું.

'ઉફ્! તમારા બન્ને માટે મને ધિક્કાર કેમ છૂટતો નથી — સમજાતું નથી!' રિષભા ગણગણી.

'ધિક્કાર નથી છૂટતો, રિષભા?'

'ના, તારા માટે ધિક્કાર નથી છૂટતો — છૂટી નથી શકતો. તું મારી બહેન છે.'

'ઉદયભાણુ તારા પતિ છે,' મસ્તાનીએ જાણે યાદ દેવરાવ્યું. પણ રિષભાએ ઉત્તર ન વાળ્યો.

થોડીવાર રહીને મસ્તાનીએ પૂછ્યું: 'આ બધી ખબર તને કેવી રીતે પડી? ઉદયભાણુ તો એ તને કહેવાની મૂર્ખતા ન જ કરે.'

'ના, પ્રિયંકા બોલી ગઈ.'

'હા, પ્રિયંકા એવી ખરી...ઉદયભાણુને ખબર છે?'

'શાની?'

'કે તેં આ બધું પ્રિયંકા પાસેથી જાણી લીધું છે?'

'હા. ત્યારે એ હાજર જ હતા. પ્રિયંકાના મોઢે બધી વાત તેમણે સાંભળી છે.'

'અને છતાં પ્રિયંકાને અટકાવી દેવા એ કંઈ કરી શકયા નહિ?... બહુ નબળા માણસ ગણાય!'

રિષભા કંઈ બોલી નહિ, ઓચિંતું એક તીવ્ર, ધારદાર ભાન તેના મનમાં જાગી રહ્યું હતું — ઉદયભાણુના મનમાં ત્યારે કેવું

થયું હશે? જેની નીચે ભારે કાળજી ને જતનપૂર્વક તેણે પોતાનાં સપનાં ઢબૂરી રાખ્યા હતાં એ આવરણુના જ પ્રિયંકા લીરેલીરા ઊડાડી રહી હતી, એ જોઈ કેવી હાલત થઈ હશે તેની? પકડાઈ જવાનું, ઉઘાડા પડી જવાનું કોઈને ય ગમતું નથી. પણ તેમ છતાં ન્યાયની દેવી, આંખે પાટા હોવા છતાં, રસ્તો કરી લે છે. કેવી ભયંકર હિણુપત અનુભવવી પડી હશે તેને? પણ એની જરૂર હતી તેને. જે થયું તે જ બરાબર છે — ભલે થયું!

'તો તો પાછળથી તમારે ચકમક ઝરી હશે, નહિ?' મસ્તાનીએ પૂછ્યું.

'બધા જવાબ તને નહિ મળે,' રિષભાએ વાત કાપી અને ઊભી થઈ ગઈ. બોલી: 'હું ધૈવતને મળવા જાઉં છું. રસ્તામાં તેને મળી જઈશ. પછી અમે સાથે પાછા આવશું.'

'તેને આવવાને હજી વાર છે,' મસ્તાનીએ કહ્યું, પણ રિષભાને રોકવાનો પ્રયત્ન ન કર્યો: 'ચા–નાસ્તા માટે ઘેર તો આવીશ ને?'

'હા, હા. આવીશને!'

'તો બરાબર,' મસ્તાનીએ કહ્યું અને પછી ગંભીરતાપૂર્વક ઉમેર્યું: 'આખરે તો બધું બરાબર થઈ જ જતું હોય છે; સારી રીતે થાળે પડી જતું હોય છે, રિષભા, તારી જગ્યાએ હું હોઉં તો તેની ચિંતા ન કરું.'

'હા, મને પણ ખાતરી છે — તું ચિંતા ન જ કરે,' રિષભાએ રુક્ષ અવાજે કહ્યું; અને જવા માટે મોં ફેરવ્યું ત્યારે હોઠ પર એક આછું સ્મિત પરાણે ફરકી ગયું.

ઘરમાંથી નીકળીને રિષભાએ ઝડપી પગલે શેરી ઓળંગી, અને ગામની બહાર ધોરી રસ્તા પર આવી ગઈ. ધૈવત એ રસ્તે ઘેર આવતો. થોડુંક ચાલીને તે એક નાના લીમડા નીચે ઊભી રહી

ગઈ. વગડાની ચોપાસ ખૂલી મોકળાશમાં સરસરાટ વહેતી સરસ હવામાં તેણે મનને શાંત રાખવા — વિચારોથી દૂર રાખવા પ્રયત્ન કર્યો. લીમડાના થડનો ટેકો લઈ તે સહેજ ઢળતી ઊભી રહી અને દૂર દેખાતા, પાકેલ મોલાતથી લહેરાતા ખેતરો જોઈ રહી. મનમાં બેળેબેળે થોડીક પ્રસન્નતા જાગવા લાગી. લીલાંછમ ખેતરોને ફરતી પીળચટ્ટી વાડમાં ઊગી નીકળેલા જંગલી વેલા પર સફેદ, ગુલાબી, પીળાં, જાંબુડિયા ફૂલ ખીલી નીકળ્યાં હતાં. આસપાસ ઘાસમાં ભરાઈ રહેલાં તરેહતરેહનાં જીવડાંનો એકધારો અવાજ કાનમાં ઠલવાતો જતો હતો — ત્રમ્ ત્રમ્...ચર્ર્ર્ર્...ચક્ચક્.... ખૂલ્લા, વિશાળ વગડાની શાંતિ જાણે ધીમે ધીમે મનમાં પ્રવેશતી જતી હતી.

ત્યાં જ અચાનક મનમાં એક જોરદાર આમળો આવ્યો — શાંતિ ડહોળાઈ ગઈ — જે ખેતરો સામે તે મીટ માંડીને તાકી રહી હતી એ તો ઉદયભાણનાં ખેતરો ! એ જ ખેતરો જેને 'તારાં જ ખેતરો', કહીને તે દિવસે તે હસ્યો હતો...અવશ બનીને પોતે લગ્ન કરવા તૈયાર થઈ તે દિવસે...!

ઘણા લાંબા સમયે, પહેલીવાર મનમાં ભેગા થયેલ થોડાક આનંદનો ઘણો ભાગ પાછો ઊડી ગયો. અને તેની ખાલી પડેલી જગ્યામાં, ભવિષ્યમાં ડાચું ફાડીને સામે ખડી થનાર મુશ્કેલીઓના વિચારો ભરાવા લાગ્યા,

ખેર, ગમે તેમ, પણ તેણે ધૈવતને તો મળવું જ હતું. એ મુલાકાત તેને માટે થોડીક પણ આનંદપ્રદ નીવડી શકે તેમ હતી. કારણ કે, ધૈવતને તે એક આનંદદાયક વાત કહી શકવાની હતી — ધૈવતે હવે કોઈની ય ગુમાસ્તાગીરી કરવાની જરૂર નહોતી. હવે પોતે — અને ઉદયભાણે — તેને એન્જિનિયર બનાવી દેવાનું તમામ આયોજન કરી નાખ્યું હતું. એન્જિનિયર બનવાની તેની એક માત્ર ખ્વાહિશ હવે ચોક્કસ પૂરી થવાની હતી.

અને એ માટે પોતે ઉદયભાણ સાથે સોદો પાકો કરી ચૂકી છે એ વાત ધૈવત કદી જાણવાનો નહોતો એ સારું હતું. એ ખરેખર સારું હતું કે ધૈવત સરળતાપૂર્વક, સફળતાપૂર્વક એન્જિનિયર બની જાય. વિચિત્રતાઓના આ અડાબીડ જાળામાંથી જો કોઈ એકાદ સારી ચીજ નિપજી શકે તેમ હોય તો તે એ જ હતી — ધૈવતની એન્જિનિયર બનવાની મહેચ્છા પૂરી થાય...

અને ધૈવત માટે — બીજા બધાને માટે પણ — ઉદયભાણ જે કરી રહ્યો હતો તેની કિંમત ઉદયભાણે લેવી જ પડશે. પોતાની સાથે આટલું સંપૂર્ણ છળ રમી જનાર એ માણસના એક પણ અહેસાન નીચે હવે પોતે કદી રહેવાની નથી. ઉદયભાણ ભલે ગમે તેમ સમજાવે. પોતે લગ્ન કર્યા એટલ થી જ ભલે પિતાના દેવાની ચૂકવણી ભરપાઈ થયેલી ગણાવે. મસ્તાનીની બાબતને ભલે પોતાની સાથે કોઈ સંબંધ ન હોવાનું ગણાવે. પણ ધૈવત ?... ધૈવતની બાબત તો પોતે બિલકુલ સ્પષ્ટ કરી નાખેલી છે. સોદાની શરતો ચોખ્ખી કરી નાખેલી છે. ધૈવતના અભ્યાસ માટે ઉદયભાણે પૈસા ચૂકવવા, ને પૈસાનું વળતર પોતાની પાસેથી વસૂલ કરવું — પતિ તરીકેના હક્ક ભોગવીને ! એ હક્ક ભોગવવા જ પડશે તેણે ! સાથે સાથે તેને એ જ્ઞાન પણ થતું જશે કે તે જે મેળવી રહ્યો છે તે તેને સખત નફરત સહિત આપવામાં આવી રહ્યું છે. ત્યારે તેની હાલત કફોડી કરી શકાશે. છળકપટથી મેળવેલી જીતના તેના આનંદને ત્યારે જ ધૂળ ફાકતો કરી શકાશે...જે પામવા માટે તેણે આટલું બધું, આટલી હદ સુધી કર્યું તે પામવા છતાં, પામ્યાનો રતીભાર આનંદ પણ તેને ન રહે — એ જ તેની સજા છે !...

સખત પીડાભરી, તીવ્ર વેદનાભરી સજા ભોગવતા, ત્રાહિ-ત્રાહિ પોકારી ઊઠતા ઉદયભાણનું ચિત્ર તેની કલ્પનામાં દોરાયું. લઈ લેવા ધાર્યું હતું તે યુક્તિપૂર્વક તેણે લઈ તો લીધું હતું. પણ

તેની પાછળ કેટલો ધિક્કાર ભરેલો છે તેની જાણ તેને બરાબર ભાન કરાવશે કે એ 'લઈ લીધેલી' ચીજ જ તેના સુખનો નાશ કરી રહી છે!... અને હવે તે પાછો વળવા ઇચ્છે તો પણ પોતે વળવા દેશે નહિ. આ સોદો તેણે જ પોતાના પર ઠોકી બેસાડ્યો હતો. હવે એ પૂરો થવો જ જોઈએ — બન્ને પક્ષે. તો જ પોતે બદલો લીધો ગણાય...

વિચારો — લાગણીઓના ઘમસાણ વચ્ચે તેની નજર ઊંચી થઈ અને સામે, થોડે દૂર ચાલ્યા આવતા ધૈવત પર પડી ત્યારે એક છેલ્લો વિચાર આવીને પસાર થઈ ગયો — ઉદયભાણ પર બદલો લેવાનું પોતાનું સાધન પણ ધૈવત જ બની રહેશે; કેવું વિચિત્ર...

'અરે, રિષભા! ક્યારે આવી?' તેને જોઈને લગભગ દોડતો આવીને ધૈવત ઉમળકાભેર બોલી ઊઠ્યો.

રિષભાને પણ તેને જોઈને ખરેખર આનંદ થઈ આવ્યો, પેલા ભયાનક, વિચારો જાણે તળિયે બેસી ગયા. મનની સપાટી પર ખુશીભર્યો, સાચુકલો ઉમળકો તરી આવ્યો. સ્મિત ભરી આંખો વડે તેણે ધૈવતને આવકાર્યો.

'ઘેર જઈ આવી?'

'હા. અને પછી એમ થયું કે, ચાલને તને રસ્તામાં જ મળું. ચાલતાં ચાલતાં પાછાં ઘેર આવીશું.'

'સરસ. પણ રિષભા, ઘેર આવતાં પહેલાં મારે રસ્તામાં એક કામ કરવાનું છે.'

'કંઈ વાંધો નહિ. શું કામ છે?'

ધૈવત હોઠ બંધ રાખીને હસ્યો: 'આજે હું દુકાનનો ડિલીવરી-બૉય પણ બન્યો છું! અસલી બોય રજા પર છે. શેઠે

કહ્યું કે, આ બોકસ રસ્તામાં ગ્રાહકને પહોંચાડતો જજે!'

રિષભા પણ હસી; અને તરત જ બોલી: 'ધૈવત, આ કંગાલ નોકરી હવે તારે કરવી નહિ પડે; બસ? આવી નોકરી પણ તેં આજ સુધી કર્યા કરી એ ઘણું છે. પણ હવે તાત્કાલિક છોડી શકાશે. હવે બધું બદલાઈ ગયું છે, સમજ્યો? હવે તને એન્જિનિયર બનતાં રોકી શકનાર કોઈ ચીજ રહેતી નથી...મને ખાતરી છે, તું એક શ્રેષ્ઠ એન્જિનિયર બનશે. ખરેખર, આજે મારો આનંદ અવર્ણનીય છે?'

તે બોલતી બંધ થઈ, અને એક નાનકડું મૌન બન્ને વચ્ચે પથરાઈ ગયું. આખરે, ધૈવત બોલ્યો:

'મને બરાબર સમજાયું નહિ,'

'અરે, હા! સાચું છે. મેં બરાબર સમજાવ્યું જ નથી; એટલે તને ક્યાંથી સમજાય?' કહેતાં રિષભા હસી: 'પણ હું જરા વધારે ઉત્સાહમાં હતી. હવે સાંભળ. આપણા કુટુંબને સુખી કરવા માટે હું જે કંઈ કરવા માગું તેમાં ઉદય સંમત છે. અને બીજી કોઈ પણ ચીજ કરતાં વધારે હું ઇચ્છું છું કે તારી કારકિર્દી બનાવવાની ખ્વાહિશ પૂરી થાય. આ વાત મેં તેમને સ્પષ્ટ જણાવી છે અને તે પણ ઇચ્છે છે કે તારી મહેચ્છા પૂરી થવી જોઈએ. તેમના તરફથી, મતલબ કે, અમારા તરફથી તને એ ભેટ! અદ્ભુત ભેટ કહેવાય, નહિ? હવે, આવતી કાલથી જ તું દવાની દુકાનનો ગુમાસ્તો મટી જશે. જે જોઈએ તે બધું તને મળી જશે, અને એક દિવસ તું ઈલક્ટ્રોનિકસ એન્જિનિયર બની જશે... મને કેટલો બધો ગર્વ થશે ત્યારે!...'

ફરીવાર, તે બોલતી બંધ થઈ, અને એક નાનકડું મૌન બન્ને વચ્ચે પથરાઈ ગયું. આખરે ધૈવત બોલ્યો. અવાજ ધીમો, ભારે હતો:

'રિષભા, તને ખાતરી છે? ત્યારે તને મારા માટે ગર્વ થઈ શકશે?'

'કેમ નહિ? ચોક્કસ થઈ શકશે!' રિષભા બોલી, પણ કોઈક અજાણ દહેશતથી તેની જીભ થોથવાઈ ગઈ: 'તું આવું કેમ પૂછે છે, ધૈવત?'

'કંઈ નહિ,' માથું ધૂણાવતાં ધૈવતે કહ્યું: 'મને લાગે છે કે, હું એ સ્વીકારી નહિ શકું; સપનામાં પણ નહિ સ્વીકારી શકું!'

'પણ —' રિષભા વધારે થોથવાઈ ગઈ: 'મને આ સમજાતું નથી, ધૈવત. હું પોતે ઇચ્છું છું કે તું તે સ્વીકારે. ઉદય પણ એટલું જ ઇચ્છે છે...આમાં તને વાંધો શું છે?'

ધૈવતે તરત જવાબ ન આપ્યો. રિષભાનો હાથ પકડીને તેણે ચાલવાનું શરૂ કર્યું. થોડીવાર ચાલ્યા પછી તેણે ધીમા, ગંભીર અવાજે કહ્યું:

'રિષભા, ઉદયભાણને તું પ્રેમ કરતી હતી તેથી પરણી છે એ વાત ખોટી છે. બરાબર છે?'

રિષભા શું બોલે? જીભ જડ બની ગઈ.

ધૈવત આગળ બોલ્યો: 'હું જાણું છું, તું જુદા જ કારણે તેણે પરણી, તારે તેને પરણવું પડ્યું કારણ, તેં જોયું કે આપણે સૌ વિનાશના આરે આવીને ઊભા હતા અને કોઈના ઢગલો એક નાણાં મદદે ન આવે તો બિલકુલ ખતમ થઈ જવાના હતા. અમારા બધામાંથી ત્યારે કોની ચિંતા તને સૌથી વધારે હશે — શી ખબર, પણ મને લાગે છે કે સૌથી મોટી ચિંતા તને પપ્પાની હતી. એટલે તો હું તને ઝીણું કહી શકતો નહોતો. પપ્પાને તું દુનિયાની નજર સામે તબાહ થઈ જતા ને સંપૂર્ણ ભાંગી પડતા જીરવી ન શકે, અને મોટો ભોગ આપીને ય તેમને બચાવી લેવા તૈયાર થાય તો એ તારી પોતાની બાબત હતી — તારે એ જોવાનું હતું. કદાચ,

મારી પાસે તક હોત તો, મને લાગે છે કે, મેં પણ એવો જ વિચાર કર્યો હોત!'

થોડીવાર, વિચારોમાં તણાતો — અથડાતો હોય તેમ થોભી જઈને તે આગળ બોલ્યો: 'પણ આ પૈસા — ઉદયભાણના પૈસા સ્વીકારવા એ મારે માટે એક અસહ્ય ચીજ બની રહે રિષભા — અસહ્ય અને અકલ્પ્ય! તે એક દ્રોહ બની રહે — માત્ર તારો જ નહિ, આપણા આખા કુટુંબમાં 'સંબંધ' નામની જે એક માત્ર કિંમતી ચીજ છે તેનો એ દ્રોહ બની રહે.'

'પણ — પણ હું ખૂદ તારે માટે આ કરવા માગું છું,' રિષભા મોટેથી બોલવા ગઈ, પણ માત્ર ગણગણી શકી.

'જાણું છું,' ધૈવતે કહ્યું: 'પણ તું જાણે છે કે, મારી કારકિર્દીનું પણ આની સામે એટલું મહત્ત્વ નથી?'

'મહત્ત્વ નથી? તારી કારકિર્દીનું? ધૈવત, તું આ —'

'મારો મતલબ એ નથી, રિષભા. મારા સુખની તું આટલી ચિંતા કરે છે તેનું મહત્ત્વ ચોક્કસ છે — ઘણું મહત્ત્વ છે. પણ પ્રશ્ન તારી મારે ખાતર કંઈ કરી છૂટવાની ઇચ્છાનો નથી. તું મારે માટે કંઈક કરે એવી મારી ઇચ્છાનો પણ આ પ્રશ્ન નથી. પ્રશ્ન છે પ્રેમ અને આત્મસન્માનનો. આપણે સામાન્ય ઘરના લોકો, અલબત્ત, પ્રેમ અને આત્મસન્માન જેવી ચીજોની વાત કરી શકતા નથી. પણ એ બે ચીજો અવશ્ય હોય છે, એટલું જ નહિ, તે બહુ મહત્ત્વની હોય છે. ધારો કે, કોઈ એવા ભાઈની વાત તને સાંભળવા મળે કે જે પોતાની બહેનના અરમાનોની હોળી જેવા લગ્નમાંથી પણ અંગત લાભ ઉઠાવીને સુંદર કારકિર્દી બનાવી શક્યો હોય તો એ ભાઈ માટે તારા મનમાં કયો ભાવ જાગશે?... એ ભાઈ હું હોઉં કે એ બહેન તું હોય તેથી વાતની ધૃણાસ્પદતા ઓછી થઈ જતી નથી. હું તને — અથવા કહો કે, ઉદયભાણને — મારી કારકિર્દી

માટે પૈસા ખર્ચવા દઉં તો તેનો અર્થ માત્ર એટલો જ થાય કે, આપણા સંબંધમાંથી પેલી ખૂબ જ મહત્ત્વની ચીજોને મેં હણાવા દીધી છે.'

વાત રિષભાના મનમાં ઉતરે તે માટે સમય આપતો હોય તેમ થોડીવાર ચૂપ રહીને તેણે પૂછ્યું : 'મારી વાત સમજાય છે તેને ?

રિષભા બોલી ન શકી. તેને લાગ્યું, તેની અંદર કંઈક સખત સમસમી રહ્યું હતું, જોરથી ઉપરતળે થઈ રહ્યું હતું, તે સાચેસાચ ધીમે ધીમે ધ્રૂજી રહી હતી.

૨૫

શરીરમાં, પગથી માથા સુધી, ઊભરાની જેમ ચડીને ફેલાઈ રહેલી કંપારીમાંથી જાણે અવાજ ઊઠતો હતો; શબ્દો સંભળાતા હતા; આ જ વાત — ગઈ કાલે સાંજે, બરાબર આ જ વાત ઉદયભાણને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો તેણે ! જિંદગી, પરિસ્થિતિ, જે કંઈ હવે તેના હાથમાં હતું તેમાંથી તે માત્ર એટલું નિપજાવવા માગતી હતી કે ધૈવતની મહત્ત્વાકાંક્ષા બર આવે, કલ્પના મુજબનું જીવન મેળવ્યાનું સુખ તેને મળે. ઉદયભાણ સાથેનો કદરૂપો અળખામણો સોદો સાવ એળે જાય તે કરતાં આ એક સારી ચીજ તેમાંથી નિંપજે તો યે બસ —

આખરે તે બોલી : 'પણ ધૈવત, તો પછી તું કરીશ શું ?' અત્યારની તારી આ હાલત માટે તને નફરત નથી થતી ? જેને તેં હંમેશા ઇચ્છી હતી એ તક જ્યારે સામે ધરવામાં આવે છે ત્યારે મોં ફેરવી લેવાની મૂર્ખતા કેમ કરે છે તું ?'

તે પોતે પણ જાણતી હતી કે, ધૈવતને સમજાવવાનો આ માત્ર એક પ્રયાસ જ હતો; ધૈવતનો સ્વભાવ જોતાં, તેમાં ખાસ કંઈ વજન ન ગણાય.

ધૈવતે ખભા ઉછાળ્યા, અને બોલ્યો :

'હું શું કરીશ, એમ ? ભણીશ — જે ભણવાની લાયકાત હવે મારામાં રહી છે તે ભણીશ. હવે મને લાગે છે કે, મારે બહુ વહેલું

એ કરવું જોઈતું હતું. ખેર, હજી કંઈ મોડું નથી થયું. હવે નવા સત્રથી હું આઈ.ટી.આઈ.ની તાલીમ શરૂ કરીશ.'

'અરે, ધૈવત !'

'કેમ ? શું થયું ?'

'તારી મૂળ આશાઓ ક્યાં ને આ — આઈ.ટી.આઈ. ક્યાં? આ કંઈ જ ન ગણાય ધૈવત, કંઈ જ ન ગણાય !'

'જાણું છું, કંઈ જ ન ગણાય તેવી છતાં તે એક એવી ચીજ છે જે હું કેવળ મારા જ સાધનો અને શક્તિથી કરી શકું તેમ છું. હવામાં મહેલો બાંધવાના મેં બંધ કરી દીધા છે. બીજું કોઈ મારા માટે આટલું કરી આપે એ અપેક્ષાનો જ અંત આણી દીધો છે. હવે મને તે ખૂબ જ મૂર્ખતાભર્યું લાગે છે. હમણાં હમણાં મને એ વધુ ને વધુ ભાન થઈ રહ્યું છે, સમજણમાં વધુ ને વધુ તીક્ષ્ણપણે ભોંકાઈ રહ્યું છે કે, બીજું કોઈ આવીને તક મારા હાથમાં મૂકે તેની મેં રાહ કેમ જોયા કરી ? ખરેખર તો એવી તક ખપવી જ ન જોઈએ મને, દુનિયામાં અસંખ્ય લોકો પોતાની તકો બનાવી લે છે, ને મેળવી લે છે. હું પણ એમ કરી શકું; એમ જ કરવું જોઈએ. હું એમ ક્યારે કરી શકીશ તે ન કહી શકું; ખેર, પણ એટલું જરૂર કહી શકું કે તક ક્યાંકથી આવી મળે તેની રાહ જોતો હું બેસી નથી રહ્યો. આપણે સૌ એવી મિથ્યા રાહ જોઈ ચૂક્યા છીએ — દાયકાઓ સુધી; એ રાહે આપણને ક્યાં પહોંચાડયા ?'

રિષભા સ્તબ્ધ ઊભી રહી. જીભ જાણે સિવાઈ ગઈ. તેના પરેશાન ચહેરા સામે જોતાં ધૈવતે કહ્યું :

'શું થયું, રિષભા ?'

'કંઈ નહિ,' રિષભાએ કહ્યું : 'તારી વાત સાચી છે. હું એ બરાબર સમજું છું. પણ હું ઇચ્છું છું કે, તારી વાત ખોટી હોય ! તારા માટે બહુ સુંદર તક મેં બહુ મથીને તૈયાર કરી છે —'

'ધૈવત હસ્યો અને રિષભાનો હાથ પોતાના હાથમાં લીધો.

'રિષભા, એક પાયાની વાત હવે સમજ. કોઈની જિંદગીના પંથ પરથી મુશ્કેલીઓના બધા કાંટા-કાંકરા વીણી લેવાની તમને ગમે તેટલી ઇચ્છા હોય; કોઈના વતી તેની જિંદગી તમે જીવી શકતા નથી. માફ કરજે, તને કદાચ અત્યારે હું જુગજૂની ફિલસૂફી ડહોળતો લાગીશ, પણ સરયુબા સ્મશાનમાં જતાં જતાં જે પ્રહાર આપણી મૂર્ખતા પર કરતા ગયા છે તેણે મને જગાડી દીધો છે — વિચારતો કરી દીધો છે. અને એ રીતે, તેમણે તો આપણું સારું જ કર્યું ગણાય, નહિ ?'

રિષભા સહેજ હસી. ધૈવતના અવાજમાં આશાવાદ અને સ્વાશ્રયનો એ નવીન રણકો સાંભળવો તેને ગમ્યો પણ તેણે તૈયાર રાખેલી યોજનાઓનું શું ? જબરજસ્ત મથામણને અંતે તદ્દન તૈયાર થઈ ચૂકેલી એ યોજનાઓ પવનથી ઊડી જતી રેતીની જેમ...

'તો આ બાબત હવે કંઈ કહેવાનું —'

'ના, રિષભા. કહેવાનું હવે કંઈ જ રહેતું નથી — સિવાય કે, મારા માટે આટલું કરવાની તારી લાગણી બદલ આભાર !'

આભાર ! રિષભાના મનમાં પડઘો પડયો. આભાર ધૈવત માને કે ન માને — શો ફરક પડતો હતો ? કોઈનો ય આભારી બનવા હવે તે તૈયાર નહોતો !

બન્ને ઘર તરફ ચાલવા લાગ્યા. ધૈવતને થયું કે, રિષભાના ખબર-અંતર પૂછવાનું પણ રહી ગયું હતું આ બધી વાતોમાં. તેણે પૂછ્યું :

'હવે કહે, રિષભા. ત્યાં બધું કેમ ચાલે છે ? ઉદયભાણ કોઈ કુંવારી કન્યાની પ્રાર્થનાના જવાબ જેવો પતિ પુરવાર થઈ —'

'એ ઘણા સારા છે,' રિષભા વચ્ચે જ બોલી : 'અને ઘણા ઉદાર —'

ધૈવત હસ્યો.

'સારા – હે ?' તે બોલ્યો : 'કહેવું પડે ! આ શબ્દ ઉદયભાણુ માટે પહેલીવાર તેં જ વાપર્યો ગણાય.'

રિષભા સહેજ છોભીલી પડી ગઈ; જવાબમાં શું કહેવું એ જાણે સૂઝયું નહિ. ધૈવત અને તેની વચ્ચે સદાય એક એવી સમજ, પરસ્પરની એક એવી પિછાણુ રહી હતી કે, સત્ય સિવાય બીજું કંઈ તેને કહી ન શકાય. અને ઉદયભાણુ અને પોતાની વચ્ચે પ્રવર્તતું સત્ય કદી કોઈને કહી શકાય તેમ નહોતું. સિવાય કે, પતિ માટે વફાદારી એ સ્ત્રીનો ધર્મ છે; ને ઉદયભાણુ સમસ્યારૂપ પતિ હોવા છતાં, રિષભા પણુ એક સ્ત્રી છે. તેણે કહ્યું :

'મારી ચિંતા કરવા જેવું કંઈ નથી, ધૈવત. અમારે બધું ખૂબ જ સરસ ચાલે છે.'

'તો તો બહુ ખુશ થવા જેવું,' ધૈવતે કહ્યું; પણુ તેના ચહેરા પર જુદો જ ભાવ હતો. 'ખેર, હું માનું છું કે એ માત્ર તારી બાબત છે — તારી જ અંગત બાબત. પણુ તેં હમણાં જે કહ્યું એ સાચું માનવાનું મને ન કહીશ.'

ઘર આવી ગયું. અંદર જતાં રિષભાએ જોયું કે બાકીના બે જણુ, પ્રિયંકા અને પપ્પા પણુ ઘેર આવી ગયા હતા. હરસુખરાયે ભભકદાર છટામાં સ્નેહ પ્રદર્શિત કર્યો :

'અરે, દીકરા, ઊભી રહે. તને બરાબર નિરખવા દે.' બાકીના સૌને કદાચ થયું, લગ્નથી આજ સુધીના માત્ર નાનકડા ઈન્ટરવલમાં રિષભામાં શું એટલો ફેરફાર થઈ ગયો હતો કે ઓળખવી પણુ મુશ્કેલ થઈ જાય ?... પણુ ત્યાં જ હરસુખરાયનો અવાજ સંભળાયો :

'ગૃહિણીનો સ્વાંગ ખૂબ જચે છે તને; ખૂબ શોભી ઊઠે છે તું !' અને પછી ભરચક ઑડિયન્સ પર નજર ફેરાવતા હોય તેમ બધા પર એક ભરીભરી નજર ફેરવતા બોલ્યા : 'હું તો હંમેશા

કહેતો આવ્યો છું કે, સુખી દામ્પત્ય જેવી ઉચ્ચ અને ઉમદા ચીજ આ જગતમાં બીજી કોઈ નથી.'

કદાચ, બધા એ યાદ કરવામાં ચૂપ રહ્યા કે, હરસુખરાયે આ પહેલાં એવું ક્યારે કહ્યું હતું... આ પહેલાં એવું કહેવા જેવો કોઈ પ્રસંગ જ ક્યાં આવ્યો'તો કદી ?...

છતાં રિષભા હસી અને પ્રેમાળ પપ્પાને સધિયારો આપ્યો કે પોતાનું દામ્પત્ય ખરેખર ખૂબ સુખી હતું. ઓછું હતું તે પ્રિયંકાએ ટહૂકીને પૂરું કર્યું :

'હ, પપ્પા, મને ય એ ખબર છે. દીદીને અને જીજાજીને હું હમણાં જ તેમના ઘેર મળી છું. બે ય સુખી છે.'

બસ. એ સિદ્ધ થઈ ગયું કે રિષભા સુખી દમ્પત્ય માણી રહી હતી. હરસુખરાય તરત જ ઊભા થઈ ગયા અને સ્ટડીરૂમમાં ચાલ્યા ગયા. કોઈક જૂના ગીતનો ગણુગણાટ બહાર આવીને ઓસરીમાં ફેલાઈ જવા લાગ્યો. તરત જ રિષભાને મસ્તાની યાદ આવી; મસ્તાનીએ હમણાં જ કહ્યું હતું કે પપ્પા હવે બદલાઈ ગયા છે — ખાસ કરીને નાણાંભીડ ભૂતકાળની વાત બની ગઈ ત્યારથી. મસ્તાનીની વાત બિલકુલ સાચી લાગી. જે હળવાશ અને મસ્તીથી પપ્પા હરીફરી રહ્યા હતા તે જોઈ રિષભાને લાગ્યું કે, તેમને કદાચ, એ પણુ યાદ રહ્યું નહોતું કે, તેમનું દેવું કોઈકે ચૂકવવું પડયું હતું ! 'કોણે' એનું જાણે કંઈ મહત્ત્વ નહોતું; દેવું હવે ચૂકતે થઈ ગયું છે એ વાત જ મહત્ત્વની હતી !... અને હવે ફરી એકવાર પપ્પાનો હાથ — જે કંઈ થોડાઘણા હાથમાં આવે તે પૈસા વિના અચકાટ ખર્ચવા માટે છુટ્ટો થઈ ગયો હતો !

હા, જિંદગી પપ્પાને હવે રૂપાળી લાગતી હતી, રળિયામણી બની ગઈ હતી, વાતવાતમાં ઉમળકાભેર તે બોલી પણુ ગયા :

'મસ્તાની, દીકરા, મને એવું મન થઈ જાય છે કે તું વેનિસ

જવા નીકળે ત્યારે હું પણ સાથે જ નીકળું. આ નાનકડા, સાંકડા, નીરસ ગામની કેદમાં બહુ વરસ કાઢ્યાં. હવે વિદેશી ધરતીની સૌંદર્યભરી મોકળાશ જોઉં, ત્યાંની મુક્ત હવા અને રોમાંચક આકાશને માણું.'

'સાંભળ્યું છે કે વેનિસમાં મચ્છરોનો ત્રાસ બહુ મોટો હોય છે — મચ્છરો પણ મુક્ત અને મોટા ડાઘિયા જેવા!' ધૈવત બોલી ઊઠ્યો. બાકીના બધાએ હોઠ ભીંસીને હસવું દબાવી રાખ્યું. સૌને ખાતરી હતી, મસ્તાની એમાં હા નહિ કહે. વેનિસમાં પણ ડગલે-પગલે ભાષણ સાંભળવાનું, શિખામણો સાંભળવાનું તેને મંજુર ન જ હોય.

પણ તેમની ધારણા ખોટી પડી. મસ્તાની ઘડીક, કંઈક વિચારપૂર્વક, હરસુખરાય સામે તાકી રહી અને પછી બોલી :

'ખરેખર પપ્પા, મને તો આ વિચાર એકદમ ગમી ગયો! તમે મારી સાથે હો તો હું કેટલી નચિંત થઈ જઉં! જ્યાં જવું હોય ત્યાં જઈ શકું, જે કરવું હોય તે કરી શકું — બિલકુલ ચિંતા નહિ! વળી એ પણ એક ગૌરવની વાત બની જાય કે, એક વિશિષ્ટ પ્રભાવશાળી ભારતીય પિતાની પુત્રી તરીકે હું ત્યાં ઓળખાવાતી હોઉં!'

આખા વાક્યમાંથી 'વિશિષ્ટ પ્રભાવશાળી' શબ્દો હરસુખરાયને ગમી ગયા — સ્પર્શી ગયા. પણ 'વિશિષ્ટ ભારતીય પિતા' એ કંઈક ઉગ્રા શબ્દો લાગ્યા. તૃપ્તિભર્યું હસતાં તેમણે કહ્યું :

'ઈશ્વર સાક્ષી છે, ભારતીય હોવા બદલ જેટલો ગર્વ મને છે તેટલો કદાચ, બીજા કોઈને નથી. છતાં વિદેશમાં તો સૌને ભારતીય કરતાં પણ વધારે — વિશ્વનાગરિક જેવો હું દેખાઈશ; મને શ્રદ્ધા છે.'

(હરસુખરાયના ઉચ્ચારણોને ચકાસવા — સમજવા માટે તર્કનો આધાર લેવો એ કોઈને પણ માટે નિરર્થક વ્યાયામ બની

રહે. માટે સલાહભર્યું એ છે કે કોઈએ પ્રશ્ન ઊભો કરવો જ નહિ કે, આખી જિંદગી — જન્મથી ઘડપણ સુધી — આ એક જ નાનકડા શહેરમાં જીવનાર આદમી એકાએક વિશ્વનાગરિક કેવી રીતે બની શક્યો ?)

'મને પણ હવે એમ લાગે છે,' મસ્તાનીએ ટૂંકો જવાબ આપ્યો કારણ, કદાચ તેનું મગજ બીજી કોઈક બાબત પર ઝડપથી કામે લાગી ગયું હતું — પપ્પાના આ નવા વિચારનો અમલ પોતાના લાભમાં થઈ શકે? શી રીતે?

પણ એ નવા વિચારથી પ્રિયંકા છણકાઈ ઊઠી; આખી વાતમાં તેનો તો ક્યાંય ભાવ પુછાતો નહોતો.

'તો પછી અમારું શું?'

'અરે, હા. તું અને ધૈવત — કેમ?' મસ્તાનીને રહી રહીને બન્ને યાદ આવ્યા : 'તમે તો બેય તમારું સંભાળી શકો તેવા છો. વળી રિષભા પણ અહીં નજીકમાં જ રહેવાની છે. રોજ આવીને તમારી સંભાળ લઈ શકે તેમ છે. પછી ચિંતા શાની?' અને પછી હરસુખરાય તરફ ફરતાં બોલી :

'તમારો વિચાર ઉત્તમ છે, પપ્પા — એકદમ ફર્સ્ટક્લાસ. ત્યાં મારી પાછળ એક પાઈ પણ તમારે ખર્ચવાની નથી એટલે તમારે બિલકુલ બોજો પણ નહિ હોય. આનંદ જ કરવાનો!'

રિષભાએ જોયું કે, એક પાઈ પણ ખર્ચવાના બોજમાંથી પપ્પાને મુક્ત કરતી વખતે મસ્તાનીએ, સહેજ અમસ્તું, તેની સામે પણ જોયું નહોતું.

'હં...પણ હજી મારે પૂરતો વિચાર કરવાનો રહે છે,' મોં ભારે રાખીને હરસુખરાયે કહ્યું. મસ્તાની જેટલી ઉતાવળે બધું બોલી જવાનું તેમને મુનાસિબ ન લાગ્યું. પણ ખુશીના જે ઉછાળાથી તેમનો ચહેરો ખીલી ઊઠ્યો હતો તે જોતાં સૌને સમજાઈ ગયું કે

વેનિસની ધરતી પર એક ખૂબ સૌંદર્યવાન પુત્રીના પિતા તરીકે રુઆબથી ફરતા હોવાનો આનંદ — અત્યારે કલ્પનામાં પણ — તે માણી રહ્યા હતા.

'ભલે. વિચારી જુઓ,' મસ્તાનીએ કહ્યું : 'પણ વિચારવામાં બહુ લાંબો સમય ન લગાડશો. મારો વિચાર, શિયાળો શરૂ થાય તે પહેલાં ત્યાં પહોંચી જવાનો છે!' અને પછી એકાએક રિષભા તરફ ધ્યાન જતાં ચમકીને બોલી ઊઠી :

'અરે! તું જાય છે, રિષભા?'

રિષભા ઊભી થઈ ગઈ હતી. જવા માટે ડગલું માંડવાની તૈયારીમાં હતી. ધીમા અવાજે તે બોલી :

'હા. મારે જવું જોઈએ. ઉદય હવે મારી રાહ જોતા હશે.'

'અરે, વાહ!' પ્રિયંકા બોલી ઊઠી : 'તું તો સરસ કહ્યાગરી પત્ની બની ગઈ, દીદી! જીજાજીએ જ્યારે પાછી આવવાનું કહ્યું હોય ત્યારે પહોંચી જ જવાની, નહિ? બહુ સારું કહેવાય. તને એ ઝાઝીવાર દૂર રહેવા જ દેતા નથી?'

'ના, ચિબાવલી!' રિષભા હસી, પણ થોડીક વધારે વાર રોકાઈ જવાના બધાના આગ્રહને ધરાર ન માની.

તેને મૂકવા, થોડે સુધી તેને વળાવવા પણ કોઈ તેની સાથે ન ગયું તે રિષભાને ગમ્યું. તે એકલી રહેવા માગતી હતી — બધાથી એકલી. કંઈક અવનવું, અકળાવતું મગજમાં ધમધમી રહ્યું હતું, મનમાં વમળાઈ રહ્યું હતું. કોઈ સાથે ન હોય, કોઈ પાસે ન હોય એ એક જ તેની ઇચ્છા હતી, આજે તે ઘેર આવી — 'પોતાના ઘેર' — ત્યારથી અત્યારે જવા નીકળી ત્યાં સુધીમાં બની ગયેલા બધા બનાવો પર તે એકલી વિચાર કરવા માગતી હતી. બનાવો જે બની ગયા એ બધા કદાચ, બનાવો નહોતાં. પોતાની અને ઉદયભાણ વચ્ચે બની ગયેલા એક માત્ર બનાવમાથી ફૂટવા માંડેલા ફણગાઓ હતા એ બધા!

મનમાં કંઈક ઘોળાઈ રહ્યું હતું; પીડી રહ્યું હતું; પિતાને તેણે જે દશ્યમાં જોયા હતા — પૂજ્ય, પ્યારા પણ બેશરમ ઉઠાઉગીર — અને મસ્તાનીને જોઈ હતી — વેનિસની મોંઘીદાટ મુસાફરીની ઝીણામાં ઝીણી તૈયારીઓમાં ઓતપ્રોત થઈ ગઈ હતી — ને એ ફક્ત ઉદયભાણના પૈસે! રિષભા ખૂબ શરમ અનુભવી રહી — શી ખબર કેમ? એવાં દશ્યમાં જો ધૈવત દેખાયો હોત તો જુદી વાત હતી, સારી વાત હતી.

પણ ધૈવતે તો તેની — અને ઉદયભાણની પણ — ઑફરને જ ઠુકરાવી દીધી હતી — સંપૂર્ણપણે. ધૈવત એવું કરી શકે? ધૈવત ખરેખર એવું કરી શક્યો?... ત્યારથી મનમાં ભરાઈ ગયેલી હતાશા હવે ધારદાર થતી જતી'તી. હરસુખરાયનું દશ્ય, મસ્તાનીનું દશ્ય, ધૈવતનું દશ્ય......પગલે પગલે જાણે બધું દોહરાતું જતું'તું. ઘોળાતું, ઘૂમરાતું, ત્રાસ આપતું જતું'તું.

૨૬

જેમ જેમ રિષભા ચાલતી ગઈ તેમ તેમ મગજમાં ઘૂમરાતો એક અજાણ્યો ઝંઝાવાત આખા શરીરમાં ફેલાતો ગયો, પગમાં ધમધમી રહ્યો. પગલે પગલે ઝડપ વધતી ગઈ. ટૂંકા રસ્તે, 'તેનાં પોતાનાં' ખેતરોમાં થઈને તે ઘેર પહોંચી ત્યારે સાવ થાકી ગઈ હતી. શરીરમાં ક્યાંક દુખાવો થઈ રહ્યો હતો. ઘડીક લાગતું હતું, આખા શરીરમાં એક ઝીણી વેદના દોડી રહી હતી. ના, ફક્ત માથું ફાટફાટ થઈ રહ્યું હતું. ના, સૌથી વધારે તો છાતીમાં દુખતું હતું — ડાબી બાજુ જાણે નર્યો દુખાવો ધબકાર કરી રહ્યો હતો.

નીચેનો મોટો ખંડ ખાલી હતો. ઉદયભાણ ત્યાં નહોતો. નોકરે કહ્યું કે, પાછળના બગીચામાં માળી સાથે તે કંઈક કામની વાતો કરી રહ્યો હતો. બેજે બેજે રિષભાને બગીચામાં જવાની ઇચ્છા થઈ આવી. ઉદયભાણ પાસે જવાનું — કદાચ પહેલીવાર સ્વેચ્છાપૂર્વક — ખેંચાણ થઈ આવ્યું.

તે સાવ નજીક જઈને ઊભી રહી ત્યાં સુધી ઉદયભાણનું ધ્યાન તેના તરફ ન ગયું. માળીને બહુ ઝીણવટથી તે કંઈક સમજાવી રહ્યો હતો. પણ માળીએ તેને સંકેત કર્યો અને પાછળ ફરતાં તે બોલી ઊઠ્યો :

'અરે! આવી ગઈ તું ? ક્યારની અહીં ઊભી છે ?'

'બહુ વાર નથી થઈ,' રિષભાએ કહ્યું : 'સીધી અહીં તમારી પાસે જ આવી છું — અત્યારે જ.'

'વાહ ! કેટલી ખુશીની વાત !' ઉદયભાણ બોલ્યો અને માળીને જવા માટે ઈશારત કરી.

માળી ગયો એટલે બન્ને મેંદીની ઊંચી વાડ તરફ ચાલવા લાગ્યા. ઉદયભાણે પૂછ્યું : 'જઈ આવી ઘેર ? બધા મજામાં ?'

'હા,' રિષભાએ કહ્યું. તેને લાગ્યું, સાચું જ કહ્યું હતું તેણે. બધા મજામાં જ હતા — ખરેખર; ખૂબ ખૂબ મજામાં હતાં. કેમ ન હોય ? બધાની મજા આડેનાં બધાં વિઘ્નો તો હવે ક્યારનાં દૂર થઈ ચૂક્યાં' તાં, અલબત્ત, એ માટે કોઈનો ય આભાર માનવાનો હોય તો ઉદયભાણનો માનવાનો હતો. બધાનો રસ્તો સાફ કરવામાં કેટલા રૂપિયા ખર્ચાઈ ચૂક્યા હતા — બાપ રે !... તેને પિતા યાદ આવી ગયા. એ જ જનમજૂના રાજપાઠમાં પાછા પૂરબહાર ખીલી ઊઠ્યા હતા, ફરી એ જ બેફિકર, બેશરમ અને ઉડાઉ હરસુખરાય બની ચૂક્યા હતા — ઉદયભાણના પૈસાના પ્રતાપે !... જિંદગીમાં પહેલીવાર તેને પિતા પ્રત્યે અણગમો છૂટ્યો — જે વીતી ચૂક્યું એ જાણે ઓછું હોય તેમ એ હજી મસ્તાની સાથે વિદેશ જવાનો ત્રાગડો રચવા માગતા હતા — ઉદયભાણના ખર્ચે !... તેની છાતીમાં બળતરા થવા લાગી — કેવળ હળાહળ બેશરમી ! અને એ હરસુખરાય પોતાના પિતા હતા — પોતાની જ શરમનું કારણ !... તેનું મન અણગમાથી ભરાવા લાગ્યું, ક્રોધથી ચચરવા લાગ્યું.

ઉદયભાણે ફરી પૂછ્યું : 'કેમ ચૂપ છે ? ઘેર તો બધા મજામાં છે એમ તેં કહ્યું. તો પછી કેમ અશાંત લાગે છે ? તારા પિતા —'

'એ તો સૌથી વધારે મજામાં છે,' રિષભાથી બોલાઈ ગયું : 'આકાશમાં ઊડી રહ્યા છે.'

'એ તો વળી વધારે સરસ,' ઉદયભાણે કહ્યું : 'તું એ જ જોવા આતુર હતી ને ?' અને સહેજ થોભીને પૂછ્યું : 'ધૈવતને મળી ?'

'હં...મળી.'

'પેલી વાત થઈ ?'

'હા.'

'શી ગોઠવણ કરી ?'

'કશી જ નહિ.'

'કશી જ નહિ ?...એટલે ?'

'ધૈવતે ઇન્કાર કરી દીધો.'

બે-ત્રણ પળ એક વજનદાર ચૂપકીદી પથરાઈ ગઈ. ઉદયભાણે એક ઊંડો શ્વાસ મૂક્યો. રિષભાનું મુખ તંગ અકળામણથી લાલ થતું ગયું. એક ભારે શ્વાસ તેણે પણ મૂક્યો અને જાણે અજાણતાં તેનાથી બોલાઈ ગયું.

'હું — હું બેવકૂફ હતી...બિલકુલ...'

ભવાં સહેજ અધ્ધર ખેંચીને ઉદયભાણ થોડીવાર તાકી રહ્યો. પછી બોલ્યો : 'એવું શું બની ગયું ત્યાં ? મને કહે તો ખરી.'

'શું કહું ? કહેવા જેવું ખાસ કંઈ નથી. મેં ધૈવતને આપણે જે વિચાર્યું હતું તે કહ્યું. એન્જિનિયર બનાવવા માટે જે કંઈ કરવું પડે તે કરવાની આપણી તૈયારી છે એ સમજાવ્યું. પણ તેણે આપણી મદદ લેવાનો જ ઇન્કાર કરી દીધો — સારી રીતે, સારા શબ્દોમાં, પણ ચોખ્ખી ના કહી દીધી.'

'ઓહ, એમ ? કારણ કહ્યું કંઈ ?'

'હા,' જરા અચકાઈને રિષભાએ કહ્યું : 'કારણ, તે માને છે કે હું પૈસાને ખાતર જ તમને પરણી છું. અને એટલે તે માને છે કે, તમારી મદદ, તમારા પૈસા સ્વીકારવા એટલે કુટુંબભાવના અને લોહીના સગપણનો ભયંકર દ્રોહ કરવો.'

'માય ગૉડ ! તેણે એમ કહ્યું ? ખરેખર ?'

'હા.'

ક્યાં રહે છે હવે ?'

'તો પછી તારે રડવાની કોઈ જરૂર જ ઉદયભાણે કહ્યું, અને હસીને ઉમેર્યું : 'આ તો ઊલટી બહુ સારી વાત છે. તને એ જોઈને ખુશી થવી જોઈએ કે, જેના પર તેં આંસુ પાડ્યા હતા તેવું બન્યું જ નથી — તારા કુટુંબના મેજિક સર્કલમાં મારા હાથે કોઈ ભાંગફોડ થઈ શકી નથી. કમસેકમ, ધૈવતની બાબતમાં તો એ અકબંધ અને અખંડ જળવાઈ રહ્યું છે.'

અને થોડીવાર થોભી જઈને ઉમેર્યું : 'મારા મન ઉપરથી પણ એટલો બોજ ઓછો થયો. મારે પણ ખુશ થવું જોઈએ. તમે એ વાતની ખુશી નથી થતી કે, એક ધૈવત તો એવી ઊંચી ધાતુનો બનેલો છે જે કોઈ જ લાલચને વશ થવા તૈયાર નથી — એક પગથિયું નીચે ઉતરવા તૈયાર નથી ?'

રિષભા બોલી ન શકી. ઉદયભાણનો શબ્દે શબ્દ તેના ચિત્તમાં પૂરા વેગથી, પૂરા વજનથી પછડાયો હતો — સાથે સાથે ખૂદ ઉદયભાણ પણ ! ચિત્ત ડહોળાઈ ગયું, ખૂબ જ ડહોળાઈ ગયું હતું; એક નવીન સત્ય ઉદયભાણે તેને દેખાડ્યું હતું — ધૈવત વિષે, અસ્તાની, પપ્પા બધા વિષે...ખૂદ પોતે અને ઉદયભાણ પણ એ સત્યના પ્રકાશ વર્તુળમાં સમાઈ જતા હતા, નવા સ્વરૂપમાં દેખાતા હતા....

ખરેખર ? ઉદયભાણ પણ નવા સ્વરૂપે દેખાઈ રહ્યો હતો તેને ? તેણે નજર ઉદયભાણ પર માંડી. એ જ મારકણો, વ્યંગભર્યો, અકળ મલકાટ ફરકતો હતો ચહેરા પર. ઉદયભાણ એનો એ જ હતો. તસુભાર પણ ક્યાં બદલાયો હતો ?...રિષભા ગૂંચવાઈ ગઈ, અને વધી અકળાઈ ગઈ, તેણે કહ્યું :

'આપણે તો આથી કઢંગી સ્થિતિમાં મૂકાઈ ગયા.'

'મને એવું નથી લાગતું,' ઉદયભાણે કહ્યું.

'તમે એ ભૂલી જાવ છો કે ધૈવતને આપણે આપણા સોદાની

શરત બનાવ્યો હતો — તમારું લેણું ચૂકવવાનું નિમિત્ત બનાવ્યો હતો!

'ના, હું બિલકુલ ભૂલ્યો નથી. અને તેથી તો હું ઊલટો ધૈવતનો વધારે આભારી બન્યો છું.' ઘડીક થોભીને રિષભાની સામે સ્મિત કરતાં તેણે કહ્યું : 'મારું લેણું ચૂકવવાનું તારું નિમિત્ત –તારું સાધન; હેં? ભગવાનનો પાડ, કે હવે ચૂકવવાની વાત જ અસ્તિત્વમાં રહેતી નથી — વસૂલ કરવાની તો હતી જ નહિ!...'

'પણ હું કોઈ પણ રીતે, કોઈ પણ શરતે દેવાદાર રહેવા માગતી નથી — નાદાર, ઉધારખોર દેવાદાર, નહિ?' અચાનક તેના શ્વાસ જોરથી ચાલવા લાગ્યા. મોં ઉપર તીખી રતાશ તરી આવી : 'એ શબ્દો — ઝેરીમાં ઝેરી ડંખ જેવા એ શબ્દો હું જિંદગીભર ભૂલી શકું તેમ નથી — જાણો છો તમે?'

'ભૂલી જવાનું, બધું ભૂલી જવાનું, રિષભા. તારે કંઈ જ ચૂકવવાનું —'

'વિચિત્ર! તમારા જેવો માણસ; કોઈને અંધારામાં રાખીને એક સોદો પાર ઉતારી લેનાર માણસ એકાએક આવું બોલે છે! કેટલું વિચિત્ર!'

ઉદયભાણના ચહેરાની રેખાઓ તંગ બની. તીખા, કઠોર અવાજે તેણે કહ્યું : 'અને એ પણ કેટલું વિચિત્ર કે જે સ્ત્રીએ બિલકુલ, બિલકુલ અનિચ્છાપૂર્વક લગ્ન કર્યું છે; પત્ની તરીકેનું કર્તવ્ય નિભાવવા સતત આનાકાની કરી છે; તે હવે એકાએક તેનું પત્નીપણું મારા ગળે બાંધવા આતુર થઈ ગઈ છે! અંતરાત્મા આવી રીતે પણ જાગી જતો હોય છે?'

મોં પર જાણે સજ્જડ તમાચો પડ્યો હોય તેમ રિષભા આખી હચમચી ગઈ. મગજ સખત તમતમી ઊઠ્યું. પારાવાર રોષ અને અપમાનથી તે કંપી રહી.

'તમે — આ શબ્દો બોલવાની પણ ધૃષ્ટતા કરી શકો છો તમે? ભગવાનને ખાતર એ કહેશો કે તમારે શું જોઈએ છે મારી પાસેથી?...એક બાજુ રાત્રે મારા બેડરૂમમાં ધસી આવો છો બેહુદી રીતે; પતિ તરીકેનો હક્ક પૂરો કરવાની માગણી કરો છો બેધડક; અને —'

'હક્ક અને માગણી મેં કદી આગળ ધર્યાં નથી, રિષભા.'

'અરે, એટલું જ નહિ મારા મોં ઉપર મને ધુતારી કહી, સોદો કરીને પછી ફરી જનારી કહી — તમે જ! અને હવે જ્યારે હું સોદાના તમામ વ્યવહારો પ્રમાણિકપણે કરી છૂટવા માગું છું ત્યારે હું ગળે પડું છું એમ કહો છો! ઓ, ભગવાન! કેટલું ધિક્કારપાત્ર! કેટલું ગલિચ્છ!'

'કોઈવાર એવું પણ બને છે રિષભા, કે સમય વીતતાં વીતતાં માણસને કંઈક ભાન કરાવતો જાય — કોઈક ભૂલનું ભાન.'

'ભૂલ! કઈ ભૂલ! કયું ભાન?'

'એ ભાન કે રોમાંચક કલ્પનાઓ અને રંગીન સપનાંના બબ્બે વરસ એ એક વાત હોય છે. વાસ્તવિક અનુભવના બે અઠવાડિયાં એ તદ્દન જુદી વાત હોય છે. પોતાની જાતને એક બેવકૂફ તરીકે, એક મૂર્ખ આશક તરીકે ઓળખવી એ બહુ વેદનાભર્યો અનુભવ છે. અફસોસ! મારે મારી જાતને એમ જ ઓળખવી પડી છે. ખેર, મને તો આશ્વાસન શોધી લેવાની આદત છે — મારા કરતાં ઘણા સારા લોકોએ પણ આવી જ ભૂલો કરેલી છે.'

'એટલે?' રિષભા ધૂંધવાઈ ઊઠી : 'તમે કહેવા શું માગો છો?'

'હમણાં કહ્યું એ જ.'

'એનો અર્થ?'

'કંઈ નહિ,' ઉદયભાણે કહ્યું અને અસ્પષ્ટ ગણગણ્યો. 'અર્થ, હું? કેટલો નાનો અને છતાં કેટલો બિહામણો શબ્દ!'

ઉલ્ઝનભરી, અકળામણભરી, રોષભરી રિષભા એક ઝટકા સાથે ઊભી થઈ ગઈ, અને પલકારામાં મોં ફેરવીને ઝડપથી ઘર તરફ ચાલવા લાગી.

ઉદયભાણ બેઠો હતો ત્યાં જ બેસી રહ્યો. આકાશમાં સાંજ ઝંખવાતી હતી. પાસેના એક ઝાડ પર બે–ચાર પક્ષીઓએ સામટા અવાજો કર્યા. હવામાં ઊડતો એ કકળાટ હવા સાથે વહેતો વહેતો શમી ગયો. નીરવતા ઘટ્ટ થઈ ગઈ.

રિષભાએ તેના બેડરૂમમાં જઈ પગ પછાડ્યો, અને બારણું બંધ કરી દીધું. હવે તે એકલી હતી. બંધ બારણે સુરક્ષિત હતી, હવે તે કંઈક વિચારી શકે. પણ મગજમાં બધા ખૂણેથી રોષ, અપમાન ને ઉશ્કેરાટ ઊભરાતા હતા. વિચાર માટે જગ્યા જ નહોતી. રૂમમાં ઉત્તેજિત પગલે તે આંટા મારતી રહી. જ્યાં સુધી... જ્યાં સુધી પોતે હાથમાં આવી નહોતી, જ્યાં સુધી પહોંચની બહાર હતી ત્યાં સુધી પોતે જગતની સૌથી ઇચ્છનીય, સૌથી પ્યારી સ્ત્રી હતી; અને જેવી હાથમાં આવી કે હવે એક ભૂલ બની ગઈ! એક ભયંકર ભૂલ; હું?... તેના ગાલ પર ગરમ બળતરા થવા લાગી.

ઉશ્કેરાટ શમતો નહોતો. તીવ્ર બનતો જતો હતો. કદાચ, તે નિરાશ થઈ હતી. કદાચ, અપમાનિત થઈ હતી. કદાચ, અપેક્ષા એવી હતી કે, ઉદયભાણ ઢીલો પડી જાય, નરમ બની જાય. નિર્બળ અવાજે બોલી ઊઠે: 'રિષભા, મેં તને માત્ર ચાહી છે. હંમેશા માત્ર તને ચાહી છે. મને માફ કર. મારી ગુસ્તાખ રીતરસમોએ મારું અને સાથે તારું પણ સુખ નંદવી નાખ્યું છે...' તેને બદલે કેવું બોલ્યો એ? ઉદ્ધત! ખતરનાક!...

આખરે તે પલંગમાં બેઠી — જાણે એકાએક થાકી ગઈ. તેના

મનમાંથી, તેના શરીરમાંથી, આખા અસ્તિત્વમાંથી જાણે એકાએક કંઈક ચાલ્યું ગયું અને તે ખાલી થઈ ગઈ. તેને લાગ્યું, કોઈકે તેને એક સરસ જિંદગીમાંથી મૂળ સહિત ઉખાડી નાખી હતી. અને પછી એવી ધરતી પર નાખી હતી જ્યાં ફરીવાર મૂળ નાખવાનું અશક્ય હતું; ઊગવાનું અસંભવિત હતું. જિંદગીમાં તે જે કંઈ કરે તે હૃદયપૂર્વક અને હૃદયની નિષ્ઠાપૂર્વક કરવા ટેવાયેલી હતી; ઉદયભાણની જેમ ઊગતાં પહેલાં જ કરમાઈ જનાર તરંગીપણું તેના સ્વભાવની ચીજ નહોતી...

અનિચ્છાપૂર્વક, અચકાટપૂર્વક ભલે, પણ પોતે લગ્ન કર્યું હતું તેનું પૂરું ભાન હતું પોતાને. લગ્નને પોતે બિલકુલ હળવાશથી લીધું નહોતું. પણ લગ્નને ફરતી વીંટળાયેલી પરિસ્થિતિ કઠણ હતી, વિચિત્ર અને અપરિચિત હતી. કદી નહિ અનુભવેલી એ સાવ નવી પરિસ્થિતિમાં ગોઠવાવા માટે, ટેવાવા માટે થોડોક સમય જોઈતો હતો. સમય જ માગ્યો હતો પોતે...

પણ પરિસ્થિતિએ એટલી રાહ ન જોઈ અને વણસી બેઠી. પોતે પરણી તો ખરી છતાં પરણેતર ન બની શકી. પતિના હૃદયમાં પોતાને માટે પ્રેમનો એક ઝંઝાવાતી આવેગ જગાડી શકી અને પતિને જ પાછો વિમુખ બનાવી બેઠી. પતિનું તેણે જબરું ઋણ લીધું હતું. અને એ ઋણ પ્રામાણિકપણે ચૂકવવાની પોતાની તૈયારી તેને અવળું વિચારવા પ્રેરી ગઈ!...

કોઈ અર્થ નથી. કશાનો કોઈ અર્થ જ નથી. કોઈ સન્માન, કોઈ આત્મિક પિછાણ, કોઈ સાચકલી લાગણી, કોઈ પણ એવી ચીજ જેને ખાતર જિંદગી જીવવાનું મન થાય — અહીં નથી...

ખેર! તો પણ જિંદગી જીવાતી રહી છે. અહીં પણ જીવાતી રહેશે. કેવી રીતે? શી ખબર.

અને મનમાં તેણે ગાંઠ વાળી — તેને, મારી આવી ઘોર

અવહેલના કરનાર તેને હું એવો સંતોષ તો નહિ જ લેવા દઉં કે, તેનું કોઈ પણ વર્તન — કોઈ પણ વેણુ મને દુઃખી બનાવી શકે છે ! બલકુલ નહિ !

જમવાનો સમય થઈ ગયો હતો. જમવા જેવી મનની હાલત નહોતી. છતાં નીચે તો જવું પડશે. જમવા બેસવું પડશે. જમતાં જમતાં ઉદયભાણુના વિચિત્ર મનનો તાગ કાઢવો પડશે. અત્યારે હવે કઈ નવી, વિચિત્ર વાત રમાડી રહ્યો હશે મનમાં ?

તેણે ઊઠીને કપડાં બદલવા માંડયા. ધીમે ધીમે મન જરા શાંત થવા લાગ્યું. મગજ સ્વસ્થ થવા લાગ્યું. વિચારો વ્યવસ્થિત થવા લાગ્યા. તેને યાદ આવ્યું, ધૈવતના મદદ લેવાના ઇન્કારની વાત સાંભળીને ઉદયભાણુને સાચે જ આનંદ થયો હતો — એટલા માટે કે, તન્ના કુટુંબની એક અને અખંડ આત્મીયતામાં તેનાં કારણે સંપૂર્ણ ભંગાણ પડયું નહોતું... (એ તો બહુ સારો વિચાર કહેવાય; બહુ ઊંચી ભાવના ગણાય !)

જમતી વેળાએ તો રિષભાને ઉદયભાણુના મનનો તાગ કાઢવાની તક ન મળી. મન શાંત જરૂર પડયું હતું, પણ સપાટી જ શાંત હતી. નીચે થોડેક જ ઊંડે તોફાની મોજાં લપાઈ રહ્યાં હતાં — પ્રશ્નો, આશંકાઓ, દહેશતો, ઉલ્ઝનોની હાર લાગેલી હતી, કોને પહેલ કરવા દેવી, શાનાથી શરૂઆત કરવી ? નક્કી થઈ શકતું નહોતું.

ઉદયભાણુના ચહેરા પર પણ એક હતાશ ગંભીરતા સમથળ પથરાઈ ગઈ હતી. થીજવા માંડેલા સરોવરની જેવી સ્થિર, સમથળ ચહેરાની સપાટી હતી. છતાં ધ્યાનથી જોનારને એ સપાટી પર કવચિત કોઈ આછેરો તરંગ ઊઠતો, ઘડીક કોઈ આડીઅવળી-અટપટી ભાત રચતો અને પછી શમી જતો દેખાઈ આવતો હતો. અંદર

જાણે કવચિત એકાએક કંઈક ઊભરી આવતું હતું, હલચલ કરી મૂકતું હતું અને પાછું ઠરી જતું હતું.

ન રિષભાથી કે ન ઉદયભાણુથી કંઈ બોલાતું હતું. ને એમ જમવાનું પૂરું થયું.

જમ્યા પછી લાઉન્જમા બેસીને બન્ને કૉફીની રાહ જોઈ રહ્યા હતા ત્યારે પણ હાલત એ જ — તોફાનને બળપૂર્વક દબાવી રાખતી ચૂપકીદીની — હતી. કૉફી આવી અને પીવાનું શરૂ થયું.

ઓચિંતી રિષભા બોલી : 'ઉદય, મારે તમારી સાથે વાત કરવી છે.'

ઉદયભાણે તેની સામે જોયું; સુસ્તીભર્યું હસ્યો, અને કહ્યું : 'મને ખબર છે. મસ્તાની વિષે વાત કરવી છે ને ?'

'મસ્તાની વિષે ? ના રે, મસ્તાની વિષે હવે કંઈ કહેવાનું છે જ નહિ. પણ — તમે શાથી એવું માન્યું ?'

'જમ્યા પહેલાં થોડીવારે જ મસ્તાનીએ ફોન કર્યો હતો,' ઉદયભાણે કહ્યું : 'લાગે છે કે તે હવે વેનિસ જવાની ઉતાવળમાં છે. હું સમજ્યો છું તે મુજબ તારા પિતા પણ તેની સાથે જવાની ઇચ્છા રાખે છે. મસ્તાની એમ પૂછતી હતી કે, તેમનો એ વિચાર મને કેવો લાગે છે ?'

રિષભાને લાગ્યું કે તેના આખા શરીરના રૂંવાડા એકાએક ઊભા થઈ ગયા હતા. મગજ એકાએક તપવા લાગ્યું હતું. સ્વસ્થ રહેવાના ખૂબ પ્રયત્ન છતાં તેનો અવાજ તીખો થઈ ગયો.

'પપ્પાને વેનિસ જવાનો વિચાર ?'

'હા.'

'હું માનું છું કે તેમના એ વિચાર સાથે તમારે કંઈ લાગી-વળગી શકે નહિ.'

'ખરેખર ?' સ્મિત ફરક્યું અને મર્માળું, ઊંડું બન્યું.

'તમે એમ કહેવા તો નથી માગતાને કે મસ્તાનીએ એમ કહ્યું કે પપ્પાના એ પ્રવાસ માટે તમારે—'

'પૈસા ચૂકવવા — એમ ? મસ્તાનીએ એમ જ કહ્યું.'

'ઓહ ! એ લોકો કદી નહીં સુધરે !' અનિચ્છા છતાં મનમાં ઊઠેલો વિચાર રિષભાથી બોલાઈ ગયો. તરત જ તેણે ઉદયભાણુને કહ્યું : 'હું ઇચ્છું છું કે તમે સાફ ઇન્કાર કરી દો !'

'પણ મેં સંમતિ આપી દીધી છે.'

'પણ શા માટે ?... શા માટે સંમતિ આપી તમે ? પપ્પાની પાછળ એવી રીતે પૈસા ઉડાડવાની જરૂર જ નથી તમારે ! તેમનું દેવું બધું જ ચૂકવાઈ ગયું છે. પૈસાની ખરેખરી ચિંતામાંથી હેમખેમ તે બહાર આવી ગયા છે. બસ. એટલાથી તેમણે સંતોષ માની લેવો જોઈએ. ઇચ્છાની વાજબી હદ ત્યાં પૂરી થઈ જાય છે. હવે વધારે પૈસા તમારે ખર્ચવાનું કોઈ કારણ નથી.'

'વાંધો ન હોય તો, એ પૈસાને મારા અંતરાત્માના આનંદ માટે ખર્ચેલા ગણજે.'

'અંતરાત્માનો આનંદ ?'

'સાચું કહું છું,' કહેતાં ઉદયભાણુના મુખ પર ફરી પાછી પેલી ઘટ્ટ, સમથળ, વિષાદપૂર્ણ ગંભીરતા પથરાઈ : 'જેવો છે તેવો પણ મારો અંતરાત્મા મને બહુ બેચેન બનાવી રહ્યો છે, ડંખ દઈ રહ્યો છે — તારા કુટુંબમાં મેં વિઘાતક ભૂમિકા ભજવી, એટલે !'

'તમે અમારા માટે ઘણું કર્યું છે.'

'ના, તેમના માટે. તારા માટે નહિ,' ધીમા અવાજે બોલાયેલા એ શબ્દોમાં એક નવતર પ્રકારનો ભાર હતો. રિષભા તેને પામી શકી નહિ.

'એ ગમે તે હોય,' રિષભાને પોતાને પણ સમજાતું નહોતું કે તેની અકળામણ શાથી વધતી જતી'તી : 'હવે અમારી કોઈની પાછળ વધારાના પૈસા ખર્ચવાનું તમારે કોઈ કારણ નથી.'

'તારા પિતા વેનિસ જવા બહુ આતુર છે.'

રિષભાના રુંવાડાં ફરી સળવળી ઊઠચાં. ફરી એક ધારદાર રોષ બેકાબૂ બનવા લાગ્યો : માથામાં જાણે પીડા થવા લાગી. ઊંચા અવાજે તે બોલી :

'હું એ જાણું છું — એ વાત તમે કહી ચૂક્યા છો મને. હવે તમે સાંભળી લો કે, તમારે તેમને પૈસા આપવાના નથી. વેનિસ જવાની એટલી બધી ઇચ્છા તેમને હોય તો પૈસા તેમને જ ખર્ચવા દો. મારી વાત કડવી લાગશે, હું જાણું છું. અને પપ્પા મને વહાલા છે; પણ સાથે તે એક અવિચારી, નિર્લજ્જ ઉડાઉગીર પણ છે. આ ખર્ચ તમારે કરવાનું નથી, ઉદય. કોઈ પણ રીતે, કોઈ પણ દૃષ્ટિએ તે જરૂરી નથી.'

ઉદયભાણુના ચહેરા પર ગંભીરતા, વિષાદ વધારે ઘેરા બન્યા. એકાએક તે ઊભો થઈ ગયો. શરીર અક્કડ થઈ ગયું. બન્ને હાથ પેન્ટના ખિસ્સામાં નાખીને તે ઝડપથી દીવાલ તરફ ગયો અને પાછો આવ્યો. ફરીવાર ગયો અને પાછો આવ્યો. અને પછી રિષભાની બરાબર સામે ઊભો રહ્યો. બોલ્યો :

'તને એમ નથી લાગતું કે હવેના થોડાક મહિના તારા પિતા અને મસ્તાની અહીંથી દૂર રહે તેથી આપણને અનુકૂળતા મળશે ?'

'અનુકૂળતા ? આપણને ?' રિષભા ચમકી ગઈ : 'તમે કહેવા શું માગો છો ?'

એક ક્ષણ ઉદયભાણુ અચકાઈ ગયો; મૂંઝાઈ ગયો; પણ બીજી ક્ષણે બોલ્યો. અવાજ ધીમો હતો, ભારે અને ભાંગેલો હતો : 'રિષભા, ભૂલને જો સુધારી લઈ શકાતી હોય તો સુધારી લેવી જ

સારી. એક ભૂલ સાબિત થયેલા આપણા લગ્નને, મતલબ કે, આપણી એ ભૂલને સુધારી લેવી પડવાની છે. એ સંજોગોમાં તારા પિતા અને મસ્તાની અહીંથી દૂર હોય તો મને અને તને એટલું ઓછું દુઃખ—'

'એટલે—' રિષભાનું મોં એકાએક સૂકાવા લાગ્યું. મનમાં એક ફાળ ઘૂમરાવા માંડી : 'આપણે શું કરવાનું છે ?'

પલકવાર તેની સામે જોઈને નજર નીચી કરી દેતાં ઉદયભાણે કહ્યું : 'લગ્ન જ્યારે એક ભૂલ બને ત્યારે તેને સુધારી લેવાનો સીધો માર્ગ એક જ રહે છે — છૂટાછેડા.'

દિગ્મૂઢ, રિષભા અવાક્ તાકી રહી. એક ક્ષણ વીતી અને ઉદયભાણે કહ્યું :

'હું માનું છું કે એથી તને મુક્તિ મળી જશે. વિના અપરાધની એક ભયાનક રીબામણીનો અંત આવી જશે. ગુમાવી દીધેલું મનનું સુખ, મનનું ચેન પાછું મળી જશે. બળજબરીથી પિંજરે પૂરાયેલાં પશુપંખી પણ સુખ પામી શકતાં નથી; તું તો એક માનવી છે, એક સ્ત્રી છે — ઋજુ, કોમળ, ભાવનાભરી...' થોડીવાર તે બોલતો અટક્યો. રિષભા સામે ઘડીક નજર માંડી અને તરત પાછી ઝુકાવી દીધી. પૂછ્યું :

'છુટકારો મેળવવો ગમશે ને ?'

ઝનનનન... ઝનનનન... એક ભેંકાર ખાલીપો રિષભાના મગજમાં ફૂંકાઈ રહ્યો. ખૂણે ખૂણેથી અશબ્દ પડઘા ઊડી રહ્યા. બધું ખાલી પડી ગયું. ક્યાંય, કોઈ ખૂણે જાણે કશું જ નહોતું. નર્યો વિકરાળ ખાલીપો... હમણાં શું સાંભળ્યું હતું તેણે ? શી ખબર ! હવે શું કહેવાનું હતું તેણે ? શી ખબર !... મગજ સાવ ખાલી થઈ ગયું હતું.

ટિક્, ટિક્, ટિક્... ભીંત ઉપર ઘડિયાળમાં પળો સરકતી

જતી'તી. સમયની દીવાલમાંથી એક એક કાંકરી ખરતી જતી'તી મનમાં કોઈક જબરજસ્ત ઉથલપાથલ થઈ રહી હતી. ઘણું કંઈક ભાંગી રહ્યું હતું, કડડભૂસ થઈ રહ્યું હતું. ચોપાસ ઝીણી ધૂળની ડમરી ઊડતી હતી. ટિક્, ટિક્, ટિક્, ટિક્...

આખરે મગજના સૂનકારમાં સળવળાટ થયો. એક વિચાર આવ્યો, પછી બીજો, પછી ત્રીજો... ફરી પાછા જીવતા જાગતા વિચારો બેઠા થવા લાગ્યા.

'છુટાછેડા — લગ્નનો અંત — બે અઠવાડિયાના તંગ, કશ્મકશપૂર્ણ દામ્પત્યને મૂળમાંથી ખેંચીને...'

'કદાચ એ જ કુદરતી હતું. એક અકુદરતી સંબંધનો એ જ કુદરતી અંજામ હતો... ઉદયભાણ તેમાં શું કરે ? પોતે પણ શું કરી શકતી હતી તેમાં ?... પણ ઉદયભાણ તો કંઈક કરી નાખવા નિશ્ચય કરી ચૂક્યો છે — ભલે ભયાનક, ભલે ધિક્કારજનક, પણ કંઈક કરવાનું તો તે વિચારી શક્યો છે. અને પોતે ?...

'પોતે શું કરી શકે તેમ છે ? શું છે પોતાના હાથમાં ?... અને ઉદયભાણ — હા, વિચિત્ર, અકળ, કઠોર, તરંગી, અમાનવીય ઉદયભાણ જે કરી રહ્યો છે તે શા માટે ? કઈ ગણતરી છે તેની ? કયો નવો હેતુ હશે તેનો ?... પોતાનાથી છુટકારો પામવાનો, બીજું શું ? પણ — પણ માત્ર આટલા દિવસમાં જ તે આટલો ઉબાઈ ગયો હશે આ લગ્નથી ? પાગલની માફક આટલા છુટ્ટા હાથે ઢગલો એક નાણાં જેને પામવા ફૂંકી માર્યા, તેનાથી આટલા દિવસમાં જ...'

વિચારવાનો રિષભાએ બહુ દાખડો કર્યો. પણ વિચાર આગળ ચાલી શકતો નહોતો. એકાએક ઉદયભાણને શું થઈ ગયું હતું ? શું સૂઝી આવ્યું હતું ? પ્રશ્નો એક નક્કર દીવાલ બનીને ખડા હતા. તેને ભેદીને વિચાર આગળ જઈ શકતો નહોતો.

પોતે શું કરવું — શું કહેવું હવે ? હા કહી દેવી ? શા

માટે? આ ખતરનાક વિચાર પડતો મૂકવા સમજાવવો તેને? વિનવણી કરવી? હરગીઝ નહિ!...

અચાનક તે ધૂંધવાઈ ઊઠી. કોણ જાણે કેમ, એક ઝાંઝ ચઢી ગઈ મગજમાં અને તીખા અવાજે ચિત્કારી ઊઠી: 'એવી એકાદ પણ ચીજ છે દુનિયામાં જેને તમે ગંભીર ગણતા હો, પવિત્ર ગણતા હો? એવી ચીજ છે તમારા જીવનમાં જેની કિંમત તમે તમારા તમામ પૈસાથી પણ ન આંકી શકો?... એવી ઘણી ચીજો હોય છે દુનિયામાં — માનવી એક એવી ચીજ છે... માનવીનું હૈયું એક એવી ચીજ છે! પણ તમે — કદી નહિ સમજી શકો. તમારી પહોંચ બહારની, તમારા અનુભવ બહારની ચીજ છે એ!...તમારે મન એ કંઈ જ ન હોઈ શકે. જેનું કંઈ મૂલ્ય હોય એવું તમે કંઈ જ ન કરી શકો; વિચારી પણ ન શકો. તમે રમાડી શકો, ને પોષી શકો તમારા મનના એક વાહિયાત, બેબુનિયાદ તરંગને! એ માટે બેહૂદી બાજી ગોઠવી શકો, ચાર–ચાર હાથે પૈસા ઉડાડી શકો — અને બસ. પછી એકાએક, આનંદ નહિ આપી શકતા રમકડાની જેમ તેને તોડી નાખી શકો — ને આટલી અમથી કંપારી યે નહિ, કેમ?...'

બળતી આંખે તે ઉદયભાણ સામે જોઈ રહી. ઉદયભાણના ચહેરા ઉપર મ્લાન ગંભીરતા લીંપાયેલી હતી. આંખો અપલક તેના પર મંડાઈ હતી. કંઈક કહેવું હતું, પણ કહેવાનું જાણે બળાત્કારે રોકી રહ્યો હતો.

રિષભા આવેશથી સમસમી રહી. મોં સુકાઈ ગયું હતું. અવાજ તૂટી રહ્યો હતો. આંખો બંધ કરીને તે બોલી:

'મને મંજૂર છે. છુટાછેડા મને મંજૂર છે.'

૨૭

એક અકથ્ય ઉશ્કેરાટ, સમજાવી ન શકાય તેવી અધીરતા, એક દબાયેલો રોષ, કડડભૂસ થઈને તૂટી પડતી એક મહેલાત નીચે છૂંદાતી હતાશા ન જાણે કેટકેટલા ભાવો એક આતંક બનીને બોલી ઊઠ્યા હતા — 'મંજુર છે! છૂટાછેડા મને મંજુર છે!'...

અને પછી રિષભાના મગજમાં એક જબરજસ્ત કોલાહલ ઊઠયો હતો — સામટી ગર્જી ઊઠેલી બેસુમાર સાયરનોની તીણી ચીસો મગજની નસોને ખેંચીને તંગ કરી રહી હતી. બળતી આંખે તેણે ઉદયભાણ સામે જોયું. કંઈ સ્પષ્ટ દેખાતું નહોતું. ઉદયભાણ કંઈક બોલ્યો હોય એમ લાગ્યું, પણ કંઈ સંભળાતું નહોતું.

'છૂટાછેડા!!'.

એક જ શબ્દ મનના ભંડકિયામાં ભીંતે-ભીંતે અથડાતો રહ્યો; વળી વળીને પડઘાતો રહ્યો.

એકાએક જાણે તેનું શરીર ખાલી થવા લાગ્યું. પગના તળિયેથી જાણે કંઈક બહાર વહી જવા લાગ્યું. કશુંક ખખડધજ જાણે તૂટી પડયું. કશીક જબ્બર નિષ્ફળતા ઉદાસીને ઊંડીને ઊંડી બનાવી રહી. એક લગ્ન — લગ્ન જેવી એક પવિત્ર, ગંભીર ચીજ (ભલે એ એક તદ્દન વિચિત્ર, બેહૂદી પરિસ્થિતિના દબાણથી જન્મેલું બેહૂદું લગ્ન હોય) આમ એકાએક છોડી દેવાય?...એકા-

એક ફોક કરી નંખાય?... સ્વયં નઠારા એવા એ લગ્નમાંથી યે શું કોઈ સારી ચીજ નિપજાવવાનું શક્ય જ ન ગણાય? એવો કોઈ પ્રયત્ન પણ કર્યા વિના — બસ, ફોક?...

એક પળ તેને ઉદયભાણુનો હાથ પકડી લેવાની ઇચ્છા થઈ આવી. પોતીકાપણાની, શુભેચ્છાની નાનકડી ચેષ્ટા કરવાની ઇચ્છા થઈ આવી. એક નાનકડો પણ અસરદાર પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઈ આવી: 'ઉદય, એમ નથી લાગતું કે આના કરતાં વધારે સારું કંઈ કરવાનો પ્રયત્ન —'

પણ તરત જ તેને યાદ આવ્યું — મજાકખોર હસતાં ઉદયે હમણાં જ કહ્યું હતું — પોતે હવે પ્રેમ તેના ગળે બાંધી રહી હતી! ...પોતે ધરાર તેને ગળે પડે રહી હતી — હેં?...ઓ, ભગવાન!...'

ના — એ સાંભળ્યા પછી હવે કશું જ કરવાનું રહેતું નહોતું; કશું જ કહેવાનું રહેતું નહોતું! ઉદયભાણે — કદાચ તેણે અને ઉદયભાણ બન્નેએ — જીવનની આ એક માત્ર મહત્ત્વની વાતને અત્યંત ખરાબ રીતે ગૂંચવી નાખી હતી; કોઈથી ઉકલી શકે તેવી રહેવા દીધી નહોતી. એક જ રસ્તો હતો — કાપી નાખવાનો.

પછીના દિવસોમાં સુખનો પડછાયો ય રિષભાની આસપાસ પડી શકે તેમ નહોતો. ઘરમાં એક અકથ્ય ગૂંગળામણ તેને વીંટળાઈ ગઈ હતી. ઘરમાં તેણે ઉદયભાણુની સાથે જ રહેવાનું હતું — એ અનિવાર્ય હતું. અને જેની સાથે રહેવાનું હોય તેની સંપૂર્ણ અવગણના પણ કેમ કરી શકાય? એ અશક્ય હતું. પણ તો પછી તેની સાથે કેવી રીતે રહેવું? કેવી રીતે વર્તવું?..એ નક્કી કરવાનું પણ અશક્ય હતું.

છતાં ઉદયભાણ તેની સાથે ખૂબ નરમાશથી, ખૂબ કાળજીભેર વર્તતો હતો — રોજરોજ. પણ તેટલાથી રિષભાનું મન લગારે ય હળવું થઈ શકે તેમ નહોતું. આવી રીતે, ઉપર ઉપરથી જીવવા તે ટેવાયેલી નહોતી; જિંદગીને ઉપરછલ્લી અનુભવવાનો તેને મહાવરો

નહોતો — કમસેકમ, પોતાના કુટુંબમાં તો કોઈ એવી રીતે...

એકાએક વિચારોએ પાટો બદલ્યો. પોતાનું એ કુટુંબ! ક્યાં રહી ગયું જોતજોતામાં! અને ત્યાં પણ કેવું બની ગયું જોતજોતામાં! જાણે કોઈને પોતાની જરૂર રહી નહોતી! સૌ પોતપોતાની સંભાળવામાં, પોતપોતાની ગોઠવણો કરવામાં પરોવાઈ ગયા'તાં! કેવો ચમત્કાર થઈ ગયો! ત્યાં હવે પોતાની હવે જરૂર રહી નહોતી...અને અહીં — અહીં પણ તેની જરૂર રહી નહોતી — ઉદયભાણુને પણ!...

કડવું, કડવું, ગમગીન સ્મિત તેના હોઠ પર આવ્યું અને ચહેરા પર નિર્વેદનો કૂચડો ફેરવી ગયું.

બે–ત્રણ વાર તે કુટુંબમાં ગઈ પણ ખરી. પણ ત્યાં તેણે જે જોયું તેથી તેનો વિષાદ વધારે ઊંડો બન્યો. ઘરના બધા જ — જાણે જિંદગીનું એક જ સૌથી મહત્ત્વનું કાર્ય હોય તેમ — પિતા અને મસ્તાનીને વિદેશ વિદાય કરવાની તૈયારીમાં ગૂંથાઈ ગયા હતા. પપ્પા તો જાણે સમગ્ર ચિત્તને અગાઉથી જ વેનિસ મોકલીને બેઠા હોય તેમ, અહીંની કોઈ વાત પર ધ્યાન આપવાની કે અહીં કોઈમાં રસ લેવાની ફુરસદ જ નહોતી. મસ્તાનીને તો પહેલાં ય ક્યાં હતી? ધૈવતને તેની જરૂર હોઈ શકવાની નહોતી — રીતસર, સાફ ઇન્કાર કરી ચૂકેલો હતો તે!...

જો કે પ્રિયંકાએ તેને એક બાજુ લઈ જઈને કહ્યું: 'જોયું, દીદી? છે કોઈને ય ફુરસદ?...હું એમ પૂછું છું કે, આટલાં વરસ સુધી રાહ જોઈને બેસી શકાયું તો હવે એક–બે દિવસ કે બે–ચાર કલાકમાં શું ખાટુંમોળું થઈ જવાનું છે? આટલી ઉતાવળ શા માટે?'

'માણસની એ જ વિચિત્રતા છે, પ્રિયંકા. પહેલાં રાહ જુએ; રાહ જોયા જ કરે, ને આખરે માત્ર ઉતાવળ સિવાય કંઈ ન કરે

—બધું જ અંતે તો ઉતાવળે જ કરી નાખે.' અને પછી જાણે ઉમેર્યું : 'આપણા ઘરની એ જ રીત રહી છે.'

પ્રિયંકા તેની સામે હસી. રિષભા પણ હસી. પ્રિયંકા તેની અંદર જોઈ શકે તેમ નહોતી તેથી સમજી શકે તેમ પણ નહોતી કે આખા ઘરમાં ફક્ત તેણે જ બધું ઉતાવળે કરી નાખ્યું હતું, બ્હાવરી થઈને પરણી બેઠી હતી...

પછી, બે વાર ગોઠવેલી સુટકેસ પાછી ખાલી કરીને ત્રીજી વાર વધારે સરસ રીતે ગોઠવતી મસ્તાનીને મદદ કરવાને બહાને તેની પાસે બેસતાં રિષભાએ પૂછ્યું :

'આ વિચાર કોનો હતો ? તારો કે પપ્પાનો ?'

'કયો વિચાર ?'

'પપ્પાને પણ વેનિસ જવાનો, અને તેમનું ખર્ચ પણ ઉદયભાણે આપવાનો.'

ઘડીક તેની સામે જોઈ રહીને મસ્તાનીએ, સુટકેસમાં કપડાં મૂકવાને બહાને, નજર ફેરવી લીધી. રિષભાએ સહેજ ઊંચા અવાજે પ્રશ્ન ફરીવાર પૂછ્યો.

'બન્નેનો,' મસ્તાનીએ કહ્યું : 'અમારો બન્નેનો એ વિચાર હતો. કેમ ? તને ક્યાંથી ખબર હોય, પણ પપ્પા ફરી પાછા નાણાંભીડ ઊભી કરવા લાગ્યા હતા. હાથ પર હતા તે ખર્ચી નાખીને નવા પૈસા માટે અધીરા થવા લાગ્યા હતા. મને લાગ્યું કે, અહીં રહીને તે વારંવાર પૈસા માગીને સૌને તંગ કરવા સિવાય બીજું કઈ નહિ કરી શકે. તું સમજી શકશે કે, એકવાર સામટા પૈસા ખર્ચીને તેમને વેનિસ મોકલવા એ વધારે સારું ગણાય; હલતાં ને ચાલતાં થોડા થોડા પૈસા આપવાનું ય આખરે તો કંટાળાજનક બની જાય. વળી પપ્પાને તો યુરોપનું ઘેલું લાગ્યું છે.'

'તમને એકે ય ને સહેજ પણ શરમ ન આવી ?'

મસ્તાનીના મુખ પર માત્ર થોડુંક આશ્ચર્ય દેખાયું. તેણે પૂછ્યું : 'શાની ?'

'ઉદય પાસે પૈસા માગવાની. જે ધરખમ રકમ તેણે આ ઘર પાછળ ફૂંકી મારી છે તેના પછી પણ વધારે પૈસા માગતાં તમને શરમ ન આવી ?'

'એ તો'—મસ્તાનીએ તેનું આગવું જાદુ ભર્યું સ્મિત કરતાં કહ્યું : 'જો તમારા બનેવી પાસે ઢગલે ઢગલા પૈસા હોય અને તમે તેનો કંઈ ઉપયોગ જ કરો નહિ તો પછી એવા બનેવી હોવાનો અર્થ શો ?' અને પછી ફરીથી હસતાં, મોં રિષભાની નજીક લાવતાં કહ્યું : 'અને બીજી વધારે અગત્યની વાત એ છે રિષભા, કે તારી પાછળ એ ખરેખર પાગલ છે. આપણા ઘર માટે તે ઉદારતાના ભારેમાં ભારે અતિરેક પણ કરી નાખે છે, એ તારા કારણે જ તો ! એમ કરવાથી તેને કંઈક નશા જેવો આનંદ થતો લાગે છે !'

રિષભાની છાતીમાં એક તોલદાર નિસાસો ઊઠ્યો અને અંદર જ વેરાઈ ગયો. જો આ ઘડીએ તેણે મસ્તાનીને કહ્યું હોત કે, "મસ્તાની હવે ઉદયભાણ મારાથી જ ઉબાઈ ગયા છે,' તો મસ્તાનીએ શું કર્યું હોત ?

પણ તેણે કહ્યું : 'એવું તને શાથી લાગે છે ?'

'કેવું ?'

'કે એ મારી પાછળ ખરેખર પાગલ છે ?'

'અરે, કેમ ? એકેએક ચીજ ઉપરથી એ તો જોઈ શકાય તેવું છે. જે મુગ્ધતાથી તે તારી સામે જોઈ રહે છે તે ઉપરથી, તારી એકેએક ચિંતા દૂર કરવા જે કંઈ કરે છે તે ઉપરથી; અરે, જે રીતે તેણે તારી સાથે લગ્ન કરવાની બાજી ગોઠવી તે ઉપરથી —એકેએક ચીજ ઉપરથી કહી શકાય તેમ છે કે, તે ખરેખર તારી પાછળ પાગલ છે,' છેલ્લા શબ્દો પર તેણે ખાસ વધારે ભાર મૂક્યો

અને સહેજ થોભીને આગળ કહ્યું : 'તેના દિલમાં જાગતી એકએક
લાગણીમાં અતિરેક ભરેલો લાગે છે — પ્રેમમાં પણ.'

રિષભાના હોઠ સુધી શબ્દો આવી ગયા, 'તારી વાત સાચી
માનીએ તો પણ બીજી એક વાત પણ એટલી જ સાચી છે કે, અતિરેકો
હંમેશા અલ્પજીવી હોય છે. પ્રેમના જે અતિરેકની તું વાત કરે છે
તેનું હવે મૃત્યુ થઈ ચૂક્યું છે.' પણ તે ન બોલી.

મસ્તાની જાણે તટસ્થભાવે અભિપ્રાય ઉચ્ચારતી હોય તેમ
બોલી : 'મને તો ઉદયભાણ એવા માણસ લાગ્યા છે જે પ્રેમ
બતાવવાની બાબતમાં જ નહિ, પ્રેમને ખાતર બલિદાન આપવાની
બાબતમાં પણ અતિરેક કરે.' અને પછી ઉદયભાણની વાત પૂરી
થઈ ગઈ હોય તેમ તરત જ વિષય બદલી નાખતાં પૂછ્યું :

'તને શું લાગે છે? અહીંથી ઉપડતી વખતે આ લેમનયલો
ફ્રોક પર લાલ બેલ્ટ પહેરું તો કેવો લાગશે?'

'ગમે તે પહેર,' રિષભાએ ધીમા અવાજે કહ્યું : 'બધું તને
સુંદર લાગશે.'

'સાચું કહે છે? તો પછી એમ જ કરીશ.'

'અને બીજું એ મસ્તાની, કે બલિદાન એ ઉદયભાણના
સ્વભાવનો ચીજ નથી.'

'કેમ એવું કહે છે?' મસ્તાનીએ કહ્યું, અને કંઈક સમજવા
મથતી હોય તેમ થોડીવાર રિષભા સાથે જોઈને બોલી : 'ખેર,
આખરે એ તારા પતિ છે. તેના વિષે તું વધારે જાણતી હોય. પણ
મને તો તેં કહેલી તેના નાનપણની વાત બરાબર મગજમાં ઠસી
ગઈ છે. નાનપણમાં તે એવા જ હતા — જેને પ્રેમ કરતા હોય
તેને બચાવવા માટે જંગલી જાનવરો સાથે લડવા ય તૈયાર થઈ
જનાર; પોતાનો જીવ આપી દેવા ય તૈયાર થઈ જનાર.'

પછી મસ્તાનીએ વાતને રસપ્રદ બાબત તરફ વાળી દીધી —

ખૂબ કિંમતે ખરીદેલા પોતાના
ખૂબ વિચાર, ખૂબ ગણતરી અને
કપડાં તરફ. એ વાતો ખાસ્સી વાર સુધી ચાલી.

પણ રિષભાના મનમાં, મનના છેક તળિયે મસ્તાનીની એક
જ વાત ઘૂમરાતી રહી, ઘૂંટાતી રહી. વિચિત્ર! એ વાત જ તેણે
ભારપૂર્વક કહી હતી. ઉદયભાણે પણ કહી હતી — તેને યાદ આવ્યું :

'ત્યારે હું એવી એવી કલ્પનાઓ કરવા લાગતો કે મારી માતા
પર જંગલી પાડા અને વિકરાળ કાલ્પનિક પશુઓ તૂટી પડ્યા
હોય અને હું જીવ સટોસટની લડાઈ કરીને તેને બચાવી લેતો
હોઉં —'

અને ત્યારે તેને ઉદયભાણ માટે એક દુઃખભરી પણ બહુ
કુમળી લાગણી થઈ આવી હતી. વિચિત્ર લાગે તેવું હતું, પણ એ
પળે એવું લાગ્યું હતું જાણે તેની અને ઉદયભાણની વચ્ચે સહા-
નુભૂતિનો એક તાર સંધાઈ ગયો હતો. તેણે તેને ચુંબન પણ કરી
લીધું હતું. ભલે આછું, સાવ હળવું, પણ સ્વેચ્છાપૂર્વકનું ચુંબન.

એ કદાચ, બીજો જ ઉદયભાણ હતો; જેની સાથે — ના,
જેના ઘરમાં અત્યારે પોતે રહે છે તે ઉદયભાણ કરતાં તદ્દન જુદો.

'આહ! મેં એ ખોઈ ન નાખ્યું હોત!' રિષભાને ખબર
નહોતી કે એ શબ્દો તે મોટેથી બોલી ગઈ હતી.

'શું શું ખોવાઈ ગયું?' મસ્તાનીએ કામમાંથી ઊંચું જોતાં
પૂછ્યું.

'કંઈ નહિ,' રિષભાએ સચેત થઈ જતાં કહ્યું : 'એવું ખાસ
કંઈ નહોતું.'

પણ ત્યારે જાણે મનમાં કોઈ કહી રહ્યું હતું કે, એ વાત
ખોટી હતી, એ ખૂબ, ખૂબ 'ખાસ' હતું પોતાને અને ઉદયભા-
ણને — અતિશય ઉદાર, અતિરેકથી ભરપૂર, દિલાવર એવા એક

પતિને — જોડી રાખનાર એક કડી ખાસ ચીજ જ ગણાય...

* * *

હરસુખરાય અને મસ્તાનીની વિદેશયાત્રાની ભવ્ય તૈયારીઓની ભવ્ય રીતે પૂર્ણાહૂતિ થઈ ત્યારે વિદાયનો દિવસ આવી ગયો હતો. સ્ટેશનના પ્લેટફોર્મ પર કુટુંબમેળો — ઉદયભાણુ સહિત — ભરાઈ ગયો હતો. મેળાના તમામ આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ, રંગ હાજર હતા.

'દર અઠવાડિયે પત્ર લખવાનું ભૂલતા નહિ,' પ્રિયંકા બન્નેને કહી રહી હતી — એ ગણતરીથી કે તેનો ટિકિટ સંગ્રહ ગજું કરશે.

'ત્યાં એટલો સમય મળવો મુશ્કેલ ગણાય,' હરસુખરાય ઉછરંગથી ઉભરાતા ચહેરે હસીને કહી રહ્યા હતા : 'છતાં જોઈશું.'

'ના,' પ્રિયંકા આગ્રહ કરી રહી હતી : 'ત્યાં તમે કેવી કેવી મજા કરો છો એ જાણવાનું તો અમને મન થાય ને. કહેવાય છે કે ત્યાં લોકો અનેક પ્રકારે મજા કરતા હોય છે.'

'હા, પણ એ લોકો જુવાન હોય છે,' હરસુખરાયે જોક કરી અને એ જોક પર ખૂબ ખુલીને હસી પડયા.

'તો પછી એમ કરજો', પ્રિયંકાએ કહ્યું : 'મસ્તાની મજા કરે અને તમે અમને એ લખજો.'

હરસુખરાયનો ચહેરો જોતાં લાગતું હતું કે, એ શ્રમવિભાજન તેમને રુચતું નહોતું.

રિષભા આભી બનીને જોઈ રહી હતી કે, કોઈને ઉદયભાણુ સાથે એકાદ વેણ જેટલી યે વાત કરવાનું સૂઝતું હતું ? આ ઉલ્લાસભર્યા, ઉત્સાહથી ઊભરાતા, મોંઘા દાટ પ્રવાસની પાઈએ પાઈ ચૂકવનારને આભારનું એક વેણ કહેવાનું યાદ આવતું હતું ?

એ કોઈને યાદ નહોતું — નહિ મસ્તાનીને, નહિ હરસુખરાયને.

રિષભાએ જોયું કે ઉદયભાણુ એકધારો એ બધાને નિરખી રહ્યો હતો, આંખો હસી રહી હતી. હોઠ પર સતત સ્મિત ગાલ સુધી ફેલાઈ જતું હતું. રિષભાએ માન્યું, તેને બહુ ગમ્મત પડી રહી હશે; પોતાના આ નગુણા કુટુંબીઓ પર તે — તેના સ્વભાવ મુજબ — વ્યંગભર્યું હસી રહ્યો હશે; મનોમન કિંમત માંડી રહ્યો હશે સૌની -- માત્ર મીંડામાં.

એકાએક તેને કંઈક ઇચ્છા થઈ આવી. ઉદયભાણુનું બાવડું પકડીને તેને બધાથી સહેજ દૂર લઈ ગઈ જાણે પ્લેટફોર્મના સામેના છેડે કંઈક બતાવવાનું હોય, કંઈક જોવા જેવું હોય.

'તમને એવું લાગે છે ને કે અમે કેવા નગુણા, કેવા કંટાળાજનક છીએ ?' તેણે કહ્યું.

'રિષભા !' અચંબાભેર ઉદયભાણે કહ્યું : 'બિલકુલ નહિ. અને તો તમે ગમી જાવ તેવાં લાગો છો; આનંદી લાગો છો.'

'હા !' ભારે શ્વાસ મૂકતાં રિષભાએ કહ્યું : 'અમારા વિષે મેં પણ હમેશાં એમ જ માન્યા કર્યું'તું.'

'હજી પણ તું એમ માની શકશે,' ઉદયભાણે કહ્યું : 'એમ રહી શકશે.'

'એટલે ?' રિષભાના મનમાં પ્રશ્ન ઊઠયો — સાથે ન સમજાતી એક ધારદાર પીડા થઈ આવી. પણ ઉદયભાણુને તે પૂછે તે પહેલાં પ્રિયંકા કિલકારી ઊઠી : 'ગાડી ! ગાડી આવી ! જલદી કરો, પપ્પા. જલદી કર, મસ્તાની ...'

અને ત્યારે હરસુખરાયે ગળું સહેજ ખોખાર્યું, સીનો જરા ટટ્ટાર કર્યો અને વિદાય–પ્રવચન શરૂ કરવાની તૈયારી કરી, જે ગાડી ઊપડી ત્યાં સુધી, ડબ્બાની બારીમાંથી પણ સંભળાતું રહ્યું.

૨૮

ઓઝલ થઈ ચૂકેલી ગાડીની દિશામાં રિષભા જોઈ રહી. ખાલી પાટા દૂર દૂર જઈને એકાએક મરડાઈ જતા હતા. એક મોટા, લાંબા વળાંક, અને પછી ઓઝલ થઈ જતા હતા. પિતાના ભારે ભારે શબ્દોથી ભરચક — હા, કેવળ શબ્દોથી ભરચક — ભાષણના પડઘા જાણે એ પાટા ઉપર સામેથી દોડી આવતા હતા. કાનમાં પડઘાતા હતા. હર્ષ, ઉલ્લાસ, આનંદ અને બેફિકરાઈથી ફૂલેલો પિતાનો ચહેરો આંખ સામે તરવરી ઊઠતો હતો. કાળજામાં કંઈક બળતું હતું; કોઈક અણકથ્ય શરમનો ભાર ગરદનને ઝુકાવી દેતો હતો; મનમાં ફરી ફરીને ઊનો ઊનો આક્રોશ ઊઠતો હતો — પોતાના પિતા...હરસુખરાય તન્ના...અદાકાર...અભિનેતા...

અને મસ્તાની...અને ઉદયભાણ...ઉદયભાણના નાણાંનો ધખધખતો ધોધ...બદનામ, બેઆબરુ ઉદયભાણ...ઉદાર–ઉદાર, ને અકળ ઉદયભાણ...અને પોતે! હા માત્ર પોતે!...

પાછળ રહેલી મંડળીની સાથે સાથે તે સ્ટેશનની બહાર આવી. એકાએક તેને લાગ્યું, આખી મંડળી એક નાટક મંડળી હતી. એક વિચિત્ર, ખતરનાક નાટક ભજવી રહી હતી. લાજવાબ અભિનયમાં એકબીજાને આંબી જવા, આગળ નીકળી જવા ગજબનાક મથી રહી હતી. તેઓ અભિનય કરી રહ્યા હતા, એક ખતરનાક નાટ્યવસ્તુને નગ્નપણે ભજવી રહ્યા હતા. બધા એમાં શામેલ હતા. પપ્પા અને મસ્તાની આગળ નીકળી ગયા હતા — લાજવાબ અભિનય પાથરી ગયા હતા. આંજી ગયા હતા, દંગ કરી ગયા હતા.

કોણ હતું એ જોનાર?

પોતે જ.

કદાચ, ઉદયભાણ પણ.

ના, તેણે પણ નાટક કર્યું. પ્રેમનો દંભી, કપટી, છેતરામણો અભિનય કર્યો, અને...

ધૈવત અને પ્રિયંકાએ —

શી ખબર! કંઈ ખબર નથી પડતી; કોઈની કશી ખબર જ નથી પડતી! ઓ ભગવાન!...

અને તું? તું કોની સામે અભિનય કરતી રહી છે? શા માટે?...

હું?...ના, મેં ક્યારેય અભિનય કર્યો નથી, કોઈ નાટક કર્યું નથી, કોઈનીય સામે...

'તો અમે હવે રજા લઈએ,' ધૈવતનો અવાજ સંભળાયો અને તે ચમકી ગઈ; જાગૃતિમાં પાછી આવી ગઈ.

'કેમ?' ઝટઝટ તે બોલી: 'અમારી સાથે નથી આવતા? ચાલોને, ચા-નાસ્તો લઈને સાંજે મોડા જજો બન્ને.'

'સૉરી, રિષભા,' ધૈવતે કહ્યું: 'મારે હજી નોકરી પર પાછા જવાનું છે. ફરી કોઈ વાર!'

'અભિનય!' રિષભાના મગજમાં થડકારો થયો. ધૈવત ખોટું ખોટું હસી રહ્યો હતો. તેનો ચહેરો જ કહી આપતો હતો. અને ખોટું ખોટું બોલી રહ્યો હતો. ફરી કોઈ વાર તે પોતાને ઘેર આવવાનો નહોતો. લગ્ન પછી આટલા બધા દિવસ વીતી ગયા. આવવું હોત તો—

'પ્રિયંકા, તું તો ચાલ. ધૈવત નોકરી પર જશે પછી એકલી ઘેર શું કરીશ? ચાલ, સાંજે તને ઘેર મૂકી જઈશું.'

'આજે નહિ, દીદી. આજે તો કિરણના ઘેર જવાનું છે. મેં પ્રોમીસ આપી દીધેલું છે. સાંજે તેને ત્યાં જમવાનું છે. તમારે ત્યાં પણ આવીશ. ફરી કોઈક વાર!'

'અભિ—!' રિષભાના મગજમાં ફરી થડકારો થવા ગયો, પણ તેણે રોકી દીધો. પ્રિયંકા બહુ નાની હતી. સાવ બાળક હતી. સાચું જ કહેતી હશે. પ્રિયંકા તો અભિનય નહિ જ કરતી હોય.

'તો ભલે,' તેણે ધીમેથી કહ્યું: 'તમને અનુકૂળ હોય તેમ કરો.'

અને ધૈવત–પ્રિયંકાથી છૂટી પડીને તેણે ઉદયભાણ સાથે ડગલાં માંડયા. કારમાં બેસતાં એ બન્ને સામે હાથ ઊંચો કર્યો. કાર ધીમી ગતિએ દોડવા લાગી.

મિનિટો ચૂપચાપ સરકતી ગઈ. કારના એન્જિનનો આછો ઘરઘરાટ વાતાવરણને બોજલ બનાવતો ગયો. નીરવતામાં ભાર ઉમેરાતો ગયો.

'પપ્પા અને મસ્તાનીની ગેરહાજરી તને સાલશે, નહિ?' અચાનક ઉદયભાણનો અવાજ સંભળાયો.

'હેં?' એક પલકારા જેટલી વાર ઝબકી જતાં રિષભાએ કહ્યું: 'હા, પણ એ ઘરમાં જ રહેતી હોત તો જેટલી સાલી હોત એટલી નહિ.'

તેને લાગ્યું કે, ઉદયભાણની આંખોમાં–એ સાંભળીને–કંઈક ઝબકી ગયું, એક અછડતી નજર તેની તરફ ફેંકાઈને પાછી વળી ગઈ. થોડીવારે ઉદયભાણ ફરી બોલ્યો. દેખાઈ આવતું હતું કે, અવાજને સ્વાભાવિક રાખવા તેણે પ્રયત્ન કરવો પડતો હતો.

'રિષભા, પછી તું એ ઘેર જ રહેવા જઈશ?'

'પછી એટલે—છૂટાછેડા પછી?' રિષભાએ પૂછ્યું.

'હં.'

'શી ખબર,' રિષભા બોલી ગઈ અને પછી તરત ઉમેર્યું: 'હાસ્તો. બીજે ક્યાં જઉં?'

ફરી ચૂપકીદી છવાઈ ગઈ. ઘર્‌ર્‌ર્‌ર્...ઘર્‌ર્‌ર્‌ર્...એન્જિનમાંથી ધીમો, ભારે અવાજ સંભળાતો રહ્યો. હવામાં જાણે ભાર થીજી ગયો હતો. ઠંડો, કઠણ ભાર.

ધીરે રહીને કાર એક હલકા આંચકા સાથે ઊભી રહી ત્યારે ઘર આવી ગયું હતું. કારમાંથી ઉતરતાં પહેલાં ઉદયભાણે રિષભા સામે હોઠ મરકાવ્યા. (રિષભાને થડકારો થયો—એ સ્મિત સાચું નહોતું, ન હોઈ શકે: સ્મિતનો અભિનય જ...)

ઉદયભાણે કહ્યું: 'મારે થોડી વાત કરવી છે, રિષભા. બગીચામાં આવીશ?'

ચૂપચાપ રિષભા કારમાંથી ઊતરી અને બગીચા તરફ ચાલવા લાગી. ઘરને ચક્કર લગાવીને બન્ને બગીચામાં પહોંચ્યા અને બાંકડા પર બેઠા. એ બાંકડા પર બેસીને બન્નેએ છૂટાછેડાનો નિર્ણય લીધો હતો.

સૂરજ ધીમે ધીમે સાંજ તરફ ઢળવા લાગ્યો, હવામાં બગીચાની સરસ સુગંધ મહેકતી હતી. સુગંધમાં એક અજાણ્યો, અળખામણો ભાર લાગતો હતો.

એવો જ ભાર, રિષભાને લાગ્યું, તેની પોતાની અંદર ભરાઈ ગયો હતો, અંદર ઘૂંટાતો જતો હતો. જ્ઞાનતંતુઓ સખત ખેંચાઈને તંગ થઈ ગયા હતા. ઉદયભાણ સામે તેણે સહેજ જોઈ લીધું. લાગતું હતું કે, તેની પણ એ સ્થિતિ હતી. લાગતું હતું કે, તેને

જે કહેવું હતું તે કહેવાનું શરૂ કરતાં તેને તકલીફ થઈ રહી હતી, મુશ્કેલી પડી રહી હતી.

'તમે કંઈક કહેવા માગતા હતા,' રિષભાએ કહ્યું.

'ઓહ! હા!' ઉદયભાણુ બોલ્યો અને ખભા સહેજ ઉછાળ્યા: 'આપણે — આપણે ઘણી ગોઠવણો, આઈ મીન, બધી જરૂરી વ્યવસ્થાઓ કરવાની રહે છે, રિષભા. એ બધી વાત આપણે કરી લેવી જોઈએ, પણ — શરૂઆત કરવી મુશ્કેલ લાગે છે.' બોલતાં અટકી જઈને તેણે એક ભારે શ્વાસ મૂકયો, સહેજ માથું ધૂણાવ્યું અને કહ્યું: 'કેવી કઢંગી, અળખામણી વાત છે!'

'એમ તો આખો યે સીલસીલો, તેની એકેએક બાબત કેવળ કઢંગી ને અળખામણી જ નથી, ઉદય?' રિષભાએ કહ્યું. પણ અવાજમાં કોઈ કટુતા નહોતી, ડંખ નહોતો. એ અવાજ કદાચ, એક થાકી ગયેલો, હારી ગયેલો અવાજ હતો. તેણે જોયું કે, ઉદયભાણે તેનો નીચલો હોઠ દાંત વચ્ચે કચડયો.

'કઢંગુ અને અળખામણું!' તે બોલ્યો: 'કેવા અપશુકનિયાળ ને ઘાતકી શબ્દો છે, નહિ? આત્માને લોહીલુહાણ કરી દેનાર!'

રિષભા જોઈ રહી. ભારથી ભાંગતા અવાજે બોલતો ઉદયભાણુ એકદમ થંભી ગયો. કદાચ, અભાનપણે તેણે રિષભાનો હાથ પોતાના હાથમાં લઈ લીધો અને આંગળીમાં પહેરેલી વીંટી સામે જોઈ રહ્યો. ભૂખરો, નીલો હીરો જાણે રહસ્યભર્યા, ઝળહળાટ કિરણો ફેંકતો હતો. પેરિસના વિશાળ સ્ટોરમાં, અસંખ્ય તેજસ્વી હીરા અને ઝવેરાત વચ્ચે પણ તે આવાં જ અદ્‌ભુત કિરણો ફેંકતો હતો — ભૂરા, નીલા...અસ્સલ રિષભાની આંખો જેવા...

રિષભા માત્ર જોઈ રહી. તેણે કંઈ કહેવું જોઈએ? કંઈ કરવું જોઈએ? — શી ખબર!

બે-ત્રણ ક્ષણ જોઈ રહીને ઉદયભાણે તેના હાથને એકદમ પાછો મૂકી દીધો. જાણે ત્યારે જ એકાએક તેને ખબર પડી કે તે શું કરી રહ્યો હતો.

પછી તે બોલ્યો: 'વાત આપણે વિચાર્યું છે તે બાબતની છે — છૂટાછેડાની.' (રિષભાના શરીરમાં એક તીણી, ઝણઝણાટી દોડી ગઈ. વાત શરૂ કરવાની આટલી કઢંગી ને અળખામણી રીત બીજી હશે ખરી?) ઉદયભાણુ કહેતો સંભળાયો:

'તારી તમામ જરૂરિયાતો — એટલે કે, તારી એકેએક સગવડ જળવાતી રહે એ હું જોઈશ. તને કોઈ તકલીફ પડવી ન જોઈએ. જો કે મને ડર છે કે, નવી પરિસ્થિતિમાં તું ગોઠવાઈ નહિ જાય ત્યાં સુધી કદાચ, તને તકલીફ પડશે; પણ દરેક બાબતને તારી રીતે જ હેન્ડલ કરવાનો તારો આગ્રહ હોય છે, એટલે દિલગીરી છું — મારું ચાલ્યું હોત તો —' વચ્ચે અટકી જઈને, એક શ્વાસ લઈને તેણે કહ્યું: 'ખેર! મેં જે કંઈ કર્યું તે બદલ તારા પર કોઈ ઋણ હોવાનો ખ્યાલ પણ કદી મનમાં ન લાવીશ. મારા સુખ ખાતર એટલું કરી શકીશ?'

રિષભા હસી — ફિક્કું, ગમગીન.

'એ વાત અતાર્કિક લાગે છે, ઉદય. પણ તમે જે કહેવા માગો છો તે હું સમજી શકું છું.' ઘડીક થોભીને તેણે આગળ કહ્યું: 'તમે પણ મારા અયોગ્ય કાર્યો, ખરાબ વચનોને યાદ ન રાખશો. એ બધા સામટા પણ તમારી ઉદારતાને —'

ઉદયભાણુ એકદમ સળવળી ઊઠયો. સહેજ ટટ્ટાર થયો. પણ રિષભાએ તેના હાથ પર પોતાનો હાથ મૂકીને તેને બોલતો અટકાવ્યો અને કહ્યું:

'પ્લીઝ, મને કહેવા દો. હું કહું તે સાંભળો. હું બરાબર જાણું છું, હવે હું બરાબર જાણું છું કે, અમે નગુણા નિવડયા

છીએ — હું નગુણી નિવડી છું. આપણી વચ્ચે ઉગ્ર અને કઠોર વચનોના તણખા ઝરેલા છે; અને તમે પણ એવું કરેલું છે જે, કમસેકમ, પ્રશંસાપાત્ર તો ન જ ગણાય. એ હું જાણું છું, પણ હું એ પણ જાણું છું કે, તમે અમારા પ્રત્યે અકલ્પ્ય ઉદારતા બતાવી છે.'

' પૈસાની ઉદારતાને ?'

' ખેર, હા. પૈસાની ઉદારતા, અને અમારે જરૂર માત્ર પૈસાની જ હતી. બીજી ક્યાં હતી ?'

' હં...' ઉદયભાણે ભારે અવાજે કહ્યું : ' તમે ખૂબ ધનવાન હો ત્યારે પૈસાની ઉદારતા સહેજે ય અઘરી નથી હોતી.'

રિષભા ગમગીની ભર્યું હસી. તેણે કહ્યું : ' અમારા સરયુબા એમ માનતાં નહોતા. એનું યે હવે કંઈ મહત્ત્વ નથી. પણ તમે — તમે ખૂબ ઉદાર બન્યા, જ્યારે હું —'

' રિષભા, પ્લીઝ !'

' ડરશો નહિ. હું લેણું ચૂકવવાની કોઈ વાત કહેવા નથી માગતી. એ મારી મૂર્ખાઈ હતી. પણ આજે મને સમજાય છે કે, મેં તમારો આભાર સુધ્ધાં કદી માન્યો નથી. તમારી આટલી મોટી ઉદારતા સામે — '

' મારે તારો આભાર નથી જોઈતો,' સહેજ ઊંચા અવાજે, શબ્દે શબ્દ પર ભાર મૂકીને ઉદયભાણ બોલી ગયો અને પછી મોં મરકાવ્યું ફિક્કું, તંગ, બોજલ સ્મિત તેના ચહેરા પર ગમગીની લીંપી ગયું. અને આંખો — ગરદન સહિત — નીચી ઢળી ગઈ.

' એ હું સ્વીકારું છું. તમારે મારો આભાર જોઈતો નથી. હું આભાર માનું એવી ઇચ્છા તમને નથી. પણ મારી એ ઇચ્છા છે — તમારો ખૂબ ખૂબ આભાર. ઉદય !'

ઉદયભાણ કંઈક બોલવા ગયો પણ અટકી ગયો.

રિષભાએ કહ્યું : ' જેનો પૂરો કંટાળો આવી ગયો હોય એવી સ્ત્રીની પાસે હોવું એ પણ પુરુષ માટે અત્યંત ત્રાસરૂપ બની જાય, નહિ ?'

ઉદયભાણ બોલ્યો નહિ. બન્ને ચૂપ બેસી રહ્યા. પછી ઉદયભાણે કહ્યું :

' બરાબર.'

' બસ ? બીજું કંઈ કહેવાનું નથી ?' રિષભાએ પૂછ્યું.

' ના,' ઉદયભાણે કહ્યું : ' સિવાય કે, હું દિલગીર છું. રિષભા, તારી જિંદગીને મેં અનધિકાર ગૂંચવી નાખી, ગૂંગળાવી નાખી. તેં કહ્યું હતું તે તારા કુટુંબના પ્રેમ, વિશ્વાસ, સંપના વર્તુળમાં અનધિકાર પગ મૂકીને મેં બધું પીંખી નાખ્યું. આઈ એમ ઓફૂલી સોરી ફોર ધેટ !...પણ હું એવી આશા ન રાખી શકું કે, મારા આ હાથે તારા માટે બધું સાવ બગાડી નાખ્યું ન હોય ? હું એવી આશા ન રાખી શકું કે, જે જિંદગી માટે તને અનહદ પ્યાર છે એ જિંદગીમાં પાછી જઈને તું ફરીથી સુખી થાય ?'

એક તીણો, વેદનાભર્યો ઝબકારો રિષભાના મનમાં થયો. એવી રીતે કોઈ કદી પાછું જઈ શકતું નથી — જઈ શક્યું નથી. જિંદગીના દરવાજા એવા હોય છે. જવા માટે ઊઘડે છે, પાછા આવવા માટે નહિ. સમય એક અજબ ચીજ છે — જેને એકવાર ભૂતકાળ બનાવી દે છે તેને પછી વર્તમાન કદી બનવા દેતો નથી. એ બે વચ્ચે તે ઘણું બદલી નાખે છે, ઉલટસુલટ કરી નાખે છે. પણ ઉદયભાણને એ કહેવાનો — હવે — કોઈ અર્થ નહોતો. નજર નીચી રાખીને તે બેસી રહી. આંખોમાં બળતરા થતી હતી. ઉદયભાણ કહી રહ્યો હતો :

' અને તારે કોઈ વાતની — એટલે કે, કોઈ પણ ચીજની

ચિંતા કરવી નહિ પડે. પૂરતા પૈસા તારી પાસે હશે, અને —'

રિષભાને અચાનક જાણે ઝટકો લાગ્યો; કાળી બળતરા મૂકે એવો જાણે ચાબૂક વાગ્યો અને તે ઊભી થઈ ગઈ; 'જો આપણે જુદા જ પડવું હોય તો આવી રીતે —'

જોશભેર તે બોલવા ગઈ પણ અચાનક થંભી ગઈ. ઊભી થવા જતાં જ તેણે જોયું કે ઉદયભાણુની મુઠ્ઠીમાંથી તેની સાડીનો છેડો ઝટકા સાથે છૂટી ગયો હતો. એ છેડો તેણે અવશપણે મુઠ્ઠીમાં જકડી લીધેલો હતો — અગાઉ એકવાર જકડી લીધો હતો તેમ — ગાલ પર માતાએ જોરથી ઝીંકી દીધેલી ધોલથી વસમો આઘાત પામેલું, ઝનૂને ચડેલું બાળક જકડી લે તેમ —

તેની નજર ઉદયભાણુના નમેલા મસ્તક પર પડી. તેના વિખરાયેલા કાળાભમ્મર વાળને અને સાડીના છેડા પર પડી ગયેલી કરચલીઓની અટપટી, અસ્તવ્યસ્ત ભાતને તે વારફરતી તાકી રહી. કેટલી બધી કરચલીઓ હતી! કેટલો બધો ચોળાઈ ગયો હતો છેડો! કેવી મડાગાંઠ જેવી મુઠ્ઠી વળી ગઈ હશે!... રિષભાના મનમાં વિચારો દોડવા લાગ્યા...એનો અર્થ? એ મડાગાંઠનો અર્થ?...

અને અચાનક મસ્તાની જાણે તેના કાનમાં ગણગણી : 'હું તો માનું છું કે અતિરેક એ ઉદયભાણુના સ્વભાવની મુખ્ય ચીજ છે. પ્રેમમાં જ નહિ, બલિદાનમાં પણ અતિરેક કરી નાખે એ પ્રકારનો એ માણસ છે.'

એક પળ મગજમાં સનકાર વ્યાપી ગયો. એક પળ હૃદયનો ધબકાર થંભી ગયો. અને પછી પ્રકાશનો એક આંજી નાખતો ઝબકારો થયો. કંઈક અદ્ભુત દેખાઈ ગયું — સમજાઈ ગયું અને મગજ, હૃદય, સમગ્ર અસ્તિત્વ એક અજબ ભરતીથી ઊભરાવા લાગ્યું. અગાઉ કદી નહિ અનુભવેલા, અજબ કોમળ ભાવોના લોઢ ઉપર લોઢ ઊછળવા લાગ્યા, કંઈક એવું થવા લાગ્યું કે, રડવા જતાં

હસી પડવાનું ને હસવા જતાં રડી પડવાનું મન થવા લાગ્યું. ખુશી અને રુદનની આવી જબરી ભીંસ જીવનમાં પહેલીવાર અનુભવાઈ રહી.

તેણે ફરી નીચે જોયું. ઉદયભાણુ જાણે પૂતળું બની ગયો હતો — અચલ, તદ્દન અચલ બેસી રહ્યો હતો.

'ઉદય,' રિષભાએ ધીમા અવાજે કહ્યું અને તે સળવળ્યો.

'ઉદય, મારે તમને કંઈક કહેવું છે — તમે માની ન શકો એવું કંઈક. ના, સામે ન જોશો. કારણ કે — કારણ કે, મારામાં જો કોઈ ખુમારી હોત, કોઈ આત્મસન્માન હોત તો હું આ કહેવા તૈયાર ન થઈ હોત!'

ઉદયભાણુની ઊંચકાવા જતી આંખો પાછી ઢળી ગઈ. નજરને બગીચામાં દૂર ક્યાંક ઠેરવતાં તે ગણગણ્યો : 'ભલે.' ચહેરો એકાએક જાણે સુકાઈ ગયો હતો. હોઠ — જડબાં ભીંસાઈને અક્કડ થઈ ગયા હતા. ગાલ ઢીલા થઈને જાણે ઊંડા ઊતરી ગયા હતા.

રિષભાનો ધીમો કંપતો અવાજ સંભળાયો :

'જો — જો હું તમને આજીજી કરું કે છૂટાછેડાનો આ કમનસીબ વિચાર છોડી દો — જો હું તમને કહું કે આપણા આ લગ્નને — ખરેખરું લગ્ન બનવાની તક આપવા હું બહુ આતુર છું — તો તમે શું કહેશો?'

એક શબ્દ પણ બોલ્યા વિના, આંખના પલકારા કરતાં યે ઓછી વારમાં ઉદયભાણુ ઊભો થઈ ગયો અને રિષભાને બાથમાં જકડી લીધી. તેના ખભા પર માથું જોરથી દબાવી દીધું અને પછી રિષભા તેની છાતી સાથે એટલા જોરથી ભીંસાઈ......અગાઉ કદી આટલી ભીંસીને કોઈએ તેને જકડી નહોતી. ઉદયભાણુના જોરથી ઉછળતા શ્વાસ વચ્ચે અસ્પષ્ટ, તૂટક શબ્દો સંભળાયા :

'રિષભા, રિષભા, રિષભા...!'

અને ત્યારે જો અનુભવ્યું ન હોત તો રિષભા એ માનવા

કદી તૈયાર ન થઈ હોત કે તેના માત્ર નામનો જ પુનરોચ્ચાર તેના દિલને આટલી મધુર વેદનાથી ભરી દઈ શકે!

'ના, ઉદય, ડાર્લીંગ!' ઉદયભાણુના માથા ઉપર, તેના મુખ ઉપર અજબ નરમાશથી હાથ ફેરવતાં રિષભા બોલી. આજ સુધી કદી નહિ પ્રિછેલું એક ભર્યું ભર્યું વહાલ, સાવ આપોઆપ, તેના હોઠોમાં ઊભરાઈ રહ્યું: 'બસ, ઉદય...રહેવા દો, ઉદય...હું ક્યાંય જવાની નથી — તમને ક્યાંય જવા દેવાની નથી.'

'હું તને ચાહું છું, ખૂબ ચાહું છું, રિષભા,' ઉદયભાણુ અજબ આવેશથી બોલતો રહ્યો: 'બધું જ — બધું જ મેં બગાડયા કર્યું, બધું જ ખોટું કર્યા કર્યું: જેને ખૂબ સુંદર બનાવવા માગતો હતો તે બેહદ કદરૂપું બન્યું; જ્યાં ઉદાર બનવા માગતો હતો ત્યાં નઘરોળ લાલચુ ઠર્યો; હું તને કદી સમજી શકયો નથી; હું તને સમજી શકતો નથી — ફક્ત ચાહી શકું છું...પણ — પણ તારી સુખી જિંદગીને બરબાદ કરવા સિવાય હું કંઈ ન કરી શકયો, રિષભા અને એટલે જ મને લાગ્યું કે હવે એક જ સારું કામ હું કરી શકું તેમ છું — ભૂંસી નાખવાનું, મેં જ કરેલા ગંદા ચિતરામણને મારા હાથે જ ધોઈ નાખવાનું...તારામાં કોઈ રસ રહ્યો નહિ હોવાનો જૂઠો અભિનય કરવાનું મેં એ માટે જ નક્કી કર્યું કે મને છોડી દેતાં તને અચકાટ ન થાય, આત્માનો કોઈ ડંખ ખાવો ન પડે...મારા જીવનમાંથી તું સહેલાઈથી નીકળી જઈ શકે...'

'પણ હું એમ સહેલાઈથી નીકળવાની નથી,'

ઉદયભાણુના ધ્રૂજતા હાથ ફરી તેને વીંટળાઈ વળ્યા, ફરી તેને ભીંસી રહ્યા અને ફરી — ના, પહેલીવાર રિષભાને હૃદયના ઊંડાણ સુધી સમજાયું કે આ આદમી જેટલો પ્રેમ દુનિયામાં કોઈને તેના પર નહોતો; આ પુરુષ જેટલી તેની જરૂર દુનિયામાં બીજા કોઈને

નહોતી...તેના કુટુંબને — હા, કદાચ હતી; પણ તેના પતિને હતી તેટલી મરણિયા જરૂરત, તેટલો જીવસટોસટ પ્રેમ, બીજા કોઈને ય નહોતો.

ધીમે ધીમે, ઉદયભાણુને સાથે લઈને, તે નીચે બેઠી. શુદ્ધ નૈસર્ગિક ઉમળકાભેર તેને પોતાની લગોલગ ખેંચતાં અને તેના વાળમાં આંગળીઓ ફેરવતાં તેણે પૂછ્યું:

'હવે નવેસરથી શરૂઆત કરીશું ને?'

'ખબર નથી. તું કહે તેમ,' ઉદયભાણે કહ્યું.

'અને હવે તમે મારી સામે જોવાના નથી?'

'ઓહ!' હજી પોતે નજર બગીચા સામે જ ખોડી રાખી છે એ યાદ આવતાં, સહેજ શરમાઈ જતાં, ઉદયભાણે રિષભાની આંખોમાં જોયું અને હસી પડયો.

'ઓ, ગૉડ! આઈ એમ સો સોરી!' અને પછી સાડીનો ચોળાઈ ગયેલો છેડો હાથમાં લેતાં કહ્યું: 'તારી સાડી પણ મેં ખરાબ કર્યા વિના ન છોડી...આખરે આ સોદામાં હું કેવળ મૂર્ખ સાબિત થઈને રહ્યો!'

'હું એ માનવા બિલકુલ તૈયાર નથી!' રિષભાએ કહ્યું: 'સિવાય કે તન્ના કુટુંબના બેહાલ, ધનભૂખ્યા —'

'ચૂપ, રિષભા! તારા કુટુંબ માટે એવાં વેણ તું નહિ વાપરી શકે!'

'ડરો નહિ; એવાં વેણ હું જ વાપરીશ, અને એ પણ હળવાશની પળોમાં — માત્ર મજાક માટે.'

'તેમની એવી મજાક — કોઈક હળવી પળે પણ — કરી લેવાનું તેં ક્યારનું ય બંધ કરી દીધું હતું; મને પણ બંધ કરાવી દીધું હતું — ખબર છે તને? ઊલટી, એ લોકોમાં તું પૂરી ગંભીર

તાથી લેવા લાગી હતી.' ઉદયભાણુના અવાજમાં, આંખોમાં, ચહેરા પર ફરી એ જ અસલ, મુક્ત, મજાનું સ્મિત રમી રહ્યું.

'મને ખબર છે,' રિષભાએ કહ્યું : 'નાટક જોતાં જોતાં હું તેમાં એટલી ઓતપ્રોત થઈ ગઈ કે અસલ વાત અને અભિનય વચ્ચેનો તફાવત જ ભૂલી ગઈ —'

'અભિનય ?' ઉદયભાણે કુતૂહલભેર પૂછ્યું.

'હા. અભિનય. જિંદગીના તખ્તા પર પોતીકાં ને પારકાનો અદ્‌ભુત અભિનય — તદ્દન અસલ, પણ અભિનય ! ને કેવો સંપૂર્ણ અભિનય ! અભિનેતા ખૂદ પોતાના અસલી રૂપને ઓળખી ન શકે એવો લાજવાબ અભિનય મેં જોયો, જાણ્યો અને એમાં એટલી ઓતપ્રોત થઈ ગઈ કે એ પણ સમજી ન શકી કે —'

'કે ?'

'કે હું તમારા પ્રેમમાં પડી રહી હતી.'

'રિષભા !' ઉદયભાણે ધીરેથી તેને બાથમાં લેતાં કહ્યું : 'તું — અત્યારે તું મજાક તો નથી કરતી ને ?'

'ના,' એક સરસ, ઉમળકાભર્યું ચુંબન કરીને રિષભાએ કહ્યું : 'પણ ક્યારેક કરીશ પણ ખરી — હળવી પળોમાં. તૈયાર રહેજો !'

[સંપૂર્ણ]